પ.ભ.શ્રીરામજી શેઠ કૃત

લીલાચરિત્રની વાતો





પ.ભ.શ્રીરામજી શેઠ કૃત

લીલાચરિત્રની વાતો

પ.ભ.શ્રીરામજી શેઠ કૃત

લીલાચરિત્રની વાતો

પ્રેરક : પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

સંશોધક : સંશોધન સમિતી

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સંવત્ ૨૦૭૦, દીવાળી, તા.૨૩/૧૦/૨૦૧૪

બીજી આવૃત્તિ : સંવત્ ૨૦૭૧, શરદપૂનમ, તા.૨૭/૧૦/૨૦૧૫

પ્રત : ૩૦૦૦ **કુલ પ્રત : ૬૦૦૦**

કિંમત : રૂા.૭૫/-

ISBN : 978-93-83456-60-4



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર, ૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ
  ફોન : (૦૨૬૫) ૨૪૬૨૬૨૮, ૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે.
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, આંબા તલાવડી.
  રમેશભાઈ જેતાણી : મો.૯૬૦૧૨ ૯૧૨૫૨



સદ્.આધારાનંદસ્વામી કરેલ ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રસાદીની મૂર્તિ



સદ્. શ્રીગોપાળાનંદસ્વામી

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી...

ગામ .... **તા.**.............................. **જિ.** ....

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનના અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ અને ભક્તવાત્સલ્યપૂરક કરુણામય શ્રીહરિચરિત્રોથી સભર પ.ભ. શ્રીરામજી શેઠ કૃત આ **'લીલાચરિત્રની વાતો' તથા 'સ્નેહબાવની'**નો આસ્વાદ જાણવા, માણવા જેવો છે.

આ સદ્‌ગ્રંથના વાંચન, શ્રવણ અને મનનથી આપ તથા આપના સ્નેહીજનોમાં સત્સંગ પ્રત્યે ભક્તિભાવ, શ્રદ્ધા, નિષ્ઠા, કુટુંબમાં સંપ, સ્નેહભાવ અને આદરભાવમાં વધારો થાય એવી શુભેચ્છા સહ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

તારીખ ....

....

સમર્પણ

જે જૈન ધર્મના આશ્રિત એવં મહાવિદ્વાન હતા, તે ધર્મના ગ્રંથો પણ રચ્યા હતા, છતાં મૂળીધામમાં શ્રીજીમહારાજના પ્રથમ દર્શને જ દિવ્ય અનુભવ થતા પ્રગટ પ્રભુનો દૃઢ નિશ્ચય થયો; એવા મૂળજી શેઠે પછી પોતાના આખા પરિવારને પણ સહજાનંદીય રંગથી રંગી દીધો. નિર્દોષતા, નિર્માનીતા, નિષ્કામ સેવાભક્તિ, વચને પ્રવૃત્તિ અને વચને નિવૃત્તિ તથા પ્રગટ શ્રીહરિઉપાસનાની દૃઢતા જેવા અનેક સદ્‌ગુણો જેમાં સહજ નીખરી આવ્યા અને એના યોગથી પોતાના ભત્રીજા રામજી શેઠને પણ તેવા ગુણો પ્રાપ્ત થયા, અને 'લીલાચરિત્રની વાતો' મૂળજી શેઠે રામજી શેઠને કહી હતી. તેથી તેમણે પોતાના પુત્ર અમરશી પાસે લખાવી. તેથી આ દિવ્ય ચરિત્રોનો વારસો આજે આપણને પ્રાપ્ત થયો છે. માટે તે બંને મુક્તાત્માઓના કરકમળોમાં આ

'લીલાચરિત્રની વાતો'

ગ્રંથ સમર્પણ કરી અમે ધન્યતા અનુભવીએ છીએ.

લી. સ્વામી જ્ઞાનજીવનદાસ - કુંડળધામના
ભાવથી જય સ્વામિનારાયણ



પ્રસ્તાવના



સર્વવાતારી શ્રીહરિજી મહારાજ વચ.ગ.પ્ર.૩૮ માં કહે છે, “જેમ ફૂલે કરીને તિલ વસાય છે તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફૂલને વિશે વાસવું. અને **ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિશે મનને ઘૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા.** એક સમ્યો ને બીજો કરવો... એ રીતે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં. અને જે ઝાઝું ન સમજતો હોય તેને તો એમ કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે, એ જેવો બીજો નથી.”

સદ્ગુરુ શ્રીભૂમાનંદસ્વામીએ ‘શ્રીઘનશ્યામલીલામૃત સાગર’ ગ્રંથના પૂર્વાર્ધ ૧૦૯ મા તરંગમાં કહ્યું છે,

ભાગવત થકી કોટિ ઘણું, ફળ મળે આ ચરિત્ર તણું;
એમાં કોઈ ન કરશો સંદેહ, વાત નિશ્ચે કરેલી છે એહ.
આ તો અવતારીનાં ચરિત્ર, અક્ષરાધિપતિનાં પવિત્ર;
જે સુણે તેનાં સંકટ વામે, અંતે અક્ષરધામને પામે.

જે ચરિત્રો સાંભળવાથી આપણાં દુઃખો દૂર થાય, અંતરમાં શાંતિ થાય, શ્રીહરિ અને સંતો-ભક્તોનો મહિમા વધે, દિવ્યતા વધે, પરસ્પર પ્રેમ વધે એવાં અનુપમ ચરિત્રોથી સભર પ.ભ. રામજી શેઠ કૃત આ **‘લીલાચરિત્રની વાતો’** નામક ગ્રંથ છે. હરિવરનાં ચરિત્રો અલૌકિક ચિંતામણિ છે. જો આપણે શ્રદ્ધા રાખીને ચિંતવીએ તો ચોક્કસ અલૌકિક ફળ આપે અને જીવનમાં દિવ્ય ઊર્જાનો અનુભવ કરાવે છે.

શ્રીજીમહારાજે કૃપા કરી ભક્તોને પૂરેલા પરચાઓ પ્રાયઃ ત્રણ પ્રકારના હોય છે.

(૧) એક **સામાજિક, વ્યાવહારિક, શારીરિક તથા કુદરતી સંકટ ટાળવા માટે જણાવેલ ઐશ્વર્ય**. જ્યારે જ્યારે ભક્તોને સમાજના નેતાઓ કે લુંટારાઓ તરફથી દુઃખ આવે, અધર્મથી અટવાયેલા કુંટુંબીઓ ભક્તોને દુઃખ આપે, શરીરમાં રોગાદિક આપદા આવે અથવા અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દાવાનળ જેવાં દુઃખો આવે ત્યારે ભગવાન ભક્તની પ્રાર્થના સાંભળી તેને દર્શન આપે અને દુઃખ ટાળી મહાસુખિયો કરે છે.

(૨) બીજું **અંતસમયે ભક્તને તેડવા આવવું.** પોતાના સંત-ભક્તનો જ્યારે અંતસમય આવે ત્યારે શ્રીજીમહારાજ મુક્તો સાથે તેડવા આવે તેના તે ભક્તને દર્શન થાય અને ક્યારેક બીજાને પણ પોતાનું પ્રત્યક્ષ દર્શન આપી ભક્તોને અક્ષરધામમાં લઈ જાય છે.

(૩) ત્રીજું **પોતાના પ્રેમી ભક્તોની પ્રેમભક્તિને વશ થઈને તેમને દિવ્ય દર્શન આપે અને ભક્તના સર્વે મનોરથને પૂરા કરે.**

આ રીતે શ્રીજીમહારાજ ભક્તોને અનંત રીતે પરચા આપી સુખિયા કરે છે. આ ત્રણે પ્રકારનાં પરચાઓ અને લીલાચરિત્રોથી સભર આ અનુપમ ગ્રંથ છે. આ ગ્રંથના લેખક મેમકાવાસી રામજી શેઠ છે. તેમણે દિવ્યસ્થિતિ પ્રાપ્ત કરી હતી. શ્રીહરિ અને મોટા સંતો-ભક્તોના કૃપાપાત્ર થયા હતા અને શ્રીજીમહારાજના અલૌકિક દર્શન થતા તેમનાં તમામ દોષો તથા વાસના નિર્મૂળ થઈ હતી.

રામજી શેઠે ચાર વાર શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં હતાં. પરંતુ આજીવન શ્રીહરિની સાથે રહેનાર, તેમના મોટાબાપા અર્થાત્ તેમના પિતાશ્રીના મોટાભાઈ મૂળજી શેઠનો તેમણે ખૂબ સેવા-સમાગમ કરેલો. અને મૂળજી શેઠના આશીર્વાદથી રામજી શેઠ અને તેમનો આખો પરિવાર

મહાભક્ત બન્યો હતો. એવા રામજી શેઠે લખેલો આ **'લીલાચરિત્રની વાતો'** નામનો ગ્રંથ અતિ રસપ્રદ છે.

આ ગ્રંથમાં લખાયેલાં ચરિત્રો શ્રીજીમહારાજનો મહિમા સહિત નિશ્ચય કરવા માટે, એકાંતિક ધર્મની દૃઢતા કરવા માટે અને આજ્ઞા-ઉપાસનાની પાંખો મજબૂત બનાવવા માટે અતિશય ઉપયોગી બને એવો અજોડ છે.

આ ગ્રંથની એક હસ્તપ્રત અમોને મૂળીધામવાસી પ.પૂ.સદ્. શ્રીવિશ્વપ્રકાશદાસજીસ્વામીની પ્રેરણાથી પા.પ્રવિણભગત પાસેથી પ્રાપ્ત થઈ હતી. તે કોપીને આધારે અમોએ આ ગ્રંથનું સંશોધન કર્યું છે. તેમાં લેખકશ્રીની મૂળ શૈલીનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. જ્યાં જરૂર જણાય ત્યાં વાંચકોની સુગમતા માટે કૌંસમાં ટિપ્પણી કે અઘરા શબ્દોના અર્થ આપેલા છે. સાથોસાથ હિન્દીભાષામાં રામજી શેઠ કૃત **'સ્નેહબાવની'** નામે કાવ્ય ભાષાંતર સાથે મૂકેલ છે. જે પ્રભુમાં સ્નેહ ઉપજાવે એવું છે.

આવો અનુપમ આ **'લીલાચરિત્રની વાતો'** નામક ગ્રંથ મૂળ સ્વરૂપમાં અનુક્રમણિકા સહિત પ્રથમવાર **શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ** તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે. આ સાહિત્યસેવાથી શ્રીહરિ તથા સત્સંગપ્રેમી સર્વે નાના-મોટા સંતો-ભક્તો, મુક્તો અમારા ઉપર પ્રસન્ન થાય એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

મેમકાના રામજી શેઠની જીવન ઝરમર



સત્સંગ એક અલૌકિક બાગ છે. આ સત્સંગબાગમાં અનેક અલૌકિક પુષ્પો ખીલ્યાં છે. જેમના સદ્ગુણો અને સત્કાર્યની સુગંધ દ્વારા અનેક સંતો-ભક્તોને દિવ્યજીવન જીવવાની પ્રેરણા મળે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં ઝાલાવાડ પ્રાંતના **મૂળજી શેઠ** અને તેમના ભત્રીજા **રામજી શેઠ** આવાં જ બે અલૌકિક પુષ્પો હતાં. આ બંને ભક્તોએ સંસારમાં રહીને પણ સત્સંગની અપાર સેવા કરી છે. તેમણે સત્સંગની સેવામાં તન, મન, ધન અર્પણ કરી આયખું ઓગાળી નાખ્યું હતું. તેમની એવી સમર્પણભક્તિને વશ થઈને શ્રીજીમહારાજે પણ તેમને જ્યારે જ્યારે મુશ્કેલી આવી ત્યારે ત્યારે અનેક વાર સહાય કરી છે.

આવા ભગવન્નિષ્ઠ આ પરિવારમાં કેવી રીતે સત્સંગ થયો તે જાણવા જેવું છે.

✳ મેઘજીભાઈ શાહના કુટુંબનો પરિચય તથા સત્સંગ :

મેમકામાં મેઘજીભાઈ શાહ નામે જૈન ધર્મમાં અગ્રગણ્ય વણિક રહેતા હતા. તેઓ સજ્જન અને પ્રતિષ્ઠિત હતા. ઉદ્ધવાવતાર **રામાનંદસ્વામી** દ્વારા મૂળીનરેશ **રામાભાઈ** વગેરેને સત્સંગ થયો હતો.

તે રામાભાઈએ મેઘજી શાહની રાજનીતિમાં કુશળતા જોઈને તેમને પોતાના કારભારી તરીકે નિમ્યા હતા. તેથી તેઓ જૈનધર્મના હોવા છતાં તેમને સત્સંગ પ્રત્યે હંમેશા ગુણભાવ રહેતો હતો. બીજું મેઘજીભાઈને વઢવાણના ઠાકોરે પણ પોતાના સલાહકાર તરીકે રાખ્યા હતા.

આ મેઘજીભાઈને બે પુત્ર હતા. મોટા **મૂળજીભાઈ** અને નાના **ખેતશીભાઈ**. પોતાના બંને પુત્રમાં પણ તેમણે સત્સંગના સંસ્કાર રેડ્યા હતા. તેમના પિતાએ પ્રથમથી જ પુત્રો ભણે એ ઉપર ખૂબ ધ્યાન આપ્યું હતું. પોતાના બંને પુત્રોમાં મોટા પુત્ર બુદ્ધિવાન અને ભણવામાં ખૂબ હોશિયાર હતા. પોતાની રુચિ અને પિતાની ઇચ્છા હતી, એટલે **મૂળજીભાઈ જૈન વણિક હોવા છતાં બ્રાહ્મણોની જેમ ખૂબ જ ભણ્યા હતા. શ્રીમદ્‌ભાગવત તથા જ્યોતિષશાસ્ત્રમાં નિષ્ણાત થયા હતા. સંસ્કૃત ભાષામાં પ્રવીણ અને કાવ્યશાસ્ત્રના જ્ઞાતા થયા હતા.**

ભણી રહ્યા બાદ તેમણે વ્રજભાષામાં અષ્ટાદશપદીય ભાગવત રચ્યું હતું. તથા પોતાના પૂર્વજોના સંસ્કારવશાત તેઓ જૈનધર્મોને માનતા હોવાથી જૈનધર્મોને લગતાં **'વચનવિલાસ', 'વિવેકવર્તમાન', 'પ્રશ્નોત્તરબોધ', 'નવરસવિધાન', 'જૈનધર્મસાર'** વગેરે ચૌદ જેટલાં પુસ્તકો રચ્યાં હતાં. આવા પ્રતિભાસંપન્ન હોવાથી લોકો તેમને બ્રહ્મગોત્રી સમજતા હતા. તેઓ તુલસીકૃત રામાયણના સારા અભ્યાસી હતા.

અને તેઓને સત્સંગ થયો પછી તેમણે **'પુરુષોત્તમચરિત્રગીતા'** તથા ઘણાંક કીર્તનોની રચનાઓ કરેલી છે. તેમાંથી થોડું સાહિત્ય અત્યારે ઉપલબ્ધ પણ છે.

પછી સમય જતા મૂળીઠાકોરે મેઘજીભાઈની જગ્યાએ મૂળજી શેઠને કારભારી તરીકે નિમ્યા હતા. તેથી તેઓનાં **મેમકા, લીંબલી** અને **વઢવાણ** આ ત્રણેય સ્થળે જમીન અને મકાનો હતાં. મૂળજી શેઠની ત્રણેય સ્થળે પેઢીઓ ચાલતી અને તે નગરશેઠ તરીકે સારી પ્રતિષ્ઠા પામ્યા હતા.

મૂળજી શેઠ સમજતા કે, **વ્યક્તિને ઉચ્ચ કુળ, જ્ઞાતિ કે સત્તા-સંપત્તિ કાયમ ગૌરવ આપતાં નથી, પરંતુ શુદ્ધ વર્તન અને સમજણ જ સાચું ગૌરવ આપે છે.** આવી સાચી સમજણ અને શુદ્ધ વર્તનની દૃઢતા સાચા સંતના યોગથી થાય છે. તેથી પોતે પ્રતિભાસંપન્ન હોવા છતાં હંમેશાં દિલથી મોટા સંતને શોધતા અને ક્યાંય એવા સંત મળે તો તરત તેનો મહિમાપૂર્વક સત્સંગ કરતા. આ સદ્‌ગુણને કારણે જ તેમને ભગવાને સામે ચાલીને પોતાની ઓળખાણ આપી હતી. તે પ્રસંગ પણ જાણવા-માણવા જેવો છે.

✳ મૂળજી શેઠને મહારાજનો દૃઢ નિશ્ચય અને સત્સંગ થયો :

મૂળજી શેઠ મૂળીના કારભારી હોવાથી તેમને અવારનવાર ત્યાં જવાનું થતું હતું. સદ્.શ્રીરામાનંદસ્વામી ધામમાં ગયા બાદ સ્વામિનારાયણ ભગવાન મૂળીઠાકોર રામાભાઈ પરમાર તથા તેમની ધર્મપત્ની રાજુબાની ભાવનાવશાત્ સંવત્ ૧૮૫૯ માં પ્રથમ વાર મૂળી પધાર્યા અને તેમના દરબારમાં ઉતારો કર્યો હતો.

બીજે દિવસે વહેલી સવારે ગામના પાદરમાં આવેલ અલર્કવાવ ઉપર મહારાજ સ્નાન કરવા ગયા. સ્નાન કરી વાવના પથ્થર ઉપર ધ્યાન કરવા માટે બેઠા. ધ્યાનસ્થ બેઠેલા શ્રીહરિની મૂર્તિ અદ્‌ભુત શોભતી હતી. ત્યાં જ બાજુના ગામ મેમકાથી મૂળજી શેઠ આવ્યા. વાવના પથ્થર ઉપર મહાયોગી સ્વરૂપે બિરાજેલ શ્રીહરિનાં દર્શન કર્યાં. દર્શન કરતાં જ શેઠનું દિલ ઠર્યું. થોડીવાર એ મનોહર મૂર્તિનાં દર્શન કરતાં થકા એકાગ્રચિત્તે ઊભા રહ્યા. અને નયણે નીરખી મનોહર મૂર્તિની મધુરતાનું પાન કરતા રહ્યા. દિવ્ય કાંતિવાળું મુખડું, તેજસ્વી વિશાળ ભાલ, તેમાં સુંદર તિલક અને ચાંદલો, નમણી નાસિકા, ગોરા ગોરા ગાલ, પાકાં ઘીલોડાં જેવા લાલ હોઠ, સુંદર મજાની ચિબુક, વિશાળ છાતી, આજાનબાહુ; આવી અલૌકિક શ્રીહરિની મૂર્તિને મૂળજી શેઠ નખથી શિખાપર્યંત નીરખતા રહ્યા. અંતરમાં સુખનો સાગર રેલાયો.

ત્યાં મહારાજ ધ્યાનમાંથી જાગ્રત થયા. થોડીવાર શેઠ ત્યાં બેઠા. શ્રીહરિએ તેમને મુમુક્ષુ જાણ્યા. પછી ચરિત્ર કરતાં શ્રીહરિએ ચરણારવિંદ લાંબા કર્યાં. શ્રીહરિના ચરણારવિંદમાં રહેલાં સોળ ચિહ્નનાં શેઠને દર્શન થયાં. તે જોતાં જ મૂળજી શેઠ અચંબો પામી ગયા. અંતરમાં ઝબકારો થયો કે, 'આ ચોક્કસ પરમેશ્વર હોવા જોઈએ. ભગવાન સિવાય કોઈના ચરણમાં સોળ ચિહ્ન હોય નહીં.'

પરંતુ સામુદ્રિક શાસ્ત્રમાં ભગવાનનાં અંગ ઉપર બત્રીશ ચિહ્નો કહ્યાં છે, તે કેવાં હશે ? એમ શેઠ વિચાર કરે છે ત્યાં શ્રીહરિએ તેમનો આ સંકલ્પ જાણી નિજ અંગમાં બત્રીશ ચિહ્નો મૂળજી શેઠને દેખાડ્યાં.

પછી વળી શેઠે વિચાર કર્યો કે, 'શાસ્ત્રમાં ચોસઠ ચિહ્ન પણ કહ્યાં છે, તે કેવાં હશે ?' ત્યારે શ્રીજીમહારાજે કૃપા કરીને પોતાના સ્વરૂપમાં મૂળજી શેઠને ચોસઠ ચિહ્નોનાં દર્શન કરાવ્યાં. પછી વળી મૂળજી શેઠને વિચાર થયો જે, 'સામુદ્રિક શાસ્ત્રમાં જેમનાં અંગો ઉપર ચોરાશી ચિહ્નો હોય તેમને અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ કહેવાય; એમ કહ્યું છે. તે ક્યાં ક્યાં હશે ?' એમ જ્યાં વિચાર કરે છે ત્યાં **કરુણામૂર્તિ શ્રીહરિજી મહારાજે મૂળજી શેઠને ચોરાશી ચિહ્નો દેખાડ્યાં. જ્યારે સ્વામિનારાયણ ભગવાનનાં અંગો ઉપર ચોરાશી ચિહ્નોનાં દર્શન થયાં, ત્યારે તે જોતાં જ મૂળજી શેઠને એમ નિશ્ચય થયો કે, 'આ તો અવતારના અવતારી અને જેને ભગવાન પુરુષોત્તમનારાયણ કહે છે તે જ આ પોતે છે.'**

ત્યાં મૂળજી બ્રહ્મચારી આવ્યા, એટલે મૂળજી શેઠે બ્રહ્મચારીને પૂછ્યું, "આ કોણ છે ?" ત્યારે બ્રહ્મચારી કહે, "આ તો સ્વામિનારાયણ ભગવાન છે." પછી શ્રીજીમહારાજે પૂછ્યું, "તમે ક્યાં રહો છો ?" ત્યારે મૂળજી શેઠ કહે, "મેમકા ગામમાં રહીએ છીએ. પરંતુ હે નાથ ! હવે મને આપનો આશ્રિત કરો."

દોહા : નિરખતા નયણે નાથને, જાણ્યા પ્રગટ ભગવાન;
તરત હરિને શરણે થયા, ભાવે લીધાં વર્તમાન.

"હે પ્રભુજી ! આપ મનુષ્યરૂપે મોરાર છો. મને દયા કરી આપનો નિશ્ચય આપે જ કરાવ્યો છે. માટે કૃપા કરી હવે મને આપનો ભક્ત બનાવો." ત્યારે શ્રીહરિએ તેમને વર્તમાન ધરાવ્યાં. શેઠને બહુ જ આનંદ થયો.

તે સમયે દરબારમાં રસોઈ તૈયાર થઈ એટલે વિપ્ર બોલાવવા આવ્યા. પછી શ્રીહરિ બ્રહ્મચારી અને શેઠ સાથે જમવા પધાર્યા. જમી રહ્યા બાદ દરબાર રામાભાઈએ પ્રશ્ન પૂછ્યો, "ભગવાન કેમ કરીએ તો રાજી થાય ?"

શ્રીજીમહારાજ બોલ્યા, "કોઈ એમ જાણે કે હું ભગવાનને વશ કરું, તેમ તો ભગવાન વશ થતા નથી. પરંતુ **પ્રથમ આપણે ભગવાનને વશ થવું, તે કેવી રીતે ? તો પોતાની સર્વ ઈન્દ્રિયો અને અંતઃકરણને ભગવાનના ગમતામાં વર્તાવીએ તો ભગવાન વશ થાય છે.** જેમ ચાકર હોય તે રાજાની આજ્ઞા અનુસારે વર્તે ત્યારે રાજા ચાકરને વશ થાય છે. એમ જે હરિભક્ત હોય તે ભગવાનની આજ્ઞા અનુસાર વર્તે ત્યારે ભગવાન ભક્તને વશ થાય છે." આ વાત સાંભળીને શેઠ ખૂબ જ રાજી થયા અને આજીવન શ્રીહરિની આજ્ઞામાં વર્તવાનો દૃઢાવ કર્યો અને આ ટેક તેમણે કાયમ પાળી હતી.

શ્રીહરિનો અલૌકિક લાભ લેવા મૂળજી શેઠ બે દિવસ મૂળી રોકાયા. મહારાજ તે સમયે મૂળીમાં અનેકને સમાધિ કરાવતા. સહુને અનેક ધામોનાં દર્શન કરાવતા. આવો પ્રગટ પ્રભુનો પ્રતાપ મૂળજી શેઠે મૂળીમાં નજરે નિહાળ્યો. શ્રીહરિનાં ચરિત્ર, પ્રતાપ અને ઐશ્વર્ય નજરે જોઈ મૂળજી શેઠના રોમેરોમમાં સ્વામિનારાયણ ભગવાનનો રંગ લાગ્યો.

✳ મૂળજી શેઠે મેમકામાં સત્સંગ કરાવ્યો :

પ્રગટ હરિની પ્રાપ્તિના કારણે દિવ્યાનંદથી ભરાયેલા મૂળજી શેઠ મૂળીથી પાછા મેમકા આવ્યા. તેઓ ખૂબ ભણેલા, વાચાળ અને મુમુક્ષુ હતા. મેમકામાં આવી સહુ પ્રથમ તો તેમણે પોતાના પિતા મેઘજીભાઈને તથા નાના ભાઈ ખેતશીભાઈ વગેરે પરિવારને સત્સંગનો રંગ લગાડ્યો. આ પરિવારના સભ્યો પણ પૂર્વજન્મના સંસ્કારી હતા, તેથી સહુએ સહર્ષ સત્સંગ સ્વીકાર્યો. પ્રગટ પ્રભુનો દૃઢ નિશ્ચય કર્યો.

ત્યારબાદ તેમના મિત્ર હંસરાજભાઈ સુતાર, પટેલ શ્યામજી કણસારા તથા પટેલ શ્યામજી અગોલા તથા મેંથાણના અજા પટેલ અને રામગ્રી ગામના જીવા પટેલ વગેરેને પણ તેમણે સત્સંગ કરાવ્યો હતો.

✳ શ્રીહરિ પ્રથમવાર મેમકા પધાર્યા :

દિવસ પછી દિવસ જતા હતા. મૂળજી શેઠ નિત્ય સત્સંગની વાતો કરતા હતા. પછી સંવત્ ૧૮૬૦ માં ચૈત્ર મહિનો હતો. શ્રીહરિ કારિયાણી પધાર્યા છે, તેવી મૂળજી શેઠને જાણ થતાં પોતે ત્યાં ગયા. મહારાજને મેમકા પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમની ભાવના સ્વીકારી અને તેમને ગામ સંતો સાથે આવવાની હા કહી.

પછી મૂળજી શેઠના આમંત્રણને માન આપીને શ્રીજીમહારાજ સંવત્ ૧૮૬૦ ના ચૈત્ર વદમાં પરમહંસોનાં મંડળ સાથે પ્રથમવાર મેમકા પધાર્યા. ત્યારે શ્રીહરિની ઉંમર ચોવીસ વર્ષની હતી. શેઠ સાથે ગામજનોએ શ્રીહરિનાં સ્વાગત-સામૈયાં કર્યાં અને સહુની સેવા સરભરામાં મૂળજીભાઈએ પોતાના ભાઈ ખેતશીભાઈને નિમ્યા હતા. તેમના પિતા મેઘજીભાઈ પણ સેવામાં હાજર રહ્યા હતા.

શ્રીહરિ પહેલા દિવસે ફૂલજીભાઈ તથા દેહલભાઈ દરબારની રસોઈ જમ્યા. બીજા દિવસે ખોડાભાઈ, શામાભાઈ વગેરે પટેલો તથા હંસરાજ સુતારની રસોઈ જમ્યા. ત્રીજા દિવસે મૂળજીભાઈ અને ખેતશીભાઈની

રસોઈ જમ્યા. એમ સહુ ભક્તોને બહુ સુખ આપ્યું. ચોથે દિવસે સંતો સહિત શ્રીહરિ તાવી તરફ ચાલતા થયા. વિદાય લેતી વખતે શ્રીહરિએ એમને પંદર-વીસ દિવસમાં ગામ છોડી બીજે ચાલ્યા જવાની આજ્ઞા કરી.

શ્રીહરિની આજ્ઞા માની મૂળજીભાઈ લીંબલી રહેવા ગયા હતા. હંસરાજ સુતાર ખોલડિયાદ રહેવા ગયા અને શામજી કણસારા તથા શામજી અગોલા ચાણપર રહેવા ગયા. તેમજ અન્ય હરિભક્તો પણ મેમકા છોડી અન્યત્ર ચાલ્યા ગયેલા. થોડા દિવસોમાં જ મેમકા ગામ બાબાજીના લશ્કરે બાળી દીધું હતું. આ રીતે શ્રીહરિએ તેમની રક્ષા કરી હતી. આ ઉપાધિ મટ્યા પછી મેમકા દરબારે તેમને પોતાના ગામ પાછા બોલાવ્યા. ત્યારે મૂળજી શેઠે પોતાના નાનાભાઈ ખેતશીભાઈને ત્યાં મોકલ્યા હતા.

✳ મૂળજી શેઠના સદ્‌ગુણો :

આધારાનંદસ્વામી મૂળજી શેઠના સદ્‌ગુણો વર્ણવતાં હ.ચ.સા.૧૪/૭૬ માં કહે છે...એકવાર શ્રીહરિ લીંબલીમાં મૂળજી શેઠને ઘેર ઊતર્યા. તેઓ સારા હરિભક્ત હતા. અને તેમને શ્રીહરિમાં ઘણું હેત હતું. એટલે ઘણીવાર શ્રીહરિની તેમણે સેવાપૂજા કરી હતી. શ્રીહરિ ચાર-પાંચ વખત મૂળજી શેઠને ઘેર આવીને રહ્યા હતા.

दोहा : मिमके गाम जन्म तेहि, मूल रहे वढवान;
जज्ञ के काम में बहू, आयेउ बुद्धिवान.
हरिजन रहेउ नकि महा, कवि रहे जो अपार;
विचिक्षन रहे बात में, हरि विन जानत असार.
सोरठा : सब हरिजन से तेह, मन में मानत छोट अति;
भुवन करे नये एह, संत रखे तामें प्रथम.

તેમનો જન્મ મેમકા ગામમાં થયો હતો. તેઓ મૂળ વઢવાણના રહેવાસી ગણાતા. ઘણા બુદ્ધિમાન હતા અને યજ્ઞના ખૂબ કામમાં

આવ્યા હતા. તેઓ પાકા હરિભક્ત હતા, સારા કવિ હતા, વાતચીતમાં ઘણા વિચક્ષણ હતા અને શ્રીહરિ વિના બીજાને અસાર માનતા હતા. વળી, તેઓ મનમાં પોતાને બીજા બધા હરિભક્તો કરતાં ઘણા નાના માનતા હતા. તેમણે લીંબલીમાં નવું મકાન કરાવ્યું હતું. તેમાં પણ પહેલા સંતોને રાખ્યા હતા.

વળી, વઢવાણમાં પણ તેમણે સંતો માટે જ નવું મકાન બનાવ્યું હતું. આ મકાન સંતોને ભણાવવા માટે શ્રીહરિએ જ કરાવ્યાં હતાં. અને આપણી પરંપરામાં ગઢપુરના સંતો કહે છે કે, સંવત્ ૧૮૭૦ માં બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી અને નિષ્કુળાનંદસ્વામી આ ચાર સદ્‌ગુરુઓએ મળીને મૂળજી શેઠનાં તે ઘરો બનાવ્યાં હતાં. અને સંવત્ ૧૮૯૨ સુધી જ્યારે જ્યારે સંતો વઢવાણ આવતા ત્યારે મૂળજી શેઠના આ મકાનમાં જ રહેતા.

અહીં રહીને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી આદિ ઘણા સંતોએ સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. તથા બીજા ઘણા સંતોને પણ શ્રીહરિએ એકવાર બે મહિના સુધી અહીં રાખ્યા હતા. ત્યારે સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામી સભામાં નિત્ય ભાગવતની કથા વાંચતા હતા. તે સાંભળીને વઢવાણના સારા વિદ્વાન વિપ્રો, બીજા મોટા માણસો અને રાજાની કચેરીના અમલદારોને પણ સત્સંગ થયો હતો. આ સહુ સંતોની સેવા મૂળજી શેઠ તથા તેમના પરિવારના સભ્યો ખેતશીભાઈ, તેમનાં ધર્મપત્ની પાનબાઈ, પુત્ર રામજી શેઠ વગેરે ભાવથી કરતા. આ પરિવારના સભ્યો આવા સંતપ્રેમી તથા ઉદાર દિલના હતા.

વળી, આધારાનંદસ્વામી હ.ચ.સા.૧૫/૪ માં મૂળજી શેઠના સદ્‌ગુણો અને વિશેષતા વર્ણવતાં કહે છે...

व्यवहार संबंधि जितनो कामा, ताकु सुनाई करत सुखधामा;
एसी हि तामें बुद्धि रहाई, हरिजन हि नकि रहे जो ताई...०९

हरि के मनुष्य चरित्र अनेका, देखी कर बुद्धि रहत हि एका;
हरि के मनुष्य चरित्र तामें, देखि के एक बुद्धि रहे यामें...१०
बडे में बडे हरिजन एसा, ठोर ठोर नहि होवत तेसा;
बुद्धिवंत होत हे अपारा, केते पढत पुरान अढारा...११

સુખધામ શ્રીહરિ વ્યવહાર સંબંધી જે કાંઈ કામ હોય તે મૂળજી શેઠને પૂછીને કરતા હતા. મૂળજી શેઠમાં આવી રૂડી બુદ્ધિ હતી અને તે ઘણા સારા પાકા હરિભક્ત હતા. ભગવાન શ્રીહરિનાં અનેક મનુષ્યચરિત્ર દેખીને પણ તેમની બુદ્ધિ-સમજણ એકસરખી રહેતી હતી. ભગવાનનાં મનુષ્યચરિત્ર દેખ્યાં પછી પણ એકસરખી સમજણ રહે એવા સત્સંગી મોટા મોટા હરિભક્તોમાં પણ ઠેકઠેકાણે હોતા નથી. જ્યારે મૂળજી શેઠને શ્રીહરિના કોઈ પણ ચરિત્રમાં ક્યારેય સંશય થતો નહીં.

કેટલાક અપાર બુદ્ધિમાન હોય છે, કોઈક અઢાર પુરાણ, ચાર વેદ, છ શાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને ચોસઠ વિદ્યાઓ, એ બધા ગ્રંથોને સંપૂર્ણપણે ભણેલા હોય છે. અને કેટલાક તો મોટા મોટા રાજાઓના પણ કારભારને સંભાળે એવી અગાધ બુદ્ધિવાળા હોય છે.

કેટલાક અત્યંત જ્ઞાની, ધ્યાની, ધર્મનિષ્ઠ, વૈરાગ્યવાન અને અપાર ભક્તિમાન થાય છે, પરંતુ જેનું ચિત્ત શ્રીહરિનાં મનુષ્યચરિત્ર દેખ્યા પછી તલ જેટલું પણ ભ્રમે નહિ; આવો ભક્ત હરિજનોમાં અત્યંત દુર્લભ છે. એવા તો આ મૂળજી શેઠ છે.

सोरठा : हरि के मनुष्य चरीत, देखी न होवे मोह कबु;
कोउ जन होत खचित, सब देश में एक मिलत जन...२८

ભગવાનનાં મનુષ્યચરિત્ર દેખીને પણ જેને ક્યારેય મોહ ન થાય એવો પાકો ભક્ત તો આખા દેશમાં કોઈ એકાદ જ મળે છે. આવા નિર્દોષબુદ્ધિવાળા અને નિષ્ઠાવાન સમજીને શ્રીહરિએ તેમને દાદા ખાચરના કારભારી બનાવ્યા હતા. પછી તેઓ વિશેષતઃ જ્યાં

સુધી શ્રીહરિ પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી મહારાજની સાથે રહેતા. કામ પ્રસંગે ઘેર જતા. પરિવારજનો તથા ગ્રામજનોને સત્સંગ કરાવતા. આ તેમનું અંગ હતું.

શ્રીહરિ સંવત્ ૧૮૮૬ માં ધામમાં પધાર્યા પછી મૂળજી શેઠનું મન ઉદાસ થયું, તેથી તેઓ સંવત્ ૧૮૯૨ માં ગઢપુર છોડી ફરી વઢવાણ આવ્યા હતા. ઘેર આવીને પણ તેઓ સતત સેવાપરાયણ અને ભક્તિપરાયણ રહ્યા હતા.

મહાકવિ ન્હાનાલાલ કહે છે કે, 'મારા પિતા દલપતરામ દેવાનંદસ્વામી પાસે ભણીને સ્નાતક થયા હતા અને મૂળજી શેઠે તેમને અનુસ્નાતક બનાવ્યા હતા.' મૂળજી શેઠે જ દલપતરામને રાજદરબારના પગથિયે ચડાવ્યા હતા. કવીશ્વર દલપતરામે વઢવાણમાં આવીને જ્ઞાનવૃદ્ધ તથા વયોવૃદ્ધ કાવ્યરસિક મૂળજી શેઠ પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. આ ગુરુ-શિષ્યનો સંબંધ સદા વિકસતો રહ્યો હતો.

શ્રીજીમહારાજે કરાવેલ મહાભારતની ટીકાવાળો ભાગ શેઠ પાસેથી જ શિષ્ય દલપતરામે લખી લીધો હતો અને મૂળજી શેઠે રચેલા ગ્રંથો પણ તેમની પાસેથી માંગી માંગીને તેઓએ વાંચ્યા-ભણ્યા હતા. આ બંને જણા સાથે કાવ્યશાસ્ત્ર અને રાજનીતિની ચર્ચાઓ કરતા હતા. બપોર પછી શેઠ તેમને ભણાવતા હતા. ક્યારેક મોડું થાય તો દલપતરામ મૂળજી શેઠને ઘેર જ સૂઈ રહેતા હતા. મૂળજી શેઠની વિદ્વત્તા અને પ્રતિષ્ઠા તે સમયે જનસમાજમાં પ્રસિદ્ધ હતી. સત્સંગસમાજમાં એક પ્રચલિત દોહો છે કે,

મુકુંદદાસ ને મૂળજી, સુંદરદાસ શ્રીરંગ;
સત્સંગ ધર્મ સમાજમાં, ચારે એક જ અંગ.

મુક્તાનંદસ્વામી, શ્રીરંગદાસ કહેતા બ્રહ્માનંદસ્વામી, ભુજના કારભારી સુંદરજીભાઈ સુતાર અને વઢવાણના નગરશેઠ તરીકે

ઓળખાતા મૂળજીભાઈ આ ચારેય મહાપુરુષોનાં ભગવદ્‌ભક્તિમાં અને નિષ્ઠામાં સરખાં અંગ હતાં.

આવા નિષ્ઠાવાન, વિદ્વાન અને ભગવદ્‌ભક્ત મૂળજી શેઠને એક પુત્ર અને એક પુત્રી હતાં. પુત્ર તો પૂર્વજન્મનો યોગભ્રષ્ટ જીવ હતો. એકવાર તે અતિ બિમાર થયો. તેનો પત્ર ગઢપુરમાં આવ્યો. તે વાંચી શ્રીહરિ મૂળજી શેઠને કહે, "તમારો પુત્ર મરી જાય તો તમને કેમ થાય ?"

ત્યારે મૂળજી શેઠ કહે, "મહારાજ ! દીકરો દેહ મૂકે તો તમારા ધામમાં જાય એવો મને વિશ્વાસ છે. માટે ઉદ્વેગ ન થાય." ત્યારે મહારાજ કહે, "એ તમારા દીકરા તો પૂર્વ જન્મે અમારા સાધુ હતા. પરંતુ થોડી વાસના રહી તેથી તમારા ઘેર જન્મ લીધો છે. હવે તે ઈચ્છા પૂર્ણ થઈ તેથી તેને અમે અમારા અક્ષરધામમાં મોકલ્યા છે."

તે સાંભળી મૂળજી શેઠ કહે, 'હવે મારે ઘેરે જાવાનું કોઈ કામ નથી.' એમ કહીને ઘેલામાં સ્નાન કરી પાછા આવ્યા. આવા તે સમજુ, ધીરજવાન, સ્થિતપ્રજ્ઞ અને સુખ-દુઃખમાં સમસ્થિતિવાળા હતા. સ્ત્રી-ધનમાં તેમને કોઈ બંધન હતું નહીં. શ્રીહરિનાં વચન એ જ તેમનું જીવન હતું. શ્રીહરિએ દુષ્કાળમાં તેમને તમામ પશુઓ વેચી નાખવાનું કહ્યું તો તેમ જ તેમણે કર્યું હતું. તેમનો તથા તેમનાં ધર્મપત્ની લાધીબાઈનો આંખનો અંધાપો મહારાજે કૃપા કરી દૂર કર્યો હતો અને ઘણીવાર તેમની રક્ષા કરી હતી.

એકવાર મૂળજી શેઠ સંઘ સાથે લીંબલીથી ગઢપુર મહારાજનાં દર્શને આવતા રસ્તો ભૂલ્યા. ત્યારે ભગવાને ભોમિયા બની તેમની સેવા કરી અને ગઢપુર સુધી સાથે રહ્યા હતા. વળી, એકવાર તેઓ ગઢપુર આવતા હતા. ત્યારે વચ્ચે મૂળીના બહારવટિયાઓ તેમને લૂંટવા ઊભા હતા. ત્યારે શ્રીહરિએ પગમાં કાંટો વગાડી તેમનું શૂળીનું દુઃખ કાંટે મટાડ્યું હતું. આવા તેમના ઘણા પ્રસંગો આપણા ગ્રંથોમાં લખાયેલા છે.

ઈષ્ટદેવની દૃઢ નિષ્ઠા, વચનમાં વિશ્વાસ અને શ્રીહરિનાં અનેક સુખદ સંસ્મરણો તેમની સૌથી મોટી મૂડી હતી. તેઓ જ્યારે વૃદ્ધ થયા ત્યારે તેમની સેવા વિશેષતઃ પોતાના નાનાભાઈના પુત્ર રામજી શેઠે કરી હતી. **તે સમયે મૂળજી શેઠે પોતાનાં આ સદ્‌ગુણો અને સુખદ સંસ્મરણોનો વારસો રામજી શેઠને આપ્યો હતો.** આ અલૌકિક વારસાને પામીને રામજી શેઠ અને તેમના પરિવારના તમામ સભ્યો મહાભક્ત અને અલૌકિક સ્થિતિવાળા બન્યા હતા.

✳ રામજી શેઠના પરિવારનો પરિચય :

રામજી શેઠના પિતાનું નામ ખેતશીભાઈ હતું. માતાનું નામ પાનબાઈ હતું. તેઓ મોટીબાના પ્રસંગમાં આવતા મહાન ભક્ત બન્યાં હતાં. રામજી શેઠની પત્નીનું નામ કંકુબાઈ હતું. તેમના બહેનનું નામ શામબાઈ હતું. તેઓ પણ મહાન ભક્ત બન્યાં હતાં. રામજી શેઠને નારાયણભાઈ અને અમરશીભાઈ નામે બે પુત્રો અને શિવુબાઈ નામે પુત્રી હતી. આ બંને પુત્રો અને પુત્રીની શ્રીહરિએ અનેક વાર રક્ષા કરી હતી. રામજી શેઠને પણ અનેક વાર દિવ્યદર્શન આપ્યાં હતાં.

રામજી શેઠનાં બેન શામબાઈ સમાધિનિષ્ઠ હતાં. તેમનાં લગ્ન સાયલા ગામે કર્યાં હતાં. તેમને ચત્રભૂજ નામે એક પુત્ર તથા સંતોકબાઈ ને દિવાળીબાઈ નામે બે દીકરીઓ હતી. ચત્રભૂજ તથા બંને બહેનો પણ મહાન ભક્ત હતાં. તેમને પણ શ્રીહરિએ દિવ્યદર્શન આપ્યાં હતાં અને આપત્તિમાં સહાય કરી હતી. તથા દિવાળીબાઈની દીકરી સાંકળીબાઈ હતી. તે પણ મહાન ભક્ત હતાં.

એકવાર શામબાઈની દીકરી દિવાળી અને રામજી શેઠના દીકરાની દીકરી એ બે મૂળીએ દર્શન કરવા ગયાં હતાં. ત્યારે મૂળીવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજે તથા રાધાકૃષ્ણ દેવે તેમને પોતાનાં દિવ્ય દર્શન આપી આ સત્સંગમાં જ કલ્યાણ છે, એવી દૃઢતા કરાવી હતી.

આ રીતે રામજી શેઠ, તેમના દીકરાઓ, તેમની બહેન અને તેમનાં દીકરા-દીકરીઓ વગેરેને શ્રીહરિએ ઘણીવાર દિવ્યરૂપે દર્શન આપ્યાં હતાં અને અનેક વાર તેમની રક્ષા કરી હતી. આ બધા જ પ્રસંગો રામજી શેઠે પોતે જ આ ગ્રંથમાં ૫૧ થી ૬૦ વાતોમાં ગૂંથ્યા છે. તેથી અહીં હું વિસ્તારથી લખતો નથી. પરંતુ થોડા પ્રસંગો ટૂંકમાં વાંચીએ...

✳ રામજી શેઠના દસ હજાર રૂપિયા બચાવ્યા :

રામજી શેઠે એકવાર દશ હજાર રૂપિયા વઢવાણના શાહુકાર વાણિયાને વ્યાજે આપ્યા હતા. તે વાણિયો સારો આસામી અને વિશ્વાસુ માણસ હતો. એ આસામી કોઈ દિવસ દેવાળું ન કાઢે એવો સહુને ભરોસો હતો. પરંતુ એક દિવસ રામજી શેઠ રાત્રીએ સૂતા હતા, ત્યારે શ્રીજીમહારાજે દર્શન આપ્યાં. સાથે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિક ઘણાક સદ્‌ગુરુઓ હતા. પછી મહારાજે રામજી શેઠને કહ્યું જે, "વઢવાણના શાહુકાર પાસે તમારા જે રૂપિયા લેણા છે તે શાહુકાર વીસ દિવસમાં દેવાળું કાઢશે. માટે તમારા રૂપિયા લઈ આવજો." એમ કહી શ્રીહરિ સદ્‌ગુરુઓ સાથે અદૃશ્ય થઈ ગયા.

પછી રામજી શેઠ બીજે દિવસ સવારમાં જ વઢવાણ શાહુકાર પાસે રૂપિયા લેવા ગયા અને પંદર દિવસમાં સર્વે રૂપિયા લઈ લીધા. પછી મહારાજે કહ્યું હતું તેમ એકવીસમા દિવસે એ શાહુકાર દુકાન બંધ કરીને પોતાને ઘેર બેઠો અને દેવાળું કાઢ્યું. આ રીતે શ્રીજીમહારાજે રામજી શેઠના રૂપિયા બચાવ્યા હતા.

ભગવાન આવા મહા દયાળુ છે. સાચા ભક્તની આલોકમાં તથા પરલોકમાં સર્વ રીતે રક્ષા કરે છે. માટે આપણે સાચા ભક્ત થવું.

✳ રામજી શેઠના દીકરા અમરશીની જાન બચાવી :

એકવાર રામજી શેઠ પોતાના દીકરા અમરશીને પરણાવી જાન લઈને ઘેર આવતા હતા. તે ગામ કોઠારિયે આવ્યા ત્યાં રાત થઈ અને

મેમકા ત્રણ ગાઉં દૂર રહ્યું. પછી મશાલ કરાવીને કોઠારિયેથી ચાલ્યા, તે બે ખેતરવા આવ્યા ત્યારે ઊંચેથી એવો શબ્દ થયો જે, "અત્યારે જાશો નહીં, પાછા વળો." ત્યારે રામજી શેઠે સર્વે ગાડીઓ ઊભી રખાવી ને સૌને પૂછ્યું જે, "અત્યારે જાશો નહીં, પાછા વળો, એમ કોણ બોલ્યું ?" ત્યારે એ સર્વે જને કહ્યું જે, "અમે તો કાંઈ બોલ્યા નથી."

ત્યારે રામજી શેઠે જાણ્યું જે, "આ તો મહારાજે ના પાડી છે, માટે આપણે જાવું નહીં." પછી ત્યાંથી જાન પાછી વાળી ને કોઠારિયા ગામમાં રાત રહ્યા. દિવસ ઊગ્યે ચાલ્યા તે ઘેર આવ્યા. પછી બીજે દહાડે મેમકાના ભગો પટેલ જતવાડમાં ગયા. ત્યારે તેમને જતે વાત કરી જે, "અમે ઓગણીસ ઘોડા જતના એ શેઠની જાન લૂંટવા મેમકા અને કોઠારિયા વચ્ચે કારોલ નામે તળાવડી છે ત્યાં રહ્યા હતા, પણ જાન કોણે પાછી વાળી તે ખબર પડી નહીં."

આ રીતે શ્રીહરિએ રામજી શેઠના પુત્રની જાનની રક્ષા કરી હતી. એટલું જ નહિ, રામજી શેઠના બીજા પુત્ર નારણની પત્ની ધામમાં ગઈ ત્યારે મહારાજે દિવ્યદર્શન આપી નારણની સગાઈ કરાવી હતી અને ઠગ થકી રક્ષા કરી હતી. તથા એકવાર રામજી શેઠના ઘરમાં બે હજાર રૂપિયાનું રૂ ભર્યું હતું. તે ઘર સળગ્યું. કોઈથી ઓલવાય તેમ ન હતું. તે પણ મહારાજે નિજ સામર્થીથી ઓલવીને શેઠનાં ઘર તથા રૂની રક્ષા કરી હતી. આવા મહારાજ મહાદયાળુ અને ભક્તવત્સલ છે.

વળી, એકવાર રામજી શેઠ સંઘ સાથે ગઢપુર જતા હતા. ત્યારે રસ્તો ભૂલ્યા. ક્યાં જવું તે દિશા સૂજતી નહીં. તે સમયે પણ શ્રીહરિએ દિવ્યરૂપે દર્શન આપી રામજી શેઠ તથા સંઘની રક્ષા કરી હતી. રસ્તો બતાવવા માટે ઘણે દૂર સુધી સાથે ચાલ્યા હતા. ગઢપુર દર્શન કરી સંઘ સાથે શેઠ સારંગપુર આવ્યા ત્યારે ત્યાં એક સમાધિનિષ્ઠ બહેનને દર્શન આપી મહારાજે શેઠના સંઘની રક્ષા કરી તેની સહુને પ્રતિતી કરાવી હતી.

✳ શ્રીહરિનાં દિવ્યદર્શન બાદ રામજી શેઠની હરિમય સ્થિતિ :

એકવાર રામજી શેઠ મેમકામાં પોતાની મેડીમાં સંવત્ ૧૯૪૫ ની સાલમાં દિવસના ત્રીજા પહોરે બેસીને એમ વિચાર કરતા હતા જે, 'હવે આ કોઈ જાતનો વહેવાર મેં મારે માથે રાખ્યો નથી ને કાંઈ પ્રવૃત્તિ પણ નથી રાખી, કેવળ નિવૃત્તિ પારાયણ થયો છું. અને શ્રીજીમહારાજનાં દર્શન પ્રથમ મેં ચાર વખત કર્યાં છે. માટે શ્રીહરિની તે મૂર્તિને ઘડીએ ઘડીએ ધ્યાનમાં લાવીને સંભારવી છે.' એમ બેઠા બેઠા વિચાર કરતા હતા. તે જ વખતે શ્રીજીમહારાજ રામજી શેઠની આગળ મૂર્તિમાન પ્રગટ થયા અને ત્રણ હાથને છેટે આવીને ઊભા રહ્યા.

તે એક ધોળી ધોતી ઢીંચણથી ચાર તસુ હેઠે કોર લાવી કછોટો વાળીને પહેરેલી. બીજું કાંઈ વસ્ત્ર નહીં. એવી ઉઘાડે શરીરે મહા રૂપાળી અને આશરે પંચવીશ વરસની ઉંમરની મૂર્તિ દેખીને રામજી શેઠે પ્રથમ તો મહારાજનાં ઘણીવાર સુધી દર્શન કર્યાં. પછી બે પગના ફણા, લાલ નખવાળી આંગળીઓ, બે ગોળ ઘૂંટીઓ, પિંડીઓ, ત્રિવળી સહિત ફાંદાળું ઉદર, ગોળ ઊંડી નાભી, લાંબી બે ભુજાઓ, ધીંગો કંઠ; એવા નોખા નોખા અંગનાં એકવાર દર્શન કર્યાં.

પછી તો મહારાજના મુખારવિંદ સામી રામજી શેઠની દષ્ટિ સ્થિર થઈ ગઈ. ને આંખનું પલકું પણ મરાય નહીં, દષ્ટિ ફરીને બીજા અંગ સામી જાય નહીં અને કાંઈ બોલાય પણ નહીં. પછી દેહનું ભાન પણ કાંઈ રહ્યું નહીં. ને મહારાજ થોડું થોડું હસતા, આંખનાં મટકાં ભરતા રામજી શેઠ સામી દષ્ટિ કરીને જોઈ રહ્યા. એવા મહારાજના મુખારવિંદ સામું એક નજરે રામજી શેઠ જોઈ રહ્યા.

પછી એમ વિચાર આવ્યો જે, 'હું ઊભો થઈને મહારાજના પગમાં પડીને પગે લાગું.' તે ઊભા થવા ગયા ત્યાં તો એ મૂર્તિ અદશ્ય થઈ ગઈ. પછી તો અતિ ઉદ્વેગ થઈ ગયો ને આંખોમાંથી આંસુની

ધારા થઈ, પણ એ મૂર્તિ ક્યાંથી દેખાય ? રામજી શેઠ તો પ્રથમથી જ શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને ભજન કરતા હતા; પરંતુ જે દિવસથી શ્રીજીમહારાજે પ્રગટ થઈ દર્શન દીધાં, તે દિવસથી રામજી શેઠનું ચાર પ્રકારનું અંગ કરતા ગયા.

તેમાં **એક** તો એ મહારાજની મૂર્તિ જીવમાં અખંડ દેખાયા કરે છે. **બીજું** સ્વામિનારાયણ એવા નામ-ઉચ્ચારણ વિના એક શ્વાસ-ઉચ્છ્વાસ મિથ્યા જાતો નથી. **ત્રીજું** કોઈ સ્ત્રી સામી દૃષ્ટિ જાતી જ નથી. તેણે કરીને સ્ત્રીની વય, વાન કે વેશની ખબર જ પડતી નથી. **ચોથું** સ્ત્રીને વિષે ભોગબુદ્ધિનો અંકૂર અંતરમાંથી ઊખડી ગયો છે ને સ્વપ્નમાં પણ થતો નથી. એ ચાર પ્રકારનું અંગ મૂર્તિનાં દર્શન થયાં પછી થઈ ગયું છે.

રામજી શેઠે આ ગ્રંથની ૧૯૪ મી વાતમાં આ પોતાનો અનુભવ લખ્યો છે. પછી તેનો સાર જણાવતાં કહે છે કે, 'શ્રીજીમહારાજ સર્વોપરી પુરુષોત્તમનારાયણ છે. તેમનો અદ્ભુત પ્રતાપ સૌને જાણવામાં આવે તે સારુ આ લખ્યું છે. તે અમથી શી માલમ પડે ? અર્થાત્ ભગવાન પોતાના ભક્તોની ઉપર કૃપા કરીને કેવી મોટી સ્થિતિ આપે છે તે બીજાને કેમ ખબર પડે ? તે માટે આ મારો અનુભવ લખ્યો છે.' આ વાત આપણે મનન કરવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી છે.

✳ પાનબાઈને અલૌકિક દર્શન :

એકવાર શેઠનાં માતૃશ્રી **પાનબાઈ** શ્રીહરિનાં દર્શન કરવા માટે શિયાણી ગયાં. ત્યારે તેમણે એવો સંકલ્પ કર્યો કે, 'મહારાજના મને દિવ્યરૂપે દર્શન થાય.' આવો તેમનો સંકલ્પ જાણી શ્રીહરિજી મહારાજે દિવ્યદર્શન આપ્યાં. ત્યારે પાનબાઈને મહારાજની મૂર્તિ મહા પ્રકાશવાન, સોળ વરસની અવસ્થા, માથે મુગટ, ચતુર્ભુજ સ્વરૂપ, શંખ, ચક્ર, ગદા, પદ્મ ગ્રહણ કરેલાં, જરિયાન વસ્ત્ર પહેરેલાં એવાં દર્શન થયાં. પછી મહારાજના પગમાં માથું મૂકીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે, "હવે તમારી ઈચ્છા

પૂરી થઈ." એમ કહીને શ્રીહરિએ પાનબાઈને માથે હાથ મૂક્યા હતા. આ રીતે પાનબાઈને પણ ઘણી વાર અલૌકિક દર્શન આપ્યાં હતાં.

✳ પાનબાઈનો અક્ષરવાસ :

પાનબાઈ એકવાર ગઢપુર ગયાં ત્યારે મોટીબા પાસે વરદાન માગ્યું હતું કે, 'અંતકાળે તમે મહારાજ સાથે મને તેડવા આવજો.' મોટીબાએ રાજી થઈ એ વરદાન આપ્યું હતું. પછી જ્યારે પાનબાઈનો અંતકાળ આવ્યો ત્યારે મહારાજ મોટીબા, લાડુબા, રાજબા વગેરે બહેનોને સાથે લઈને તેડવા આવ્યા હતા. પાનબાઈએ સહુને એ વાત કહી પછી સ્વતંત્રપણે દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયાં હતાં.

✳ રામજી શેઠે આપેલ સત્સંગનો વારસો :

મૂળજી શેઠે આ આખા પરિવારને સત્સંગના ઊંડા સંસ્કાર રેડ્યા હતા. તેથી રામજી શેઠ વગેરે મહાન ભક્ત થયા હતા. શેઠને શ્રીહરિનાં થયેલાં અલૌકિક દર્શન તથા પોતાના મોટાબાપા મૂળજી શેઠે કહેલી શ્રીહરિના મહિમાની દિવ્ય વાતો અંતકાળની મૂળી હતી. તેમની જ્યારે અંતિમ અવસ્થા હતી ત્યારે તેમની સેવા વિશેષતઃ નાનો પુત્ર અમરશી કરતો હતો. તે પણ ખૂબ ભણેલો અને ભક્તહૃદયનો હતો. શ્રીહરિનાં દિવ્ય ચરિત્રો સાંભળવા લખવામાં તેમને ખૂબ જ આનંદ આવતો હતો.

અમરશીની શ્રદ્ધા-ભાવના જોઈને રામજી શેઠે ખૂબ જ રાજી થઈને તેમની પાસે આ **'લીલાચરિત્રની વાતો'** એ નામનો ગ્રંથ લખાવ્યો છે. આ રીતે આ શ્રીહરિજીનાં અલૌકિક ચરિત્રો અને ઐશ્વર્યને દર્શાવતો આ સાહિત્યનો વારસો સત્સંગ સમાજમાં આવ્યો. આ અમરશી શેઠના પુત્ર હરજીવનદાસ શેઠ હતા. તેમના પુત્ર માણેકલાલ શેઠ હતા. તેઓ પરિવાર સાથે મેમકાથી નડિયાદ રહેવા માટે આવ્યા હતા. નડિયાદમાં આવી તેમણે **'ગુજરાત ટાઈમ્સ પ્રેસ'** એ નામનું ન્યૂઝ પત્ર ચાલુ કર્યું હતું. જે હાલ પણ તેમના પરિવારજનો દ્વારા ચાલી રહેલ છે.

આ માણેકલાલ શેઠ પણ ખૂબ સારા ભગવાનના ભક્ત હતા. તેમના પૂર્વજોના સત્સંગનો વારસો તેમણે સારી રીતે જાળવી રાખ્યો હતો. રામજી શેઠે પોતાના પુત્ર અમરશીભાઈ પાસે લખાવેલ આ વાર્તાનો સંગ્રહ માણેકલાલ શેઠે પોતાના ગુજરાત ટાઈમ્સ પ્રેસ દ્વારા તા.૧૪/૧/૧૯૭૦ ના રોજ એકવાર થોડી કોપીઓ પ્રકાશિત કરી હતી. આ માણેકલાલ શેઠના પુત્ર વિનુભાઈ શેઠ થયા અને તેમના પુત્ર જગતભાઈ શેઠ હાલ છે. તેમના પુત્ર ભાવેશભાઈ છે. આ પરિવારમાં હજી સુધી સત્સંગના સંસ્કારો જળવાઈ રહ્યા છે.

જેઓએ આજીવન શ્રીહરિ અને મોટા સંતોની સેવા કરી, મનગમતું મૂકી શ્રીહરિ અને સંતોના ગમતામાં જીવન જીવ્યા. હંમેશાં પોતાને નાના અને અન્ય સંતો-ભક્તોને મોટા માનતા હતા. તેમજ દિવ્યભાવ, દાસત્વભાવ, નિર્દોષભાવ, સદા એકસરખી રીતે ટકાવી રાખી, સુખ-દુઃખ તથા માન-અપમાન પ્રસંગોમાં સ્થિર રહ્યા હતા. આજીવન ભગવાનને સમર્પિત અને આધીન થઈને વર્ત્યા હતા અને તેમની આવી પરાભક્તિ જોઈને શ્રીજીમહારાજ પણ જેમને સદા વશ રહ્યા હતા, આવા મહિમાવાન, નિષ્ઠાવાન, જ્ઞાનવાન અને ધૈર્યવાન તથા આ લીલાચરિત્રરૂપી સાહિત્ય પુષ્પ સંત્સગને સમર્પણ કરનાર રામજી શેઠ, તથા તેમાં આવા અલૌકિક સંસ્કાર રેડનાર મૂળજી શેઠના ચરણોમાં શતશઃ પ્રણામ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના

અતિ ભાવથી જય સ્વામિનારાયણ



અનુક્રમણિકા



વાત	વિષય	પેજ નં.
૧	શ્રીહરિએ અમદાવાદ ઉત્સવમાં છોકરાને જીવતો કર્યો	૧
૨	શ્રીહરિએ ભેંશજાળના ચાંદબાઈની ટેક રાખી ને રક્ષા કરી	૨
૩	લીંબડીમાં શ્રીહરિ થકી જૈન પૂજનો પરાભવ	૩
૪	ઝીંઝાવદરમાં અલૈયા ખાચરને પૂર્વજોના ઉદ્ધારની પ્રતીતિ	૫
૫	બોચાસણના કાશીદાસને પરચો આપી કેદમાંથી ઉગાર્યા	૭
૬	મેથાણમાં મૂળુ રજપૂતને નિશ્ચય કરાવ્યો	૮
૭	પક્ષ રાખનાર વઢવાણના કેસરમિયાં પર શ્રીહરિનો રાજીપો	૯
૮	ભીમનાથનાં દર્શને જતાં માર્ગમાં શ્રીહરિ દ્વારા વિહામણને પરચો	૧૨
૯	શ્રીહરિએ વઢવાણના દેવકૃષ્ણ વિપ્ર માટે ખારું પાણી મીઠું કર્યું	૧૫
૧૦	ઊંઝાના તળાવનું પાણી પરચો આપીને નિર્મળ કર્યું	૧૬
૧૧	સંતો પર દુષ્ટોનો માર જોઈ શ્રીહરિ અત્યંત કોપ્યા	૧૮
૧૨	મહારાજે લોયામાં તરગાળાની રમતમાં ચમત્કાર દેખાડ્યો	૧૮
૧૩	લોયામાં લીંબડીના શેઠિયાઓનો સંકલ્પ પૂરો કર્યો	૨૦

૧૪	કારિયાણીમાં ધના પટેલને ધામમાં તેડી ગયા	૨૧
	✳ બેચર પટેલના વાઢે શેરડી જમ્યા ને સર્વને જમાડી	૨૩
	✳ બેચર પટેલનો ગોળ ધોળો કર્યો	૨૪
૧૫	કારિયાણીમાં રહેલ શ્રીહરિ દ્વારા જૂનાગઢમાં નવાબનું કલ્યાણ	૨૬
૧૬	કારિયાણીમાં પૂજને સમાધિ કરાવી તીર્થંકર દેખાડ્યા	૨૭
૧૭	કારિયાણીમાં બાળક પર દયા કરીને તેની માને જીવતી કરી	૨૮
૧૮	કરમડમાં સમૈયો કર્યો અને વરસાદ વરસાવ્યો	૨૯
૧૯	રસ્તામાં તરસથી નિષ્પ્રાણ થયેલા સીતારામજીની રક્ષા	૩૦
૨૦	નાગડકાના નાથા તથા માણસિયાનો સાથે ધામમાં જવાનો ઠરાવ	૩૧
૨૧	લીંબલનાં મૂળજી શેઠ તથા સગરામને શ્રીહરિએ રસ્તો બતાવ્યો	૩૩
૨૨	શ્રીહરિએ મૂળજી શેઠને ચશ્માં વિના દેખતા કર્યા	૩૫
૨૩	મૂળજી શેઠનો દીકરો ધામમાં ગયો	૩૬
૨૪	મૂળજી શેઠનાં પત્નીનો અંધાપો મટાડ્યો	૩૭
૨૫	મૂળજી શેઠનું બરછીનું દુઃખ કાંટે મટાડ્યું	૩૮
૨૬	મેમકામાં સમાધિ પ્રકરણ	૩૯
	✳ મેમકાના ચાર ભક્તોને મહા સંકટથી બચાવ્યા	૩૯
૨૭	કરિયાણામાં નરનારાયણ તથા દેવો-ઋષિઓ દર્શને આવ્યા	૪૦
	✳ વ્યાપકાનંદસ્વામીએ મૂળજી શેઠના સંકલ્પો કહ્યા	૪૨
૨૮	શ્રીહરિ ગઢડાથી રિસાઈને ચાલ્યા ને મેથાણથી પાછા આવ્યા	૪૩
૨૯	ડભાણ યજ્ઞમાં હજારો રૂપિયા દક્ષિણામાં આપ્યા છતાં વધ્યા	૪૫
૩૦	ડભાણ યજ્ઞમાં શ્રીહરિએ ઘી અખૂટ કર્યું	૪૬
૩૧	લીંબડીના શેઠે બાળકો પાસે મહારાજ ઉપર ધૂડ નખાવી	૪૮

૩૨ સેવા કરનાર પટેલને શ્રીહરિએ દીકરો આપ્યો ૪૮

૩૩ વરતાલના રસ્તે શ્રીહરિએ ગાયોને બોલાવી તેથી દોડી આવી ૫૦

૩૪ કાળ વરસમાં ખોલડિયાદના રૂડા સિંધવના ખેતરમાં વરસાદ ૫૧

૩૫ શ્રીહરિનાં નાક-કાન કાપવા છરી ઘસતો રજપૂત આંધળો થયો ૫૪

૩૬ શ્રીહરિનો દ્વેષ કરતા જીવા ખાચરના બનેવીને દિવ્યદર્શન ૫૫

૩૭ શ્રીહરિએ બુરાનપુરના સંઘની ચોરોથી રક્ષા કરી ૫૬

૩૮ વહેલાલમાં શ્રીહરિ અઢાર ઘેર એક ટકે થાળ જમ્યા ૫૭

૩૯ પૂતનાએ મારેલાં બે હજાર બાળકોનો શ્રીહરિ દ્વારા મોક્ષ ૫૮

૪૦ અલૈયા ખાચરે સાથી જેસલાને ધામમાંથી પાછો બોલાવ્યો ૫૯

૪૧ શ્રીહરિ દ્વારા અંગ્રેજ સાહેબની સાવજથી રક્ષા ૬૦

✳ સાહેબે અમદાવાદમાં મંદિર માટે જગ્યા આપી ૬૧

✳ શ્રીહરિ રાજકોટમાં અંગ્રેજ સાહેબને મળ્યા ૬૨

૪૨ દુષ્કાળમાં સાંખ્યયોગી બાઈની મગની કોઠી અખૂટ કરી ૬૪

૪૩ એક બાઈનો સંકલ્પ પૂરો કરી નિશ્ચય કરાવ્યો ૬૫

૪૪ વઢવાણમાં એક જેરથી બીજા જેરે પગ મૂકી આશ્ચર્ય જણાવ્યું ૬૬

✳ યજ્ઞનો વિરોધ કરનાર પ્રતાપગર બાવાના રુધિરનો યજ્ઞ થયો ૬૬

૪૫ શ્રીહરિને મારવા આવેલા બહારવટિયા સ્થિર થઈ ગયા ૬૭

૪૬ ગંગારામ મલ્લનો શિર સાટે પક્ષ અને જગજીવનનું મૃત્યુ ૬૮

૪૭ મેઉમાં ભૂખણ ભાવસારને ઘેર બાળકને હાથ-પગ આપ્યા ૭૧

૪૮ શ્રીહરિએ જસદણમાં ભક્ત નાજા જોગિયાની રક્ષા કરી ૭૨

૪૯ ધોળકે વરવા શેઠની બહેનના રૂપિયા પાછા અપાવ્યા ૭૪

✳ વરવા શેઠ તથા તેમની બહેન કહીને ધામમાં ગયાં ૭૬

૫૦	શ્રીહરિનું શરીર દાબતાં ખેંગાર ભક્તને દિવ્યાનુભવ	૭૬
	✳ ખેંગાર સિંધવની વઢવાણના દરબારથી રક્ષા	૭૭
૫૧	રામજી શેઠના દસ હજાર રૂપિયા બચાવ્યા	૭૮
૫૨	રામજી શેઠના દીકરા અમરશીની જાન બચાવી	૭૯
૫૩	નારણની સ્ત્રી મરી ગઈ અને શ્રીહરિએ તેની સગાઈ કરાવી	૮૦
૫૪	સંઘ સાથે ગઢડે આવતા રામજી શેઠની રક્ષા	૮૧
૫૫	પાનબાઈને શિયાણીમાં શ્રીહરિનાં દિવ્યદર્શન	૮૩
૫૬	મહારાજે રામજી શેઠનું બળતું રૂ બચાવ્યું	૮૪
૫૭	શેઠની દીકરી શિવને મોટીબાએ ભજનનું સુખ કરી દીધું	૮૫
૫૮	મોટીબાએ પાનબાઈને વરસાદથી પલળવા ન દીધાં	૮૬
	✳ મોટીબાએ પાનબાઈને અંતે તેડવા આવવાનો વર આપ્યો	૮૭
	✳ મોટીબા સાથે શ્રીહરિ પાનબાઈને તેડવા આવ્યા	૮૮
	✳ પાનબાઈને તેડવા જતાં શ્રીહરિનાં આરજા પૂતળીબાઈને દર્શન	૯૦
૫૯	શેઠનાં બેન શામબાઈની પુત્રી સંતોકને કહીને ધામમાં લઈ ગયા	૯૧
૬૦	શેઠની ભાણકી દિવાળી અને પૌત્રી સાંકળીને પ્રત્યક્ષ દર્શન	૯૩
	✳ શ્રીહરિએ શામબાઈના પુત્ર ચત્રભુજનાં ઘરેણાં બચાવ્યાં	૯૪
૬૧	બોટાદથી જતાં ગોપાળાનંદસ્વામીએ વરસાદ કર્યો	૯૫
૬૨	વડોદરામાં ગોપાળસ્વામીએ મેરાલભાઉને સાજા કર્યા	૯૬
૬૩	વડોદરામાં સ્વામીએ ગરબી ગાનારાઓને સાકર વહેંચી	૯૭
૬૪	ગોપાળાનંદસ્વામીએ ઉમરેઠ મંદિરનાં પગથિયાં ખોદવા ન દીધાં	૯૮
૬૫	ખુશાલ ભટ્ટ ભાવનગરથી મહાભારતનું પુસ્તક લાવ્યા	૯૯
૬૬	મૂળી મંદિર માટે બ્રહ્માનંદસ્વામીને પથ્થર ને પાણી બતાવ્યાં	૧૦૦

૬૭	માંડવીમાં ખૈયા ખત્રીને પ્રતાપ દેખાડી નિશ્ચય કરાવ્યો	૧૦૩
૬૮	મેઘપુરમાં મૂળજી લુવાણાં ઘરેણાંમાં લોભાણાં	૧૦૫
૬૯	સારંગપુર જીવા ખાચરના શેરડીના વાઢમાંથી ઉંદર કાઢ્યાં	૧૦૬
૭૦	શ્રીનગરમાં ભાટ પાસે વેદ બોલાવી સૂબાને સ્વપ્રતાપ બતાવ્યો	૧૦૬
૭૧	ઉમરેઠમાં મહારાજે મૂઢ હરિશંકર પાસે વેદ બોલાવ્યા	૧૦૯
૭૨	ડભાણનો નિર્વિઘ્ન યજ્ઞ સાંભળી વિસનગરનો વિપ્ર બળી મર્યો	૧૧૦
૭૩	માનકૂવાના તળાવમાં ડૂબતા નાથાની રક્ષા કરી	૧૧૦
૭૪	મેમકાના કરશન ને ખોડા કણબીને નિશ્ચય કરાવ્યો	૧૧૧
૭૫	મેમકાની બે ડોસીને મહારાજ ધામમાં તેડી ગયા	૧૧૨
૭૬	રામપ્રતાપજીએ ઘેલા નદીનું પાણી રોક્યું	૧૧૪
	✳ લાલા પાળાને રામપ્રતાપજીના શેષજીરૂપે દર્શન	૧૧૪
	✳ રામપ્રતાપભાઈ માટે સિદ્ધપુર સરસ્વતીમાં પાણી આવ્યું	૧૧૫
	✳ રામપ્રતાપભાઈના વચને હરભમને બે પુત્ર થયા	૧૧૬
૭૭	અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા તેમ મેળામાં થયું	૧૧૬
	✳ ભક્તોના દ્રોહથી વઢવાણના દીવાનનો કારભાર ગયો	૧૧૭
	✳ અયોધ્યાપ્રસાદજી મહારાજે સુખ-દુઃખની વાત કહી	૧૧૭
૭૮	ઝીંઝાવદરના સીમાડે સોદાગરને સંકલ્પ બંધ થઈ ગયા	૧૧૮
૭૯	શ્રીહરિએ કેરી અખૂટ કરી અતીતને નિશ્ચય કરાવ્ય	૧૧૯
૮૦	મહારાજે બે રૂપિયાનાં રીંગણાં લીધાં	૧૨૦
૮૧	કચ્છમાં બ્રાહ્મણબાઈનું સત્સંગનું વિઘ્ન નિવાર્યું	૧૨૦
૮૨	ભુજમાં ભાટના છોકરા પાસે કુરાન બોલાવ્યું	૧૨૨
૮૩	ગઢપુરમાં રહ્યા થકા શિયાણીમાં ભીમા વોરાનું ઘર ઓલવ્યું	૧૨૨

૮૪	જીણાભાઈનો છોકરો પૂજ પર થૂંક્યો ને વાણિયે હડતાલ પાડી	૧૨૩
	✳ વાણિયાઓને એક મહિનો ઘેલામાં નવરાવ્યા	૧૨૪
૮૫	બેચર ભટ્ટની પત્નીને ટૂંટિયાના રોગથી બચાવી	૧૨૬
	✳ જેને ઘેર સંત જમ્યા, ત્યાં ટૂંટિયાનું ન ચાલ્યું	૧૨૭
૮૬	ગઢડામાં મહારાજે સોની પાસે અબખોરો કરાવ્યો	૧૨૮
૮૭	ગઢડામાં મહારાજે મલ્હાર રાગ ગવરાવી વરસાદ કર્યો	૧૨૯
૮૮	ગોપાળાનંદસ્વામીના કાગળથી મહારાજે વરસાદ કર્યો	૧૩૦
૮૯	ત્રણ ડોસીઓને તો અક્ષરધામ એ જ પોતાનું સાસરું	૧૩૧
૯૦	એભલબાપુને મનુષ્યભાવ ટળાવવા ચતુર્ભુજરૂપે દર્શન દીધું	૧૩૨
૯૧	મહારાજે માણકીનો વછેરો દાનમાં દીધો	૧૩૩
	✳ શ્રીહરિએ વછેરાના પૂર્વજન્મની વાતથી સૌની ઉદાસી ટાળી	૧૩૪
૯૨	મોટીબા વગેરે બહેનોએ વૃત્તિથી માણકીને રોકી	૧૩૫
૯૩	ગઢડામાં ખાખીને નરસિંહરૂપ બતાવી આશ્રિત કર્યા	૧૩૬
૯૪	દાદા ખાચરના વકરેલા છત્રીસ વાછડા નાથ્યા	૧૩૭
૯૫	ગઢડામાં શેષનાગ બિરંજની પ્રસાદી લેવા આવ્યા	૧૩૭
૯૬	બેચર ચાવડાના હાથમાંથી સૂર્યદેવ પ્રસાદી લઈ ગયા	૧૩૮
૯૭	બ્રહ્માનંદજી સાથે હેત હોવાથી વાણિયાની જમથી રક્ષા થઈ	૧૩૯
૯૮	ગઢડામાં સાંઢરૂપે આવેલ અસુરને ભગાડ્યો	૧૪૦
૯૯	ગઢડા સભામાં રાત્રે આખી સભાને લક્ષ થયો	૧૪૧
૧૦૦	બ્રાહ્મણની છાની વાત કહીને નિશ્ચય કરાવ્યો	૧૪૧
૧૦૧	લાડુબાની રસોઈ ખૂટતાં રાઈબાના લાડુ પીરસ્યા	૧૪૨
૧૦૨	મોટાભાઈ(સચ્ચિદાનંદસ્વામી) સાઈઠ માણસનું જમી ગયા	૧૪૩

૧૦૩ ગઢડા આવેલ ઉમરેઠના બ્રાહ્મણને સમાધિ થઈ ૧૪૪
૧૦૪ ગઢડે બ્રાહ્મણ બાઈએ સંબંધી લેવા આવ્યાથી દેહ મૂક્યો ૧૪૫
૧૦૫ ભગા-મૂળાએ ત્રણસો રૂપિયામાં વરસાદ કરાવ્યો ૧૪૭
૧૦૬ ગઢડામાં વરસાદ કરવાનું કહેનાર ફકીર ખોટો પડ્યો ૧૪૮
૧૦૭ મહારાજે દાદા ખાચરનું વ્યાવહારિક કામ સાહેબ પાસે પતાવ્યું ૧૪૯
૧૦૮ શ્રીહરિની પાઘનાં પુષ્પોની સુગંધ લેવા દેવો ભમરારૂપે આવ્યા ૧૫૦
૧૦૯ પાણો ચડાવતાં દોરડું તૂટ્યું ત્યારે મહારાજે રક્ષા કરી ૧૫૧
૧૧૦ ગઢડામાં ઉકા ખાચરને ભૂંડું બોલ્યાનું ફળ મળ્યું ૧૫૨
૧૧૧ જોગાનંદસ્વામી પાસે સંતોને જોગવિદ્યા શીખવા મોકલ્યા ૧૫૨
✳ જોગાનંદસ્વામી વંટોળિયારૂપે શ્રીહરિનાં દર્શને આવ્યા ૧૫૩
✳ જોગાનંદસ્વામીએ વરસાદ વરસાવ્યો ૧૫૩
૧૧૨ અંગૂઠામાંથી પ્રકાશ કરી શુકસ્વામી પાસે કાગળ લખાવ્યો ૧૫૪
૧૧૩ બોટાદના ભગા દોશીને ટૂંટિયામાંથી ઉગાર્યા ૧૫૫
૧૧૪ જીવા ખાચર દાદા ખાચરની ફરિયાદ કરવા જતાં ઘોડેથી પડ્યા ૧૫૬
૧૧૫ સ્વરૂપાનંદસ્વામી અને પૂર્ણાનંદસ્વામીને શ્રીહરિનાં ચિતામાં દર્શન ૧૫૭
૧૧૬ રાતઅંધા નાજા જોગિયા તથા લૂંબાની વાત ૧૫૯
૧૧૭ કાળમાં અન્ન દઈને જીવા ખાચરની રક્ષા કરી ૧૬૦
૧૧૮ જીવા ખાચરના બે ગુણ જોઈને મહારાજે કલ્યાણ કર્યું ૧૬૧
૧૧૯ વડતાલમાં મહારાજે બ્રહ્મરાક્ષસ કાઢ્યો ૧૬૪
૧૨૦ જેતલપુરમાં શ્રીહરિએ બ્રહ્મરાક્ષસનો ઉધ્ધાર કર્યો ૧૬૫
૧૨૧ જેતલપુર યજ્ઞના ઘઉં દળનાર ગણિકાનું કલ્યાણ ૧૬૬

૧૨૨	અડાલજની વાવ કરનાર બાઈનું કલ્યાણ	૧૬૭
૧૨૩	ભાદરાના રતના પટેલના સંકલ્પથી કીડીઓનો ઉધ્ધાર	૧૬૮
૧૨૪	ભુજમાં પ્રેમી બાઈને ઘેર શ્રીહરિ ચાલીશ જણનું જમ્યા	૧૬૯
૧૨૫	ઝાલાવાડના ગરીબ વિપ્રનું એક રૂપિયામાં કલ્યાણ કર્યું	૧૭૦
૧૨૬	શ્રીહરિને નજર રાખવાનું કહેનાર સિપાયણનું કલ્યાણ	૧૭૧
૧૨૭	માણકીને વછેરીમાં વધું હેત છે કે મહારાજમાં, તેની પરીક્ષા	૧૭૩
૧૨૮	જેતલપુરમાં દ્વેષથી હરિમૂર્તિ જોનાર ખાખીને ઈન્દ્રપદ આપ્યું	૧૭૪
૧૨૯	વડતાલમાં પ્રસાદીના જળમાં નાતા છોકરાને ઈન્દ્રપદ આપ્યું	૧૭૪
૧૩૦	બે કેરીમાં પટેલની પાંચ ને આંબાની ત્રણ પેઢીનું કલ્યાણ	૧૭૫
૧૩૧	શ્રીહરિનો કાંટો કાઢનાર બ્રાહ્મણનું કલ્યાણ	૧૭૬
૧૩૨	સ્વામિનારાયણ નામ લેતાં અડધી રાત્રે દર્શન દીધાં	૧૭૬
૧૩૩	શિયાણીમાં રાજો પિંજારો પગે નાળિયેર બાંધી દર્શને આવ્યો	૧૭૭
૧૩૪	લાડુબા વગેરેને ગોપીઓથી પણ અધિક ભાગ્યવાન કહ્યાં	૧૭૯
૧૩૫	મોટેરા ચાર સદ્‌ગુરુએ પોતાનો ચમત્કારી ગુણ કહ્યો	૧૮૦
૧૩૬	કરમડમાં ચાસકાના નારસંગને શ્રીહરિએ ઉત્તર આપ્યા	૧૮૧
૧૩૭	નાગડકામાં મહારાજે ઓગણોતેરા કાળની આગાહી આપી	૧૮૩
૧૩૮	એકડાને સત્તર મીંડાં ચડે એટલા જીવોનું કલ્યાણ કરવું છે	૧૮૩
૧૩૯	ગઢડામાં તીર્થવાસીને રાંધી ખાવા જગ્યા કરવાની વાત	૧૮૪
૧૪૦	પરશુરામ સાધુને મળ્યા અને મહારાજ માટે હાર આપ્યો	૧૮૫
૧૪૧	શ્રીહરિના વચને દાદા ખાચરે બહેનોને ગરાસ લખી દીધો	૧૮૫
૧૪૨	છોકરાને થપાટ મારી સર્પથી બચાવ્યો ને વળી રાજી કર્યો	૧૮૭
૧૪૩	ગરીબ છોકરાને શ્રીહરિમાં હેત થવાથી ઈન્દ્રપદ આપ્યું	૧૮૮

૧૪૪ જામનગર મોકલેલ સંતમંડળ પર ખપની વાર્તાનો પત્ર ૧૮૯
૧૪૫ બોટાદમાં શ્રીહરિએ ભગવદાશ્રયની મહત્તા કહી ૧૯૦
૧૪૬ મહારાજે મૂળજી શેઠને અક્ષરધામના પ્રગટ મુક્તો ઓળખાવ્યા ૧૯૧
૧૪૭ અન્ન ખૂટવાના સંકલ્પ કરતા પટેલને શ્રીહરિનો ઉપદેશ ૧૯૨
૧૪૮ ધોરાજીમાં દરબાર હઠીભાઈને કલ્યાણનો કોલ આપ્યો ૧૯૩
૧૪૯ શ્રીહરિને ઠંડું પાણી પાનાર ભરવાડની ચાર પેઢીનું કલ્યાણ ૧૯૪
૧૫૦ યુદ્ધમાં ઘવાયેલ પાર્ષદોની મહારાજે મૃત્યુથી રક્ષા કરી ૧૯૫
૧૫૧ શ્રીહરિને પાણી પાવા બ્રહ્મચારીએ શરીર પડતું મેલ્યું ૧૯૭
✳ મૂળજી બ્રહ્મચારીની બ્રહ્મરૂપ સ્થિતિ ૧૯૭
૧૫૨ વડતાલ જતા માર્ગમાં ભગુજીએ દ્વેષી બાવાને માર્યો ૧૯૮
૧૫૩ મુક્તમુનિ ને બ્રહ્મમુનિના અબોલા દૂર થયા ૧૯૮
૧૫૪ શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીને શ્રીકૃષ્ણ જેવા સમર્થ કહ્યા ૧૯૯
૧૫૫ મહારાજે મુક્તાનંદસ્વામીનું સામર્થ્ય કહ્યું ૨૦૦
૧૫૬ શ્રીહરિએ બુરાનપુરના બિંદાને દૃઢ નિશ્ચય કરાવ્યો ૨૦૧
૧૫૭ ગઢપુરમાં ખાખીરૂપે આવેલા શિવજીને જલેબી આપી ૨૦૨
૧૫૮ દેવળિયાનાં કેશાબાને દિવ્યતા બતાવી નિશ્ચય દૃઢ કરાવ્યો ૨૦૩
૧૫૯ બ્રહ્માનંદસ્વામીને ડોસીઓની આયુષ્ય આપીને જિવાડ્યા ૨૦૪
૧૬૦ શ્રીહરિને દાતણ આપનાર બે સિપાયણ બાઈઓનું કલ્યાણ ૨૦૫
૧૬૧ ગોપાળસ્વામીએ વાણિયાને વળગેલ ચુડેલનું કલ્યાણ કર્યું ૨૦૬
૧૬૨ દુષ્કાળમાં મૂળજી શેઠના ઢોર વેચાવીને રક્ષા કરી ૨૦૭
૧૬૩ ભક્તના દ્રોહનાં પાપ વિશે સીતાજીની વાત ૨૦૮
૧૬૪ ધ્રાંગધ્રા રામમહોલના બાવાની દુષ્ટતા સામે સંતોની સાધુતા ૨૦૮

૧૬૫ બાવળીમાં ભાણદાસ વૈરાગીએ સદાનંદસ્વામીને માર્યા ૨૧૧
૧૬૬ જમાદારને સમાધિમાં પેગંબરોએ શ્રીહરિ ઓળખાવ્યા ૨૧૧
૧૬૭ વિસનગરના દ્વેષી સૂબાને સમાધિમાં જમપુરી દેખાડી ૨૧૩
૧૬૮ ગઢડામાં દેવો પારેવાંનાં રૂપે જાર ચણવા આવ્યાં ૨૧૫
૧૬૯ સનકાદિકો અદૃશ્યરૂપે આવી પ્રસાદી જમ્યા ૨૧૬
૧૭૦ પર્વતભાઈના ઘઉંની શ્રીહરિએ ચોરોથી રક્ષા કરી ૨૧૬
૧૭૧ શ્રીહરિએ તાવીમાં નાનજી હાંડાને કલ્યાણનો કોલ આપ્યો ૨૧૭
૧૭૨ મેમકાના શામા પટેલની કરજ થકી રક્ષા કરી ૨૧૯
૧૭૩ મેથાણના અજા પટેલ ઉત્સવમાં ન ગયા, ભેંસો ને બળદ ચોરાયા ૨૨૦
૧૭૪ લોયામાં અભિમાની પટેલના ઘઉંને ગેરુ આવ્યો ૨૨૧
૧૭૫ વિસનગરના બ્રાહ્મણના વ્યાજે આપેલ રૂપિયાની રક્ષા કરી ૨૨૨
૧૭૬ વડતાલથી રામપ્રતાપભાઈ રિસાઈને અમદાવાદ ગયા ૨૨૩
✳ લૂંટવા આવેલ કોળીઓનો ભાઈએ પરાભવ કર્યો ૨૨૪
૧૭૭ અમદાવાદના કોઠારી પર મોટાભાઈનો શાપ તથા આશીર્વાદ ૨૨૫
૧૭૮ કચ્છના બે સેવાભાવી સુતાર ભક્તો પર શ્રીજીની કૃપા ૨૨૬
૧૭૯ ગઢડામાં મેમકાના શામા પટેલને ભાતું આપી રોક્યા ૨૨૭
૧૮૦ ભુજના સુંદરજીભાઈના દાસપણાની પરીક્ષા ૨૨૮
૧૮૧ સુરતના સંઘની દર્શનાતુર ડોસીને શ્રીહરિનાં દર્શન ૨૩૦
૧૮૨ વઢવાણના જાલમસિંહજીએ સંતોનો પક્ષ રાખ્યો ૨૩૧
૧૮૩ શ્રીહરિના દ્રોહી બરવાળાના કામદાર વાણિયાની દુર્દશા ૨૩૨
૧૮૪ શ્રીહરિ લીંબલીમાં સગરામને ત્યાં છાના રહ્યા ૨૩૪
✳ શ્રીહરિ મૂળજી શેઠના ઘેર તલ, ગોળ અને થાળ જમ્યા ૨૩૫

૧૮૫	સંતોએ મૂઠી પોંકમાં છોકરાને કલ્યાણ દીધું	૨૩૬
૧૮૬	કારિયાણીમાં પટેલિયાઓ સાથે કૂવામાં સ્નાનલીલા	૨૩૭
૧૮૭	લોયામાં માર્ગીપંથના વૈરાગી મા-દીકરાનું કલ્યાણ કર્યું	૨૩૭
૧૮૮	કરોલીમાં સિપાયણોનું ગોપીઓના જેવું કલ્યાણ કર્યું	૨૩૯
૧૮૯	ઝીંઝાવદરમાં શ્રીહરિએ નાજા જોગિયાને ઉછાળી કુસ્તી કરી	૨૩૯
૧૯૦	ગઢડામાં મહારાજે છોકરાને પોતાની શિખા કાપીને આપી	૨૪૦
૧૯૧	ઓસરીએથી પડતાં મૂળજી શેઠની રક્ષા કરી	૨૪૧
૧૯૨	કારિયાણીમાં અંતર્યામી શ્રીહરિ બધાના સંકલ્પ કહેવા માંડ્યા	૨૪૨
૧૯૩	રૂપિયા ચોરનાર ડોસીનો દાદાએ દોષ નહિ, ગુણ લીધો	૨૪૩
૧૯૪	શ્રીહરિનાં દિવ્યદર્શન બાદ રામજી શેઠની હરિમય સ્થિતિ	૨૪૪
૧૯૫	શ્રીહરિ કહે, પૂંજાજી બોલે તો મેહ થાય, પણ તેથી બોલાયું નહીં	૨૪૬
૧૯૬	જૂનાગઢ મંદિરની ધજા ચડાવતા ચાર પાળાઓની રક્ષા કરી	૨૪૭
૧૯૭	ઝાલાવાડી સંઘની પરીક્ષા ને ડોસીનો પ્રભુ પ્રત્યે પ્રેમ	૨૪૭
૧૯૮	ગઢડે પૂનમિયા કૂવામાં સાક્ષાત્ ગંગાજી આવ્યાં	૨૪૯
૧૯૯	પર્વતભાઈનો દીકરો ધામમાં ગયો તથા તેમની અલૌકિક સમજણ	૨૪૯
૨૦૦	ગઢડામાં શ્રીહરિનું સામર્થ્ય જોઈ દીવાનજી ભાગી ગયો	૨૫૧
૨૦૧	અમદાવાદમાં સંતો દ્વારા ખાખી બાવાઓને પરચો	૨૫૩
૨૦૨	શ્રીહરિએ મરતા સસલાને વર્તમાન ધરાવી કલ્યાણ કર્યું	૨૫૪
૨૦૩	આત્માનંદસ્વામીની હરિસ્વરૂપના જ્ઞાનની કસર ટળી	૨૫૫
૨૦૪	હરબાઈએ વાયુરૂપ થઈ શ્રીહરિને પાછા વાળ્યા	૨૫૭
૨૦૫	વસોના ડોસીને મહારાજ અખંડ દેખાવા લાગ્યા પણ પચ્યા નહીં	૨૫૯
૨૦૬	વઢવાણની વાણિયણ બાઈને જીવુબાએ દીકરો દીધો	૨૬૦

૨૦૭ રામાનંદસ્વામીની આજ્ઞામાં ડા'પણથી બાઈને જમપુરીનું દુઃખ ૨૬૧

✳ મહારાજે ગાદીએ બેસતાં જમપુરી ખાલી કરાવી ૨૬૨

૨૦૮ અમદાવાદમાં શ્રીહરિએ બાવાઓ અને સૂબાનો પરાભવ કર્યો ૨૬૩

૨૦૯ પર્વતભાઈ મહારાજને જ ઘરના ધણી માનતા ૨૬૫

૨૧૦ વરસાદમાં સંતો-ભક્તોની સભા પર પાણી ન પડ્યું ૨૬૭

૨૧૧ મુક્તમુનિને શાંતિનો ઉપાય બતાવ્યો - હરિચરિત્રમાં જ શાંતિ ૨૬૮

૨૧૨ મૂળી પ્રતિષ્ઠા-ઉત્સવમાં શ્રીહરિનો ઐશ્વર્ય-પ્રતાપ ૨૬૯

✳ **સ્નેહબાવની ગ્રંથ**





॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



॥ શ્રીસ્વામિનારાયણાય નમો નમઃ ॥

અથ રામજી શેઠ કૃત

લીલાચરિત્રની વાતો

વાત - ૧

શ્રીહરિએ અમદાવાદ ઉત્સવમાં છોકરાને જીવતો કર્યો

એકવાર શ્રીજીમહારાજે અમદાવાદ હુતાશનીનો સમૈયો કર્યો હતો. તે સમૈયામાં હજારું માણસ ભેગા થયા હતા. તેમાં એક સોની ભક્ત પોતાના દીકરાને તેડીને દર્શને આવ્યો હતો. તે દીકરાને પોતાની આંગળીએ વળગાડીને મંદિરના દરવાજામાં ગરતાં ઘણા માણસની ભીડથી તે છોકરો પોતાના બાપની આંગળીએથી છૂટી ગયો. તે છૂટતાં જ બહારલી કોરે ગઠિયા હતા, તેમણે તે છોકરો ઉપાડી લીધો. અને આથમણી દિશ ઉપર ઉજ્જડ જાયગા હતી ને તેમાં પડતર ટાંકા હતા, તેમાં તે છોકરાને લઈને ગળે ટૂંપો દઈને મારી નાંખ્યો. ને તેની પાસે બસે રૂપૈયાનું ઘરેણું હતું, તે લઈને ભાગી ગયા.

તે સોનીએ પોતાના દીકરાને ગોતવા માંડ્યો પણ જડ્યો નહીં. પછી રોતો રોતો શ્રીજીમહારાજ પાસે આવીને એ સર્વે વાત કરી. ત્યારે શ્રીજીમહારાજે તે સોની રોતો હતો, તે છાનો રાખીને કહ્યું જે, “તારો દીકરો આવશે ને ઘરેણું નહિ આવે.” એમ કહીને શ્રીજીમહારાજે ભગુજીને કહ્યું જે, “મશાલ લઈને ઓલી પડતર જગ્યામાં ટાંકા છે, તેમાં જુઓ.”

પછી મશાલ લઈને ત્યાં ગયા, ત્યારે તે છોકરાને મારી નાખેલ જોઈને પાછા શ્રીજીમહારાજ પાસે આવ્યા. ને ભગુજીએ કહ્યું જે, “હે મહારાજ ! એ છોકરો મરી ગયો છે.” ત્યારે મહારાજ કહે, “એ તો એને મૂર્છા આવી હશે, માટે એને આંહીં લાવો.” પછી તે છોકરાને ઉપાડી લાવ્યા ને તેના બાપને સોંપીને કહ્યું જે, “આને લૂગડાં ઓઢાડીને ઢાંકી મૂકો, એ સવારે બોલશે.” પછી તે સોનીએ તેમ કર્યું ને સવારમાં તે છોકરો બેઠો થયો. એ વાત પૂરી થઈ. ॥૧॥



વાત - ૨

શ્રીહરિએ ભેંશજાળના ચાંદબાઈની ટેક રાખી ને રક્ષા કરી

ગામ **ભેંશજાળ** મધ્યે રાણા કાયાભાઈની બેન ચાંદબાઈ સાંખ્યજોગી હતાં. તેમનો હાથ ભાંગી ગયો ત્યારે તેમના સંબંધીએ કહ્યું જે, “ચૂડા મધ્યે હાથનો ચડાવનાર એક સારો કસબી વૈદ છે, તે ત્યાં જઈએ.” ત્યારે તે બાઈએ કહ્યું જે, “હું સાંખ્યજોગી બાઈ છું, તે કોઈ પુરુષના હાથમાં મારો હાથ આપીશ નહીં.”

ત્યારે તેમના સંબંધીએ કહ્યું જે, “હાથના કટકા થઈ ગયા છે ને ઘણી પીડા છે, તે હાથ સમો કરાવ્યા વિના ચાલશે નહીં. માટે સવારમાં ગાડીમાં બેસારીને લઈ જાશું.” ત્યારે તે બાઈને ઘણું વસમું લાગ્યું. તે શ્રીજીમહારાજની સ્તુતિ કરીને ઘણું દિલગીર થઈ ગયાં ને

કહ્યું જે, "હે મહારાજ ! આજ મારો ધર્મ નાશ પામનાર થયો." એમ કહીને રાત્રીએ સૂઈ ગયાં.

ત્યારે શ્રીજીમહારાજ રાત્રીએ પધાર્યા ને તે બાઈને કહ્યું જે, "તમારો હાથ સમો કરવા આવ્યા છીએ." એમ કહીને તે બાઈનો હાથ પોતાના હાથમાં લઈને સમો કર્યો. પછી સવારમાં ગાડી તૈયાર કરીને તે બાઈને બોલાવા ગયા, ત્યારે તે બાઈએ પોતાનો હાથ દેખાડીને કહ્યું જે, "શ્રીજીમહારાજ મારો હાથ સમો કરી ગયા." પછી તે હાથ ભાંગી કટકા થઈ ગયેલા હતા, તેને સારો દેખીને સર્વે આશ્ચર્ય પામ્યા. એ વાત પૂરી થઈ. ॥૨॥



વાત - 3

લીંબડીમાં શ્રીહરિ થકી જૈન પૂજનો પરાભવ

એકવાર શ્રીજીમહારાજ **કારિયાણીથી** મેમકે પધારતા હતા. તે લીંબડીના દરવાજા પાસે આવ્યા, ત્યારે તે લીંબડીમાં રૂપો પટેલ કણબી ભક્ત હતા. તે શ્રીજીમહારાજને રોટલા જમવા સારુ રાખીને પોતાને ઘેર તેડી ગયા. તે ટાણે લીંબડીમાં એક અજરામરજી એવે નામે ઢૂંઢિયાના વિદ્વાન મોટા પૂજ હતા તેમને ખબર થઈ, ત્યારે તેમણે મોટા મોટા શેઠ ચાર જણને બોલાવીને કહ્યું જે, "આ ગામમાં સ્વામિનારાયણ આવ્યા છે, ને તે ભગવાન થઈને ચાલે છે, માટે તેની પ્રભુતા આજ મટાડવી છે, તે તમો ચાર જણ થઈને તેમની પાસે જાઓ ને તેમને આંહીં બોલાવી લાવો."

પછી તે ચાર શેઠ પટેલને ઘેર આવ્યા ને મહારાજને નમસ્કાર કરીને કહ્યું જે, "અમારા એક મોટા પૂજ આંહીં છે, તેમને કાંઈક તમને પ્રશ્ન પૂછવા છે, તે તમે ત્યાં પધારશો ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, અમે ત્યાં આવશું."

પછી એક મહારાજ, મૂળજી શેઠ ને બે જણ બીજા, એ ચાર જણ શેઠ ભેગા અપાસરામાં એ પૂજ પાસે ગયા. પછી પૂજે આસન નાંખી દીધું ને મહારાજ બેઠા. પછી એ પૂજ બોલ્યા જે, “સ્વામિનારાયણ, તમે ભગવાન કેમ કહેવાઓ છો ? જોગી થાવું હતું, બ્રહ્મચારી થાવું હતું, સંન્યાસી થાવું હતું, તપસ્વી થાવું હતું, તે તો ન કેવરાવ્યું ને ભગવાન થઈ બેઠા, તેનું શું કારણ ?” પછી મહારાજ બોલ્યા જે, “જોગીએ, બ્રહ્મચારીએ, સંન્યાસીએ, તપસ્વીએ, કોઈએ અમને ટકવા દીધા નહીં. પછી અમે એમ જાણ્યું જે, ‘આ સૌના કરતાં ભગવાનનું પેટ મોટું છે, તે ભગવાન કાંઈ નહિ બોલે’ એમ જાણીને ભગવાન થયા.”

ત્યારે એ પૂજ બોલ્યો જે, “જેમ ભવાયાઓ વેશ કાઢે છે, તે કહાન-ગોપી થાય છે, રામ-લક્ષ્મણ થાય છે; તેમ તમે તો ભગવાનનો વેશ કાઢ્યો છે, એમ કહો. માટે એમ ભગવાન થવાય નહીં.” ત્યારે મહારાજ બોલ્યા જે, “કેમ હોય ત્યારે ભગવાન કહેવાય ?” ત્યારે પૂજ બોલ્યા જે, “ભગવાન તો અંતરજામી હોય, તે તમે જો ભગવાન હો તો આ ચાર શેઠ ને આ હું, એ પાંચે જણ સંકલ્પ ધારીએ તેની તમે વાત કહો તો અમે ભગવાન માનીએ.”

પછી મહારાજ બોલ્યા જે, “તમારા સંકલ્પની વાત કહો તો અમે કહીએ ને કહો તો આ ત્રણ જણ અમારા ભેગા છે, તેમની પાસે કહેવરાવીએ. શા સારુ જે, અમે તમારા સંકલ્પની વાત કરશું તો તમે અમને જાદુગરા ઠેરાવશો ને આ ત્રણ જણ તો ગૃહસ્થ છે, એ તો કાંઈ જાદુવિદ્યા જાણતા નથી. તેમાં પણ તમે એક જણ બતાવો તેની પાસે કહેવરાવીએ.” ત્યારે તે પૂજે એક જણ બતાવ્યો જે, “આની પાસે કહેવરાવો.”

પછી મહારાજે તેને આજ્ઞા કરી જે, “જાઓ, પાંચ જણના સંકલ્પ જોઈ આવો.” પછી તેણે દૃષ્ટિ મીંચીને સમાધિ કરી ને એ પાંચ જણના

અંતરમાં પ્રવેશ કરીને પાછા આવીને વાત કરવા માંડી. તે આ પૂજનો આ સંકલ્પ છે, ને આ ત્રણ શેઠનો આ સંકલ્પ છે, ને આ ચોથા શેઠે એમ સંકલ્પ કર્યો છે જે, “મારે આંહીંથી ઊઠીને એક હજામની સ્ત્રી પાસે જાવું છે ને તેને રૂપિયા દેવા છે. એમ તેણે ધાર્યું છે.”

એ પ્રમાણે એ પૂજ તથા ચાંપસી શેઠ, હિમજી શેઠ, તળકશી શેઠ તથા ખીમજી શેઠ એ પાંચ જણના સંકલ્પની જ્યારે વાત કરી, ત્યારે એ પાંચે જણને મહા આશ્ચર્ય થયું. પછી પૂજ બોલ્યા જે, “હે મહારાજ! તમે તો મોટા પુરુષ છો. તમારી સાથે અમારે કાંઈ વાદવિવાદ હોય નહીં, તમે પધારો.” પછી મહારાજ ઊઠી નીકળ્યા. પછી એ પૂજે એ ચાર શેઠને કહ્યું જે, “આ પાંચમા આરામાં ભગવાન તો હોય નહીં, પણ આ પુરુષ મનુષ્ય તો નહિ, પણ કોઈક મોટા દેવ ખરા !” એમ વાત કરી. એ વાત પૂરી થઈ. ॥૩॥



વાત - ૪

ઝીંઝાવદરમાં અલૈયા ખાચરને પૂર્વજોના ઉદ્ધારની પ્રતીતિ

શ્રીજીમહારાજ **ઝીંઝાવદર** પધાર્યા હતા, તે તળાવની પાળ ઉપર પીપળાના વૃક્ષ હેઠે બેઠા હતા. ને પોતાની પાસે અલૈયા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, નાજો જોગિયો, મૂળજી શેઠ વિગેરે ભક્ત બેઠા હતા. પછી અલૈયા ખાચરે શ્રીજીમહારાજને પૂછ્યું જે, “હે મહારાજ! મારા બાપનો બાપ વૈજોખાચર ઘણો હિંસક હતો ને પાપિષ્ઠ પણ હતો. તેથી તેમની સારી ગતિ તો નહિ થઈ હોય, પણ આ હું તમારો ભક્ત થયો ને તમે ભગવાન મને મળ્યા, તે હવે તેના જીવનું સારું થયું હશે ને તમારા ધામમાં ગયો હશે ? એ કેમ થયું હશે ?” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “તારા જેવો દીકરો ભક્ત થયો, તેના ડોસા તો ભગવાનના

ધામમાં જ પહોંચે." ત્યારે અલૈયા ખાચરે કહ્યું જે, "હે મહારાજ ! એ ખરેખરા તમારા ધામમાં ગયા છે ?" પછી મહારાજ બોલ્યા જે, "તારે એનું પારખું લેવું છે ?" ત્યારે અલૈયે કહ્યું જે, "પારખું દેખાડો તો તો ઘણું સારું !" પછી મહારાજે એક ભક્ત બેઠો હતો તેને કહ્યું જે, "તું ધામમાં જઈને જોઈ આવ, ને તે કેટલી પેઢીના ડોસા ત્યાં પૂગ્યા છે, તે પૂછી આવ. ને વળી કાંઈક એંધાણ લાવજે, નહિ તો આ કાઠી માનશે નહીં."

પછી તે ભક્તને સમાધિ કરાવીને મહારાજે ભગવાનના ધામમાં મોકલ્યા. ત્યારે તે ભક્તે ધામમાં જઈને પૂછ્યું જે, "અલૈયાના ડોસા આંહીં આવ્યા છે ?" ત્યારે એની સાત પેઢીના ડોસાઓએ ભગવાનના ધામમાં આવવાની વાત કરી જે, "અમે આંહીં છીએ." ત્યારે તે ભક્તે કહ્યું જે, "અલૈયે કાંઈક નિશાની મંગાવી છે." ત્યારે તેમણે કહ્યું જે, "જે પિંપર હેઠે તમે સૌ બેઠા છો, તે પીપરના થડથી ઉગમણી કોરે નવ હાથ ભરીને જમીન ખોદજો. નવસેં રૂપૈયાની એક વટલોઈ(બોઘરણી કે મોટા પેટવાળો લોટો) દાટી છે, તે કાઢી લેજો." પછી એ નિશાની લઈને તે ભક્તે સમાધિમાંથી બહાર આવીને વાત કરી.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ગામમાંથી કોશ મંગાવીને ખોદી જુઓ." પછી કોશ વડે ખોદવા માંડ્યું, તો કટાઈ ગયેલી એક પિત્તળની વટલોઈ નીકળી. તે ઠાલવી ને રૂપૈયા નીકળ્યા તે ગણ્યા, તે નવસેં રૂપૈયા પૂરેપૂરા થયા. પછી મહારાજ બોલ્યા જે, "અલૈયા, તારે તો રૂપૈયા આવ્યા ને ડોસા (ધામમાં) પહોંચવાની પ્રતીતિ પણ આવી !" પછી અલૈયાના નેત્રમાંથી હેતે કરીને આંસુની ધાર થઈ ને મહારાજના ચરણારવિંદમાં માથું નમાવીને નમસ્કાર કર્યા. એ વાત પૂરી થઈ. ॥૪॥



વાત - ૫

બોચાસણના કાશીદાસને પરચો આપી કેદમાંથી ઉગાર્યા

બોચાસણ ગામમાં કાશીદાસ નામે એક કણબી ભક્ત હતા. તેમની પાસે કોઈક વેપારી લોક રૂપિયા માગતો હતો. તેણે સરકારમાં અરજી કરીને બેડીઓ નંખાવીને કેદ કરાવ્યા હતા. એવામાં **ગઢડે** મહારાજે સમૈયો કર્યો, તે સમૈયે કાશીદાસની માતા તથા કાશીદાસની સ્ત્રી એ સૌ ગઢડે મહારાજનાં દર્શને ગયાં. ને કાશીદાસ તો કેદમાં તેથી ન જવાયું, તે ઘણા ઉદાસ થઈને દિલગીર થયા. ને તે નિત્યે નાવા જાય ત્યારે સિપાઈ ભેગો જઈને પાછા લાવતા.

પછી એક દિવસ નાવા ગયા, તે પાણીમાં ડૂબકી ખાધી, તે દશ ગાઉ ઉપર નીકળ્યા ને પગમાં બેડી પણ નહીં. પછી ત્યાંથી ગઢડે જાવા ચાલી નીસર્યા. તે જે સિપાઈ ચોકીદાર ભેગો હતો, તેણે એ પાણીમાં ઘણું ગોતાવ્યા, પણ જડ્યા નહીં.

પછી ગઢડામાં મહારાજ બેઠા હતા, ત્યાં કાશીદાસની માતાને તેડાવીને મહારાજે કહ્યું જે, "તમારા કાશીદાસ હમણાં આવશે." ત્યારે એ બાઈએ કહ્યું જે, "હે મહારાજ ! કાશીદાસ તો કેદમાં છે, તે ક્યાંથી આવશે ?" ત્યારે મહારાજ કહે, "એ તો હમણાં આવશે." એમ વાત કરે છે, ત્યાં તો કાશીદાસે આવીને મહારાજને દંડવત કર્યા. ત્યારે મહારાજે એ ડોસીને કહ્યું જે, "આ તમારા કાશીદાસ ખરા કે નહીં ?"

પછી ડોસી ઘણું રાજી થયાં તે દશ દાડા ગઢડામાં રહ્યાં. પછી મહારાજે કહ્યું જે, "હવે તમે ઘેર જાઓ." ત્યારે કાશીદાસે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! હું જઈશ ને મને દેખશે ત્યાંથી પકડીને કેદ કરશે." ત્યારે મહારાજે કહ્યું જે, "હવે કોઈ તમારું નામ લેશે નહીં. સુખે કરીને ઘેર જાઓ."

પછી તે કાશીદાસ સહિત સર્વે પોતાને ઘેર આવ્યા. ત્યારે કાશીદાસને જેણે કેદ કરાવ્યા હતા, તેણે દેખ્યા. પછી તેણે સરકારમાં જાહેર કર્યું જે, "કાશીદાસ આવ્યો છે, તેને પકડી પાછો કેદ કરો." ત્યારે તે સરકારના માણસ આવીને કાશીદાસને સરકાર પાસે લઈ ગયા ને પૂછ્યું જે, "તું નાવા ગયો હતો ને ત્યાંથી ક્યાં ગયો હતો ?" ત્યારે કાશીદાસે કહ્યું જે, "હે સાહેબ ! મને તો કાંઈ ખબર નહોતી, પણ હું તો ડૂબકી ખાઈને દશ ગાઉ ઉપર નીકળ્યો ને મારા પગમાં બેડી પણ નહોતી. હવે જેમ સરકારની મરજી હોય તેમ કરો."

ત્યારે સરકાર વિચારીને બોલ્યા જે, "આને તો પરમેશ્વરે પરચો દીધો છે." પછી અરજી કરનારને કહ્યું જે, "જે કાશીદાસ પાસે તારું લેણું હતું તે કાશીદાસ તો આ નહીં, આને તો પરમેશ્વરે બીજો જન્મ આપ્યો છે. માટે આની પાસે તારું કાંઈ લેણું નથી." એમ કહીને તે કામ માંડી વાળ્યું ને કાશીદાસને રજા દીધી. એવી રીતે એ કાશીદાસની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. ॥૫॥



વાત - ૬

મેથાણમાં મૂળુ રજપૂતને નિશ્ચય કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજ **મેથાણ** પધાર્યા હતા. તે મેથાણમાં મોટું તળાવ છે. તેમાં એક પીપળાવાળો આરો કહેવાય છે. તે આરે શ્રીજીમહારાજ એ તળાવમાં નાવા ગયા. તે તળાવમાં વચ્ચે એક ડુંગરી છે, ત્યાં તરતાં તરતાં ગયા. ને તે ગામનો એક રજપૂત મૂળુભાઈ કેસરિયો હતો, તેને મહારાજનો નિશ્ચય નહીં. પછી તેણે એમ ધાર્યું જે, "આ મહારાજ ભગવાન કહેવાય છે, તે આજ મારે પરીક્ષા લેવી."

એમ ધારીને તે પણ એ તળાવમાં નાવા ગયો ને તરતો તરતો એ ડુંગરીએ જ્યાં મહારાજ ઊભા હતા ત્યાં ગયો. પછી મહારાજ ને એ મૂળુભાઈ એ બેય તળાવમાં તરતાં તરતાં આવતા હતા, ત્યારે તે મૂળુભાઈએ પાણીમાં ડૂબકી ખાઈને મહારાજનો પગ ઝાલ્યો. ત્યારે મહારાજે પોતાના પગ વડે એને ઊંચો ઉછાળીને ઉડાડ્યો, તે પચાસ ગજ પાણીમાં આઘો નાંખી દીધો. ત્યારે એ રજપૂતે મહારાજને ભગવાન જાણીને નિશ્ચય કર્યો. એ વાત પૂરી થઈ. ॥૬॥



વાત - ૭

પક્ષ રાખનાર વઢવાણના કેસરમિયાં પર શ્રીહરિનો રાજીપો

વઢવાણ ગામમાં કેસર એવે નામે કરીને એક સિપાઈ હતો. તે સત્સંગી હતો ને દીવાન પાસે રહેતો. તે દીવાનને સ્વામિનારાયણ ઉપર ઘણી ઈર્ષા હતી. પછી કોઈક દિવસ એ દીવાન ગામ ધ્રાંગધ્રે ગયા ને એ સિપાઈને ભેળો લઈ ગયા. પછી એક દિવસ મોટા મોટા કારભારી લોકની કચેરી થઈ. એવામાં એક ગુજરાતી બ્રાહ્મણ તિલક-કંઠીથી સત્સંગીના જેવો વેશ કરીને ત્યાં આવ્યો. ને એ ભાણજી મહેતા નામે જે વઢવાણનો દીવાન તેની પાસે યાચના કરીને કહ્યું જે, “હું ગઢડે સ્વામિનારાયણને દર્શને જાઉં છું, પણ મારી પાસે કાંઈ પૈસા નથી, તે મને કાંઈક પૈસા આપો.”

ત્યારે તે દીવાને એ બ્રાહ્મણને કહ્યું જે, “સ્વામિનારાયણને ગાળ દે, તો પાંચ રૂપિયા તને આપું.” ત્યારે તે બ્રાહ્મણે ગાળ દેવાની હા પાડી. ત્યારે તે દીવાને પોતાનો ચાકર જે કેસર સિપાઈ તેને બોલાવીને કહ્યું જે, “જો આ તારો સત્સંગી બ્રાહ્મણ તારા સ્વામિનારાયણને ગાળ દે છે.” ત્યારે તે કેસરે એ બ્રાહ્મણને કહ્યું જે, “તું સત્સંગી છે ?” ત્યારે તે

બ્રાહ્મણે હા પાડી. ત્યારે તેને કેસરે કહ્યું જે, "જોજે, સ્વામિનારાયણને ગાળ દેતો નહીં ! જો ગાળ દઈશ તો હું તરવારે તને મારીશ !"

એવું સાંભળીને તે દીવાને બ્રાહ્મણને કહ્યું જે, "એ સિપાઈ તો મારો ચાકર છે, માટે તેથી કાંઈ ડરીશ નહીં ને ગાળ દઈને આ પાંચ રૂપિયા લે." ત્યારે તે બ્રાહ્મણે મહારાજને ગાળ દીધી. ત્યારે તે કેસર સિપાઈએ મ્યાન સહિત તરવારનો એ બ્રાહ્મણને ઘા કર્યો, તેથી માથાની પાઘડી ઊડી ગઈ ને લાકડી માફક માથામાં વાગ્યું. તે જોઈને દીવાને એ કેસર પાસેથી નોકરી બાબતનો જે પટો હતો તે લઈ લીધો, ને ઘોડું ચડવાનું હતું તે પણ લઈ લીધું. ને ઉચાકર(નોકરીમાંથી બરતરફ) કરીને કાઢી મેલ્યો. ત્યારે તે કેસરે દીવાનને કહ્યું જે, "નોકરી નહિ મળે તો માંગી ખાઈશ, પણ બ્રાહ્મણે ગાળ દીધી ને મેં સાંભળી તે હું તો એનું માથું કાપી નાંખત. પછી હું તો ફાંસીએ જાત તો ભલે, પણ તમારી આબરૂ જાય તે સારુ મેં એને જીવતો મેલ્યો છે." એમ કહી ઉચાકર થઈને ચાલી નીસર્યો, તે વઢવાણ પોતાને ઘેર આવ્યો ને તે ઉચાળો ગાડામાં ભરીને ચાલી નીસર્યો.

ત્યારે દરબારને ખબર થઈ ત્યારે એ કેસરને હજૂરમાં બોલાવીને કહ્યું જે, "તું ગામમાંથી કેમ જાય છે ?" ત્યારે તે કેસરે સર્વે વાત દરબારને કરી. ત્યારે દરબારે કેસરને કહ્યું જે, "તું ગામમાં રહે ને તારો ચડતો પગાર રાખીશ ને કાંઈ ફિકર રાખીશ નહીં." એવો દિલાસો દઈને તેનો ઉચાળો ઉતરાવ્યો ને ઘોડું ચડવા આપ્યું ને ચાકરીમાં બહાલ કર્યો.(ફરીથી કાયમી રાખ્યો.)

પછી કોઈ એક દિવસ વઢવાણ ચોરીલું થયું અર્થાત્ વઢવાણમાં ચોરી થઈ હતી. તે વાંસે ઘણા ઘોડા વારે ચડ્યા, તે ભાવનગર તરફ જઈ વળતાં ગઢડું મારગમાં આવ્યું. ત્યારે ભેગા ચાર જમાદાર હતા, તેમણે એ કેસરમિયાંને કહ્યું જે, "આ તારા સ્વામિનારાયણનું

ગઢડું આવ્યું, તું સ્વામિનારાયણને ભગવાન કહે છે, માટે આપણે આજ કંઈક પરચો ભાળીએ તો ભગવાન માનીએ." ત્યારે કેસરે કહ્યું જે, "જેવો પરચો તમે માગો તેવો પરચો આપે." ત્યારે એ જમાદાર બોલ્યા જે, "આપણે ત્યાં જઈએ ને તને બોલાવીને સોનાની ઊતરી આપે તો ભગવાન ખરા."

એવો સંકલ્પ કરીને એ ચાર જમાદાર ને પાંચમો એ કેસર તે ગામમાં ઉતારા કરીને તરત દાદા ખાચરના દરબારમાં આવ્યા. ત્યારે તે ટાણે મહારાજે લીંબડા હેઠે સભા કરેલી ને ઘણા સંત ને હરિજન તે સભામાં બેઠેલા. તે મહારાજ પાસે જાવાનો માર્ગ ન મળે તેથી એ પાંચ જણ એકકોરે આવીને ઊભા રહ્યા. ત્યારે તેને જોઈને મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "વઢવાણવાળા કેસરમિયાં કોરે ઊભા છે, તેમને આંહીં બોલાવો."

પછી બ્રહ્માનંદસ્વામીએ ઊભા થઈને એ કેસર વિગેરે પાંચે જણને બોલાવ્યા. તે સર્વે મહારાજ પાસે આવી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કેસરમિયાં, અમે એમ સાંભળ્યું હતું જે 'કેસરમિયાંએ બ્રાહ્મણ સામો તરવારનો ઘા કર્યો' તે વાત સાચી ?" ત્યારે કેસરે કહ્યું જે, "હા મહારાજ ! તમને એ બ્રાહ્મણે ગાળ દીધી, તે સારુ મેં એને ઘા કર્યો હતો." ત્યારે મહારાજ બોલ્યા જે, "ગાળે શું અમને ગૂમડાં થાત ? ને તારો પગાર તૂટી જાત તો તું શું ખાત ?"

ત્યારે કેસર બોલ્યો જે, **"હે મહારાજ ! તમે તો મારા ગુરુ છો ને ભગવાન છો, તે તમને ગાળ દે તે મારાથી સાંભળી જાય નહીં. હું તો એને મારી નાંખત, ને પછી મને પણ મારી નાંખત તો હું તો તમારા ધામમાં જાત. અને જીવતો રહ્યો હોત ને પગાર ન મળ્યો હોત તો ભિક્ષા માંગીને ખાત, પણ તમને ગાળ દે તે મારાથી કેમ સહન થાય ?"**

એવું કેસરનું વચન સાંભળીને પોતાની કોટમાં સોનાની ઊતરી હતી તે કાઢીને કેસરને કહે, "આ ઊતરી લે." ત્યારે કેસર બોલ્યો જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો, તે તમારી ઊતરી હું ન લઉં. તમે આપવા કીધી તે મારે પહોંચી." એવું સાંભળીને મહારાજ બોલ્યા જે, "કેસર, તું વર માગ તે હું આપું." ત્યારે કેસર બોલ્યો જે, "હે મહારાજ ! મારે ઘેર જે જે મરે તેને તમે (ધામમાં) તેડી જાઓ, એ માગું છું."

ત્યારે મહારાજ બોલ્યા જે, "તારે ઘેર મનુષ્ય મરશે તેને તો તેડી જઈશ, પણ પશુ, પક્ષી ને ઉંદર મરશે તેને પણ તેડી જઈશ." એવો અતિ ભારે વર આપ્યો. તે સાંભળીને સર્વે સભા કેસર ઉપર પ્રસન્ન થઈ. ને ચાર જમાદાર હતા, તેમને પણ ઊતરી આપવાનો પરચો સાચો થયો, તેથી તે પણ આશ્ચર્ય પામ્યા. એ વાત પૂરી થઈ. ॥૭॥



વાત - ૮

ભીમનાથનાં દર્શને જતાં માર્ગમાં શ્રીહરિ દ્વારા વિહામણને પરચો

એકવાર શ્રીજીમહારાજ **ભીમનાથ** મહાદેવનાં દર્શન કરવા જાતા હતા. તેમની ભેગા ભગુજી, સુરા ખાચર, સોમલા ખાચર, મૂળજી શેઠ વિગેરે સાત અસ્વાર હતા. અને રોજીદ ને ભીમનાથ બેની વચ્ચે વગડામાં બસેં માણસ વિહામણ ભક્તે મહારાજને મારવા સારુ હથિયારબંધ ભેગું કરેલું હતું. શા કારણથી મહારાજને મારવા ધારેલું ? તો પ્રથમ અલૈયા ખાચર ને વિહામણ ભક્તનો ગુરુ એ બે જણ ભેગા થયા હતા. ને વિહામણના ગુરુએ મહારાજની નિંદા કરવા માંડી.

ત્યારે અલૈયે એને કીધું જે, "તું મહારાજની નિંદા કરવી રહેવા દે, નહિ તો હું તને મારીશ." ત્યારે તેણે તો બહુ નિંદા કરવા માંડી.

ત્યારે અલૈયે એ વિહામણના ગુરુને લાત મારી, તે ઓટા ઉપરથી હેઠો પડી ગયો ને કંઈક વાગ્યું પણ ખરું. એ વાતની વિહામણને ચાડ જે, અલૈયે મારા ગુરુને માર્યો તો મારે પણ એ અલૈયાના ગુરુને મારવો. એ મનસૂબે માણસ ભેગું કરી રાખેલું.

પછી શ્રીજીમહારાજ પોતાના સ્વારો સહિત જ્યારે એ બે ગામ વચ્ચે વગડામાં ગયા, ત્યારે એ સર્વે માણસને હથિયારબંધ દેખીને ભગુજી બોલ્યા જે, "હે મહારાજ ! આપણે રોજીદમાં સાંભળ્યું હતું જે, વિહામણે માણસ ભેગું કરી આગળ રાખેલું છે, તે વાત સાચી છે. ને આ માણસો તો ઘણા છે ને આપણી ભેગા તો થોડા સ્વાર છે."

એવી ભગુજીની વાત સાંભળીને મહારાજ હસીને બોલ્યા જે, "ચાલો, કાંઈ ફિકર રાખશો નહીં." એમ કીધું ત્યાં એક હજાર માણસ કાળા ડગલાવાળું, હથિયારબંધ ને પાંચપાંચ હાથ ઊંચું એવું ભગુજીએ દેખ્યું. ને મૂળજી શેઠ વિગેરે જે જે સ્વારો ભેગા હતા, તેમને માણસ તો ન દેખાય, પણ પોતાના થડમાં ઘણા માણસનો ગલ(અવાજ) થાય ને ઘણા હથિયાર ખડખડે તેને સાંભળતા જાય ને આસપાસ જોતા જાય. તે પછી તે માણસોને વિહામણના માણસે દેખ્યા, તે ભાગવા માંડ્યું. તે પડતા જાય ને હથિયાર પડતાં જાય ને અતિ વેગમાં ભાગતા જાય. તેને દેખીને મહારાજ મોઢા આડો રૂમાલ દઈને હસતા જાય ને એમ કહેતા જાય જે, "આ માણસો કેમ ભાગતા જાતા હશે ?"

પછી મહારાજ ભીમનાથ ગયા ને બાવાજીની જાયગામાં ઊતર્યા. ને ભીમનાથ મહાદેવજીનાં દર્શન કરીને નમસ્કાર કરીને પાંચ રૂપિયા ભીમનાથજીને ભેટ મૂકયા. ને બાવે મેડી ઉપર ઉતારો કરાવીને ખાવાપીવાની સરભરા સારી કરી. પછી એ વિહામણના માણસો જે ભાગી ગયા હતા, તે સર્વે પાછા ભેગા થઈને બોલ્યા જે, "આ સ્વામિનારાયણ ભેગા ઘણા માણસો હતા, એ તે કયા દેશના હતા ?

આ દેશના તો તે નહીં. ને ગામમાં બે જણ જઈને ખબર કાઢો જે, એ ક્યાંના છે ને ક્યાં ઊતર્યા છે ને ક્યાં જાય છે ?"

પછી બે જણે ગામમાં આવીને એ માણસોની તપાસ કરવા માંડી, પણ કોઈ જગ્યાએ માણસો દેખ્યા નહીં ને કોઈએ માણસ હતા એવી પણ ખબર ન દીધી. ત્યાર પછી તે બેય માણસ બાવાના મઠમાં આવીને એ બાવાજીને પૂછ્યું જે, "સ્વામિનારાયણ ક્યાં ઊતર્યા છે ? ને એમના ભેગું માણસ એક હજારને આશરે હતું તે ક્યાં ઊતર્યું છે ?" ત્યારે એ બાવાજીએ કહ્યું જે, "સ્વામિનારાયણ તો આંહીં આવ્યા છે ને ભેગા સાત સ્વાર છે તે આવ્યા છે. બીજું તો કોઈ માણસ તેમના ભેગું હતું નહીં." ત્યારે એ બે જણે કીધું જે, "માણસોને અમે નજરે દેખ્યું છે ને માણસ પણ હજાર જેટલું હતું. માટે તમે એ સ્વામિનારાયણને પૂછી જુઓ."

ત્યારે એ બાવાજીએ મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! આ બે જણ કહે છે જે, 'સ્વામિનારાયણ ભેગું માણસ એક હજાર જેટલું કાળા ડગલાવાળું હથિયારબંધ હતું.' તે તમ ભેગું કોઈ માણસ હતું ?" ત્યારે મહારાજ કહે, "અમે તો આ સાત સ્વાર છીએ એટલા જ છીએ. અમારા ભેગું તો બીજું કોઈ માણસ નહોતું." ત્યારે તે બાવાજીએ એ બે જણને કહ્યું જે, "માણસ તો બીજું હતું નહીં." ત્યારે તે બે જણે કહ્યું જે, "અમે માણસ ખરેખરું દેખ્યું છે, માટે તમે મહારાજને ખચિત કરીને ફેર પૂછી જુઓ."

ત્યારે તે બાવાજીએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! તમારા ભેગા ઘણા માણસનો વાવડ(સમાચાર) મળે છે, ને તમે તો ના પાડો છો, તેનું કેમ છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એને કાંઈક ભીમનાથજીએ પરચો દીધો હશે, તેથી એમણે માણસ ભાળ્યા હશે ને અમારા ભેગું તો બીજું કોઈ માણસ ન હતું." પછી તે બાવાજીએ એ બે જણને કહ્યું જે, "મહારાજ ભેગું માણસ તો કોઈ ન હતું."

પછી તે બે જણે જઈને તેના સર્વે માણસને એ વાત કરી. ત્યારે એ માણસે એમ વિચાર કર્યો જે, 'હવે પાછા વળે ત્યારે એની વાત છે!' પછી મહારાજ તો એક રાત રહીને બીજે દાડે નીકળ્યા, તે પાછા જ્યાં એ માણસ હતા ત્યાં આવ્યા. ત્યારે તે માણસે જેવું પ્રથમ માણસ દેખ્યું હતું, તેવું ને તેવું જ દેખ્યું. ત્યારે વળી ભાગવા માંડ્યું ને પડવા આખડવા માંડ્યું, ને મહારાજે હસવા માંડ્યું. ને મૂળજી શેઠ ને સુરા ખાચર વિગેરે ભેગા હતા, તેમને પોતાને પડખે ઘણા માણસનો ગલ સંભળાવા માંડ્યો.

ત્યારે સુરા ખાચરે મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! આ માણસ ઘણા ભયે કરીને ભાગ્યા જાય છે ને અમારે પડખે ઘણો શોર થાય છે, તે શું છે ?" ત્યારે મહારાજ કહે, "તમે ભગુજીને પૂછી જોજો." પછી તેમણે આવ્યા પછી ભગુજીને પૂછ્યું. ત્યારે ભગુજીએ એ સર્વે વાત કરી, તે વાત સાંભળીને સૌ રાજી થયા. એ વાત પૂરી થઈ. ॥૮॥



વાત - ૯

શ્રીહરિએ વઢવાણના દેવકૃષ્ણ વિપ્ર માટે ખારું પાણી મીઠું કર્યું

એકવાર શ્રીજીમહારાજ ભેગો **વઢવાણના** દેવકૃષ્ણ બ્રાહ્મણ ભુજ જતાં હતાં. બીજા સાધુ વિગેરે પણ માણસો ભેગા હતા. તે રણમાં જાતાં જાતાં એ દેવકૃષ્ણ ઘણા તરસ્યા થયા ને પ્રાણ જાય એમ થયું. પછી એ બ્રાહ્મણે મહારાજને કહ્યું જે, "હવે મારાથી તરસે રહેવાતું નથી." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ પાણી પીવો."

ત્યારે એ બ્રાહ્મણે પાણી ચાખી જોયું તો તે ખારું ઝેર જેવું હતું. ત્યારે તેણે કહ્યું જે, "હે મહારાજ ! આ તો ખારું ઝેર જેવું પાણી છે, તે કેમ પિવાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ગંગાજી ને

જમુનાજી એ નદીઓ સમુદ્ર ભેગી થાય છે, તે એની સેર જે ઠેકાણે આવે ત્યાં પાણી મીઠું હોય તે આંહીં તો એની સેર જણાતી નથી, કંઈક આઘા ચાલો.”

પછી વીસ પચીસ પગલાં આઘાં ભર્યાં. ત્યારે મહારાજ કહે, “જુઓ જોઈએ, આંહીં એ સેરુ આવી છે.” પછી તે બ્રાહ્મણે પાણી પી જોયું તો તે ગંગાજળ જેવું મીઠું લાગ્યું. ત્યારે એણે મહારાજને કહ્યું જે, “આ પાણી બહુ મીઠું છે.” ત્યારે મહારાજ કહે, “આંહીં એ ગંગા-જમુનાની સેર આવી ખરી, હવે સૌ પાણી પીઓ.” પછી તે બ્રાહ્મણે પાણી પીધું ને સાધુએ પણ પીધું ને મહારાજે પણ પીધું. તે પાણી પીને એ સૌ માણસ ચાલ્યા ને મહારાજ પણ ચાલ્યા. ને એ દેવકૃષ્ણે વાંસે રહીને એ પાણી ચાખી જોયું, તો તે ખારું ખારું ઝેર જેવું લાગ્યું.

પછી મહારાજે પાછુ વાળીને જોયું, ત્યાં એ બ્રાહ્મણને ઊભો રહેલ જોઈને પૂછ્યું જે, “બ્રહ્મદેવ, કેમ વાંસે રહ્યા છો ?” ત્યારે એ દેવકૃષ્ણે કહ્યું જે, “હે મહારાજ ! હું તો પાણીના કોગળા કરવા વાંસે રહ્યો હતો, પણ પાણી તો ખારું ઝેર જેવું થઈ ગયું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ ગંગા-જમુનાની સેરુ તો સ્થિર રહેતી નથી, ચાલી જાય છે ને પાછું સમુદ્રનું પાણી આવી જાય છે, તેથી મીઠું ક્યાંથી રહે ?” એમ વાત કરી. એવો ચમત્કાર એ દેવકૃષ્ણ ઉપાધ્યાયે દેખ્યો. એ વાત પૂરી થઈ. ॥૯॥



વાત - ૧૦

ઊંઝાના તળાવનું પાણી પરચો આપીને નિર્મળ કર્યું

એકવાર શ્રીજીમહારાજ ગામ **ઊંઝાના** પાદરમાં વડના ઝાડ હેઠે ઊતર્યા. તે ભેગા કાઠીઓના ઘોડા ઘણા હતા. તે ઘોડા ઘણા તરસ્યા હતા. તેથી મહારાજે કીધું જે, “આ તળાવ મોટું જણાય છે, ત્યાં ઘોડાને

પાણી પાઈ આવો." પછી તે સર્વે સ્વારો ઘોડા લઈને એ તળાવે પાણી પાવા ગયા. તે તળાવમાં એક વેંતને દળે લીલ હતી ને પાણી તો દેખાય જ નહીં. તેથી ઘોડા તરસ્યા ને તરસ્યા પાછા લઈ આવ્યા. ને મહારાજને કહ્યું જે, "તળાવ તો ઘણું મોટું છે, પણ ઘણી લીલ છે, તે પાણી તો આખા તળાવમાં નજરે જ આવતું નથી."

ત્યારે તે ટાણે ગામનું ઘણું માણસ મહારાજને જોવા સારુ આવ્યું હતું, તે ઊભું હતું. તે સર્વે બોલ્યા જે, "એ તળાવને તો કોક મોટો શાપ છે, તે પાણીમાંથી લીલ કોઈ દિવસ મટતી જ નથી. નહિ તો તળાવ ઘણું મોટું છે, બારે માસ પાણી પણ ખૂટતું નથી, પણ એ પાણી કોઈને નાવા-ધોવામાં કામ આવતું નથી, ને ઢોર-જનાવરને પીધામાં પણ કામ આવતું નથી."

એવી એ ગામના માણસની વાત સાંભળીને મહારાજ માણકી ઘોડી ઉપર સ્વાર થઈને એ તળાવે ગયા ને ગામનું માણસ પણ સર્વે જોવા સારુ ભેગું ગયું. પછી મહારાજે પોતાની ઘોડીને એ લીલમાં પોતાનાં ચરણારવિંદ પલળે ત્યાં સુધી આઘી લઈ ગયા. પછી તે લીલ તૂટવા માંડી ને તેના કડાકા થાવા માંડ્યા. તે અરધી ઘડીમાં એ તળાવમાં એક પૈસાભાર પણ લીલ રહી નહીં ને પાણી ચોખું નિર્મળ જેવું થઈ ગયું.

પછી તે ગામના માણસે નજરે જોઈને કહ્યું જે, "આ સ્વામિનારાયણ તો ભગવાન છે ને મોટો પરચો થયો." પછી આખાય ગામનું માણસ અકેકું શ્રીફળ લઈને મહારાજને દર્શને આવ્યું, તે શ્રીફળનો મોટો ગંજ થયો. પછી તે શ્રીફળની પ્રસાદી કરીને સહુ ગામને વહેંચી આપી. એવો ચમત્કાર દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૦॥



વાત - ૧૧

સંતો પર દુષ્ટોનો માર જોઈ શ્રીહરિ અત્યંત કોપ્યા

એકવાર શ્રીજીમહારાજ **લોયાની** નદીને કાંઠે સાંજના સમયે સભા કરીને બેઠા હતા. ને સર્વે સંત-હરિજન પણ બેઠા હતા ને શ્રીજીમહારાજ વાતો કરતા હતા. તેવા સમામાં મહારાજના બે સાધુ કોઈક ગામથી ત્યાં આવ્યા ને મહારાજને દંડવત કરી પગે લાગ્યા. ત્યારે એ સાધુના કપાળમાં લાકડી વાગ્યાનો ઊભો સળ પડેલ, તે જોઈને મહારાજ બોલ્યા જે, "આ કપાળમાં તમને શું વાગ્યું છે ?" ત્યારે એ સાધુએ કહ્યું જે, "એ તો કાંઈક લાકડું વાગ્યું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારી ચાદર પરી(દૂર) કરીને તમારું શરીર દેખાડો."

ત્યારે તે બેય સાધુઓએ ચાદર પરી કરીને પોતાનું શરીર દેખાડ્યું. ત્યારે એ સાધુના શરીરમાં કોઈક દુષ્ટે બાવળના સોટા મારેલા, તેણે કરીને બેય સાધુનું શરીર ઊપડી ગયેલું ને રાતી લોહી સરખી લોળું(ભરોળ; સોળ) પડેલી. તેને જોઈને મહારાજના નેત્રમાં જળ આવી ગયું ને એમ બોલ્યા જે, "અરે ! આ દુષ્ટે મારા સાધુને આવા માર્યા!" એમ કહીને પોતાના બે હાથ પૃથ્વી ઉપર ઝાટક્યા. તે તેણે કરીને પૃથ્વી એવી ધ્રૂજી જે ઘણાખરા મલકમાં ઘર પડી ગયાં ને ઝાઝીવાર સુધી તો તેનો ધણેણાટ રહ્યો. એવી રીતે મહારાજે પ્રતાપ સર્વેને દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૧॥



વાત - ૧૨

મહારાજે લોયામાં તરગાળાની રમતમાં ચમત્કાર દેખાડ્યો

એકવાર શ્રીજીમહારાજ **લોયા** મધ્યે સંઘા પટેલને ઘેર બેઠા હતા ને સંતહરિજન પણ બેઠા હતા ને મહારાજ વાતો કરતા હતા. એવા સમામાં એક ત્રગાળાનું(ભવાયાનું) ટોળું આવ્યું. તેમણે

મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ પટેલિયા સત્સંગી થયા તે હવે અમને કોઈ રમાડતા નથી; તેથી અમારી કમાણી ઘટી ગઈ છે."

ત્યારે મહારાજે એ ત્રગાળાને કહ્યું જે, "તમારી પાસે શી શી રમત છે ?" ત્યારે ત્રગાળે કહ્યું જે, "હે મહારાજ ! અમારે તો વેશ કાઢ્યાની રમત છે. ને વળી પાટવિદ્યાની પણ રમત છે." ત્યારે મહારાજે કહ્યું જે, "એ પાટવિદ્યામાં કાંઈ સ્ત્રી આદિકનો વેશ તો ન આવે કે ?" ત્યારે એ ત્રગાળે કહ્યું જે, "હે મહારાજ ! એ રમતમાં કાંઈ વેશ આવે નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "એ પાટવિદ્યાની રમત કરો અમે ને અમારા સાધુ એ સર્વે જોઈશું."

પછી એ ત્રગાળે ગામની બારલી કોરે દેરો કરીને એ પૂતળાંની રમત કરાવા માંડી. ને મહારાજ તથા સાધુ તથા હરિજન એ સર્વે આવીને બેઠા. પછી એ પૂતળાં સર્વે ત્રગાળે પોતાના દેરામાં તૈયાર કરીને મહારાજ પાસે રમાડવા માંડ્યાં, પણ કોઈ પૂતળું હાલ્યું-ચાલ્યું નહીં ને સર્વે સજ્જડ થઈ રહ્યાં. પછી ત્રગાળો એ પૂતળાં પાછાં પોતાના દેરામાં લઈ ગયો ને ત્યાં દોરીસંચા(પૂતળા નચાવવા માટે દોરી ખેંચવાની ક્રિયા) ઠાઉકા(બરાબર) કરીને પાછો મહારાજ પાસે લાવીને રમાડવા માંડ્યાં, પણ પૂતળાં તો હાલ્યાં ચાલ્યાં નહીં. તે વળી ત્રગાળો પાછો પોતાના દેરામાં લઈ ગયો ને તે દેરામાં જાય ત્યારે તો પૂતળાં હરે ફરે નાચે, કાંઈક મોદ(ખામી ?) રહે નહીં.

તે પછી એ સર્વે પૂતળાં તૈયાર હરતાં ફરતાં કરીને ત્રીજી વાર મહારાજ પાસે લાવીને રમાડવા માંડ્યાં, પણ એ પૂતળાં તો સજ્જડ થઈ રહ્યાં, કાંઈ હાલે ચાલે નહીં. ત્યારે એ ત્રગાળે શ્રીજીમહારાજની સ્તુતિ કરીને કહ્યું જે, "હે મહારાજ ! તમે તો પરમેશ્વર છો ને આ સર્વે જગતની દોરી તમારા હાથમાં છે, તે તમે અમારાં પૂતળાંને રમવા દેતા નથી. માટે આ અમારી જીવિકા છે, તે કૃપા કરો તો મારાં પૂતળાં રમે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ પૂતળાંમાં કાંઈક ખોટકા થયા હશે, તે હવે આ ફેરે સમાં કરીને લાવો તો રમશે." પછી એ ત્રગાળે પોતાના દેરામાં સમાં કરીને પૂતળાં લાવીને મહારાજ પાસે રમાડવા માંડ્યાં, તે બહુ રમ્યાં. ને મહારાજ રાજી થયા ને એ ત્રગાળાને જમાડ્યો ને શીખ કરી(ભેટ દઈને વિદાય આપી). એવી રીતે એ લીલા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૨॥



વાત - ૧૩

લોયામાં લીંબડીના શેઠિયાઓનો સંકલ્પ પૂરો કર્યો

એક દિવસ શ્રીજીમહારાજ **લોયા** મધ્યે સુરા ખાચરને ઘેર બેઠા હતા. ને લીંબડીના શેઠ ચાંપસી તથા શેઠ તલકસી તથા સાયલાના માણેકચંદ પારેખ એ ત્રણ કાઠિયાવાડમાંથી આવતાં તે લોયે આવ્યા. પછી એ ત્રણ જણે વિચાર કર્યો જે, 'આ સ્વામિનારાયણ આંહીં છે ને ભગવાન કહેવાય છે, તે આજ આપણે કાંઈક પરીક્ષા લેવી.' ત્યારે વિચાર્યું જે, 'શી પરીક્ષા લઈશું ?' ત્યારે ચાંપસી શેઠ બોલ્યા જે, "આ દેશમાં સૂતરફેણી થાતી નથી. માટે આપણને જો સૂતરફેણી આપે તો એ ભગવાન ખરા." એવો મનસૂબો ધારીને એ ત્રણેય જણ જ્યાં મહારાજ બિરાજતા હતા, ત્યાં આવી પગે લાગીને બેઠા.

પછી મહારાજે ખબર પૂછી જમવાની તાણ કરી, ને પછી વાતો કરવા માંડી. તે એ શેઠિયા પૂછતા ગયા ને મહારાજ તેના ઉત્તર કરતા ગયા. તે ઘણીકવાર સુધી વાતો કરી, ત્યાં કોઈક હરિભક્ત આવ્યો. તેણે મહારાજ પાસે એક માટલી ભેટ મૂકી. પછી મહારાજે તે માટલી એ શેઠને આપી. પછી શેઠ તો ઊઠી પોતાને ઉતારે ગયા.

પછી એ માટલીનું મોઢું બાંધેલું હતું, તે છોડીને જોયું. ત્યારે તે માટલીમાં સૂતરફેણી દેખી. ત્યારે એ ત્રણ જણ ઘણું વિસ્મિત થયા. ને

એમ ધાર્યું જે, ‘આ તે કોઈ દેવ કે આ તે કોઈ જાદુવિદ્યાવાળા કે આ કોણ હશે ? માટે આ સૂતરફેણી તો અમે ખાશું નહીં.’ એમ એ બેય શેઠે કીધું. ત્યારે માણેકચંદ પારેખ સાયલાવાળા હતા તે કહે જે, “મને ભલે જાદુ કરે, હું તો એ સૂતરફેણી ખાઈશ.” એમ કહીને એણે સૂતરફેણી ખાધી. તે એમના ઘરમાં બહુ ભારે સત્સંગ છે. એ વાત પૂરી થઈ. ॥૧૩॥



વાત - ૧૪

કારિયાણીમાં ધના પટેલને ધામમાં તેડી ગયા

એકવાર શ્રીજીમહારાજ ગામ **કારિયાણીમાં** હતા ને મોટા મોટા સંત પણ હતા ને હરિજન પણ હતા. ને દીનાનાથ ભટ્ટ ગ્રંથ કરતા હતા. તે ભટ્ટના ઓરડાનો શેર(રસ્તો) વસ્તા ખાચરના ઉતારામાં હતો. તે શેરે થઈને શ્રીજીમહારાજ રોજ રોજ એ ભટ્ટ પાસે જાય. ને તે શેરમાં એક કણબી ભક્ત ધનો એવે નામે કરીને રહેતો હતો. તે ધનાને તાવ આવતો હતો, તેથી તે ખાટલો ઢાળીને પોતાની ઓસરીમાં સૂતો હતો. તે ધનાની ઓસરીના થડમાં થઈને એક દિવસ શ્રીજીમહારાજ તથા મુક્તાનંદસ્વામી નીકળ્યા. મહારાજને દેખીને તે ધનો પગે લાગ્યો. તે ધના સામું જોઈને મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “આ ધનાની આયુષ્ય ચાર ઘડી છે, પછી તે દેહ મૂકશે.”

એમ સહુ સાંભળે તેમ કહીને મહારાજ તો પધાર્યા. ને તે વાત ધને સાંભળી. ને તેની મા તથા તેનો મામો બેચર તથા ગામની ચાર ડોસીઓ બેઠી હતી, તે સર્વેએ મહારાજ બોલ્યા તેને સાંભળ્યું. પછી ધનો નાહીને અબોટ વસ્ત્ર પહેરીને હેઠો ચોકો કરાવીને તે ઉપર બેઠો ને મહારાજનું ભજન કરવા માંડ્યું. ને તેની માતા તથા તેના મામા વિગેરે જે પાસે બેઠાં હતાં, તેમણે ધૂન કરવા માંડી. તે ત્રણ ઘડી વાર થઈ

ત્યારે તે ધને પોતાનો જે મામો બેચર હતો તેને કહ્યું જે, "તમે મહારાજ પાસે જાઓ ને મને દર્શન દેવા આંહીં તેડી લાવો."

પછી બેચરે મહારાજ પાસે જઈને કહ્યું જે, "હે મહારાજ ! ધને મને તમને તેડવા સારુ મોકલ્યો છે, તે તમે કૃપા કરીને ત્યાં પધારશો?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એક પાણીનો કળશિયો ભરી લાવો." પછી તે બેચર કળશિયો ભરી લાવ્યો. પછી તે કળશિયામાં મહારાજે પોતાનાં ચરણારવિંદ બોળ્યાં ને કહ્યું જે, "આ પાણી એને પાજે ને નવરાવજે." ને મુક્તાનંદસ્વામીને અને બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે બે સાધુ ધનાને દર્શન દેવા એને ઘેર જાઓ." પછી એ બે સંતે ધનાને ઘેર આવીને દર્શન દીધાં ને વાતો કરીને કહ્યું, "તારા જેવું મોટું ભાગ્ય કોઈનું નથી, મહારાજનું ભજન કરજે." એમ કહીને એ બે સાધુ તો ગયા.

અને બેચર જે પ્રસાદીનું પાણી લાવ્યો હતો, તે પાણી ધનાને પાયું ને બીજું વધ્યું તેનાથી નવરાવ્યો. પછી ધનો બોલ્યો જે, "આ મહારાજ ને સાધુ મને તેડવા આવ્યા છે, તે હું મહારાજના ધામમાં જાઉં છું. તમને સર્વેને મારા 'જય સ્વામિનારાયણ' છે." એમ કહીને ધને દેહ મૂકી દીધો.

પછી મહારાજે સભામાં બેઠા હતા તેમને કહ્યું જે, "ધને દેહ મૂક્યો." ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "હે મહારાજ ! ધને દેહ મૂક્યો હોય તો પોકરાણ કેમ હજુ પડ્યું નથી ? તે ધનો તો હજુ જીવતો હશે." ત્યારે મહારાજ કહે, "ખબર કઢાવો, એની માતા ને મામો ધૂન કરતાં હશે." પછી સુરા ખાચરે ખબર કાઢવા માણસ મોકલ્યું. તે માણસે જોઈ આવીને કહ્યું જે, "ધને તો દેહ મૂકી દીધો છે ને બીજા તો સર્વે મહારાજના નામની ધૂન કરે છે." તે ધનાએ દેહ મૂક્યા પછી તેને શેલડીનો વાઢ હતો ને ચિચૂડા(કોલા) બેઠા હતા, ત્યાં તેના મામા બેચરે રહેવા માંડ્યું.

✳ બેચર પટેલના વાઢે શેરડી જમ્યા ને સર્વને જમાડી :

પછી એક દિવસ એ બેચર વાઢેથી સવારમાં ઘેર આવતો હતો. તે તળાવના આરામાં આવ્યો, ત્યાં તો મહારાજ એ તળાવમાં પોતાના હાથ ધોતા હતા ને બે પાળા પાસે ઊભેલા તેને એ બેચરે દેખ્યા. પછી જઈને મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજે પૂછ્યું જે, "અત્યારે ક્યાંથી આવ્યા ?" ત્યારે બેચરે કહ્યું જે, "ધનાને વાઢેથી આવ્યો." ત્યારે મહારાજે કહ્યું જે, "વાઢ કેટલેક છેટે છે ?" ત્યારે બેચરે કહ્યું જે, "વાઢ તો આ તળાવના અંગોર(સામા કાંઠા) પાસે જ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "હું વાઢે આવું ?" ત્યારે બેચરે કહ્યું જે, "હા મહારાજ, પધારો."

પછી મહારાજ તો તળાવથી પાધરા તેને વાઢે ચાલ્યા. ત્યારે બેચરે વિચાર કર્યો જે, 'માર્ગે ઘણાક કાંટા વેરાણા છે, તે મહારાજને પગે વાગશે, પણ મહારાજને મૂકીને મોરથી કેમ જવાય ? નહિ તો વાળીને મારગ સમો કરત.' પછી મહારાજ બેચરનો સંકલ્પ જાણીને બોલ્યા જે, "તમે મોરથી દોડીને જાઓ ને કાંટા વેરાણા હોય તે વાળી નાંખો."

પછી તો બેચર ઉતાવળો દોડીને વાઢે ગયો ને એ વાઢમાં બીજા ભાગિયા હતા, તે પણ સત્સંગી જ હતા. તેમને બેચરે વાત કરી જે, "મહારાજ પધારે છે, તે કાંટા વાળી નાંખો ને આ માંડવા હેઠે પાથરણાં પાથરો." પછી એ સર્વે કામ તૈયાર કર્યું, ત્યાં તો મહારાજ પધાર્યા. તે માંડવા હેઠે ગોદડી નાંખી આસન તૈયાર કર્યું હતું, તે ઉપર આવીને બેઠા ને સર્વે વાઢવાળાને ભેગા કરીને વાતો કરવા માંડી.

ત્યારે તો દિવસ ઊગ્યો ને મહારાજ તો પાધરા વાઢે ગયા ને તે ટાણે ગામના માણસ તો વાટ જોઈ રહ્યા જે, 'આ ઘણીવાર થઈ ને મહારાજ ક્યાં ગયા ?' પછી એ સર્વે ગામની બારલી કોર મહારાજની ખબર કાઢવા આવ્યા. ત્યારે મહારાજ તો ધનાને વાઢે ગયા છે, એવી

ખબર સાંભળીને એ સર્વે માણસ ધનાને વાઢે ચાલ્યું. ત્યારે તે માણસને આવતા મહારાજે દીઠું. પછી મહારાજ એ વાઢવાળા પાસે બોલ્યા જે, "હવે અમે જાશું ને જો આંહીં રહીએ તો એ સર્વે આંહીં આવી જાય તો તમારે એ સૌને શેલડીના સાંઠા આપવા પડે, તે સારુ જાશું."

ત્યારે એ વાઢવાળા બોલ્યા જે, "મહારાજ, તમે આંહીં રહો ને અમે એ સર્વેને શેલડી આપશું." ત્યારે મહારાજ કહે, "ઠીક, શેલડીના ભારા લાવો." પછી એ સર્વે વાઢવાળા શેલડી લેવા ગયા. તે જ્યાં મોટા મોટા ઝેરા(સાંઠા) હતા, ત્યાંથી સારી સારી શેલડીના મોટા મોટા ભારા બાંધીને મહારાજ પાસે મૂક્યા. ત્યાં તો એ ગામનું માણસ આવીને મહારાજને પગે લાગીને બેઠું. પછી મહારાજે પોતાને હાથે કરીને એ સર્વે માણસને અકેકો સાંઠો આપ્યો. ને એ ગામના ઢેઢ પણ વાડ બહાર આવીને ઊભા હતા. તે એ ઢેઢને પણ મહારાજે પોતાને હાથે કરીને અકેકો સાંઠો આપ્યો. ને એમ બોલ્યા જે, "આપણે તો આ ઢેઢનાં પણ કલ્યાણ કરવાં છે."

✳ બેચર પટેલનો ગોળ ધોળો કર્યો :

પછી એ વાઢવાળે ગોળની ભેલી લાવીને મહારાજને દેખાડી. ત્યારે મહારાજ બોલ્યા જે, "આવો કાળો ગોળ કેમ થાય છે ?" પછી વાઢવાળા બોલ્યા જે, "હે મહારાજ ! આ કાળો ગોળ થાય છે, તે સારુ તો અમે ઘણા પૈસા આપીને ગોળનો પાડનાર એક કસબી(નિપુણ) ગળિયારો(ગોળ પાડનાર) હતો, તેને લાવ્યા છીએ પણ ગોળ તો કાળો ને કાળો થાય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ ગોળના પાડનારને આંહીં બોલાવો."

પછી એ ગળિયારો મહારાજ પાસે આવ્યો. ત્યારે મહારાજે તેને પૂછ્યું જે, "આ ગોળ કાળો કેમ થાય છે ?" ત્યારે ગળિયારે કહ્યું જે, "મારી જેટલી કેમત(કરામત) છે તેટલી મેં કરી, પણ ગોળ સારો

થાતો નથી.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તું ગોળમાં મેળવણ શાની નાંખે છે ?” ત્યારે ગળિયારો બોલ્યો જે, “મેળવણ તો છાશની પ્રાશનું નાંખું છું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “પ્રાશ નાંખે છે, તેમાં ગોળ કાળો થાય છે ને મેળવણ તો પાણીની જોઈએ.” એમ વાત કરી.

ત્યાં એ ગોળની કડા તૈયાર થઈ. પછી મહારાજ ઊઠ્યા તે ગોળ પાસે જઈને પોતાના હાથમાં ગોળ હલાવ્યાની પાવડી લઈને હલાવા માંડ્યો. તે ગોળ ધોળો જૂઈના ફૂલ જેવો થયો. ને થોડીકવાર થઈ ત્યાં તો બીજી ગોળની કડા તૈયાર થઈ. પછી તે ગોળને પણ પોતાના હાથમાં પાવડી લઈને હલાવવા માંડ્યો, તે પણ ફૂલ જેવો થયો. પછી એ ગળિયારાને મહારાજે કહ્યું જે, “પાણી નાંખીને હલાવજે એટલે ધોળો ફૂલ જેવો ગોળ થાશે.”

પછી એ વાઢવાળા સૌએ ભેગા થઈને મહારાજને અને સાધુના મંડળ એ સૌને જમવાનું નોતરું દીધું. ત્યારે મહારાજ કહે, “એ કાળો ગોળ લાવજો.” ત્યારે વાઢવાળે કહ્યું જે, “હે મહારાજ ! આ ધોળો ફૂલ જેવો ગોળ પડ્યો મૂકીને કાળો ગોળ નહિ લાવીએ.” ત્યારે મહારાજે કહ્યું જે, “એ ધોળા ગોળના મૂલ તમારે સારા આવે ને એ કાળો ગોળ જમવામાં કાંઈ કડવો નથી, માટે કાળો ગોળ લાવશો તો અમે જમશું.” પછી એ કાળા ગોળથી રસોઈ કરાવીને મહારાજ ને સંત એ સર્વે જમ્યા.

પછી સાંજ વખતની સભા થઈ ત્યારે એ ગોળનો પાડનાર ગળિયારો સભામાં આવ્યો. તેને દેખીને મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “આ ગોળના પાડનારને ગોળમાં મેળવણ નાંખતા નહોતું આવડતું, તેથી ગોળ કાળો પડતો. ને હવે અમે એને મેળવણ નાંખતાં શીખવ્યું, તેથી હવે ગોળ ધોળા ફૂલ જેવો પડે છે.”

પછી તે વાત સાંભળીને એ ગળિયારો બોલ્યો જે, “હે મહારાજ ! એ મેળવણે ગોળ ધોળો થયો નથી, હું તો ઘણો કસબી છું

ને સર્વે કેમત જાણું છું ને નાનપણમાંથી જ ગોળનું કામ કરું છું, પણ તમે તો ભગવાન છો તે તમે ગોળ ધોળો કરો છો. માટે હું તો તમારી પાસે વર્તમાન લેવા આવ્યો છું, તે મને દયા કરીને તમારો સેવક કરો. આટલા દિવસ એ વાઢવાળા સત્સંગી મને કહેતા જે, ‘સ્વામિનારાયણ તો ભગવાન છે’ પણ હું માનતો નહીં, પણ આ તો મારી નજરે દેખ્યું, તે તમે તો ખરેખરા ભગવાન છો, એમ હું જાણું છું.” એમ કહીને તે ગળિયારે વર્તમાન લીધાં ને સત્સંગી થયો. એ વાત પૂરી થઈ. ॥૧૪॥



વાત - ૧૫

કારિયાણીમાં રહેલ શ્રીહરિ દ્વારા જૂનાગઢમાં નવાબનું કલ્યાણ

એકવાર શ્રીજીમહારાજ **કારિયાણી** મધ્યે રાત્રીના દશ બજે સભામાંથી ઊઠીને પોઢવા સારુ ઓરડામાં ઢોલિયા ઉપર આડે પડખે થયા હતા. પોતાની પાસે મૂળજી શેઠ તથા સુરા ખાચર વિગેરે મોટા મોટા આઠ દશ ભક્ત બેઠા હતા ને મહારાજ સૂતાં સૂતાં વાતો કરતા હતા. તે વાતો કરતાં કરતાં બેઠા થયા ને ઊંચી દૃષ્ટિ કરીને જોઈ રહ્યા ને રૂમાલ મોઢા આડો દીધો ને માથું ડોલાવ્યું ને પછી પાછા સૂતા.

ત્યારે સુરા ખાચરે મહારાજને પૂછ્યું જે, “મહારાજ, તમે એ શું ચિહ્ન કર્યું ? તે જો તમારી મરજી હોય તો એ વાત અમને કહો.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “જૂનાગઢવાળા નવાબે આ ટાણે દેહ મૂક્યો હતો, તેને અમે તેડવા ગયા હતા. ને એણે દારૂ પીધો હતો, તે એનું મોઢું ગંધાતું હતું. તે સારુ અમારે અમારા મોઢા આડો રૂમાલ દેવો પડ્યો. ને એને અમે બદરિકાશ્રમમાં મોકલ્યો. એ નવાબે એના દીવાન ઉપરવટ થઈને અમારો ઘણો પક્ષ રાખ્યો હતો, તે સારુ એનું

કલ્યાણ કર્યું." એમ વાત કરી તે વાતને સાંભળીને મૂળજી શેઠે એ નવાબને દેહ મૂકવાના ટાણાની મેળવણી કરી તે બરોબર મળી. એ વાત પૂરી થઈ. ॥૧૫॥



વાત - ૧૬

કારિયાણીમાં પૂજને સમાધિ કરાવી તીર્થંકર દેખાડ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ **કારિયાણીના** તળાવની પાળે સભા કરીને બેઠા હતા. તે ટાણે બે ઢૂંઢિયા પૂજ મહારાજ પાસે થઈને નીકળ્યા. તે પૂજે એમ વિચાર કર્યો જે, 'આ સ્વામિનારાયણ તો મહા જાદુગરા છે, તે આપણે ઉતાવળા જાતા રહીએ ને એમની સામું પણ જોવું નહીં.' એમ ધારીને તે બે પૂજ મહારાજની પાસે થઈને નીકળ્યા. તેમાં એક પૂજથી તો મહારાજ સામું જોઈ જવાણું. તે જોતાં જ તરત સમાધિ થઈ ગઈ, તે એ તો ત્યાં પડી ગયો ને બીજો પૂજ તો ભાગ્યો. તે ગામને ઝાંપે જઈને પડેલા પૂજની વાટ જોઈને ઊભો રહ્યો.

પછી એક કલાકવાર સુધી એ પૂજને સમાધિ રહી ને પછી જાગ્યો. તે જાગતાં જ ઊઠીને તરત ભાગ્યો. તે જે પૂજ ગામને ઝાંપે ઊભો હતો, તેની પાસે ગયો. ત્યારે તે પૂજે પૂછ્યું જે, "તારે કેમ થયું ?" ત્યારે તે પૂજે વાત કરી જે, "મને તો સિદ્ધશિલાનાં(જૈનધર્મના અંતિમ પદના) દર્શન કરાવ્યાં ને ચોવીશે તીર્થંકરનાં જુદાં જુદાં દર્શન થયાં. ને તે તીર્થંકરે મને કહ્યું જે, 'એ સ્વામિનારાયણ તો ભગવાન છે ને તમે કેમ માનતા નથી ?' એવું મેં દેખ્યું." ત્યારે એ પૂજ બોલ્યો જે, "જોને એ કેવા જાદુગરા છે ! તારું માથું પણ ફેરવી નાંખ્યું ! માટે હવે જ્યાં એ હોય ત્યાં આપણે ભૂલથી પણ જાવું નહીં." એ વાત પૂરી થઈ. ॥૧૬॥



વાત - ૧૭

કારિયાણીમાં બાળક પર દયા કરીને તેની માને જીવતી કરી

એકવાર શ્રીજીમહારાજ ગામ **કારિયાણી** મધ્યે હતા. તે ગામમાં એક કણબીની સ્ત્રી સત્સંગી હતી. તે સ્ત્રીએ દેહ મૂક્યો. તે સ્ત્રીને એક ધાવણો દીકરો હતો. તે એની મરી ગયેલી માના પેટ ઉપર પડીને ધાવતો હતો. તે દીકરાને ધાવણ મુકાવી લઈ લે, ત્યારે છાતી ફાટે એમ રોવા માંડે ને પાછો ધાવે ત્યારે છાનો રહે. તે ચારપાંચ વાર છોકરાને એની માને ધાવતાં લેવા માંડ્યો, પણ એ છોકરો તો ધાવે ત્યારે જ છાનો રહે, નહીં તો રોવા માંડે.

અને તે કણબીનું ઘર મહારાજ હતા, તેથી ઢૂકડું જ હતું. તે એ છોકરાને અતિ ઉતાવળો રોતો સાંભળીને મહારાજે પૂછ્યું જે, "કેનું છોકરું બહુ રોવે છે ?" ત્યારે બીજા માણસો મહારાજ પાસે બેઠા હતા, તેમણે વાત કરી જે, "હે મહારાજ ! આ તમારા ઉતારાથી નજીક એક કણબી સ્ત્રીએ દેહ મૂક્યો છે ને તેને છોકરો ધાવણો છે, તે છોકરો એની મરી ગયેલ માને ધાવે છે ને ત્યાંથી લે છે એટલે રોવા માંડે છે. એ છોકરો એ કારણથી રોવે છે, તે આંહીં સંભળાય છે."

એ વાત સાંભળીને મહારાજ બોલ્યા જે, "અરે ! એ નાના છોકરાને તો એક ધાવણનો જ ખપ છે, બીજું એને કાંઈ જોતું નથી, માટે તેની મા મરી ગઈ તે છોકરાને બહુ દુઃખ પડશે. માટે એને તો ભગવાન જિવાડે તો બહુ સારું." એમ વાત કરી ત્યાં તો એ મરી ગયેલી બાઈ આંખ ફેરવીને બેઠી થઈ ને જીવતી રહી. એવી રીતે એ મરી ગયેલ બાઈને છોકરાની દયાએ કરીને જીવતી કરી. એ વાત પૂરી થઈ. ॥૧૭॥



વાત - ૧૮

કરમડમાં સમૈયો કર્યો અને વરસાદ વરસાવ્યો

એકવાર ગામ **કરમડમાં** મહારાજે સમૈયો કર્યો. તે સમૈયે સંત સર્વે આવ્યા ને દેશદેશના ઘણા હરિજન આવ્યા. તે માણસની ઘણી ભીડ થઈ. પછી મહારાજે ગામની બારલી કોર તળાવડીના થડમાં સભા કરી ને સર્વે સંત તથા હરિજનની ભારે સભા થઈ. પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! સમૈયો તો બહુ ભારે થયો ને દેશદેશના હરિજન પણ ઘણા આવ્યા, પણ પાણીની બહુ તાણ પડી. એક ઠેકાણે પાણી છે, તે ગામના માણસોને પણ ત્યાં ભરવું ને સંતને પણ ત્યાં નાવું ને આ સર્વે હરિજનને પણ ત્યાં નાવા-ધોવાનું છે, તેથી પાણીની તાણ પડી."

ત્યારે તે ટાણે આકાશમાં એક ચોફાળ જેવડી વાદળી હતી, તે સામું જોઈને મહારાજ બોલ્યા જે, "સ્વામી, આ વાદળીમાં બહુ પાણી છે." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એ આકાશનું પાણી આપણે આંહીં શું કામમાં આવે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી, એમ કેમ કહો છો ? આ સર્વે જગતનો નિભાવ તે આકાશના પાણીથી જ થાય છે. માટે ભગવાનને આપવું હોય તો એ પાણી કામમાં આવે."

એમ મહારાજે વાત કરી, ત્યાં તો એ વાદળી ફેલાણી ને તેમાં ગાજવીજ થઈ ને વરસવા માંડી. ત્યારે સર્વે માણસે ભાગવા માંડ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "કોઈ નાસી જાશો નહીં ને અમે પણ આંહીંથી જાશું નહીં. ને ઈન્દ્ર આજ સૌ સભાની પૂજા કરવા આવ્યો છે." એમ કહ્યું ને પોતે પણ ત્યાં ઊભા રહ્યા. ને જળવૃષ્ટિ પણ ઘણી થઈ ને કરા પડ્યા ને તે કરા મહારાજ જમ્યા. ને મહારાજ ઉપર એક ચોફાળ ઝાલી રહ્યા. તે થોડીકવારે મેઘ વરસીને પછી

રહી ગયો ને એ તલાવડી ભરાઈ ગઈ. પછી સર્વે માણસોને નાવા ધોવાનું અને પીવાના પાણીનું સુખ થયું. એવી રીતે એ લીલા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૮॥



વાત - ૧૯

રસ્તામાં તરસથી નિષ્પ્રાણ થયેલા સીતારામજીની રક્ષા

એકવાર ચાર સાધુને મહારાજે **હિંદુસ્થાનમાં** મોકલ્યા ને તેમને કહ્યું જે, "વળતા આવો ત્યારે સીતારામજીને તેડતા આવજો." પછી તે સાધુ જ્યારે પાછા આવવા તૈયાર થયા, ત્યારે સીતારામજીના માતાને કહ્યું જે, "મહારાજે સીતારામજીને તેડી જાવાની અમને ભલામણ કરી છે. તે તમે સીતારામજી અમને આપો અમે જાળવીને તેડી જાશું."

ત્યારે એ બાઈએ ના પાડી જે, "હું સીતારામને નહિ આપું." ત્યારે એ સાધુએ ઘણી ખચિત કરીને(જાળવીને લઈ જવાની ખાત્રી આપીને) એ બાઈને કહ્યું. ત્યારે એ બાઈએ કહ્યું જે, "સીતારામજી તો બાળક છે ને છેટાની વાટ છે, તે તમથી જળવાય નહીં." ત્યારે તે સાધુએ કહ્યું જે, "અમારા પ્રાણથી એમને વધારે જાળવીને તેડી જાશું, તમે કાંઈ ફિકર રાખશો નહીં."

એવી રીતે બહુ બહુ કહીને સીતારામને તેડીને સાધુ ચાલ્યા. તે આવતાં આવતાં ઝાડીમાં આવ્યા, ત્યારે સીતારામજી બહુ તરસ્યા થયા ને પાણી માગ્યું. ત્યારે તે ટાણે કોઈ પાસે પાણી નહીં ને તરશે 'પાણી... પાણી...' કરે. પછી સાધુ તો આડા-અવળા પાણી સારુ દોડ્યા, તે પાણી લાવતાં વાર લાગી, ત્યાં તો સીતારામજીએ દેહ મૂકી દીધો. પછી સાધુ તો પાણી લાવ્યા, તે શું કામમાં આવે ?

પછી ચારે સાધુએ રોવા માંડ્યું ને વિલાપ કરવા માંડ્યો ને કહેવા માંડ્યું જે, "હે મહારાજ ! આ સીતારામજીને તો એમની માતા નોતાં આપતાં, પણ તમારા કહેવા ઉપર અમે ઘણી રીતે તેમને સમજાવીને લાવ્યા ને અમારે વાંકે આ (તેમનો) દેહ છૂટી ગયો. જો અમારી પાસે પાણી હોત તો કાંઈ મરત નહીં. માટે આ સર્વે અમારો અપરાધ છે, તે હે મહારાજ ! હે દયાળુ ! હે કૃપાનિધિ ! હવે અમે તમને શો જવાબ દેશું ? ને સીતારામજીની માતાને શો જવાબ દેશું ? માટે આથી તો અમારું મરણ થયું હોત તો ઠીક થાત." એમ અતિ વિલાપ કરીને રોતા જાય ને આંખમાંથી આંસુની ધારા થાતી જાય.

ત્યારે તે ટાણે સીતારામજી આંખ ફેરવીને બોલ્યા જે, "પાણી પાઓ." પછી એ સાધુએ પાણી પાયું ને સર્વે રાજી થયા ને સીતારામજી જીવતા થયા. એવી રીતે મહારાજે એ સંતને પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૯॥



વાત - ૨૦

નાગડકાના નાથા તથા માણસિયાનો સાથે ધામમાં જવાનો ઠરાવ

એક દિવસ **નાગડકાવાળા** નાથા ખાચર ને માણસિયો એ બેય જણ ગઢડે મહારાજને દર્શને ગયા. ને મહારાજની હજૂરમાં એ બેય જણે એવો ઠેરાવ કર્યો જે, "આપણે બેય જણે એક હારે દેહ મૂકીને મહારાજના ધામમાં જાવું." પછી તેને કેટલાક દિવસ ગયા ને મહારાજ પણ સ્વધામ પધાર્યા. ત્યારે નાથા ખાચર પ્રથમ માંદા થયા, તે દેહ મૂકે તેવા થયા.

પછી માણસિયો નાથા ખાચરને જોવા આવ્યો. તે નાથા ખાચરનો દેહ છૂટી જાય તેવા જોઈને માણસિયો બોલ્યા જે, "નાથા ખાચર, આપણે બેય જણે હારે દેહ મૂકવાનો ઠેરાવ મહારાજના હજૂરમાં કર્યો હતો ને

તમે તો તૈયાર થયા ને હું તો પડ્યો રહ્યો, એમ કેમ થઈ ગયું ?" એમ કહીને માણસિયાની આંખમાં આંસુ આવી ગયાં.

ત્યારે નાથા ખાચર બોલ્યા જે, "એ વાતમાં કાંઈ આપણું જોર છે? જેમ મહારાજે ધાર્યું હશે તેમ કરશે." પછી માણસિયો નાથા ખાચરને જોઈને પોતાને ઘેર આવ્યો ત્યારે માણસિયાને ઉપરાઉપર બગાસાં આવવા માંડ્યાં. તે ખાટલો ઢાળીને સૂતો, ત્યાં તો મહારાજનાં દર્શન થયાં ને સંતનાં દર્શન થયાં. ને મહારાજ બોલ્યા જે, "હવે ચાલો, આજ નાથા ખાચરને અને તમને બેયને તેડવા આવ્યા છીએ." અને નાથા ખાચરને પણ મહારાજનાં દર્શન થયાં ને તેમની પાસે મહારાજ બોલ્યા જે, "આજ તમને અને માણસિયાને એ બેયને તેડવા આવ્યા છીએ."

પછી નાથા ખાચરે માણસિયા પાસે માણસ મોકલ્યું ને પુછાવ્યું જે, "મહારાજ મને તેડવા આવ્યા છે ને કહે છે જે, 'માણસિયાને પણ તેડવા આવ્યા છીએ' તે તારે મહારાજનાં દર્શન થાય છે ?" ત્યારે માણસિયે એ માણસને કહ્યું જે, "મહારાજ તો ક્યારનાય મને તેડવા આવ્યા છે, હવે ચાલો."

પછી તે બેય જણે એક ઘડીએ એક પળે દેહ મૂક્યો ને મહારાજનાં ઘણા જણને દર્શન થયાં ને ગામમાં બહુ સુગંધીદાર ફોરમ નીકળી. તે સુગંધને જોઈને માણસ આશ્ચર્ય પામી ગયા. પછી એ બેય જણને એક ચિતા ખડકીને અગ્નિસંસ્કાર કર્યો. એવી રીતે એ બેય જણે દેહ મૂકી દીધો. એવો શ્રીજીમહારાજનો પ્રતાપ જોઈને ગામનું માણસ ઘણું આશ્ચર્ય પામી ગયું. એ બેયના સંકલ્પ મહારાજે સત્ય કર્યા. એ વાત પૂરી થઈ. ॥૨૦॥



વાત - ૨૧

લીંબલીનાં મૂળજી શેઠ તથા સગરામને શ્રીહરિએ રસ્તો બતાવ્યો

એક દિવસ મહારાજ **કરિયાણે** હતા, ત્યાં લીંબલીવાળા મૂળજી શેઠ ને સગરામ, એ બે જણ દર્શને જાતા હતા. તે જાતાં જાતાં ડુંગરની ગાળિયોમાં(ડુંગરો વચ્ચેના સાંકડા રસ્તાઓમાં) મારગ ભૂલી ગયા. તે કોઈ દિશે મારગ જડે નહીં ને અસુર(અંધારું) પણ થાતું જાય, તેથી ઘણું મૂંઝાણા. ત્યારે મહારાજે ભરવાડના જેવો વેશ કરી, કાળા છેડાનું ધોતિયું માથે બાંધી, કાંબળો ખભે નાંખી, લાંબી ચાંચાળા જોડાં પહેરી, હાથમાં લાકડી લઈ, જુવાન સરીખા થઈ એ મૂળજી શેઠને પડખે નીકળીને 'રામ રામ' કર્યા.

ત્યારે મૂળજી શેઠે પૂછ્યું જે, "તમે કોણ છો ને ક્યાં જાઓ છો ?" ત્યારે કહે જે, "અમે તો ભરવાડ છીએ ને ગાયુંમાં જઈએ છીએ, પણ તમે ક્યાં જાઓ છો ?" ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, "અમે તો કરિયાણામાં સ્વામિનારાયણ છે, તેમને દર્શને જઈએ છીએ." ત્યારે તે ભરવાડ બોલ્યો જે, "હું કરિયાણા ગામમાં થઈને આવું છું ને તમારા સ્વામિનારાયણ કાઠીને ઘેર બેઠા છે, તે મેં ભાળ્યા છે; પણ આ તમારો મારગ નહીં, તમે તો ભૂલા પડ્યા છો ?" ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, "અમને મારગ બતાવો." ત્યારે ભરવાડે કહ્યું જે, "આ ડુંગરોમાં સારો મારગ નથી, તે તમને બતાવીશ તોયે આગળ ભૂલા પડશો. માટે ચાલો, હું તમને મારગ બતાવા ભેગો આવું. ગાયુંમાં જાવું છે, તે પછી મોડો જઈશ."

એમ કહીને ભરવાડ તો ભેગો ચાલ્યો. તે મારગે ચાલ્યો આવે ને મૂળજી શેઠને પૂછતો આવે જે, "તમે સ્વામિનારાયણને ભગવાન કહો છો, તે કાંઈ પરચો દીઠો છે કે કરામત દીઠી છે ? તે શા કારણથી ભગવાન કહો છો ? ને આ કાઠી લોક તો સર્વે એને વશ થઈ ગયા છે." એવી એવી વાતો કરતો આવે ને ભેગો ચાલ્યો આવે. ત્યારે મૂળજી

શેઠે કહ્યું જે, “મને એક કાંટો વાગ્યો છે.” ત્યારે તે ભરવાડ બોલ્યો જે, “લાવો, કાંટો કાઢું. મારી પાસે ચીપિયો સારો છે.”

પછી તેણે મૂળજી શેઠનો કાંટો કાઢ્યો, તે જરાય પણ દુઃખાણો નહીં. ત્યારે મૂળજી શેઠ બોલ્યા જે, “કાંટો તો બહુ આકરો વાગ્યો હતો ને તમે શી રીતે દુઃખાવ્યા વગર કાઢી નાંખ્યો ?” ત્યારે ભરવાડ બોલ્યો જે, “અમે તો વગડામાં રહીએ તે કાંટો કાઢ્યે કસબી હોઈએ.” પછી મૂળજી શેઠે કહ્યું જે, “તરસ લાગી છે, તે આટલામાં ક્યાંઈ પાણી હશે ?” ત્યારે ભરવાડ બોલ્યો જે, “ધારની ઓથે જ પાણી છે. તમે આ ઝાડ હેઠે બેસો હું પાણી લાવી આપું.”

પછી મૂળજી શેઠ ને સગરામ ભક્ત એ ઝાડને છાંયે બેઠા ને ભરવાડ પાણી લાવ્યો, તે એ બેય જણે પીધું. પછી ચાલ્યા તે કરિયાણાનું પાદર આવ્યું. ત્યારે એ ભરવાડે કહ્યું જે, “હવે આ ગામમાં જાઓ ને હું હવે પાછો વળીશ.” ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, “ભાઈ, તમે પાંચ ગાઉ અમારા ભેગા આવ્યા, તે અમારું બહુ કામ કર્યું !” ત્યારે ભરવાડે કહ્યું જે, “તમે ભગત છો તેથી તમારું કામ કર્યું. અમારે કાંઈ જોઈતું નથી.” એમ કહી ‘રામ રામ’ કરીને ભરવાડ પાછો વળ્યો. ને મૂળજી શેઠ ગામ ઉપર(તરફ) ચાલ્યા ને પાછું વળી જોયું ત્યારે એ ભરવાડને દીઠો નહીં.

ત્યારે મૂળજી શેઠ ને સગરામે વિચાર્યું જે, ‘આ ભરવાડ ક્યાં ગયો ?’ પછી પાછા વળીને ભરવાડને ગોતવા માંડ્યો, પણ એ તો ક્યાંઈ હાથ આવ્યો નહીં. પછી એ બેય જણા ગામમાં જઈ એ કાઠીની ઓસરીમાં મહારાજ બેઠા હતા, ત્યાં જઈને દંડવત કરવા માંડ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “આ મૂળજી ને સગરામ આવ્યા.” પછી મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે ખબર પૂછવા માંડી જે, “તમે કયે મારગે થઈને આવ્યા ? ને એ ડુંગરોમાં મારગ તમને કેમ જડ્યો ?”

ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, "એક ભરવાડ મળ્યો, તે તેણે મારગ દેખાડ્યો." ત્યારે મહારાજે કહ્યું જે, "એ ભરવાડ તમારી ભેગો ક્યાં સુધી આવ્યો ? ને પછી ક્યાં ગયો ?" ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, "એ ભરવાડ પાંચ ગાઉ સુધી ભેગો આવ્યો ને પછી પાછો વળ્યા કેડે તો અમે ભાળ્યો નહીં. ને એને ગોત્યો તોય જડ્યો નહીં."

પછી મહારાજ બોલ્યા જે, "એ તો અમે હતા, તે તમને ડુંગરોમાં લૂંટી લેત, તે સારુ આવ્યા હતા. ને તમારો કાંટો કાઢ્યો ને તમને પાણી પાયું, તોય કેમ તમે અમને ઓળખ્યા નહીં ? પાંચ ગાઉ સુધી બીજો ભરવાડ તમારી ભેગો શા સારુ આવે ?" એમ વાત કરીને મહારાજ હસ્યા. પછી સર્વે સભા રાજી થઈ ને મૂળજી શેઠ ને સગરામને મહારાજે રસોઈ કરાવીને રોટલા જમાડ્યા. એ વાત પૂરી થઈ. **॥૨૧॥**



વાત - ૨૨

શ્રીહરિએ મૂળજી શેઠને ચશ્માં વિના દેખતા કર્યા

એક દિવસ મૂળજી શેઠ **ગઢડે** ગયા હતા ને મહારાજને કાગળ લખવો હતો, તે ચશ્માં ચડાવીને કાગળ લખવા બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, "મૂળજી, તું ચશ્માં કેમ નાખે છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "મારે ચશ્માં આવ્યાં છે, તે નાંખ્યા વગર સારું દેખાતું નથી." ત્યારે મહારાજે પોતાને હાથે કરીને ચશ્માં કાઢી લીધાં, ને કહ્યું જે, "હવે કેવું દેખે છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "હવે તો ઝાંખું દેખું છું. ચશ્માં જેવું નથી દેખતો."

પછી વળી પોતાને હાથે ચશ્માં નાંખીને પૂછ્યું જે, "હવે કેવું દેખે છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "હે મહારાજ ! હવે તો બહુ ઝાંખું દેખું છું." ત્યારે વળી મહારાજે પોતાને હાથે ચશ્માં તાણી લઈને પૂછ્યું જે,

"હવે કેવું દેખે છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "હે મહારાજ ! હવે તો બહુ સારું દેખું છું."

ત્યારે મહારાજે કહ્યું જે, "હવે કોઈ દિવસ ચશ્માં નાંખીશ નહીં. આવું સારું ને સારું દેખાશે." એમ કહીને ચશ્માં પોતાના ગાદલા હેઠે મેલ્યાં. તે મૂળજી શેઠની નેવું વરસની અવસ્થા થઈ, પણ છેટેથી અક્ષર વાંચે એવી ને એવી આંખો તેજાળી રહી. એવી રીતે મહારાજે પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૨૨॥



વાત - ૨૩

મૂળજી શેઠનો દીકરો ધામમાં ગયો

એક દિવસ મૂળજી શેઠ **શ્રીગઢડે** મહારાજને દર્શને ગયા હતા. ને તેમને એક જ દીકરો હતો તે ઘેર માંદો થયો. પછી મૂળજી શેઠને તેડવા સારુ લીંબલીએથી ગઢડે માણસ મોકલ્યું. પછી મૂળજી શેઠે મહારાજ અક્ષરઓરડીમાં હતા, ત્યાં જઈને વાત કરી જે, "ઘેર મારો દીકરો માંદો થયો છે, તે સારુ મને તેડવા ઘેરથી માણસ આવ્યું છે. માટે મારે જાવું પડે તેમ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "કેવોક મંદવાડ છે ?" ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, "મંદવાડ તો બહુ છે." ત્યારે મહારાજ કહે, "જાઓ, દીકરાને સુવાણ થાય ત્યારે અમને સંદેશો કહાવજો."

પછી મૂળજી શેઠ મહારાજને પગે લાગીને ચાલ્યા, તે અક્ષરઓરડીની બારલી ખડકીએ આવ્યા. ત્યારે મહારાજે સાદ કરીને પાછા બોલાવીને કહ્યું જે, "તારે એક જ દીકરો છે ને તે દેહ મૂકે તો તને કેવો ઉદ્વેગ થાય ?" ત્યારે મૂળજી શેઠ કહે, "મારે કાંઈ ઉદ્વેગ થાય નહીં." ત્યારે મહારાજ કહે, "દીકરો દેહ મૂકે ને ઉદ્વેગ કેમ ન થાય ?" ત્યારે મૂળજી શેઠ કહે, "દીકરો દેહ મૂકીને તમારા ધામમાં જાય, માટે ઉદ્વેગ ન થાય."

ત્યારે મહારાજ કહે, “એ તમારા દીકરા તો અમારા સાધુ હતા, તે અમે અમારા ધામમાં મોકલ્યા. હવે તમારે ઘેર જાવું હોય તો જાઓ.” પછી મૂળજી શેઠ કહે, “હવે મારે ઘેર જાવું નથી.” એમ કહીને ઘેલામાં નાહી આવ્યા. પછી જે માણસ તેડવા આવ્યું હતું તેને રજા દીધી. એ વાત પૂરી થઈ. ॥૨૩॥



વાત - ૨૪

મૂળજી શેઠનાં પત્નીનો અંધાપો મટાડ્યો

એકવાર શ્રીજીમહારાજ **લીંબલીએ** મૂળજી શેઠને ઘેર પધાર્યા. ને ભેગા ભગુજી, સુરા ખાચર, સોમલા ખાચર વિગેરે પણ હતા. તે મૂળજીભાઈના ફળીમાં ઢોલિયા ઉપર બેસીને મહારાજ દાતણ કરતા હતા ને મૂળજીભાઈની દીકરીઓ મહારાજ સારુ રસોઈ કરતી હતી. ને મૂળજીભાઈની વહુ (લાધીબાઈ) આંખ્યે આંધળાં હતાં, તે પાણીનો કળશિયો લેવા ઘરમાંથી બારા નીકળ્યા.

તેને દેખીને મહારાજ બોલ્યા જે, “મૂળજી, આ વહુ કેદી આંધળી થઈ છે ?” ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, “એ તો બે વરસ થયાં આંધળી થઈ છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ તો બહુ ખોટું થયું ! બાઈ માણસના દેહને પોતાની દેહક્રિયા કરવી, તે આંખો વિના બહુ કઠણ પડે.”

ત્યારે મૂળજી શેઠ બોલ્યા જે, “હે મહારાજ ! એ કાંઈ અમારા હાથમાં છે ? જેમ ભગવાનની મરજી હશે, તેમ કર્યું હશે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “કંઈક પગડંડા(હરાય ફરાય તેવું) થાય તો સારું.” પછી એ વહુ ઘરમાં હતાં, તેણે દેખવા માંડ્યું. ત્યારે મૂળજી શેઠને બોલાવીને કહ્યું જે, “હું તો આ સર્વે ભાળું છું.” ત્યારે મૂળજી શેઠે આવીને મહારાજને કહ્યું જે, “આ મારી ઘરવાળી તો સર્વ દેખે છે.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “એ તો જીવશે ત્યાં સુધી દેખશે.” પછી બાઈ ઘણાં વૃદ્ધ થયાં ત્યાં સુધી આંખ્યે દીઠું. એવી રીતે મૂળજીભાઈની વહુનો અંધાપો મટાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૨૪॥



વાત - ૨૫

મૂળજી શેઠનું બરછીનું દુઃખ કાંટે મટાડ્યું

એકવાર મૂળજી શેઠ **લીંબલીએથી** મહારાજને દર્શને જાતા હતા. તે પાંચ ગાઉ ગયા ત્યાં પગમાં શૂળ વાગી, તે ચલાય તેવું ન રહ્યું. પછી ત્યાંથી ગાડે બેસીને પાછા ઘેર આવ્યા. પછી તે પગ પંદર દિવસે સારો થયો. પછી પાછા મહારાજનાં દર્શન કરવા ગયા. તે મૂળજી શેઠને દેખીને મહારાજ બોલ્યા જે, “મૂળજી, તને કેવી શૂળ વાગી હતી ?”

ત્યારે મૂળજી શેઠ કહે, “શૂળ તો ઘણી આકરી વાગી હતી.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તું મારે દર્શને આવતો હતો ને તને શૂળ વાગી તેનું કંઈ કારણ સમજાય છે ?” ત્યારે મૂળજી શેઠ બોલ્યા જે, “બીજું કારણ તો કાંઈ સમજાતું નથી, પણ ભગવાન કરતા હશે તે સારું કરતા હશે, એમ તો જણાય છે.”

પછી મહારાજ બોલ્યા જે, “તારા કપાળમાં બરછી ખાવી એવું લખેલ હતું, તે મટાડીને અમે શૂળ વગાડીને એ વિઘ્ન મટાડ્યું. મૂળી પરમારના બહારવટિયાના સ્વાર આગળ હતા. તે તને બરછી મારત. તે સારુ શૂળ વગાડીને પાછો વાળ્યો હતો.” ત્યારે મૂળજી શેઠ બોલ્યા જે, “હે મહારાજ ! બાળકની રક્ષા તેની માતા કરે છે, તેમ તમે મારી રક્ષા કરી.” એ વાત પૂરી થઈ. ॥૨૫॥



વાત - ૨૬

મેમકામાં સમાધિ પ્રકરણ

એકવાર ઓગણસાઠની સાલમાં શ્રીજીમહારાજ **કારિયાણીએ** હતા. ત્યાંથી મૂળજી શેઠ **મેમકે** તેડી લાવ્યા. તે ટાણે મેમકામાં ચાર જણ મહારાજના આશ્રિત સત્સંગી હતા. તેમાં એક મૂળજી શેઠ ને એક ગુર્જર સુતાર હંસરાજ ને એક કણબી સામો અગાલો ને એક કણબી સામો કણસાગરો; એ ચાર જણ સત્સંગી હતા. ને બીજું સર્વે ગામ તો અવિદ્યાવાળું હતું. ને તે દિવસે સમાધિનું પ્રકરણ ઘણું હતું, તે જે મહારાજ પાસે આવે તેને સમાધિ થઈ જાય. તેની બીકે કોઈ મહારાજ પાસે આવતું નહિ ને જે કોઈ આવી જાય તેને સમાધિ થઈ જાય.

તે દશ-વીશ માણસ તો સમાધિ થયેલ ખડકી મૂક્યા હોય ને તેને સમાધિમાંથી જ્યારે જગાડે ત્યારે તે ભગવાનના મોટા મોટા ધામની વાતો કરે. અને તે દિવસે મહારાજ મીઢી આવળ જમતા ને રોટલા ને મરચાં જમતા, એવું પ્રકરણ હતું. ને મુક્તાનંદસ્વામી, ભોજોભાઈ, માંચો ભક્ત વિગેરે સાત-આઠ માણસ ભેગું હતું. અને પૂર્ણાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી તથા નરોનારાયણાનંદસ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી આદિ એ મેથાણ, રામગરી વિગેરે ગામોમાં તે દિવસ કણબી પટેલિયા હતા. તેમણે પણ એ મેમકામાં આવીને પ્રથમ મહારાજનાં દર્શન કર્યાં. પછી ત્રણ દિવસ રહીને મહારાજ પધાર્યા.

✳ મેમકાના ચાર ભક્તોને મહા સંકટથી બચાવ્યા :

ત્યારે એ **મેમકાના** ચાર જણ ભક્ત હતા, તે મહારાજને વળોટાવા સારુ ગાઉ એક ગયા. પછી મહારાજે તેમને ઊભા રાખીને કહ્યું જે, “અમારું એક વચન માનશો ?” ત્યારે તે ચાર જણે કહ્યું જે, “હા મહારાજ, જેમ તમે કહેશો તેમ કરશું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે ચાર જણ આ ગામમાં રહેશો નહીં. વીશ દિવસની માંયલી કોર

તમારો સર્વે માલ લઈ ઉચાળા ભરીને જાજો.” ત્યારે એ ચાર ભક્તે કહ્યું જે, “હે મહારાજ ! અમે ક્યાં જાઈએ ?”

ત્યારે મહારાજ કહે, “જ્યાં તમારે સાનુકૂળ પડે ત્યાં જાજો, પણ આ ગામમાં રહેશો નહીં; તેના અમારા પગ ઝાલીને સમ ખાઓ.” ત્યાર પછી એ ચાર જણે મહારાજના ચરણારવિંદ ઝાલીને સમ ખાધા. પછી મહારાજ તો પધાર્યા ને એ ચાર જણે વિચાર કર્યો જે, ‘મહારાજે આપણને સમ ખવરાવ્યા છે, તે આપણે વીસ દિવસની માંયલી કોર જાવું. એકવીસમો દિવસ રહ્યાની મહારાજે ના પાડી છે, તે તેમ જ કરવું.’

પછી એ ચાર જણે ઉચાળા ભર્યા. તે **મૂળજી** શેઠ લીંબલીએ ગયા ને **હંસરાજ** સુતાર ખોલડિયાદ ગયા ને બે **સામા** પટેલ ચાણપર ગયા. તે પંદર દિવસમાં સર્વે પોતાનો માલ લઈને જાતા રહ્યા. પછી એકવીશમો દિવસ આવ્યો ત્યારે ગાયકવાડ સરકારની ફોજ લઈને બાવોજી આવ્યો. તે વઢવાણ દરબાર સાથે લડાઈ કરવા સારુ આવેલ. તે તેણે મેમકે પડાવ કર્યો ને પછી પૂછ્યું જે, “આ ગામ કેનું છે ?” ત્યારે વઢવાણનું છે, એવું સાંભળીને ગામને લૂંટી લીધું. ને પછી બાળી દીધું, તે સર્વે ગામના માણસોને મોટું નુકશાન થયું. ને પ્રથમ એ ચાર જણ ગામમાંથી ગયા હતા, તેનું સર્વે આબાદ રહ્યું. એવી રીતે એ મૂળજી શેઠ વિગેરેની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. ॥૨૬॥



વાત - ૨૭

કરિયાણામાં નરનારાયણ તથા દેવો-ઋષિઓ દર્શને આવ્યા

એક દિવસ મૂળજી શેઠ **કરિયાણે** મહારાજનાં દર્શન કરવા ગયા હતા. મહારાજે કાળુભાર નદીને કાંઠે સભા કરી હતી. તે સભામાં મોટા મોટા સંત તથા હરિભક્ત બેઠા હતા. તે એક તરફ સાંખ્યજોગી

ને કર્મજોગી બાઈઓ પણ બેઠી હતી, ને મહારાજ વાતો કરતા હતા. સર્વે સભા એકાગ્રચિત્ત કરીને સાંભળતી હતી. તે વાતો કરતાં કરતાં મહારાજ ઊંચી દષ્ટિ કરીને એક નજરે ઘણીકવાર સુધી જોઈ રહ્યા. પછી નેત્ર ફેરવી માથું ડોલાવીને વળી વાતો કરવા માંડી. તે મહારાજે ચિહ્ન કર્યું, તેને સર્વે સભાએ દેખ્યું, પણ કોઈથી પુછાણું નહીં. પછી ઘણીવાર સુધી સભા રહી ત્યારે મહારાજે સૌને ઊઠવાની આજ્ઞા કરી. તે સર્વે ઊઠીને પોતપોતાને આસને ગયા, ને મહારાજ પણ પોતાને પોઢી રહેવાને ઓરડે ગયા.

અને રાત્રીના દશ બજ્યાની વખત હતી. તે ટાણે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા મૂળજી શેઠ આદિક થોડાક ભક્તજન મહારાજ પાસે બેઠા હતા. તે ટાણે રાજબાઈ તથા જીવુબાઈ તથા લાડુબાઈ આદિ થોડીક બાઈઓ મહારાજને દર્શને આવતા હતાં, પણ સંતને બેઠેલા ભાળીને સૌ (છેટે) ઊભા રહ્યાં. ને એક ભાઈ પાસે મહારાજને કહેવરાવ્યું જે, “ડોસીઓને દર્શન કરવા આવવું છે.” ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામી આદિ સૌને કહ્યું જે, “તમે ઊઠો, ડોસીઓને દર્શને આવવું છે.” ત્યારે એ સર્વે ઊઠી ગયા, ને મૂળજી શેઠ તો મહારાજના ઢોલિયાના થડમાં આડે પડખે થયા હતા, તે બેસી રહ્યા.

પછી એ સર્વે ડોસીઓ આવી મહારાજને પગે લાગી ને સૌ બેઠાં. ત્યારે રાજબાઈએ હાથ જોડીને મહારાજને કહ્યું જે, “તમારી મરજી હોય તો એક વાત પૂછવી છે, તે પૂછીએ ?” ત્યારે મહારાજ કહે, “પૂછો.” ત્યારે રાજબાઈ બોલ્યાં જે, “હે મહારાજ ! એ સભામાં તમે બેઠા હતા, તે ઊંચી દષ્ટિ કરીને ઘણીવાર સુધી જોઈ રહ્યા ને નેત્ર ફેરવીને માથું ડોલાવ્યું, તે એ ચિહ્ન તમે શું કર્યું ?”

ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારે દર્શને નરનારાયણ આવ્યા હતા, અને બ્રહ્મા, શિવ ને વિષ્ણુ પણ આવ્યા હતા. નારદ, સનકાદિક

આદિ મોટા મોટા ઘણાક ઋષિ પણ હતા. તે તમને તો થોડીક વખત રહ્યા એમ જણાણું, પણ એ તો ઘણા કાળ રહ્યા અને અમે નેત્ર ફેરવ્યાં તે ઘણા બ્રહ્માંડોના ઈશ્વરને ફેરવી નાંખ્યા. પછી અમારી આજ્ઞા લઈને એ સૌ પોતપોતાને સ્થાનકે ગયા." એમ મહારાજે એ ડોસીઓ પાસે વાત કરી.

✳ વ્યાપકાનંદસ્વામીએ મૂળજી શેઠના સંકલ્પો કહ્યા :

પછી સર્વે ડોસીઓ મહારાજની આજ્ઞા લઈને ઊઠી નીકળી, ને મૂળજી શેઠે એ સર્વે વાત સાંભળી ને એના એ ઠેકાણે રાત્રીએ સૂઈ રહ્યા. પછી સવારમાં ઊઠીને નાવા ગયા. તે દાડીદાડી તો બીજે આરે નાવા જાતા, ને તે દિવસ તો જે આરે વ્યાપકાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી આદિક મોટા સમાધિનિષ્ઠ સંત નાતા, તે આરે રાત્રીએ થયેલી વાત તેમને પૂછવાનો મનસૂબો ધારીને ગયા.

પછી મૂળજી શેઠને દેખીને વ્યાપકાનંદસ્વામી બોલ્યા જે, "મૂળજીભાઈ, તમે તો દાડી બીજે આરે નાવા જાઓ છો, ને આજ આંહીં કેમ આવ્યા ?" ત્યારે મૂળજી શેઠ કહે, "આજ તો તમારાં દર્શન કરવા આણીકોર આવ્યો." ત્યારે વ્યાપકાનંદસ્વામી બોલ્યા જે, "દર્શન કરવા ને પ્રશ્ન પૂછવા, એ બેય કામે આવ્યા છો ? તે તમે તો મહારાજના ઢોલિયાના થડમાં સૂતાં સૂતાં એ સર્વે વાત સાંભળતા હતા, ને વળી અમને પૂછવા આવ્યા છો. તે વાણિયા તો બહુ ડાહ્યા હોય, તે સર્વે વાતની ચોકસી(ખાત્રી) કરે; માટે અમને પણ પૂછવા આવ્યા છો." ત્યારે મૂળજી શેઠ કહે, "હા મહારાજ ! તમને પૂછવા આવ્યો છું. તે મહારાજે એ સભામાં શું ચિહ્ન કર્યું ? તેની કૃપા કરીને વાત કહો."

ત્યારે વ્યાપકાનંદસ્વામી બોલ્યા જે, "નરનારાયણ આવ્યા હતા. બ્રહ્મા, શિવ ને વિષ્ણુ પણ આવ્યા હતા ને નારદ, સનકાદિક આદિ ઘણા મુક્ત આવ્યા હતા. તે આંહીં તો થોડો વખત રહ્યા

એમ જણાણું, પણ એ સર્વે તો ઘણા કાળ સુધી રહ્યા. ને મહારાજે ઘણા બ્રહ્માંડોના અધિષ્ઠાતાને ફેરવી નાંખ્યા.” એ આદિ જે જે વાત મહારાજે રાત્રીએ કહી હતી, તે જ પ્રમાણે વ્યાપકાનંદસ્વામીએ મૂળજીભાઈને કરી. તે સાંભળીને મહારાજને સર્વોપરી જાણ્યા. એ વાત પૂરી થઈ. ॥૨૭॥



વાત - ૨૮

શ્રીહરિ ગઢડાથી રિસાઈને ચાલ્યા ને મેથાણથી પાછા આવ્યા

એકવાર ઓગણાતેરાની સાલમાં મહારાજ **ગઢડે** રિસાઈને એમ બોલ્યા જે, “હવે અમે આંહીં નહિ રહીએ. અમે અમારા હિંદુસ્તાનમાં જાઈશું.” એમ કહીને ચાલી નીસર્યા. તેની ખબર લીંબલીએ મૂળજી શેઠને આવી, તે ઘણા ઉદાસ થઈ ગયા. ને વળી એમ સાંભળ્યું જે, ‘(મહારાજ) આજ મેથાણ રહેશે ને કાલ ત્યાંથી ચાલી નીસરશે.’ વળી કાળ વરસ, તે માણસને મારી નાંખે એવો દેશકાળ, તે એકલા જવાય તેવું પણ નહીં. પછી એક જતને બોલાવી લીધો, ને એક સગરામો ને એક પોતે એમ ત્રણ જણ સવારમાં ચાલ્યા, તે તેદી ને તેદી મેથાણ પહોંચવું, એવો વિચાર કરીને ચાલ્યા.

અને ગઢડેથી જે દિવસે મહારાજ નીકળેલા તે ને તે જ દિવસથી ડોસીઓએ એમ નીમ લીધેલાં જે, ‘મહારાજનાં દર્શન થાય ત્યારે અન્ન પાણી લેવું.’ પછી તે ખબર લઈને નાજા જોગિયાએ મેથાણ જઈને મહારાજ પાસે વાત કરી જે, “હે મહારાજ ! તમે ગઢડે નહિ પધારો, તો ડોસીઓ દેહ મૂકી દેશે.” એવું સાંભળીને મહારાજ મેથાણથી ગઢડે જાવા સારુ ચાલ્યા, તે એમ કહેતા ગયા જે, ‘મૂળજીને ઘેર લીંબલીમાં રોટલા જમશું.’

પછી તો મૂળજી શેઠ મેથાણ ગયા, ત્યારે સાંભળ્યું જે, 'મહારાજ તો ગયા, તે ચાર ગાઉ પહોંચ્યા હશે, ને વળી એમ કહેતા જે, આજ મૂળજીને ઘેર જાશું.' એવી વાત સાંભળીને મૂળજી શેઠ ઘણા ઉદાસ થઈ ગયા જે, 'મારે ને મહારાજને ચાર ગાઉનું છેટું થયું. ને હું પણ થાકી રહ્યો છું, ને મહારાજ મારે ઘેર જાશે, તે કોઈ મહારાજની સરભરા કરે તેવું માણસ પણ મારા ઘરમાં નથી.' એવું ધારીને પાછા વળીને ઘર ઉપર(તરફ) ચાલ્યા.

તે આગળ મહારાજ ચાલ્યા જાય ને વાંસે ચાર ગાઉને છેટે મૂળજી શેઠ ચાલ્યા આવે. તે ચાલતે ચાલતે મહારાજ લીંબલીથી અરધે ગાઉ રહ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને તો નીંદર બહુ આવે છે." ત્યારે નાજે જોગિયે કહ્યું જે, "મૂળજીભાઈનું ઘર ઢૂંકડું છે, તે ત્યાં જઈને પોઢી જાજો." ત્યારે મહારાજ કહે, "અમને તો ડોલાં આવે છે, તે ઘોડેથી પડી જવાય તેમ થાય છે. માટે અમે તો આંહીં સૂઈ જાશું." એમ કહીને ઘોડેથી હેઠા ઊતર્યા, ને નાજે જોગિયે આસન કરી દીધું તે પોઢી ગયા.

પછી મૂળજી શેઠ વાંસે ચાર ગાઉને છેટે આવતા હતા, તેમણે એમ વિચાર્યું જે, 'મહારાજ લીંબલીમાં જઈને પૂછશે, ત્યારે મૂળજી ઘેર નથી એવું સાંભળીને ચાલી નીસરશે.' એવો વિચાર કરતા આવે ને ઉદાસ થઈને ચાલતા આવે. એમ કરતાં મહારાજથી થોડેક છેટે રહ્યા, તે એમનો બોલાશ(અવાજ) સાંભળીને મહારાજના પાળા બોલ્યા જે, "એ કોણ આવે છે? છેટે નીકળજો, નીકર ગોળીએ મારશું." એવું સાંભળીને મહારાજ ઘણા ઉતાવળા બોલ્યા જે, "જોજો ઘા કરતા નહીં, એ તો મૂળજી તમારી વાંસે દોડ્યા આવે છે." તેમ મહારાજ ઉતાવળું બોલ્યા.

તે સાદ મૂળજી શેઠે સાંભળીને કહ્યું જે, "એ મહારાજનો સાદ છે." પછી મૂળજી શેઠ આવીને મહારાજને પગે લાગ્યા. પછી

મહારાજ કહે, "હવે ચાલો." ત્યારે નાજે જોગિયે કહ્યું જે, "આટલા સારુ જ નીંદર આવતી હતી કે ?" પછી મહારાજ મૂળજીભાઈને ઘેરે પધાર્યા. એ વાત પૂરી થઈ. ॥૨૮॥



વાત - ૨૯

ડભાણ યજ્ઞમાં હજારો રૂપિયા દક્ષિણામાં આપ્યા છતાં વધ્યા

શ્રીજીમહારાજે જે દિવસે ગામ **ડભાણમાં** જગન કર્યો, ત્યારે મહારાજ પાસે ભેટના રૂપિયા આવ્યા હતા. ત્યારે તેમાંથી સોળ હજાર રૂપિયા ગણીને મૂળજી શેઠે પટારામાં મૂક્યા હતા. પછી જ્યારે એ જગન પૂરો થયો ને બ્રાહ્મણ ચાલ્યા, ત્યારે મહારાજે મૂળજી શેઠને કહ્યું જે, "એ રૂપિયા લાવો, બ્રાહ્મણને દક્ષિણા દેવી છે." ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, "એ રૂપિયા તો જગન કરવા જે જણસો લીધી છે, તેના નામામાં દેવા છે." ત્યારે મહારાજ કહે, "નામામાં રૂપિયા તો પછી અપાશે, પણ આ બ્રાહ્મણ તો અત્યારે ચાલવા તૈયાર થયા છે, માટે આ ચાલે નહીં." પછી મૂળજી શેઠે રૂપિયા લાવી લાવીને મહારાજને આપવા માંડ્યા. ને મહારાજે બ્રાહ્મણોને દેવા માંડ્યા. તે દેતાં દેતાં રૂપિયા બસેને આશરે પટારામાં રહ્યા, પછી બ્રાહ્મણ ચાલ્યા.

પછી મૂળજી શેઠે મહારાજને કહ્યું જે, "તમે તો સર્વે રૂપિયા આપી દીધા, હવે નામામાં શું આપશું ?" ત્યારે મહારાજ કહે, "હવે કેટલા રૂપિયા રહ્યા છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "બસેને આશરે હશે." ત્યારે મહારાજ કહે, "તેં એ રૂપિયા ગણ્યા છે ?" ત્યારે મૂળજીભાઈ કહે, "ગણ્યા તો નથી."

ત્યારે મહારાજ કહે, "ગણ તો ખરો." પછી પટારાનાં તાળાં ઉઘાડીને મૂળજીભાઈએ જોયું, ત્યારે રૂપિયા તો ઘણા દેખ્યા. પછી ગણવા

માંડ્યા તે સોળ હજાર રૂપિયા થયા. ત્યારે મૂળજીભાઈએ મહારાજને કહ્યું જે, "રૂપિયા તો જેટલા મેં પ્રથમ ગણીને ભર્યા હતા, તેટલા ને તેટલા છે." પછી મહારાજ હસીને બોલ્યા જે, "આપણે આ જગન કર્યો તેનું પુન્ય થયું, તે આપણા રૂપિયા ખૂટે નહીં." એવી રીતે મહારાજે મૂળજી શેઠને પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૨૯॥



વાત - ૩૦

ડભાણ યજ્ઞમાં શ્રીહરિએ ઘી અખૂટ કર્યું

અને વળી એ જ **ડભાણના** મહારુદ્રમાં એકવાર ઘી ખૂટ્યું. ને મંગાવ્યું હતું, તે આવી પહોંચ્યું નહીં. ને બ્રાહ્મણના સમજવામાં આવ્યું જે, 'ઘી નથી. માટે આજે જગન બગાડવો ને મહારાજની લાજ લેવી.' એવું વિચારીને સર્વે દુષ્ટ બ્રાહ્મણ સવારથી સીધાની તાકીદ(ઉતાવળ) કરીને એકદમ એ સર્વે બ્રાહ્મણ આવ્યા. ને 'સીધું લાવો, સીધું લાવો' એમ તાકીદ કરવા માંડી. ને તોછડું તોછડું બોલવા માંડ્યું જે, "ત્રેવડ નહોતી ત્યારે આવડું મોટું કામ શા સારુ કરવું હતું ?" એમ આંખો ફેરવી ફેરવીને તાણીતાણીને બોલવા માંડ્યું. ત્યારે એ જગનનાં સીધાં આપવામાં મૂળજી શેઠ ઉપરી હતા તેમણે જાણ્યું જે, "ઘી નથી ને લેવા ગયા છે, તે પણ આવ્યું નહીં. ને આજ બ્રાહ્મણ અવળિયે(અવળાઈ કરવા) આવ્યા છે, તે બે ઘડીમાં લાજ લેશે."

એવું ધારીને ઉતાવળા મહારાજ જ્યાં સભામાં મંચ ઉપર બિરાજતા હતા ત્યાં ગયા. ને મહારાજને કહે, "એક વાત કરવી છે." ત્યારે મહારાજ કહે, "કહો." ત્યારે મૂળજી શેઠ કહે, "સભામાં કહેવાય એવી નથી, તેથી તમે એકકોર પધારો." પછી મહારાજ સભામાંથી ઊઠીને એકકોરે પધાર્યા. ત્યારે મૂળજી શેઠે એ સર્વે વાત કરીને કહ્યું જે,

"બ્રાહ્મણ બે ઘડીમાં 'હુરે..હુરે..' કરશે ને લાજ લેશે." એવું સાંભળીને મહારાજ એ જગનશાળામાં જ્યાં ઘી રહેતું હતું, ત્યાં આવ્યા. ને પૂછ્યું જે, "થોડું ઘણું કાંઈ ઘી છે ?"

ત્યારે મૂળજી શેઠે કહ્યું જે, "આ બે કૂડલાં ઘડમાંચી(ત્રણ-ચાર પાયાવાળી ઘોડી) ઉપર રહ્યાં, તેમાં એક કૂડલાંમાં સવામણને આશરે ઘી છે ને બીજા કૂડલાંમાં અધમણને આશરે ઘી છે, બીજું ઘી નથી." ત્યારે મહારાજ કહે, "એ બે કુડલાંમાંથી દેવા માંડો. ને કોઈ બ્રાહ્મણ કે કોઈ બીજા માણસને આવવા દેશો નહીં. તમે જેટલા ઘીના કામમાં છો, તેટલા આદમી આંહીં રહેજો." એમ કહીને મહારાજ તો પાછા સભામાં જઈને બેઠા.

પછી મોટાં મોટાં પાંચ મણિયાં બબ્બે કૂડલાં લાવીને તે ઘડમાંચી હેઠે રાખીને એ બે ઘીનાં કૂડલાં હતાં, તેને વાંકાં વાળીને એ બે બે કૂડલાંમાં ઘી રેડવા માંડ્યું. તે શેર શેર બબ્બે શેરને આશરે એ ઘીના કૂડલાંમાંથી ઘી નીકળે, ત્યાં તો એ બે બે ઠાલાં કૂડલાં તે મોઢા સુધી ભરાઈ જાય.

પછી તે કુડલાંને બોદલિયું(મોઢે ડાટાં) દઈ દેડવી દેડવીને એ બ્રાહ્મણોને દેવા માંડ્યું. ત્યારે બ્રાહ્મણોએ માંહોમાંહી વાતો કરવા માંડી જે, "ઘી નોતું ને આ ઘી ક્યાંથી કાઢ્યું ?" ત્યારે કેટલાક બ્રાહ્મણ તો એમ બોલ્યા જે, "સ્વામિનારાયણનું તો બેવડે દોરે કામ છે, તે ઘી સંઘરી રાખ્યું હશે." ને કેટલાક બ્રાહ્મણ તો એમ બોલ્યા જે, "તળાવમાંથી પાણી લાવીને તેનું ઘી કરે છે." એમ પરસ્પર વાતો કરવા માંડી ને એમની ઈર્ષા ને અવિદ્યા તે કાંઈ કામ આવી નહીં. ને મહારાજે જગન નિર્વિઘ્ન પૂરો કર્યો. એ વાત પૂરી થઈ. ॥૩૦॥



વાત - ૩૧

લીંબડીના શેઠે બાળકો પાસે મહારાજ ઉપર ધૂડ નખાવી

એકવાર શ્રીજીમહારાજ **લીંબડીના** થડમાં થઈને નીકળ્યા. ત્યારે લીંબડીમાં ઢૂંઢિયા શેઠ વાલા (નામે) હતા, તેણે એમ વિચાર કર્યો જે, 'સ્વામિનારાયણ જો આ ગામમાં આવે તો તેની ઉપર ધૂડની ફાંટું નંખાવવી.' પછી ચાલીસ પચાસ છોકરાં ભેગાં કરી તેમને ધૂડની ફાંટું ભરાવીને દરવાજા બહાર તૈયાર કરી રાખ્યા.

પછી તેની મહારાજને ખબર પડી, ત્યારે મહારાજ કહે, "આપણે લીંબડીમાં ગરશું નહીં, તો આપણા ઉપર શા સારુ ધૂડ નાંખશે ?" એમ કહીને મહારાજ તો દરવાજાના થડમાં થઈને નીકળ્યા. ત્યારે છોકરાંએ મહારાજ ઉપર તો ધૂડ નાંખી નહીં, પણ ફાંટું ભરી મેલી હતી તે ઉડાડી નાંખી. તે ધૂડ ઊડી તેને મહારાજે દેખી.

ને એમ બોલ્યા જે, "બીજે તો દિવાળીનાં ટાણાં છે ને આંહીં તો હોળી જણાય છે." એમ કહીને મહારાજ તો ચાલી નીસર્યા. પછી થોડેક દિવસે એ શેઠ વાલાને દરબારે (હરિસિંહ ઝાલાએ) બેસારી દીધા ને દંડ કર્યો. તેણે કરીને એ સર્વે ભાંગી ગયા(પાયમાલ થઈ ગયા), એવા દુઃખિયા થયા. એવો શ્રીજીમહારાજનો શાપ લાગી ગયો. એ વાત પૂરી થઈ. ॥૩૧॥



વાત - ૩૨

સેવા કરનાર પટેલને શ્રીહરિએ દીકરો આપ્યો

એકવાર શ્રીજીમહારાજ **ગુજરાતમાં** જાતા હતા ને ભેગા કાઠીના સ્વાર પણ હતા. ત્યારે સાંજ પડી ને આગળ ગામ **(લાંઘણોજ)** આવ્યું, તેમાં કોઈ સત્સંગી નહીં. પછી તે ગામને પાદર જઈને

મહારાજે પૂછ્યું જે, "આ ગામમાં ઉતારા કરીએ એવું કોઈ સારું માણસ છે ?" ત્યારે ગામના માણસે કહ્યું જે, "હા મહારાજ, એક પટેલ સારા છે. તે તેમની પટલાઈ તો ઊતરી ગઈ છે, પણ માણસ તમારી ચાકરી કરે એવા છે, માટે ત્યાં ઊતરો." પછી મહારાજ એ પટેલનું ઘર પૂછીને ગયા. ત્યારે એ પટેલે ઘણું સન્માન કરીને ઉતારો કરાવ્યો. ને ઘોડાને ખડ-જોગાણ આપ્યાં ને કંસાર કરીને મહારાજ તથા કાઠીઓને જમાડ્યા.

પછી એ ગામનો એક મોટો પટેલ હતો. તેને ઘેર એક બાવો રાખ્યો હતો. તે બાવાને ભેગો લઈને એ પટેલ જેને ઘેર મહારાજ ઊતર્યા હતા, તે પટેલને ઘેર આવીને બેઠો. પછી એમ બોલ્યો જે, "આ સ્વામિનારાયણ તો ભગવાન કહેવાય છે, તે કંઈક પરચો દેતા હશે ખરા ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તો કાંઈ પરચો દેતા નથી. તમારે પરચો જોતો હશે, તો આ બાવોજી તમને પરચો દેશે." ત્યારે એ પટેલ બોલ્યો જે, "એ તો રુગનાથજી જાણે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો રુગનાથજી કહે છે."

પછી પટેલ તો ઊઠી ગયા. ને મહારાજ તો રાત્રી રહી સવારમાં તૈયાર થઈ ઘોડે અસ્વાર થયા ને બારલીકોરે ઊભા રહીને એ ગામના માણસ ઊભા હતા, તે પાસે એમ બોલ્યા જે, "આ પટેલે અમારી બહુ ચાકરી કરી." ત્યારે ગામનું માણસ બોલ્યું જે, "એ પટેલ તો બહુ સારા છે, પણ પટેલને એક ખોટકો છે." ત્યારે મહારાજ કહે, "શું ખોટકો છે ?" ત્યારે એ માણસે કહ્યું જે, "એમને દીકરો નથી." ત્યારે મહારાજ કહે, "દીકરો થાશે." એમ કહીને મહારાજ પધાર્યા.

પછી થોડેક દાડે જે પટેલે પરચો માગ્યો હતો, તે પટેલની દીકરીને પોતાને ઘેર જે બાવાને રાખ્યો હતો, તે લઈને ભાગી ગયો. એ એને પરચો મળ્યો. અને જે પટેલને ઘેરે મહારાજ ઊતર્યા હતા,

તે પટેલ ને તેમની સ્ત્રીને અવસ્થા તો વધુ થઈ હતી, ને દીકરો થાય તેમ નહોતું, તોપણ મહારાજને વચને કરીને તેમને દીકરો થયો. એ વાત પૂરી થઈ. ॥૩૨॥



વાત - 33

વરતાલના રસ્તે શ્રીહરિએ ગાયોને બોલાવી તેથી દોડી આવી

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** જાતા હતા ને ભેગા કાઠીઓના સ્વાર પણ ઝાઝા હતા. ને વગડામાં પંદર-વીસ ગાયોનાં ટોળાં ચરતાં હતાં. તે ગાયોના ગોવાળ સર્વે ભેગા થઈને તળાવની પાળ ઉપર ઝાડ હેઠે બેઠા હતા, ને ગાયો મોકળી મોકળી ચરતી હતી. તે ગાયોને દેખીને સુરા ખાચરે મહારાજને પૂછ્યું જે, “નંદજીને નવ લાખ ગાયો હતી, એમ કહેવાય છે, ને તે ગાયોના ચારનાર તો શ્રીકૃષ્ણ એક જ હતા. તે એકલાથી એ ગાયો કેમ ચરાય ? કેમ વળાય ? એ શી રીતે થાતું હશે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “ભગવાનને એ કરવું કાંઈ કઠણ નથી.” ત્યારે સુરા ખાચરે કહ્યું જે, “કઠણ કેમ નથી ? એકલાથી ઘણી ગાયોનું એ કામ કેમ બને ? જુઓને, આ ટોળાં ચરે છે, પણ ગોવાળિયા ઘણા છે ત્યારે ચરે છે. માટે એ વાત તો કાંઈ સમજાતી નથી.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “લ્યો, હું તમને એમનું પારખું દેખાડું. તમે સૌ આંહીં ઊભા રહો.” એમ કહીને પોતે જ્યાં એ સર્વે ગોવાતી(ગોવાળિયા) બેઠા હતા, ત્યાં જઈને એમને પૂછ્યું જે, “ગાયો તમારી ચરે છે ?” ત્યારે ગોવાળિયા કહે, “હા, અમારી ગાયો ચરે છે.” ત્યારે મહારાજ કહે, “આ ગાયોને કોઈક વાંભ(ગાયને બોલાવાતો શબ્દ-અવાજ) કરીને લઈ જાય તો જાય કે ન જાય ?” ત્યારે તે ગોવાળિયા કહે, “આ ગાયો તો અમને હળેલી છે, તે અમારા વિના કોઈ ભેગી

જાય નહીં." ત્યારે મહારાજ કહે, "આ તમારી ગાયોને હું વાંભ કરીને લઈ જાઉં છું, તમારે આડું આવવું હોય તો આવો. પછી કહેશો જે, અમને ચેતવ્યા નહીં."

એમ કહીને ગાયોને વાંભ કરીને ઘોડી દોડાવી. ને એ સર્વે ગાયો ઊંચાં પૂછ કરી અને કાન ચડાવીને મહારાજની વાંસે દોડી. તેને સર્વે ગોવાતી આડા આવી લાકડીઓના ઘા કરે, પણ કોઈ ગાય ઊભી રહે નહીં. અતિ ભડકીને જેમ ત્રીઠિયું હોય તેમ ઘોડીની વાંસે દોડી જાય. તે મહારાજ આઘે જઈને ઊભા રહ્યા, ત્યારે એ સર્વે ગાયો મહારાજ ફરતી ફરતી ઊભી રહી. ને એક નજરે મહારાજ સામું જોઈ રહી.

ત્યારે એ ગોવાળિયાઓએ કહ્યું જે, "આ તો કનૈયોલાલ છે, નહીં તો અમારી ગાયો કોઈથી જાય નહીં." પછી મહારાજે સાન કરી, તે સર્વે ગાય પાછી વળી નીકળી. પછી મહારાજ એ કાઠી ભેગા થઈને બોલ્યા જે, "જુઓ, આ અમારી લીધી ગાય સર્વે આવી, તો શ્રીકૃષ્ણ ભગવાનને શું કઠણ પડે ?" એમ વાત કરી. એ વાત પૂરી થઈ. ॥૩૩॥



વાત - ૩૪

કાળ વરસમાં ખોલડિયાદના રૂડા સિંધવના ખેતરમાં વરસાદ

એકવાર શ્રીજીમહારાજ **ખોલડિયાદ** રૂડા સિંધવને ઘેર પધાર્યા. ત્યારે રૂડા ભક્તના ઘરમાં દાણા નહીં ને કાળ વરસ હતું. ત્યારે મહારાજે કહ્યું જે, "તું દાણા લે." ત્યારે રૂડા ભક્ત કહે, "હું શેના દાણા લઉં ? મારા ઘરમાં નાણું નથી." ત્યારે મહારાજ કહે, "ઘરેણું ગાઠું હોય તે વેચીને દાણા લે." ત્યારે રૂડો કહે, "ઘરેણું પણ નથી." ત્યારે મહારાજ કહે, "કોઈના **કઢારે**(ઉછીના) દાણા લે." ત્યારે રૂડો કહે, "મને કોઈ ધીરતું નથી."

ત્યારે મહારાજ કહે, "તારે કેટલા દાણાનો વરો(વપરાશ) છે ?" ત્યારે રૂડો કહે, "પાંચેક કળશીનો(એક કળશી=૨૦ મણ) વરો છે." ત્યારે મહારાજ કહે, "દાણા વગર કેમ કરશો ?" ત્યારે રૂડો કહે, "વહેલા તેડવા આવજો." ત્યારે મહારાજ કહે, "તું નાગડકે આવ, સુરા ખાચર પાસેથી તને વાડી(પાણીવાળો કૂવો હોય તેવી જમીન) અપાવું. તે ઘઉં-જવ થાશે." ત્યારે રૂડો ભક્ત કહે, "અમને નાડોદાને વાડી કરતા આવડે નહીં." ત્યારે મહારાજ કહે, "તમે કેમ નભશો ?" ત્યારે રૂડો કહે, "તમને કહી મેલીએ છીએ જે, વહેલા તેડવા આવજો."

ત્યારે મહારાજ કહે, "તેં કાંઈ મોલ વાવ્યો છે ?" ત્યારે રૂડો કહે, "હા મહારાજ, પચાસ વીઘામાં બાજરો વાવ્યો છે. તે સુકાઈને બાટું(ડૂંડા આવ્યા પહેલા સુકાય જાય તેવો) થઈ ગયો છે. તે અમારી સીમમાં સૌ બાટાં ઉપાડી લે છે, ને મારે પણ આજ બાટું ઉપાડવા જાવું હતું, પણ તમે પધાર્યા તેથી આજ ગયો નહીં." ત્યારે મહારાજ કહે, "એ ખેતર ક્યાં છે ?" ત્યારે રૂડો કહે, "લીંબલીના ગરાસિયાનું છે ને તેની સીમમાં છે."

પછી સવારમાં મહારાજ ચાલ્યા ને ગામનું માણસ વળાવવા સારુ નીકળ્યું ને રૂડો પણ ભેગો ચાલ્યો. તે મારગમાં એક બાટાનું ખેતર આવ્યું. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "આવડો તારો બાજરો છે ?" ત્યારે રૂડો કહે, "હા મહારાજ, એવો ને એવડો છે." ત્યારે મહારાજ કહે, "અમે તારાં ખેતર દેખ્યાં છે. એમાં મેઘ થાય તો બાજરો થાય ?" ત્યારે રૂડો કહે, "મેઘ થાય ને ભગવાનને દેવો હોય તો થાય." એટલી વાત કરી, તે ગામના સર્વે માણસે સાંભળી.

પછી સર્વે માણસને મહારાજે પાછા વાળ્યા ને રૂડાને ભેગો લીધો. તે મારગે રૂડાને વાતો પૂછતા જાય ને રૂડો જવાબ દેતો જાય. તે પાંચ સાત ગાઉ જઈને રૂડાને પાછો વાળ્યો ને મહારાજ પધાર્યા. તે રૂડો ઘેર

આવીને રાત્રીએ સૂઈ રહ્યો ને સવારમાં ઊઠ્યો. ત્યારે એ બાજરાવાળા ખેતરની ખબર આવી જે, 'એ ખેતરમાં પાણી ભર્યું છે.' ત્યારે રૂડો કહે, "કાંઈ વરસાત થયો નથી, તે મારા ખેતરમાં પાણી ક્યાંથી હોય ?" ત્યારે એ જોનારો કહે, "મેં મારી નજરે ભાળ્યું છે, તમે જોઈ આવો."

ત્યારે રૂડો ભક્ત એ ખેતર જોવા સારુ ગયા. ત્યારે એ ખેતર ગૌમુખીને આકારે હતું, તે પાણી પણ એ ખેતર પ્રમાણે દેખ્યું. તે ખેતરના ચારે તરફના જે શેઢા તે કોરા, ને એક ખેતરમાં જ પાણી. એવું દેખીને રૂડાએ ગામમાં આવીને વાત કરી. ત્યારે ગામનું માણસ સર્વે જોવા હલક્યું. તે જોઈ જોઈને એમ કહે જે, "કાલ દને મહારાજ ખેતરનું પૂછતા હતા, તે આ તો મહારાજે વરસાદ કરીને ખેતર ભર્યું છે."

પછી બીજો દિવસ થયો, ત્યાં તો એ બાજરાનાં પાંદડાં લીલાછમ જેવાં થઈ ગયાં. ત્યારે રૂડે ભક્તે જાણ્યું જે, "આ ખેતરમાંથી મહારાજને મને બાજરો દેવો છે." પછી એ ખેતરે ઝૂંપડી બનાવીને રાતદિવસ રૂડે ભક્તે રહેવા માંડ્યું. તે બાજરો તો રોજેરોજ વધતો જાય. એમ કરતાં એ બાજરાને હાથનાં કાંડાં જેવાં બાજરિયાં થયાં.

પછી બાજરો વાઢી ખળામાં નાંખીને બાજરો કાઢ્યો. ત્યારે એ ખેતરનો ધણી ગરાસિયો વજે(ખેતરમાં થયેલ પાકનું અનાજના રૂપમાં લેવાતું મહેસૂલ) લેવા આવ્યો. ત્યારે ગામના માણસે એ ગરાસિયાને કહ્યું જે, "આ બાજરો તો એના સ્વામિનારાયણે આપ્યો છે, માટે તમારે વજે લેવો ઘટતો નથી." ત્યારે દરબારે કહ્યું જે, "આ કાળ વરસનો આવો બાજરો મને ખાવા ક્યાંથી મળે ? માટે થોડોક તો લઈશ." એમ કહીને દરબારે થોડો લીધો. ને રૂડાને પાંચ કળશી પૂરો ઘરમાં થયો. પછી રૂડા ભક્તે એ બાજરો ઘરમાં કોઠીઓ ભરી, ને એક માણું(સાડા ચાર કીલો) બાજરો સારું દરણું કરાવી ગાંઠે બાંધીને ગઢડે ગયો.

ત્યારે મહારાજ લીંબડા હેઠે સભા કરીને બિરાજતા હતા, ને સભા પણ બેઠી હતી. પછી રૂડા ભક્તે એ બાજરાની પોટલી લીંબડા હેઠે ઓટા ઉપર મૂકી ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા, ને સભાને પણ પગે લાગ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "એ પોટલી શેની છે ?" ત્યારે રૂડા ભક્તે પોટલી છોડીને મહારાજ પાસે મૂકી. ત્યારે મહારાજ કહે, "આ બાજરો શેનો ?" ત્યારે રૂડો કહે, "આ બાજરો મારા ખેતરનો." ત્યારે મહારાજ કહે, "તારે કેટલો બાજરો આવ્યો ?" ત્યારે રૂડો કહે, "પાંચ કળશી આવ્યો."

ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "અમે રૂડાને ઘેર ગયા હતા ને એને ખાવા દાણા નહોતા, તે ભગવાને એને દાણા આપ્યા." ત્યારે સ્વામી કહે, "હે મહારાજ ! ભક્તની તો ભગવાન જ ખબર રાખે છે." પછી એ બાજરામાંથી એક મૂઠી મહારાજે ભરી લીધી, ને બે બૂકડા ભરીને પાછી બાજરામાં નાંખી. પછી કહે, "આ પ્રસાદી સભાને વહેંચી આપો." પછી સર્વે સભામાં એ પ્રસાદી વહેંચાણી. એ વાત પૂરી થઈ. ॥૩૪॥



વાત - ૩૫

શ્રીહરિનાં નાક-કાન કાપવા છરી ઘસતો રજપૂત આંધળો થયો

ખોલડિયાદમાં એક ગરાસિયો રજપૂત હતો. તે છરી હાથમાં લઈ ઘસતો ઘસતો બજારમાં નીકળે, ત્યારે ગામના માણસ પૂછે જે, "આ છરીને શું કરશો ?" ત્યારે તે ગરાસિયો એમ કહે જે, "જ્યારે સ્વામિનારાયણ આંહીં આવે ત્યારે મારે એમનાં નાક-કાન કાપવાં છે."

પછી એકવાર શ્રીજીમહારાજ **ખોલડિયાદના** તળાવની પાળે ઊતર્યા, ને સૌ માણસ પાસે બેઠું હતું. ત્યાં તો એ ગરાસિયો નીકળ્યો,

ત્યારે એને દેખીને એ ગામના માણસે મહારાજને વાત કરી જે, "એ ગરાસિયો દાડી દાડી આમ બોલે છે."

ત્યારે મહારાજ કહે, "એને આંહીં બોલાવો." ત્યારે એ ગરસિયાને મહારાજ પાસે લાવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે દાડી દાડી અમારાં નાક-કાન કાપવાનું કહો છો, તે અમારો શો વાંક છે ?" ત્યારે તે ગરાસિયો બોલ્યો જે, "તમને ભગવાન કહે છે, તે મારાથી દીઠું જાતું નથી." ત્યારે મહારાજ કહે, "તમથી દીઠું નહીં જાતું હોય તો હવે નહીં દેખો." એમ મહારાજ જ્યાં બોલ્યા ત્યાં તો એ ગરાસિયે તે જ વખતે આંખે દીઠું નહીં ને આંધળો થયો. તે જીવ્યો ત્યાં સુધી આંધળો રહ્યો. એ વાત પૂરી થઈ. ॥૩૫॥



વાત - ૩૬

શ્રીહરિનો દ્વેષ કરતા જીવા ખાચરના બનેવીને દિવ્યદર્શન

ગામ **સારંગપુરમાં** જીવા ખાચરનો બનેવી(....) એવે નામે કરીને એક કાઠી હતો. તેને શ્રીજીમહારાજ ઉપર ઘણો દ્વેષ હતો. શા માટે ? જે પોતાની સ્ત્રી મહારાજને દર્શને જાય તેને એ ઘણી ના પાડે, પણ તેનું કહેવું તે સ્ત્રી માને નહીં ને દર્શને જાય. તે સારુ તેને મહારાજનો ઘણો અભાવ આવેલો.

પછી એક દિવસ મહારાજ જીવા ખાચરના દરબારમાં નાવા બેઠા, તે કાઠી પણ પાસે બેઠો હતો. પછી મહારાજે નાહીને બીજું કોરું વસ્ત્ર પહેરવા માંડ્યું. ત્યારે તે કાઠીને પોતાનું અંગ દેખાડ્યું, ત્યારે તો પુરુષનું ચિહ્ન પણ નહીં ને સ્ત્રીનું ચિહ્ન પણ નહીં. એવું મહારાજનું અંગ દેખીને તે અતિ આશ્ચર્ય પામ્યો. ને ઊઠીને મહારાજના ચરણારવિંદમાં પડીને એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમે તો સાક્ષાત્કાર ભગવાન છો.

તે હું આટલા દિવસથી જાણતો નહીં ને તમારો અભાવ લેતો, તે હવે આજથી હું તમારો છું. માટે મારો અપરાધ માફ કરો." પછી મહારાજ એની ઉપર રાજી થયા. એ વાત પૂરી થઈ. ॥૩૬॥



વાત - ૩૭

શ્રીહરિએ બુરાનપુરના સંઘની ચોરોથી રક્ષા કરી

એકવાર **બુરાનપુરથી** સંઘ મહારાજને દર્શને આવતો હતો. તે આવતાં આવતાં ઝાડીમાં ચોર મળ્યા, તેમણે સંઘને લૂંટી લીધો. તે સંઘમાં એક ડોસી હતાં, તેમની પાસે એક સોનાની વીંટી હતી. તે વીંટી મહારાજને ભેટ કરવા લાવતા હતાં. તે વીંટી જ્યારે બીજા માણસોને ચોર લૂંટતા હતા, ત્યારે લૂંટાવાની બીકે આડીઅવળી નાંખી દીધી.

પછી મહારાજ કાઠીના સરખો વેશ લઈ, ભેગા ઘણા ઘોડા લઈને એ ઝાડીમાં આવી ચોરને ઝાલી લીધા, ને તે સર્વેનો માલ પાછો અપાવ્યો. અને ડોસીએ તો વીંટી નાંખી દીધેલ, તે જગાનું એંધાણ રહેલ નહીં, તે ગોતવા માંડી પણ હાથ આવી નહીં. પછી એ ચોર તો મહારાજને કરગર્યા, તેથી મૂકી દીધા. ને ઝાડી ઊતર્યા ત્યાં સુધી મહારાજ એ સંઘ ભેગા ચાલ્યા ને પછી અદૃશ્ય થઈ ગયા.

પછી સંઘ તો ગઢડે આવ્યો ને મહારાજની પૂજા કરવા માંડી. તે જે જે ઘરેણાં-વસ્ત્ર મહારાજ સારુ લાવ્યા હતા, તે સર્વે મહારાજને પહેરાવ્યાં. ત્યારે એ ડોસી એક કોરે ઊભાં ઊભાં રોવે. તેને દેખીને મહારાજે પૂછ્યું જે, "એ ડોસી કેમ રોવે છે ?" ત્યારે એ સંઘવાળા લોકોએ મહારાજને વાત કરી જે, "એ ડોસી તમારા સારુ સોનાની વીંટી લાવ્યાં હતાં. તે ઝાડીમાં જ્યારે અમને લૂંટવા માંડ્યા, ત્યારે એ ડોસીએ લૂંટાઈ જવાની બીકે આડીઅવળી નાંખી દીધી. પછી તે ગોતવા

માંડી પણ જડી નહીં. ને હવે આ અમે પૂજા કરીએ છીએ ને એ ડોસી તમને શું પહેરાવે ? તે સારુ રોવે છે."

ત્યારે મહારાજે એ ડોસીને બોલાવીને પોતાના ગાદલા હેઠેથી વીંટી કાઢીને એ ડોસીને આપી. ને કહ્યું જે, "આ વીંટી તમારી છે કે નહીં ?" ત્યારે એ ડોસી કહે, "હા મહારાજ ! એ વીંટી મારી છે." ત્યારે મહારાજ કહે, "હવે રોશો મા, મારી પૂજા કરો." પછી એ ડોસીએ મહારાજને વીંટી પહેરાવીને પૂજા કરી. એ વાત પૂરી થઈ. ॥૩૭॥



વાત - ૩૮

વહેલાલમાં શ્રીહરિ અઢાર ઘેર એક ટકે થાળ જમ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ **વેલાલમાં** પાટીદાર જેસંગભાઈને ઘેરે પધાર્યા હતા. ત્યાંથી ચાલવાની તાકીદ કરી, ત્યારે જેસંગભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! અમારા ભાઈઓનાં અઢાર ઘર છે. એ સર્વે ઘેર થાળ જમ્યા પછી જાવા દેશું." ત્યારે મહારાજે કહ્યું જે, "એ સર્વે ઘેર એક દાડે થાળ કરાવો, અમે સૌને ઘેર થાળ જમશું." ત્યારે જેસંગભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! તમે એ સર્વેને ઘેર કોળિયો કોળિયો જમો, તેમાં અમારો શું દાડો વળે." ત્યારે મહારાજ કહે, "એ સર્વે ઘેર અકેકો લાડુ જમશું. તમે સૌને ઘેર થાળ કરાવો." ત્યારે જેસંગભાઈએ એ અઢાર ઘેર કહેરાવ્યું જે, "થાળ કરો ને ચૂરમા કરાવી ઝાઝું ઘી નાંખીને સાકરના ચાર ચાર લાડવાનો અકેકો થાય એવા મોટા મોટા લાડવા કરાવજો."

પછી તે પ્રમાણે સૌએ કરાવ્યા. ને થાળ તૈયાર થયો ત્યારે મહારાજને જમવા બોલાવ્યા. તે મહારાજ જમવા બેઠા, ત્યારે મોટો એક લાડવો પીરસ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "જેસંગભાઈ, આ મોટા

લાડવા કેમ છે ?" ત્યારે જેસંગભાઈ બોલ્યા જે, "હે મહારાજ! અમે તો પાટીદાર કહેવાઈએ, તે અમારા વેવાર મોટા ને અમારી પાઘડીઓ પણ મોટી, અમારાં ધોતિયાં-અંગરખાં પણ મોટાં ને અમારા લાડવા પણ મોટા."

ત્યારે મહારાજ કહે, "સર્વે ઘેર આવા મોટા લાડવા હશે ?" ત્યારે જેસંગભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! એ તો ભાઈઓનાં કામ, તે કોણ રેહ(ખોટ) ખાય. માટે એ સર્વેએ સરખા લાડવા કરાવ્યા હશે." પછી મહારાજ જે ઘેરે જમવા જાય તે ઘેરે મોટો લાડુ પીરસે, તે મહારાજ જમે; એમ અઢારેય ઘેરે જમ્યા.

પછી સાંજ વખતે મહારાજે જેસંગભાઈની બેન જે વખતબા તેમને કીધું જે, "આજ તો લાડુ જમ્યા તે પેટ ભરાણું નથી. માટે કાંઈક બીજું જમવાનું કરો." પછી એ વખતબાએ પૂડલાં કર્યાં ને મહારાજ જમ્યા. ને ઓડકાર આવ્યા ત્યારે કહે, "હવે પેટ ભરાણું." એવી લીલા જેસંગભાઈને ઘેર કરી. એ વાત પૂરી થઈ. ॥૩૮॥



વાત - ૩૯

પૂતનાએ મારેલાં બે હજાર બાળકોનો શ્રીહરિ દ્વારા મોક્ષ

એકવાર શ્રીજીમહારાજ ઘોડે સ્વાર હતા ને નાજા જોગિયા ભેગા હતા, તે ભાલ દેશમાં નીકળ્યા. તે **ગાંફ** અને **પચ્છમ** વચ્ચે એક મલકા નામે તલાવડી છે, તેની પાળે એક ઝાડ હેઠે મહારાજ પોઢી ગયા. ને નાજા જોગિયા બેઠા, ત્યારે બે હજારને આશરે નાનાં છોકરાં એ પાળ ઉપર દેખાણાં. તેમને જોઈને નાજે જોગિયે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આવડાં નાનાં છોકરાં ઘણાં છે, તે તમે જુવો તો ખરા !" ત્યારે મહારાજ મોઢા ઉપરથી લૂગડું લઈને એ છોકરાં સામું જોયું,

ત્યાં તો હજારો વિમાન આવ્યાં. તે એ છોકરાં સર્વે વિમાનમાં બેસીને દેવલોકમાં ગયાં.

તેને જોઈને નાજે જોગિયે પૂછ્યું જે, "હે મહારાજ ! એ છોકરાં કોણ હતાં ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન જન્મીને મથુરામાં આવ્યા, ત્યારે તેમને ગોતીને મારવા સારુ ઘણાક દૈત્યોને કંસે ગામોગામ મોકલ્યા હતા. તે શ્રીકૃષ્ણને વરાંસે(કારણે) આટલાં છોકરાંને એ દૈત્યોએ મારી નાંખ્યાં હતાં. તે આજ એ સર્વેનો અમે મોક્ષ કર્યો. શા સારુ ? જે એ છોકરાં ભગવાનને વરાંસે મરાણાં હતાં, માટે એ છોકરાંનું કલ્યાણ કર્યું." એમ એ છોકરાંનો મોક્ષ થયો. એ વાત પૂરી થઈ. ॥૩૯॥



વાત - ૪૦

અલૈયા ખાચરે સાથી જેસલાને ધામમાંથી પાછો બોલાવ્યો

એકવાર ગામ **ઝીંઝાવદરમાં** અલૈયા ખાચરનો સાથી જેસલો એવે નામે કરીને હતો. તે સાથી માંદો થયો ને બોલ્યા ચાલ્યા વગર દેહ મૂકી દીધો. તે ટાણે અલૈયા ખાચર વગડામાં ગયા હતા, ઘેરે નહોતા. પછી જેસલાનો દેહ છૂટ્યા પછી ઘેરે આવ્યા, ત્યારે અલૈયા ખાચરનો કાકો હતો તે બોલ્યો જે, "અલૈયા, તું તો એમ કહે છે જે, **'જે સત્સંગી મરે, તે ભગવાનના ધામમાં જાય'** ને આ જેસલો મરી ગયો તે કાંઈ બોલ્યો ચાલ્યો નહીં, ને પૂંઠની વાટે જીવ જાતો રહ્યો. માટે તમે તો સર્વે જૂઠાબોલા છો."

પોતાના કાકાનું એવું વચન સાંભળીને એ અલૈયો રીસ કરીને બોલ્યો જે, "અરે કાકા ! તું મસાણમાં મારા ભેગો ચાલ. વાર લાગશે તો જેસલાનો દેહ બાળી દેશે. પછી એ જેસલાને બોલાવીને તેની પાસે તને કેવરાવું."

પછી અલૈયો ને પોતાનો કાકો એ બેય જણ મસાણમાં ગયા. ત્યાં તો જેસલાને લાકડામાં ખડકેલો ને અગ્નિ મૂકેલ નહીં. પછી તે જેસલાના થડમાં જઈને અલૈયે ઉતાવળે સાદે 'જેસલા...જેસલા...જેસલા...' એમ કહીને ચાર-પાંચ સાદ કર્યા. ત્યારે જેસલો એ લાકડામાંથી બેઠો થઈને બોલ્યો જે, "તમે મને કેમ બરક્યો ? મારે ભગવાનના ધામમાંથી પાછું આવવું પડ્યું."

ત્યારે અલૈયે કહ્યું જે, "આ મારો કાકો માનતો નહોતો, તે સારુ તને બોલાવ્યો." પછી એ જેસલો કહે જે, "હવે સહુ સ્વામિનારાયણના નામની ધૂન કરો." પછી એ સર્વે માણસે ધૂન કરવા માંડી ને જેસલે પણ ધૂન કરવા માંડી. પછી જેસલે દેહ મૂકી દીધો, ને અલૈયાના કાકે વાત સાચી જાણી. એ વાત પૂરી થઈ. ॥૪૦॥



વાત - ૪૧

શ્રીહરિ દ્વારા અંગ્રેજ સાહેબની સાવજથી રક્ષા

એકવાર અંગ્રેજ સાહેબ પોતાના દેશમાં સાવજ મારવા સારુ હાથીની અંબાડીમાં બેસીને નીકળ્યા. તે સાવજ સામો ગોળીનો ઘા કર્યો, તે ઘા ચૂકી ગયા. ત્યારે તે સાવજ એ સાહેબને મારવા સારુ તલપીને(એકદમ ઊછળીને) હાથી ઉપર ચડી ગયો. ત્યારે તે સાહેબને શ્રીજીમહારાજે હાથે ઝાલીને ઊંચા લઈ લીધા ને સાવજથી રક્ષા કરી. પછી તે સાહેબે હાથી ઉપરથી લઈ લેનાર પુરુષને દૃષ્ટિમાં રાખ્યા, પણ ક્યાંય દેખ્યા નહીં.

પછી તે સાહેબ **અમદાવાદ** આવ્યા ને ત્યાંથી દસ હજાર માણસની પલટણ લઈને **ખેડે** આવ્યા. ત્યાં આવીને સર્વે દેશદેશના ભોમિયાને તેડાવ્યા. ને ભીલ, કોળી વિગેરે કાઠી લોકો મોટા મોટા મેલીકાર

કરી લૂંટતા, તે સર્વેને તેડાવીને એકબીજાના જામીન લીધા. તે દિવસ શ્રીજીમહારાજ ખેડે હતા ને સંત, હરિજનની મોટી સભા કરીને ગામ બહાર બિરાજતા હતા. ત્યારે એ મોટા સાહેબ બીજા નવ સાહેબને ભેગા લઈને મહારાજ પાસે આવ્યા. ને મહારાજને જ્યાં દીઠા ત્યાં તો એક દૃષ્ટિએ કરીને ઘણીવાર સુધી મહારાજ સામું જોઈ રહ્યા.

પછી ટોપી ઉતારીને મહારાજને વાંકા વળી-વળીને સલામો કરીને બોલ્યા જે, "હે મહારાજ ! તમને હું ઘણા દિવસથી જ્યાં ત્યાં જો જો કરતો, પણ ક્યાંઈ દેખતો નહીં. તે આજ તમને દેખીને મેં ઓળખ્યા છે. તે તમે મને હાથી ઉપરથી ઊંચો લઈને સાવજથી ઉગાર્યો, તે તમે હતા. તે તમે તો ખુદા છો." એમ કહીને બોલ્યા જે, "તમારી પાસે બડી કરામત છે. જુઓને, આ સર્વે સભામાં કોઈ બોલતું-ચાલતું નથી ને કોઈ આડુંઅવળું પણ જોતું નથી. એક નજરે તમારી સામું જોઈ રહ્યા છે, એવી તમારામાં કરામત છે. તે કરામત અમને શીખવશો ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "શ્રીનરનારાયણ દેવ છે, તેમની અમે બંદગી કરીએ છીએ. તે એમના પ્રતાપથી અમને એ કરામત મળી છે. તમે જો એ નરનારાયણની બંદગી કરો તો તમને પણ એવી કરામત મળે." ત્યારે એ સાહેબ બોલ્યા જે, "અમારાથી બંદગી તો બને નહીં." ત્યારે મહારાજ કહે, "બંદગી વિના એ કામ બને નહીં."

✳ સાહેબે અમદાવાદમાં મંદિર માટે જગ્યા આપી :

પછી સાહેબ બોલ્યા જે, "તમે અમદાવાદમાં કેમ આવતા નથી?" ત્યારે મહારાજ કહે, "અમને અમદાવાદનો સૂબો હતો, તેણે અમદાવાદમાં ગરવાની ના પાડી છે, તે દિવસના અમે આવતા નથી." ત્યારે સાહેબ બોલ્યો જે, "હવે એ ક્યાં સૂબાનું રાજ છે ? રાજ તો અમારું છે. તે હમણાં મારે વિલાયતમાંથી જવાબ એવો આવ્યો છે જે, 'તમને(સાહેબને) અમદાવાદની મુખત્યારી(સત્તા) દેવી છે.' તે જો એ

પ્રમાણે બનશે તો તમને તેડાવીને હું અમદાવાદમાં મંદિર કરવા જગ્યા આપીશ." એમ કહી મહારાજને સલામ કરીને એ નવે સાહેબ ગયા.

પછી મહારાજ તો **ગઢડે** આવ્યા ને તેને થોડાક દિવસ થયા ત્યાં તો એ સાહેબને અમદાવાદની મુખત્યારી મળી. પછી એ સાહેબે અમદાવાદથી કાગળ લખીને ગઢડે માણસ મોકલીને મહારાજને તેડાવ્યા. ત્યારે મહારાજે મૂળજી શેઠને મુખત્યાર નામાનો(શ્રીજીમહારાજ વતી વહિવટ કરવાના અધિકારનો) કાગળ લખીને અમદાવાદ મોકલ્યા. તે ત્યાં જઈને ગામના હરિભક્તોને તેડીને મૂળજી શેઠે એ સાહેબ પાસે જઈને કાગળ આપ્યો. ત્યારે સાહેબ બોલ્યા જે, "સ્વામિનારાયણ ન આવ્યા ?" એમ કહીને મહારાજનો કાગળ પોતાના માથા ઉપર મેલ્યો.

પછી વાંચીને બોલ્યા જે, "આ ગામમાં તમે જાયગા જોઈને મારી પાસે આવો, એટલે એ જગ્યા તમને આપું." પછી મૂળજી શેઠ અને એ ગામના હરિભક્તે ગામમાં જઈ તપાસ કરી. ત્યારે આજ મંદિર છે, તે ઠેકાણે પડતર જમીન હતી, તે જોઈને સાહેબને કીધું. ત્યારે તે સાહેબે એ જાયગા આપીને લેખ કરી દીધો. પછી મૂળજી શેઠે ગઢડે આવીને એ લેખ મહારાજને આપ્યો. પછી ઘણેક દાડે એ સાહેબની બદલી થઈ તે પાછા વિલાયતમાં ગયા. ને ત્યાંથી એક મોટા સાહેબ રાજકોટ આવતા હતા, તે સાહેબને એ અમદાવાદવાળા સાહેબે કહ્યું જે, "કાઠિયાવાડમાં ગઢડું ગામ છે, તેમાં નારાયણસ્વામી રહે છે, તે ખુદા છે, માટે તેમના દેદાર(દર્શન) કરજો."

✳ શ્રીહરિ રાજકોટમાં અંગ્રેજ સાહેબને મળ્યા :

પછી તે સાહેબે રાજકોટ આવીને મહારાજને તેડવા બે સ્વાર મોકલ્યા. ને એમ કાગળ લખ્યો જે, "તમારી મરજી હોય તો તમે આંહીં પધારજો, ને તમે કહો તો હું ગઢડે આવું." પછી મહારાજ રાજકોટ

પધાર્યા ને તે સાહેબે ઘણું સન્માન કર્યું ને પૂજા કરી. ને મહારાજ પાસે વર માગ્યો જે, **"અમારા દુશ્મનનું સારું કરજો, ને પછી મારું સારું કરજો."** તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા. ને દાદા ખાચરે એક ઘોડો એ સાહેબને આપવા માંડ્યો તે લીધો નહીં. ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે દાદા ખાચરને ઘેર રહો છો, તે એ ઘોડો તમારો જ કહેવાય, માટે મેં ન લીધો. મને એક તમારી પ્રસાદી દ્યો." ત્યારે મહારાજે શિક્ષાપત્રીનો ગોટકો આપ્યો. તે લઈને એ સાહેબે પોતાને માથે મૂકીને એમ બોલ્યા જે, "મને તો લાખ ઘોડા આપ્યા."

પછી દાદા ખાચરનો વાંસો ઠબકારતા જાય ને કહેતા જાય જે, "દાદા ખાચર, તમારે ઘેર નારાયણસ્વામી રહે છે, તે તમારાં મોટાં ભાગ્ય છે ! મોટાં ભાગ્ય છે !" પછી મહારાજ બોલ્યા જે, "તમારી વિલાયત મેં દીઠી છે." ત્યારે એ સાહેબ બોલ્યા જે, "હે મહારાજ ! અમારી વિલાયતમાં તો કોઈથી જવાતું નથી." ત્યારે મહારાજ કહેવા માંડ્યા જે, "તમારાં ઘર આ બાર છે, ખડકી આ બાર છે, આવા ઘાટની હવેલી છે, આવો બાગ છે ને આવો પાણીનો ફૂવારો છે." તે વિગેરે સર્વે વાત કરી.

ત્યારે સાહેબ બોલ્યા જે, "તમે વિલાયતમાં તો ગયા નથી, પણ ખુદા છો, તે આંહીં બેઠા બેઠા એ સર્વે દેખો છો." પછી મહારાજને રાખીને સન્માન કરીને રજા દીધી. તે જ્યાં સુધી મહારાજને આવતાં સામા આવ્યા હતા, ત્યાં સુધી વળોટાવા પણ આવ્યા ને વારે વારે મહારાજને પગે લાગે. એવી રીતે એ સાહેબે મહારાજને તેડાવીને સન્માન કર્યું. એ વાત પૂરી થઈ. ॥૪૧॥



વાત - ૪૨

દુષ્કાળમાં સાંખ્યયોગી બાઈની મગની કોઠી અખૂટ કરી

એકવાર ઓગણોતેરા કાળમાં મયારામ ભટ્ટ **ગુજરાતમાં** ગયા હતા. તે એક બ્રાહ્મણી સત્સંગી સાંખ્યજોગી હતાં, ને તેને એક દીકરો હતો, તેને ઘેર ઊતર્યા. ત્યારે તે બાઈના ઘરમાં કાંઈ દાણા ન મળે. ત્યારે એ બાઈએ મયારામ ભટ્ટને કહ્યું જે, “તમે મહારાજને કહેજો જે, ‘અમને વહેલા તેડવા આવે.’ કેમ જે, અમે દાણા વિના જીવશું નહીં, ને ઘરમાં કાંઈ પૈસા પણ નથી જે દાણા લાવીએ. માટે જિવાય તેમ નથી. તે સારુ અમારો સંદેશો મહારાજને કહેજો.”

પછી મયારામ ભટ્ટે ગઢડે આવીને એ વાત મહારાજને કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, “મયારામ ભટ્ટ, તમે પાછા ડોસીને ઘેર જાઓ. એ ડોસીના ઘરમાં એક મગની કોઠી ભરી છે, તે એ બાઈ વીસરી ગયાં છે. તે તમે જઈને દેખાડી આવો. ને તેને એમ કહેજો જે, ‘એ કોઠીનું ઢાંકણું ઉઘાડશો નહીં, સાણેથી કાઢી કાઢીને ખાજો. ને ઘઉં, ચોખા પણ એ મગ આપીને લેજો.”

પછી મયારામ ભટ્ટે ડોસીને ઘેર જઈને વાત કરી, ત્યારે ડોસી બોલ્યાં જે, “મારા ઘરમાં મગ હોય તે મારાથી અજાણ્યા હોય નહીં, પાશેર પણ નથી.” ત્યારે મયારામ ભટ્ટ કહે, “ચાલો, આપણે કોઠી તો જોઈએ !” પછી એક ખૂણાની કોઠી મહારાજે બતાવેલી, તે કોઠીનું ઢાંકણું ને સાણું જીવજંતુ (ન લાગે તે) સારુ (છાણથી) છાંદેલ હતું, તે કોસે કરીને સાણું કાઢી જોયું, તો એ કોઠીમાંથી મગનો ઢગલો થયો.

પછી મગ કાઢી કાઢીને તેનાં ઘઉં, બાજરો, ચોખા લેતા જાય, લૂગડાં પણ લેતા જાય. ને સર્વે દાણા કરતાં મગ મોંઘા ઘણા હતા, તે વેચતા જાય ને ખાતા જાય. પછી મયારામ ભટ્ટે મહારાજને આવીને વાત કરી. એવી રીતે બ્રાહ્મણીનો નિભાવ કર્યો. ને એ કોઠી વીસ મણ

દાણા માય એવડી હતી, તે બ્રાહ્મણીને વીસ હજાર રૂપૈયાની મૂડી થઈ. એ વાત પૂરી થઈ. ॥૪૨॥



વાત - ૪૩

એક બાઈનો સંકલ્પ પૂરો કરી નિશ્ચય કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજ **વરતાલથી** આવતા હતા ને ભેગા કાઠીના ઘોડા પણ હતા. તે આવતાં આવતાં એક (બુધેજ) ગામમાં કણબી બાઈ સાંખ્યજોગી ડોસી રહે, તેને ઘેર સવારના પહોરમાં મહારાજ એકલા જમવા સારુ ગયા. તે બાઈએ રોટલા ઘડેલા હતા, તે મહારાજને જમવા બેસાર્યા. ને તે બાઈની પાડોશમાં એક બીજી બાઈ કુસંગી રહેતી હતી, તેણે ઘી તાવવા સારુ ચૂલા ઉપર મૂક્યું હતું. તેણે એવો સંકલ્પ કરેલો હતો જે, ‘આ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે. તે જો ભગવાન હોય તો મારે રોજ બે પાશેરા ઘી થાય છે, તે આજ **ચાર પાશેરા**(૧ પાશેર=૧૨૫ ગ્રામ,પાંચસો ગ્રામ) થાય તો હું સ્વામિનારાયણને ભગવાન માનું, ને વર્તમાન લઈને સત્સંગી થાઉં.” પછી તેણે ઘી તાવીને ભર્યું, તે ચાર પાશેરા ભરાણા.

અને જેને ઘેરે મહારાજ જમતા હતા, તે બાઈએ મહારાજને ઘી પીરસવા માંડ્યું, ત્યારે મહારાજ કહે, “આ તમારી પાડોશણે તાજાં ઘી તાવ્યાં છે, તે એમને ઘેરથી બે પાશેરા ભરી આવો.” ત્યારે આ બાઈએ પાડોશણને ઘેરે જઈને બે પાશેરા ઘી ઉછીનું લાવીને મહારાજને પીરસ્યું. તે મહારાજ જમતા હતા, ત્યારે એ પાડોશણ બાઈ જોવા આવી. એને દેખીને મહારાજ બોલ્યા જે, “હે બાઈ, આ બે પાશેરા ઘી તમે આ બાઈને ઉછીનું આપ્યું છે, તે પાછું લેશો મા. એ ઘી તો અમારાં છે. કેમ જે, તમારે રોજ બે પાશેરા થાતું, તેનું અમે આજ ચાર પાશેરા કર્યું છે, તે માટે એ ઘી અમારાં છે.”

એવું સાંભળીને તે બાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! તમે મારો સંકલ્પ હતો, તેમ કર્યું છે. માટે તમે ભગવાન છો, તે મને વર્તમાન ધરાવો. મારે સત્સંગ કરવો છે." પછી એ બાઈ મહારાજને હાથે વર્તમાન લઈને મહા મોટાં ભક્ત થયાં. એ વાત પૂરી થઈ. ॥૪૩॥



વાત - ૪૪

વઢવાણમાં એક જેરથી બીજા જેરે પગ મૂકી આશ્ચર્ય જણાવ્યું

એક દિવસ શ્રીજીમહારાજને જગન કરવો હતો, તે સારુ **વઢવાણ** પધાર્યા હતા. તે ગામમાં ઊતર્યા હતા ને ઉતારામાં એક ડેલી હતી, તેને બે તરફ જેર(ઊંચી જગ્યાની ધાર કે કિનારી) બાંધેલો હતો. ને વચમાં આઠ ગજ(અંદાજે ૧૬ ફૂટ; એક ગજ = ચોવીસ ઈંચ) પોળો ચાલવાનો રસ્તો હતો. એ ડેલીમાં એક દિવસ મહારાજ ઊતર્યા હતા. ને મહારાજને જોવા સારુ ઘણા માણસ એ ડેલીમાં ઊભા હતા. પછી મહારાજને એ ડેલીમાં એક જેર ઉપરથી બીજા જેર ઉપર જાવું હતું, ને વચમાં આઠ ગજ હેઠો રસ્તો હતો, પણ મહારાજે આ જેર ઉપરથી એ જેર ઉપર સહેજે ઠેક-તલપ વિના પાધરો પગ મૂક્યો. તેને જોઈને એ સર્વે માણસ આશ્ચર્ય પામી ગયું. ને મુમુક્ષુ હતા તે તો વર્તમાન લઈને સત્સંગી થયા.

✳ યજ્ઞનો વિરોધ કરનાર પ્રતાપગર બાવાના રુધિરનો યજ્ઞ થયો :

પછી એ વઢવાણ શહેરમાં એક પ્રતાપગર એવે નામે અતિત મહંત હતો. તે પંદર-વીસ લાખ રૂપિયાનો આસામી હતો. ને એ શહેરમાં એ જ રણીધણી હતો ને એનું ઊપજતું હતું. બીજા કોઈનું કર્યું થાતું નહીં. પછી મહારાજે એ મહંતને પુછાવ્યું જે, "તમારી મરજી હોય તો અમે આ વઢવાણમાં જગન કરીએ."

ત્યારે એ મહંત બોલ્યો જે, “સ્વામિનારાયણનો જગન આ ગામમાં નહીં.” પછી મહારાજ એ વાત સાંભળીને એમ બોલ્યા જે, “આંહીં તો એ મહંતના રુધિરનો જગન થાશે.” અને એ વઢવાણના તુલસી દવેએ પ્રથમ મહારાજને જગન કરવાનું કીધેલ હતું, તેણે પણ ના પાડી. એટલે મહારાજ ત્યાંથી ચાલી નીસર્યા. ત્યાર પછી થોડેક દાડે એ મહંતના તરવારથી સોયે સો કટકા થઈ ગયા ને મૃત્યુ પામી ગયો. એ રુધિરનો યજ્ઞ થયો. એ વાત પૂરી થઈ. ॥૪૪॥



વાત - ૪૫

શ્રીહરિને મારવા આવેલા બહારવટિયા સ્થિર થઈ ગયા

એકવાર મહારાજ ગામ જાતા હતા ને નાજા જોગિયા ગાડી હાંકતા હતા. ને મહારાજ એ ગાડીમાં સૂઈ રહ્યા હતા. ત્યારે બે કાઠી સ્વાર દાદા ખાચરના બહારવટિયા એ ગાડી પાસે થઈને નીકળ્યા. ને નાજા જોગિયાને પૂછ્યું જે, “ગાડીમાં કોણ સૂતું છે ?” ત્યારે નાજા જોગિયા કહે, “એ તો મહેમાન છે, તેમને મૂકવા સારુ જાઉં છું.” ત્યારે એ કાઠી કહે, “સ્વામિનારાયણ તો નથી ને ?” ત્યારે મહારાજ મોઢા ઉપરથી લૂગડું પરું(દૂર) કરીને બોલ્યા જે, “હું સ્વામિનારાયણ છું, તારે કેમ છે ?”

ત્યારે કાઠી કહે, “આ દાદા ખાચરનો ગુરુ હાથ આવ્યો, તે બરછીએ મારો.” એમ કહીને બેય જણે બરછીઓ લઈને ગાડાને બેય કોરે આવીને બરછીઓ તોળી(ઉગામી). ત્યારે મહારાજે હાકોટો કર્યો, તે બેય કાઠીના હાથ બરછીઓ સહિત ઊંચા ને ઊંચા રહ્યા. પછી મહારાજ નાજા જોગિયાને કહે, “હવે ગાડી હાંકો.” પછી એ ગાડી હાંકવા માંડી, તે હાંકતા જાય ને નાજા જોગિયા પાછું વળીવળીને એ અસ્વાર સામું

જોતા જાય. તે મહારાજ તો છેટે ગયા તોય એ બેય અસ્વાર તો એમના એમ બરછીઓ તોળીને ઊભા થઈ રહ્યા હતા. એવી રીતનો મહારાજે પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૪૫॥



વાત - ૪૬

ગંગારામ મલ્લનો શિર સાટે પક્ષ અને જગજીવનનું મૃત્યુ

ભુજનગરમાં જગજીવન એવે નામે કરીને એક નાગર બ્રાહ્મણ મોટો દીવાન હતો. તેને શ્રીજીમહારાજ ઉપર ઘણી ઈર્ષા હતી. તેની સ્ત્રી મહા ભક્તરાજ હતી. મહારાજ એ ભુજમાં સુંદરજી ને હીરજી એવે નામે કરીને ગુર્જર સુતાર હતા, તેમને ઘેર રહેતા હતા. તે રોજ રોજ એ જગજીવન મહેતાની સ્ત્રી શ્રીજીમહારાજનાં દર્શન કરવા સુંદરજીભાઈને ઘેર આવે.

ત્યારે જગજીવન મહેતો સ્ત્રીને ના પાડે, પણ એ સ્ત્રી આવ્યા વિના રહે નહીં. ને તેની દાઝે પોતાને ઘેરે જે ઘોડા, બળદ, ચાકર તેને 'સહજાનંદ' કહીને બોલાવે. તે સ્ત્રીને પણ 'સહજાનંદ' કહીને બોલાવે. એવો મહા ઈર્ષાવાન ને આસુરી બુદ્ધિવાળો હતો.

પછી તેણે સુંદરજીભાઈને કહ્યું જે, "આ બાવાને તારે ઘેરેથી કાઢી મેલ, નહિ તો દરબારમાંથી તારો પગાર બંધ કરી નાંખીશ, ને તને ગામમાંથી કાઢી મૂકીશ." એવો ડારો દીધો. ત્યારે સુંદરજી સુતાર કહે, "ઠીક, હું એ બાવાને કાઢી મૂકીશ." એમ હા પાડીને પછી મહારાજને છાના રાખવા માંડ્યા, પણ એ મહેતાની સ્ત્રી દર્શને જાય, તેથી એણે જાણ્યું જે, 'એ બાવો સુંદરજીને ઘેર છે ખરો !' એમ જાણીને એક દિવસ અચાનક એ સુંદરજીને ઘેર ખબર કાઢવા આવ્યો. ત્યારે તે મહેતાને આવતો જાણીને સુંદરજીએ મહારાજને ઘરમાં સંતાડી દીધા, ને મહેતાને

ઢોલિયો ઢાળી દઈને બેસાર્યો. ત્યારે તે મહેતે કહ્યું જે, "બાવો ગયો ?" ત્યારે સુંદરજીભાઈ કહે, "હા, એને તો તરત રજા દીધી છે."

એમ વાતો કરે છે, ત્યાં તો મહારાજ ઘરમાંથી બારા આવ્યા ને એ મહેતે દેખ્યા. ત્યારે તો અતિ રીસમાં એ તરત ઊઠી નીકળ્યો. ત્યારે સુંદરજીભાઈને મહા ઉદ્વેગ થયો ને બોલ્યા જે, "હે મહારાજ ! તમે ઘરમાંથી બારા કેમ પધાર્યા ?" ત્યારે મહારાજ કહે, "હું તો ઘરમાં મૂંઝાણો, તેથી બહાર આવ્યો." ત્યારે સુંદરજીભાઈ કહે, "હવે તમે મારે ઘેરથી જાઓ." ત્યારે મહારાજ કહે, "અમે પ્રથમ તારા પાસેથી ઠેરાવ કરેલો છે જે, તું રજા દે ત્યારે જાવું, તે મોર જાવું નહીં. માટે હવે તું કહે તો જાઉં." ત્યારે સુંદરજીભાઈ કહે, "હા મહારાજ, પધારો !"

પછી મહારાજ એને ઘેરેથી નીકળ્યા ને પગે ગૂમડું થયું હતું, તે ચલાય તેમ પણ નહીં. એવામાં એ જગજીવન મહેતાની સ્ત્રી રથમાં બેસીને સુંદરજીભાઈને ઘેર મહારાજને દર્શને આવતી હતી. તે ખડકીએ મહારાજને દેખીને બોલી જે, "હે મહારાજ ! તમે ક્યાં પધારો છો ?" ત્યારે મહારાજ કહે, "તમારા ધણી અમને કાઢી મૂકે છે, તે ગંગારામ મલ્લને ઘેર જાશું."

ત્યારે તે સ્ત્રી બોલી જે, "હે મહારાજ ! એ મને પણ બહુ દુઃખ દે છે ને ભગવાન ભજવા દેતો નથી." ત્યારે મહારાજ કહે, "એવા છે તોપણ આ ચૂડલા, ચાંદલા, સાડલા તે એ છે તો પહેરાય છે." ત્યારે એ બાઈ બોલ્યાં જે, "મારે એ કોઈનો ખપ નથી. મારે તો ભગવાન ભજવાનું કામ છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ઠીક, એમ થાશે !" ત્યારે એ બાઈએ કહ્યું જે, "હે મહારાજ ! તમને ગૂમડું છે, તે ચલાશે નહીં, માટે આ મારા રથે બેસીને ગંગારામભાઈને ઘેર જાઓ."

પછી એ બાઈએ પોતાનો રથ આપ્યો. તે રથમાં બેસીને મહારાજ ગંગારામ મલ્લને ઘેર આવ્યા. ને એ ગંગારામને કહ્યું જે, "અમારા ઉપર

જગજીવન મહેતો હલ્લા કરીને આંહીં આવશે, તમારે અમને રાખવાની ત્રેવડ છે ?" ત્યારે એ ગંગારામ બોલ્યા જે, "હે મહારાજ ! અમારા સાઈઠ માણસ છે, એના કટકા થાશે ત્યાં સુધી તમારી પાસે આવવા દેશું નહીં." ત્યારે મહારાજ કહે, "તમારા એ સર્વે માણસ તૈયાર કરી રાખો." પછી ગંગારામભાઈએ પોતાના સર્વે માણસને હથિયારબંધ કરી પોતાને ઘેરે રાખ્યા.

પછી એ જગજીવન મહેતો સુંદરજીભાઈને ઘેરથી ઊઠી સરબંધી માણસ ભેગા લઈને હલ્લા કરીને સુંદરજીને ઘેરે આવ્યો. ત્યાં તો ખબર સાંભળી જે, 'એ બાવો ગંગારામ મલ્લને ઘેર ગયો.' પછી મહેતે ગંગારામને ઘેર આવીને ગંગારામને કહ્યું જે, "એ બાવાને કાઢી મેલ." ત્યારે ગંગારામ કહે, "હું એ બાવાને તેડવા ગયો નહોતો. એ મારે ઘેર આવ્યા, તે હું એમને નહિ કાઢી મેલું."

ત્યારે તો એ મહેતે એ ગંગારામના ફળીમાં હથિયારબંધ માણસ દેખ્યું. ત્યારે એમ જાણ્યું જે, 'આમાં લાગ લેવાશે નહીં.' એમ વિચાર કરે છે, ત્યાં તો મહારાજ બારી ઉઘાડીને સામા ઊભા રહ્યા. ત્યારે તેમને દેખીને એ જગજીવન મહેતો બોલ્યો જે, "કેવી જાયગામાં ગર્યો છું ? નહીં તો આજ તારા કટકા કરવા હતા." ત્યારે મહારાજ બોલ્યા જે, "મારા કટકા કરતાં તારા જ કટકા થઈ જાશે તો !?"

પછી મહેતો પાછો પોતાને ઘેર આવ્યો ને મહારાજ એ ગંગારામભાઈને ઘેર રહ્યા. પછી તેને થોડાક દિવસ થયા, ત્યારે એ મહેતાને અને આરબના જમાદારને તકરાર થઈ. પછી એક દિવસ બજારમાં ચોકમાં એ મહેતો ને એ જમાદાર સામસામા ભેગા થયા ને બોલાચાલી થઈ. પછી એ જમાદાર ભેગા ઘણા આરબ હતા. તેમણે તરવારે કરીને મહેતાના કટકે કટકા કરી નાંખ્યા. ત્યારે એ મહેતે મરતાં મરતાં પાણી માંગ્યું, ત્યારે એ જમાદારે મોચીના કુંડાનું પાણી પાયું.

ને પોતાના હાથમાં હોકો હતો, તે હોકાનું પાણી નેચે(આંગળીના ટેરવે) કરીને રેડ્યું. એવી રીતે એ મહેતાની રીત(ભૂંડી હાલત) થઈ. એ વાત પૂરી થઈ. ॥૪૬॥



વાત - ૪૭

મેઉમાં ભૂખણ ભાવસારને ઘેર બાળકને હાથ-પગ આપ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ **મેઉમાં** ભૂખણ ભાવસારને ઘેર પધાર્યા. તે ભેગા સર્વે સંત, પાળા ને કાઠીના સ્વાર પણ હતા. ને માલપૂઆની રસોઈ કરાવીને ભૂખણભાઈએ એ સર્વેને જમાડ્યા. પછી મહારાજ સભા કરીને બેઠા હતા, ત્યારે એક બાઈ ઝીણો સાદ કાઢીને રોતી હતી. તેને સાંભળીને મહારાજ બોલ્યા જે, "આ કોણ રોવે છે ?"

ત્યારે તે ગામના હરિભક્ત બેઠા હતા તેમણે કહ્યું જે, "હે મહારાજ ! એ ભૂખણ ભાવસારના દીકરાની વહુ રોવે છે." ત્યારે મહારાજ કહે, "શા સારુ રોવે છે ?" ત્યારે હરિભક્તે કહ્યું જે, "એ બાઈને એક બાળક અવતર્યું છે, તે બાળકને હાથ નથી, પગ નથી, માથું નથી, રૂંઢમુંઢ સરખું છે ને માંઈ જીવ પણ છે. તે દુઃખે કરીને એ રોવે છે."

ત્યારે મહારાજ કહે, "એને મારી પાસે લાવો જોઈએ." ત્યારે તે રૂંઢમુંઢને માંચીમાં(નાની ખાટલીમાં) નાંખી મૂક્યું હતું, તેને મહારાજ પાસે લાવીને દેખાડ્યું. ત્યારે મહારાજે પોતાને હાથે કરીને હાથપગને ઠેકાણે ચપટી ભરી, તાણીને કીધું જે, "હાથપગ તો આ રહ્યા. ચોંટી ગયા હતા, તે તમે ભાળતા નથી." એમ કીધું ત્યાં તો હાથ, પગ, માથું, મોઢું આવ્યું. એ સર્વે અંગ થઈ ગયાં ને દીકરી થઈ. પછી મહારાજ કહે, "એ બાઈને કહો જે, રોશો મા. આ દીકરીને ધવરાવો." પછી તે દીકરી મોટી થઈને ભક્ત થઈ. એ વાત પૂરી થઈ. ॥૪૭॥

વાત - ૪૮

શ્રીહરિએ જસદણમાં ભક્ત નાજા જોગિયાની રક્ષા કરી

એક ગામમાં(**લાખણકામાં**) નાજો જોગિયો ને તેનો ભાઈ એ બે જણ રહેતા હતા. તે મહારાજના ભક્ત હતા ને ખેડનું કામ કરતા હતા. એ ગામનો ગરઢેરો(આગેવાન લાખો ગોવાળિયો) કાઠી મહારાજનો દ્વેષી હતો. તે મહારાજનું બહુ વાંકું બોલતો. તેને દેખીને તેને મારવાનો રોજ નાજો જોગિયો ઘાટ કરે. એમ કરતાં કરતાં એક દિવસ નાજો જોગિયો મહારાજને દર્શને આવ્યો, ને મહારાજને વાત કરી જે, “અમારા ગામનો ગરઢેરો જ્યારે ત્યારે તમારું બહુ વાંકું બોલે છે, તેથી હું એને મારીશ.” ત્યારે મહારાજ કહે જે, “એક લાકડી મારજે ને મરી જાય તેમ મારીશ મા. ને લાકડી મારીને તરત ભાગી જાજો.”

પછી એક દિવસ એ ગરઢેરો ખળા ભરવા આવ્યો, ને ભેગું બીજું કોઈ માણસ પણ નહીં. તે લાગ જોઈને નાજે જોગિયે એક લાકડી મારી ને ભાગ્યો, તે જસદણ આવતો રહ્યો. પછી વાજસુર ખાચર પાસે બેય ભાઈ રહ્યા. તે વાજસુર ખાચરને વાતો કરે જે, “સ્વામિનારાયણ ભગવાન છે.” ત્યારે એક દિવસ વાજસુર ખાચર બોલ્યો જે, “તારો સ્વામિનારાયણ ભગવાન હોય તો મને સવારમાં દિવસ ઊગ્યા મોર દર્શન આપે, તો હું ભગવાન માનું. જો દર્શન ન આપે તો હું તારા ઘૂંટણ ભાંગી નાંખું.” ત્યારે તે વાત નાજે જોગિયે કબૂલ કરી.

પછી રાત્રી પડી ને અરધી રાત ગઈ, પરોઢિયું પણ થઈ ગયું, પણ મહારાજ તો આવ્યા નહીં. પછી બેય ભાઈ ગામ બાર એક મોટી ડુંગરી છે, તે ઉપર ચડીને મહારાજની વાટ જોવે. ને એમ વિચાર કરે જે, ‘મહારાજ તો જેતલપુર છે તે છેટું તો બહુ છે, પણ મહારાજને આવતાં શી વાર લાગે ! તે તો સમર્થ છે. જો નહીં આવે તો (દરબાર)

આપણા ઘૂંટણ ભાંગી નાંખશે. તે બોલે ફરે તેવો નથી. માટે રાત થોડીક રહી છે, ને હજુ ક્યાંઈ દેખાતા નથી, તે કેમ થાશે ?' એમ વિચાર કરતા જાય ને મહારાજની દિશ(મહારાજને આવવાના રસ્તાની દિશા) ઉપર જોતા જાય.

એમ કરતાં કરતાં જેતલપુરની દિશ ઉપર ધોળો પ્રકાશ દેખાવા માંડ્યો. ત્યારે નાજે જોગિયે વિચાર્યું જે, 'આ ચંદ્ર-સૂરજનો પ્રકાશ નથી ને અગ્નિનો પ્રકાશ પણ નથી. આ તો ધોળો શ્વેત પ્રકાશ છે, તે રખે મહારાજ આવતા હોય નહીં !' એમ વિચાર કરે છે ત્યાં તો નજીક આવ્યા ને મહારાજને દેખ્યા. ત્યારે ઊઠીને મહારાજના પગમાં પડ્યા ને બોલ્યા જે, "હે મહારાજ ! તમે ન આવ્યા હોત તો અમારા બેય ભાઈના ઘૂંટણ ભાંગી નાંખત." પછી મહારાજ કહે, "અમે ભૂખ્યા છીએ, તે ખાવા આપો." પછી પોતાના ઘરમાં ટાઢું ખાવાનું હતું, તે મહારાજને ખવરાવ્યું.

પછી વાજસુર ખાચર પાસે ચાલ્યા, તે જાતાં જાતાં મારગમાં ઘૂંટાં ભાંગી નાંખેલ જે કેદી તે બરકે બરકા પાડે. તેને સાંભળીને મહારાજે નાજા જોગિયાને પૂછ્યું જે, "આ કોણ બરકા પાડે છે ?" ત્યારે નાજો કહે, "એ તો ચોરના ઘૂંટાં ભાંગીભાંગીને બંદીખાને નાંખે છે, તે બરકા પાડે છે." ત્યારે મહારાજ કહે, "અરે ! એવો પાપી છે ! તેની પાસે હું નહિ આવું." ત્યારે નાજો જોગિયો કહે, "હે મહારાજ ! તમે ના આવો તો અમારાં પણ ઘૂંટાં ભાંગશે."

એવું સાંભળીને મહારાજ વાજસુર ખાચર પાસે આવ્યા. તે મહારાજને દેખીને વાજસુર ખાચર ઊભા થઈને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો. કેમ જે, જુઓને, ક્યાં હતા, ત્યાંથી અત્યારમાં આંહીં આવ્યા !" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ

ચોરના ઘૂંટાં ભાંગી નાંખો છો તે બંધ કરો. કેદમાં રાખવા, પણ ઘૂંટાં ભાગવા નહીં. એટલું અમારું વચન માન્યું જોશે." ત્યારે ચેલા ખાચર (વાજસુર ખાચર) બોલ્યા જે, "એ વચન મારાથી મનાશે નહીં. કેમ જે, એ ઘૂંટાં ભાંગવાની બીકે મારા પ્રાંગણામાં કોઈ ચોરી કરી શકતું નથી. માટે ઘૂંટાં ભાંગ્યા વિના મારે ચાલશે નહીં."

ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે આંહીં ચોરના ઘૂંટાં ભાગશો, તો જમપુરીમાં જમ તમારાં ઘૂંટાં ભાંગી નાંખશે." ત્યારે વાજસુર ખાચર બોલ્યા જે, "નરક ને જમપુરી એ તો કાંઈ નથી. એ તો અમથો માણસે ઠેરાવ કર્યો છે." પછી મહારાજે એ વાજસુર ખાચરને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલ્યા. ત્યારે એ જમે મારવા માંડ્યો, ત્યારે તે થરથર ધ્રૂજવા માંડ્યો, ને અતિ ભય દેખાડ્યો.

પછી સમાધિ મટી ત્યારે મહારાજને પગે લાગ્યા. ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! જમપુરી તો બહુ ભૂંડી છે ને જમ મહાભયંકર છે. તે તમે મને જમપુરીમાં ન મોકલો, તો હું ઘૂંટાં ન ભાંગવાનું નીમ લઉં." ત્યારે મહારાજ કહે, "જમપુરીમાં નહિ જાવા દઈએ, તમે નીમ લ્યો." ત્યારે એમણે નીમ લીધો. એ વાત પૂરી થઈ. ॥૪૮॥



વાત - ૪૯

ધોળકે વરવા શેઠની બહેનના રૂપિયા પાછા અપાવ્યા

લીંબડીમાં વરવો શેઠ એવે નામે કરીને એક ઢૂંઢિયો વાણિયો રહેતો હતો. તેની બેનને ધોળકે પરણાવી હતી. તે બાઈનો પતિ મરી ગયો, ત્યારે તે બાઈને સત્સંગ થયો ને સાંખ્યયોગી ડોસી થઈ. તે બાઈને બે દિયર હતા. તેમણે એ બાઈના પતિની જે મૂડી હતી, તે સર્વે લઈ લીધી. તેથી એ બેય દિયર સાથે એ બાઈએ અબોલા રાખ્યા, તેને

પાંચ વરસ થઈ ગયાં. પછી એક દિવસ એ વરવો શેઠ ધોળકે પોતાની બેનને ઘેરે ગયો.

ત્યારે એ બાઈને રાત્રીએ મહારાજે આવીને કહ્યું જે, "તમારા દિયર સાથે તમારે તકરાર છે, તે આજ અમે પાર પાડવા આવ્યા હતા. તે પાર પાડ્યો છે. તમે સવારમાં તમારા બેય દિયરને બોલાવજો. એટલે જે તમારું નાણું એણે લઈ લીધેલ છે, તે સર્વે તમને પાછું દેશે." એમ મહારાજ એ બાઈને કહી ગયા.

પછી સવાર થયું ત્યારે એ બાઈએ પોતાનો ભાઈ જે વરવો શેઠ તેને એ વાત કરીને કહ્યું જે, "મારા મોટા દિયરને બોલાવા જાઓ, વાત ખરી હશે તો જણાશે." ત્યારે વરવા શેઠે એ બાઈના મોટા દિયરને ઘેર જઈને કહ્યું જે, "તમને મારી બેન બોલાવે છે." ત્યારે તેણે કહ્યું જે, "તમારે વગર કીધે હું તમારી બેન પાસે આવતો હતો."

એમ કહીને એ આવ્યો ને પોતાની ભોજાઈને પગે લાગીને બોલ્યો જે, "આજ રાતે તમારા સ્વામિનારાયણ આવ્યા હતા. તે ભેગા કાળા ડગલાવાળા વીસ જમ હતા. તેમણે આવીને મને કહ્યું જે, 'તમારી ભોજાઈના રૂપિયા તમે રોક્યા છે, તે સવારમાં આપી આવજો, નહીં તો આ જમ તને મારી નાંખશે.' એમ કહીને એક જમે મને પડખામાં ઠોહો માર્યો છે, તે મને હજુ સુધી જીવ જાય તેવી પીડા કરે છે. ને વળી કહ્યું જે, 'કાલે રૂપિયા નહીં આપી આવે તો તને આવી રીતે મારીને જીવ કાઢી નાંખશું.' માટે તમારા રૂપિયા નામા પ્રમાણે લ્યો."

એમ કહીને જેટલા રૂપિયા એણે રાખ્યા હતા, તે સર્વે આપી દીધા. પછી એ બાઈએ એમના બીજા દિયરને બોલાવ્યા, ત્યારે એણે પણ એ જ પ્રમાણે વાત કરીને રૂપિયા આપી દીધા. એવો ચમત્કાર જોઈને એ વરવા શેઠને મહારાજનો નિશ્ચય થયો.

✳ વરવા શેઠ તથા તેમની બહેન કહીને ધામમાં ગયાં :

ત્યારપછી કેટલેક દાડે એ વરવા શેઠને **લીંબડીથી** એ બાઈએ **ધોળકે** તેડાવીને કહ્યું જે, “મારે આજથી આઠમે દા’ડે દેહ મૂકવો છે. તે સારુ તમને તેડાવ્યા છે.” પછી આઠમો દિવસ થયો, ત્યારે એ બાઈએ પોતાના ભાઈને મહારાજના પ્રતાપની વાત કરીને કહ્યું જે, “હું હવે દેહ મૂકું છું, ને તમને મહારાજનાં દર્શન થાશે.”

એમ કહીને એ બાઈએ બોલતે ચાલતે દેહ મૂકી દીધો ને મહારાજ તેડવા આવ્યા. તે સંતે સહિત એ વરવાને મહારાજનાં દર્શન થયાં. પછી એ વરવાને મહારાજનો અતિ નિશ્ચય થયો. ને મહારાજનું ભજન કરવા માંડ્યું. જ્યારે એ વરવે દેહ મૂક્યો ત્યારે ઘણા જણને મહારાજનાં દર્શન થયાં ને પોતાને પણ દર્શન થયાં. ને સૌ ઢૂંઢિયા વાણિયા બેઠા હતા, તેમને કહ્યું જે, “આ મારા સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે ને તેમના ભેગો હું મહારાજના ધામમાં જાઉં છું.” એમ કહીને દેહ મૂકી દીધો. એવો પ્રતાપ મહારાજે દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૪૯॥



વાત - ૫૦

શ્રીહરિનું શરીર દાબતાં ખેંગાર ભક્તને દિવ્યાનુભવ

એકવાર **ખોલડિયાદવાળા** ખેંગાર સિંધવ ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા. મહારાજ તે દાડે અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર સૂતેલ, તે ખેંગાર પટેલ મહારાજના પગ ચાંપવા માંડ્યા. તે પગ ચાંપતા જાય ને પોતાના હાથની આંગળી દબાવી-દબાવીને જોતા જાય. ત્યારે મહારાજ કહે, “શું જુઓ છો ?”

ત્યારે ખેંગાર પટેલ બોલ્યા જે, “હે મહારાજ ! ભાવનગરવાળા રૂપાભાઈએ મને એકવાર વાત કરી હતી જે, ‘એકવાર દીવાનજી ગઢડે

આવતો હતો, તેની બીક જણાવવા સારુ મહારાજ જારના ખેતરમાં સંતાણા હતા. ને હું પણ મહારાજ પાસે હતો. તે મહારાજે મને કહ્યું જે, મારે હાથે કળતર થાય છે, તે મારા હાથને વળ દ્યો. ત્યારે મેં કહ્યું જે, હાથને વળ દઈએ તો હાથ ભાંગી જાય. ત્યારે મહારાજ કહે, તમે ફિકર રાખો મા, મારો હાથ નહીં ભાંગે. પછી મેં વળ દેવા માંડ્યો, તે ઘણો વળ દીધો પણ હાથને કાંઈ થયું નહીં.' તે મહારાજના શરીરમાં હાડકું નથી. એમ મને એ રૂપાભાઈએ વાત કરી હતી. તે સારુ હું દબાવી દબાવીને જોઉં છું જે, તમારા શરીરમાં ક્યાંઈ હાડકું છે ? પણ મને હાડકું ક્યાંય લાગતું નથી."

ત્યારે મહારાજ કહે, "આ અમારા ઢીંચણ જુઓ, એ ઢીંચણે તો ઢાંકણી હોય." ત્યારે ખેંગાર પટેલે ઢીંચણ જોયા, તે ઢીંચણ રેશમ જેવા. ત્યારે તે મહારાજને કહે, "આમાં તો હાડકું નથી." ત્યારે મહારાજ કહે, "આ મારી કોણીઓ જુઓ. એ તો કઠણ હોય ને તેમાં હાડકું હોય." ત્યારે કોણીઓ જોઈને કહ્યું જે, "આમાં પણ હાડકું નથી." ત્યારે મહારાજ કહે, "આ મારું માથું જુઓ, એમાં તો હાડકાની તૂંબલી(માથાની ખોપરી) હોય." ત્યારે માથું જોઈને કહ્યું જે, "આમાં પણ હાડકું નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "હાડકા વિના આ દેહ કેમ હોય ?" ત્યારે ખેંગાર પટેલ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો પૂર્ણ પુરુષોત્તમ છો. તે તમારી તો અલૌકિક રીત છે." એમ કહીને મહારાજના પગમાં માથું નાંખીને નમસ્કાર કર્યા. એટલી એ વાત થઈ. ને બીજી એક ખેંગાર પટેલની વાત છે.

✳ ખેંગાર સિંધવની વઢવાણના દરબારથી રક્ષા :

એક દિવસ એ ખેંગાર પટેલ પોતાના ભાઈ-કુટુંબ સહિત ઉચાળા ભરીને અરધી રાતે દરબારથી છાના એ ખોલડિયાદમાંથી નીસરીને હળવદ જાવા માંડ્યું. ત્યારે એ વાત વઢવાણના દરબારે સાંભળી

ને પચાસ ઘોડા વાંસે ચડાવ્યા. ને એવો હુકમ કર્યો જે, "એ સર્વેને પાછોવડિયા બાંધીને(પાછોડિયું = પીઠ પાછળ હાથ બાંધીને) આંહીં લાવજો, ને ઉચાળા પાછા વળાવજો."

પછી એ ઘોડા સાત-આઠ ગાઉ જાતાં ભેગા થયા. ત્યારે ખેંગાર પટેલ ભેગું તો પોતાના ઘરનું જ માણસ હતું, બીજું કોઈ નહોતું. તે ઘણો ડર લાગ્યો ને મહારાજનું ભજન કરવા માંડ્યું. પછી એ અસ્વારે ખેંગાર પટેલ ભેગા બસોને આશરે હથિયારબંધ સ્વાર દેખ્યા. ત્યારે એમ જાણ્યું જે, "આ તો ઘણા સ્વારો છે ને બંધૂકોવાળા છે. તે આપણને ગોળીએ ને ગોળીએ છેટેથી મારી નાંખશે. ભેગા થાવા પણ દેશે નહીં." એમ વિચાર કરીને એ ભેગો એક કારભારી હતો, તેણે એ સ્વારોને પાછા વાળ્યા ને ખેંગાર પટેલ સુખે ચાલ્યા ગયા.

પછી વઢવાણથી એ વાત હળવદ ગઈ જે, એ બસે સ્વારો ભેગા હતા, તેથી એમને જાવા દીધા. તે સ્વારો કેના હતા ? ત્યારે ખેંગાર પટેલે જાણ્યું જે, આ તો મહારાજે આપણી રક્ષા કરી, નહીં તો આપણો સર્વે માલ દરબાર લઈ જાત. એ વાત પૂરી થઈ. ॥૫૦॥



વાત - ૫૧

રામજી શેઠના દસ હજાર રૂપિયા બચાવ્યા

મેમકાવાળા રામજી શેઠે દશ હજાર રૂપિયા વઢવાણના શાહુકાર વાણિયાને વ્યાજે આપ્યા હતા. ત્યારે તે વાણિયો સારો આસામી હતો, ને પ્રતીતવાળો માણસ હતો. કોઈ દિવસ એ આસામી ન ભાંગે(દેવાળું ન કાઢે) એવો સહુને ભરોસો હતો. પછી એક દિવસ રામજી શેઠ રાત્રીએ સૂતા હતા, ત્યારે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી એ આદિક ઘણાક સદ્‌ગુરુનાં પણ દર્શન થયાં.

પછી મહારાજે રામજી શેઠને કહ્યું જે, "તમારા જે શાહુકાર પાસે રૂપિયા લેણા છે, તે શાહુકાર વીસ દિવસમાં ભાંગશે. તે માટે તમારા રૂપિયા લઈ લેજો."

પછી રામજી શેઠ સવારમાંથી રૂપિયા લેવા મંડ્યા, તે પંદર દિવસની માંયલી કોરે સર્વે રૂપિયા લીધા. અને મહારાજના કહેવાથી એકવીસમો દિવસ થયો ત્યારે એ શાહુકાર દુકાન બંધ કરીને પોતાને ઘેર બેઠો, ને આસામી તૂટ્યો. એવી રીતે શ્રીજીમહારાજે એ ભક્તના રૂપિયા બચાવ્યા. એ વાત પૂરી થઈ. **॥૫૧॥**



વાત - ૫૨

રામજી શેઠના દીકરા અમરશીની જાન બચાવી

એકવાર **મેમકાવાળા** રામજી શેઠ પોતાનો દીકરો અમરશી તેને પરણાવી જાન લઈને ઘેરે આવતા હતા. તે ગામ કોઠારીએ આવ્યા ને અસુર(રાત-મોડું) થયું ને મેમકું ત્રણ ગાઉ રહ્યું. પછી મશાલ કરાવીને કોઠારીએથી ચાલ્યા, તે બે ખેતરવા આવ્યા, ત્યારે ઊંચેથી એવો શબ્દ થયો જે, "અત્યારે જાશો નહીં, પાછા વળો." ત્યારે રામજી શેઠે સર્વે ગાડીઓ ઊભી રખાવી ને સૌને પૂછ્યું જે, "અત્યારે જાશો નહીં, પાછા વળો, એમ કોણ બોલ્યું ?" ત્યારે એ સર્વે જને કહ્યું જે, "અમે તો કાંઈ બોલ્યા નથી." ત્યારે રામજી શેઠે જાણ્યું જે, "આ તો મહારાજે ના પાડી છે, માટે આપણે જાવું નહીં."

પછી ત્યાંથી જાન પાછી વાળી ને કોઠારિયા ગામમાં રાત રહ્યા. દિવસ ઊગ્યે ચાલ્યા તે ઘેર આવ્યા. પછી બીજે દહાડે મેમકાના ભગો પટેલ જતવાડમાં ગયા. ત્યારે તેમને જતે વાત કરી જે, "અમે ઓગણીસ ઘોડા જતના એ શેઠની જાન લૂંટવા આઠ ગાઉથી હેરું(ચોર; લૂંટારુ)

રાખીને એ મેમકા કોઠારિયા વચ્ચે કારોલ એવે નામે તળાવડી છે ત્યાં રહ્યા હતા. અને એ જાનમાં ઘણું ઘરાણું અમે દીઠું હતું, તે મરણિયા થઈને લેત, પણ મૂકત નહીં. એ શેઠ કોઠારિયામાંથી મશાલ લઈને આણીકોર આવતા હતા ને અમે દેખતા હતા, પણ એમને કોણે પાછા વાળ્યા ? અમારી કાંઈ ખબર પડી હતી ?"

ત્યારે ભગે પટેલે કહ્યું જે, "અમે પણ જાનમાં ભેગા હતા. તે તમારી તો વાત કાંઈ જાણી નહોતી." ત્યારે જતે કહ્યું જે, "એ શેઠને તો એના પરમેશ્વરે પાછા વાળ્યા હતા." એવી રીતે એ ભક્તની મહારાજે રક્ષા કરી. એ વાત પૂરી થઈ. **॥૫૨॥**



વાત - ૫૩

નારણની સ્ત્રી મરી ગઈ અને શ્રીહરિએ તેની સગાઈ કરાવી

મેમકાવાળા રામજી શેઠના દીકરા નારણની સ્ત્રી ગુજરી ગયાં. ને તે નારણની સગાઈ કરવા ચાર દિવસ સુધી કોઈ આવ્યું નહીં. ત્યારે એક વઢવાણથી બ્રાહ્મણે આવીને કહ્યું જે, "એક કન્યા છે તે પંદરસેં રૂપિયાની ખરાજાત(ખર્ચ) થાશે. તે કહો, તો એ સગાઈ કરીએ." ત્યારે રામજી શેઠ કહે, "ઠીક, સવારમાં એ સગપણ કરવા જાઓ." એમ કહીને રામજી શેઠ ઉદાસ થઈને મહારાજની મૂર્તિનું ધ્યાન કરીને રાત્રીએ સૂઈ રહ્યા.

ત્યારે તે રાત્રીમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં. તે મહારાજ મોટો એક ફૂલબાગનો ચોક તેમાં પલંગ ઉપર બેઠેલા ને પુષ્પના હાર, તોરા, ગજરા, બાજુ ધારેલા. આગળ ઘણા સંતની ને હરિભક્તની સભા બેઠેલી. એવું દેખીને રામજીના નેત્રમાંથી જળની ધારા થઈ ગઈ ને પગમાં માથું મૂકીને પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "એ

બ્રાહ્મણ તારે ઘેર કેમ આવ્યો છે ?" ત્યારે રામજી કહે, "મહારાજ, મારા દીકરાની વહુ મરી ગઈ છે ને કોઈ સગપણ આવ્યું નહીં, ત્યારે એ બ્રાહ્મણ સગપણ કરવા આવ્યો છે."

ત્યારે મહારાજ કહે, "એ તો તારા રૂપિયા ખાવા આવ્યો છે, તે એને સવારમાં રજા દેજે. ને સગપણ તો મેં કર્યું છે ને આ મંગળવાર આવે છે, તેની પાછલી ચાર ઘડી રાત્રી રહેશે ત્યારે હું ચાંદલા કરાવીશ." એમ કીધું. ત્યાં તો રામજી શેઠ જાગી ગયા, ત્યારે તેમણે પોતાના દીકરાને ને પોતાના ઘરનાં સર્વે માણસને અરધી રાતે બોલાવીને એ વાત કરી.

પછી એ જે બ્રાહ્મણ આવ્યો હતો તેને રજા દીધી. પછી મંગળવાર આવ્યો ત્યારે સગપણ કરવા સારા ઘરનું માણસ આવ્યું. તેણે કીધું જે, "મંગળવારની પાછલી ચાર ઘડી રાત્રીએ ભારે મુહૂર્ત છે, તે તે વખત ચાંદલા કરવા છે. પછી તે પ્રમાણે એ સગપણ થયું. એ વાત પૂરી થઈ. ॥૫૩॥



વાત - ૫૪

સંઘ સાથે ગઢડે આવતા રામજી શેઠની રક્ષા

એકવાર **મેમકાવાળા** રામજી શેઠ ગઢડે શ્રીગોપીનાથજીનાં દર્શન કરવા જાતા હતા, ને ભેગું ચાલીશ માણસ હરિભક્ત મેમકાનું હતું. તે ગામ **અળવમાં** રાત રહ્યા ને અરધી રાતે ઊઠ્યા, તે માર્ગ ભૂલી ગયા. ને આગળ તો મોટા ડુંગરા ને મોટી ખાડું ને ઝાડ આવ્યાં, ને એક પણ દિશે ચાલવાનો રસ્તો મળ્યો નહીં.

પછી સહુ મુંઝાણા, ત્યારે એક પુરુષ ઊજળાં લૂગડાં પહેરેલ ને હાથમાં લાકડી ને આઠ દશ ગાયો ચારે. તેણે એ માણસોને બોલાવ્યા જે, "તમે કોણ છો ને ક્યાં જાઓ છો ?" ત્યારે એ રામજી શેઠ વિગેરે

સર્વે માણસે કહ્યું જે, “અમે તો સંઘ છીએ ને ગઢડે દર્શન કરવા જઈએ છીએ. તે અમને માર્ગ જડતો નથી. તમે કોણ છો ?” ત્યારે એ કહે, “અમે તો રજપૂત છીએ. તે ચાલો, તમને માર્ગ દેખાડું. માર્ગ આંહીંથી છેટે છે.” ત્યારે રામજી શેઠે કહ્યું જે, “તમારી ગાયો રેઢી કેમ રહેશે ? કોકના મોલમાં પડશે.”

ત્યારે એ રજપૂત કહે, “અમારી ગાયો મોલ ખાય નહીં.” એમ કહીને એ આગળ ચાલ્યા, તે ખેતર સોંસરા ચાલ્યા ને એ સર્વે માણસ વાંસે ચાલ્યું. તે એક ગાઉને આશરે માર્ગ આવ્યો ત્યાં ઊભા રહ્યા. ત્યારે એ સંઘવાળે પૂછ્યું જે, “ભાઈ, તમારું કયું ગામ ને તમારું શું નામ ?” ત્યારે એ રજપૂત કહે, “તમારે ગામનું ને નામનું શું કામ છે? તમારો રસ્તો આવ્યો, તે ચાલ્યા જાઓ.” એમ કહીને એ રજપૂત પાછો વળ્યો. પછી એ સર્વે માણસ ચાલ્યું ને પાછું વાળીને જોયું ત્યારે એ પુરુષ દેખાણો નહીં. ત્યારે સૌને થયું જે, ‘એ કોણ હશે ને ક્યાં ગયો હશે ?’ પછી સૌ ચાલ્યા તે ગઢડે ગયા ને ત્રણ દિવસ ત્યાં રહીને વળતાં સારંગપુર આવ્યા, તે વંડામાં ઉતારો કર્યો.

ત્યારે એ સારંગપુરમાં વાગડ ગામનાં એક હરિભક્ત ગરાસણી બાઈ હતાં. તેમને આગલે દાડે સમાધિ થયેલી. તે મહારાજના પગ ઉઝરડાવાળા દેખીને એ બાઈએ પૂછેલું જે, “હે મહારાજ ! તમારા પગ કેમ ઉઝરડેલા છે ?” ત્યારે મહારાજે તે બાઈને કીધેલું જે, “મેમકાના હરિભક્ત માર્ગ ભૂલી ગયા હતા ને આગળ ચોર હતા. તે સારુ એમને માર્ગ દેખાડવા ખેતર સોંસરા પડ્યા, તેણે કરીને મારા પગ ઉઝરડાણા છે.” એટલી આગલે દાડે વાત થયેલી.

પછી આ સંઘ સર્વે વંડામાં ઊતરેલ દેખીને એ બાઈએ પૂછ્યું જે, “તમારું કયું ગામ ?” ત્યારે સંઘવાળે કહ્યું જે, “અમારું ગામ તો મેમકું.” ત્યારે એ બાઈ કહે, “તમે મારગ ભૂલ્યા હતા એ છો ?”

ત્યારે એમણે હા પાડી. ત્યારે એ બાઈ બોલ્યાં જે, “અરે મૂરખો, એ મહારાજ તમને માર્ગ દેખાડવા આવ્યા હતા. તે તમે પગ ઝાલી રાખ્યો નહીં ? કેમ જાવા દીધા ?” ત્યારે રામજી શેઠે એ ડોસીને પૂછ્યું જે, “તમે કેમ જાણ્યું જે, એ મહારાજ હતા ?”

ત્યારે એ ડોસીએ કહ્યું જે, “મહારાજનાં મારે સમાધિમાં દર્શન થયાં હતાં. તે પગે ઉઝરડા ભાળીને મેં પૂછ્યું હતું. ત્યારે મહારાજે મને કીધું હતું જે, મેમકાના હરિભક્તો માર્ગ ભૂલ્યા હતા. તે અમે માર્ગ દેખાડવા ખેતર સોંસરા પડ્યા હતા, તેમાં મારે પગે ઉઝરડા થયા છે. એમ મહારાજે મને કીધું હતું. તેથી હું જાણું છું.” એવી વાત સાંભળીને સૌ સંઘવાળા આશ્ચર્ય પામી ગયા. એ વાત પૂરી થઈ. **॥૫૪॥**



વાત - ૫૫

પાનબાઈને શિયાણીમાં શ્રીહરિનાં દિવ્યદર્શન

મેમકા ગામમાં રામજી શેઠની માતા પાનબાઈ, તે શ્રીજીમહારાજ શિયાણીએ પધાર્યા હતા, ત્યાં દર્શન કરવા ગયાં હતાં. તેમણે એવો સંકલ્પ કર્યો હતો જે, ‘મહારાજ ભગવાન છે ને મનુષ્યના સરખો પોતાનો દેહ છે; પણ પોતાના ધામમાં મહાતેજોમય ચતુર્ભુજ મૂર્તિ છે એવી મૂર્તિનાં દર્શન, હે મહારાજ, મને કરાવજો.’ એમ ધારીને ગયાં. તે મહારાજ મેઘા પટેલના ફળીમાં ગાડા ઉપર ઢોલિયો ઢળાવીને તે ઉપર બેઠા હતા, ત્યાં જઈ દર્શન કર્યાં. તે મહારાજે ધોળો સુરવાળ પહેર્યો હતો ને ધોળું અંગરખું પહેર્યું હતું ને ધોળી પાઘ માથે બાંધી હતી.

એવી મૂર્તિ જોતાં’તાં, ત્યાં તો એ મૂર્તિને મહાપ્રકાશવાન ને સોળ વરસની અવસ્થા ને માથે મુગટ ને ચતુર્ભુજ સ્વરૂપ ને શંખ, ચક્ર, ગદા, પદ્મ ગ્રહણ કરેલાં ને જરિયાન વસ્ત્ર પહેરેલાં, એવા દેખીને મહાવિસ્મય

થઈ ગયાં. ને વિચાર કરવા માંડ્યો જે, 'હમણાં તો મહારાજ ધોળાં વસ્ત્ર પહેરીને બેઠા હતા, તે તો ઊઠીને ક્યાંઈ ગયા નથી, તો આ બીજી મૂર્તિ કોની ? ને ક્યાંઈથી આવતા પણ દેખ્યા નથી, તે આ મને શું થાય છે ?' એમ વિચાર કરે છે ત્યાં તો પાછા જેવા આગળ દેખ્યા હતા, તેવા ને તેવા દેખ્યા. ત્યારે પોતાને સૂઝ્યું જે, "આ તો મેં સંકલ્પ કર્યો હતો, તે સારુ મહારાજે મને આવું રૂપ દેખાડ્યું. પછી ત્યાં જઈને પગમાં માથું મૂકીને પગે લાગી. ત્યારે મહારાજ કહે, "હવે તમારું ધાર્યું થયું ?" એમ કહીને પોતાના બે હાથ પાનબાઈને માથે મૂક્યા. એવી રીતે મહારાજે અલૌકિક દર્શન દીધાં. એ વાત પૂરી થઈ. **॥૫૫॥**



વાત - ૫૬

મહારાજે રામજી શેઠનું બળતું રૂ બચાવ્યું

રામજી શેઠે બે હજાર રૂપિયાનું રૂ ઘરમાં ભર્યું હતું. તે ઘરમાં લાય થઈ, તેથી ગામનું માણસ ઓલવવા સારુ આવ્યું, પણ ઓલાણું નહીં. ને માળણ, વળીઓ, કમાડ, બારસાખ એ સર્વે બળીને રાખનો ઢગલો થઈ ગયો, ને તે રૂ પણ ઉપરથી બળીને રાખ જેવું જણાય. પછી એ બળીને ઓલાઈ ગયું, ત્યારે એ ઘરમાં જોવા સારુ ગયા. તે બળેલ રૂનો રાખ જેવો ઢગલો જોયો. ત્યારે તે રૂ ઉપર ઉપર એક તસુ જેટલું બળેલું ને માંહી તો એવું ને એવું દેખ્યું. તે કાઢીને તોળ્યું, તે ત્રણ મણ રૂ બળેલ, ને બીજું તો આગથી બળેલું નહીં ને પાણીથી પલળેલું પણ નહીં. અને તે રૂ હેઠે લાકડાં હતાં ને ભીંતમાં લાકડાની ખીંટીઓ રૂમાં દબાયેલી હતી, તે પણ બળીને રાખ થઈ ગઈ, પણ રૂ બળ્યું નહીં. એવી રીતે શ્રીજીમહારાજે શેઠનું બળતું રૂ બચાવ્યું. એ વાત પૂરી થઈ. **॥૫૬॥**



વાત - ૫૭

શેઠની દીકરી શિવને મોટીબાએ ભજનનું સુખ કરી દીધું

એકવાર રામજી શેઠની માતા જે પાનબાઈ, તેમને દર્શન દેવા **ગઢડેથી** જીવુબાઈ **મેમકે** પધાર્યાં હતાં. અને જીવુબાઈએ રામજી શેઠની દીકરી શિવને પૂછ્યું જે, "તારી સાસુ ભગવાન ભજવા દે એવી છે કે ન ભજવા દે એવી છે ?"

ત્યારે એ શિવ બોલી જે, "અરે બા ! મારી સાસુ તો એમ બોલે છે જે, 'તું સ્વામિનારાયણની દીકરી(ભક્ત) છો ને લસણ કે વઘારણી ખાતી નથી, તે મારે ઘેરે એવું તોફાન નહિ ચાલે. આ તો અત્યારે પરણ્યાનું આણું છે તે હું નથી બોલતી, પણ હવે આવીશ ત્યારે તો રોટલા, શાક ને શિરામણી એ સર્વેમાં વઘારણી નાંખીશ. પછી જોઈએ કેવીક ખાતી નથી !' એમ મને ડારો દીધો છે. તે માટે ભગવાન ભજવામાં ને સત્સંગનો ધર્મ પાળવામાં હરકત આવે એવું જણાય છે."

ત્યારે તે સાંભળીને જીવુબાઈ બોલ્યાં જે, "તું આણું વળીને જઈશ ત્યાં સુધી તારી સાસુ નહિ રહે. પછી તારે શી હરકત આવશે !" ત્યારે પાનબાઈ બોલ્યાં જે, "એની સાસુ તો નાની બાળક છે, ને શિવને વળાવવાની તો આઠ દિવસની વાર છે. તે આઠ દિવસમાં ક્યાં જાશે ?" ત્યારે જીવુબા બોલ્યાં જે, "આઠ દિવસ શું થોડા છે ?" પછી મોટીબા તો બે દિવસ રહીને પધાર્યાં ને પાંચ દિવસ થયા, ત્યારે એ શિવની સાસુ ગુજરી ગયાં. એવી રીતે મોટીબાનું કહેવું સાચું થયું. એ વાત પૂરી થઈ. ।।૫૭।।



વાત - ૫૮

મોટીબાએ પાનબાઈને વરસાદથી પલળવા ન દીધા

એક દિવસ **મેમકાવાળા** રામજી શેઠની માતા પાનબાઈ ગઢડે દર્શન કરવા સારુ ચોમાસામાં ગાડી જોડાવીને ચાલ્યાં ને વરસાદ વરસવા માંડ્યો. તે ગાડીની આગળપાછળ ને અડખેપડખે મેઘ વરસે, પણ ગાડી ઉપર છાંટો પડે નહીં. તે પોતે જોતાં જાય ને આશ્ચર્ય માનતાં જાય. પછી ગઢડે ગયાં ને ગોપીનાથજીનાં દર્શન કર્યાં, મોટીબાનાં દર્શન કર્યાં ને ચાર નેવાના ચોકવાળી જગ્યા છે, તેમાં ઉતારો કર્યો.

પછી સાંજે રસોઈ કરવા મોટીબાએ આવીને એ નેવાં હેઠ ઓસરીના જેર પાસે જાયગા બતાવી જે, "આંહીં રસોઈ કરો." પછી એ નેવાં હેઠ ચોકો કરીને તપેલાં ચડાવ્યાં ને ખીચડી ઓરી, ત્યાં તો ઈન્દ્રધાર મેઘ વરસવા માંડ્યો, તે નેવામાં પાણી ન માય એવો જબ્બર વરસાદ આવ્યો; પણ જેટલાં નેવાં એ ચોકા ઉપર હતાં, તેમાં એકેય નેવામાં પાણી આવ્યું નહીં, ને રસોઈ કરવા બેઠાં હતાં તે ઉપર વરસાદનો છાંટો પણ પડ્યો નહીં. ને ફળીના ચોકમાં પાણી ભરાણું તે પણ એ ચોકાની કોરે થઈને ચાલ્યું જાય, પણ ચોકામાં આવે નહીં. તેણે કરીને ચોકાની જાયગા પ્રથમ જેવી કોરી હતી, તેવી ને તેવી કોરી રહી. ને રસોઈ કરનાર ઉપર પણ છાંટો પાણીનો પડ્યો નહીં.

પછી એ વરસાદ રહી ગયો, ત્યારે મોટીબા ત્યાં આવીને બોલ્યાં જે, "પાનબાઈ, તમને વરસાદે કંઈ કનડગત કરી ?" ત્યારે પાનબાઈ કહે, "માતાજી, તમે તો અમને આંહીં આવતાં રસ્તામાં પણ પલળવા દીધાં નહીં, ને આંહીં પણ અમારો ચોકો કોરો રાખ્યો, તે અમારી બહુ ખબર રાખી !" ત્યારે મોટીબા કહે, "તમે છેટેથી ગોપીનાથજીને દર્શને આવ્યા છો, તે ગોપીનાથજી એટલી તમારી ખબર રાખે જ તો !"

પછી બીજે દાડે પાનબાઈને તેડીને જીવુબાઈ ગોપીનાથજીનાં દર્શન કરવા મંદિરમાં ઠાકોરજીના સિંહાસન પાસે ગયાં. અને એમ બોલ્યાં જે, "પાનબાઈ જુઓને, આ ગોપીનાથજીને બહુ ઘામ(બફારો) થાય છે, તે પરસેવો વળ્યો છે." ત્યારે પાનબાઈએ જોયું તો ગોપીનાથજીના મુખારવિંદ ઉપર પરસેવાના મોતિયા આવી ગયેલ ને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને પણ પરસેવાના મોતિયા આવેલ, તે નજરે દેખ્યા.

પછી મોટીબાના હાથમાં ધોળો રૂમાલ હતો, તેણે કરીને હરિકૃષ્ણ મહારાજનો ને ગોપીનાથજી મહારાજનો મુખારવિંદ ઉપરથી પરસેવો લૂછ્યો, તેથી રૂમાલ પલળી ગયો તે રૂમાલ પાનબાઈને દેખાડ્યો. પછી વીંજણો હતો તેણે કરીને મોટીબાએ ઠાકોરજીને વાહર(પવન)નાંખ્યો. એવો પ્રતાપ પાનબાઈએ દેખ્યો.

✳ મોટીબાએ પાનબાઈને અંતે તેડવા આવવાનો વર આપ્યો :

પછી વળી એક દિવસ મોટીબા પોતાની ઓસરીમાં એકલાં જ બેઠા હતાં, ને પાનબાઈ પગ ચાંપતાં હતાં. તે પાનબાઈ બોલ્યાં જે, "જુઓને બા, આ ગઢડામાં ગોપીનાથજી છે ને મૂળીમાં રાધાકૃષ્ણ છે, તે તો બેય ભગવાનની મૂર્તિઓ છે. તે ત્યાં દર્શન કરીએ તોપણ થાય, પણ હું વરસોવરસ ઘણા વરસથી આંહીં આવું છું, તે તો તમારાં દર્શન કરવા આવું છું. વળી તમે દાદા ખાચરની બેનને નાતે કાઠી, એમ પણ હું જાણતી નથી. તમને તો રાધિકાજી જાણીને આવું છું." એમ જ્યાં બોલ્યાં ત્યાં તો મોટીબાના શરીરમાં મહાપ્રકાશ થયો.

તે જોઈને પાનબાઈએ મોટીબાના પગમાં માથું મૂકીને કીધું જે, "બા, મને એક વચન આપો." ત્યારે બા કહે જે, "માગો તે આપું." ત્યારે પાનબાઈ કહે, "જ્યારે હું દેહ મૂકું ત્યારે મહારાજને તેડીને તમારે પધારવું. તમે મને બહુ વહાલાં છો, તે તમારી દાસી કરીને તમારી હજૂરમાં રાખવી."

એવું સાંભળીને મોટીબાએ પોતાના હાથે કરીને પાનબાઈનો હાથ ઝાલીને ત્રણ વાર કોલ દીધો. પછી બોલ્યાં જે, "મહારાજને તેડીને હું તેડવા આવીશ, ને મારી બરોબરના કરીને તમને રાખીશ. વળી તમારો દેહ પડવાનો થાશે ત્યારે ત્રણ દિવસ મોરથી તમને ખબર કરીશ." એવું મોટીબાએ પાનબાઈને વચન આપ્યું.

✳ મોટીબા સાથે શ્રીહરિ પાનબાઈને તેડવા આવ્યા :

પછી આઠ-દશ દિવસ ત્યાં રહીને પાનબાઈ ઘેર આવ્યાં. ત્યાર પછી કેટલેક દાડે પાનબાઈનો દેહ પડવાનો થયો. ત્યારે ત્રણ દિવસ મોરથી મોટીબાનાં દર્શન થયાં ને બા એમ બોલ્યાં જે, "આજથી ત્રીજે દિવસે મહારાજ તમને તેડવા આવશે. સાથે રાજબાઈ, લાડુબાઈ ને હું પણ ભેગાં આવશું. તમે તૈયાર થઈ રહેજો." એમ રાત્રીએ સ્વપ્નમાં દેખ્યું. પછી સવારના પહોરમાં એ વાત પાનબાઈએ રામજીને કરી. ત્યારે રામજી તો આગળ થયેલી વાતને જાણતા હતા. તેણે કહ્યું જે, "હે માતા ! તમારે હવે ભગવાનના ધામમાં જાવાનું નજીક આવ્યું, માટે ભગવાન ભજવાનો આગ્રહ રાખો."

ત્યારે પાનબાઈ બોલ્યાં જે, "મારે એ વાતનો ઘણો ઉછરંગ છે, કેમ જે, મહારાજનાં દર્શન થયે ઘણા દિવસ થઈ ગયા છે ને હવે હું એ મૂર્તિ ભાળીશ. અને રાજબાઈ, જીવુબાઈ ને લાડુબાઈ એમને પણ દેખ્યે ઘણા દિવસ થઈ ગયા છે, તે એમને પણ દેખીશ." એમ કહીને બહુ રાજી થયાં. વળી પોતાના શરીરમાં કોઈ રોગની પણ કસર નહિ, સાજોનરવો દેહ હતો. પછી પોતે વચનામૃત સાંભળવા માંડ્યું ને ડોસીઓને ભેગી કરીને કીર્તન ગવરાવવા માંડ્યાં. બે દિવસ એમ કર્યું ત્યારે ત્રીજો દિવસ થયો. તે ચાર વાસાની(ચાર દિવસથી આવતી તે) તાવલી શરીરમાં સવારમાં આવી, તોપણ પોતે નદીએ નાહી આવ્યાં. પૂજા કરીને સાંજ સુધી કીર્તન ગવરાવ્યાં. પછી રાત્રી પડી ત્યારે એ

ટાણે નારણની દીકરી સૂતી હતી, તેને મહારાજનાં દર્શન થયાં. પછી જાગીને તેણે વાત કરી જે, "મહારાજ આપણે ઘેર આવ્યા હતા. ભેગા સાધુ પણ ઘણા હતા ને રથ-ઘોડા પણ હતાં. તે પાનબાઈ પાસે આવીને મહારાજ એમ બોલ્યા જે, 'તમને તાવ આવે છે, તે જોવા સારુ અત્યારે તો આવ્યા છીએ ને અરધી રાતે તેડવા આવશું.' એમ કહીને મહારાજ ગયા." એવી વાત એ દીકરીએ કરી. તેને સાંભળીને પાનબાઈ એમ બોલ્યાં જે, "મહારાજ નહિ આવે તો ક્યાં જાશે ? મને તો કોલ દીધો છે ને માથે હાથ દીધા છે. તે એમને આવ્યા વિના છૂટકો નથી." પછી રામજીને કહ્યું જે, "તારે મને જે આપવું હોય તે આપ." ત્યારે રામજીએ પોતાની માતાએ માગ્યું, તે આપ્યું.

पछे राम करता करतां अरधी रात गई ने पानबाई रामजीने
बिजा दिकरा हेता हेता महाराजनी वाट जोता हता ने महाराज
नी वात करता हता त्यां तो प्रथम मोटी बा पधार्या ने पानबाईने
दर्शन थयां तारे बेठा थई जोडीने पगे लाग्यां ने अमरसी डोलि
या उपर बेसीने वांसो थोपता तो तेने उगाडी मुक्या के उठ आवा
ने अपवा सपडसे राम के छे त्यां तो महाराज पधार्या तारे पो
ते डोलिया उपर था हेठा उतरी ने बे हाथ जोडिने माथुं मुये
अडाडी ने पगे लाग्या ने पछे बोल्यां जे आ महाराज पधार्या
ने आ राजबाई जीवुबाई लाडुबाई अमुलां बाई रामबाई तेमां आव्या छे
ने आ साधु तो घणा छे ते रामजी कयुं गयो आ दरसन करो मुने ते
डवा आव्या छे ते कुटुंब जन छुं ते सर्व ने जे स्वामीनारायण छे
राम कहीने देह मुकी दीधो ते उसास थयो नही कंठ हाल्यो नही
आंख फरी नई राम देह मुकि दिधो

પછી એમ કરતાં કરતાં અરધી રાત ગઈ ને પાનબાઈ, રામજી અને બીજા દીકરા એ બેઠાં બેઠાં મહારાજની વાટ જોતાં હતાં ને મહારાજની વાતો કરતાં હતાં. ત્યાં તો પ્રથમ મોટીબા પધાર્યાં ને પાનબાઈને દર્શન થયાં. ત્યારે બે હાથ જોડીને પગે લાગ્યાં ને અમરશી ઢોલિયા ઉપર બેસીને વાંસો ચાંપતો હતો, તેને ઊઠાડી મૂક્યો ને કહે, "ઊઠ, આ બાને ઉપવાસ પડશે." એમ કહે છે ત્યાં તો મહારાજ પધાર્યા. ત્યારે પોતે ઢોલિયા ઉપરથી હેઠાં ઊતરીને બે હાથ જોડીને માથું ભોંયે અડાડીને પગે લાગ્યાં, ને પછી બોલ્યાં જે, "આ મહારાજ પધાર્યા ને આ રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ, અમૂલાબાઈ એ ભેગાં આવ્યાં છે ને આ સાધુ તો ઘણા છે. તે રામજી ક્યાં ગયો ? આ દર્શન કરો. મને તેડવા આવ્યા છે તે હું હવે જાઉં છું. તે સહુને જય સ્વામિનારાયણ છે." એમ કહીને દેહ મૂકી દીધો. તે શ્વાસ થયો નહિ, કંઠ હાલ્યો નહિ, આંખ ફરી નહીં, એમ દેહ મૂકી દીધો.

✳ પાનબાઈને તેડવા જતાં શ્રીહરિનાં આરજા પૂતળીબાઈને દર્શન :

ત્યારે તે ટાણે ગામ **લીંબડીમાં** પૂતળીબાઈ એવે નામે કરીને ઢૂંઢિયા આરજા(જૈન સાધવી) હતાં. તે પૂર્વે પાનબાઈની બેન હતાં. તે આરજા થયાં હતાં, તેમને તે ટાણે મહારાજનાં દર્શન થયાં. તેમની સાથે ઘણાં સંત, ઘણાં વિમાન, ઘણાં રથ ને વાજાં વાગે ને બહુ પ્રકાશ થયેલો ને આકાશ માર્ગે જાય, એવું પોતે જાગતાં હતાં ને ઊભાં હતાં ને અપાસરાની બારલીકોર હતાં, તેમણે એવું દેખીને એમ ધાર્યું જે, "આ કોણ હશે ? ને અત્યારે ક્યાં જાતા હશે ?"

ત્યારે એ ઊંચેથી શબ્દ થયો જે, "અમે સ્વામિનારાયણ છીએ ને તમારી બેન પાનબાઈ મેમકે છે, તેમને તેડવા જાઈએ છીએ." એવું સાંભળીને તે બાઈ અપાસરામાં ગયાં ને અપાસરામાં પંદર-વીસ ડોસીઓ રાતે સૂવા આવેલાં હતાં, તેમની પાસે એ સર્વે વાત કરી. પછી સવારમાં

એ ખબર કાઢવા લીંબડીથી એક માણસ મેમકે મોકલ્યું. ત્યારે તે માણસ મેમકે આવ્યું, ત્યારે પાનબાઈએ દેહે મૂકેલ, તે જોઈને પછી તે માણસે આવીને એ સર્વે વાત કરી. તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યાં. એ વાત પૂરી થઈ. ॥૫૮॥



વાત - ૫૯

શેઠનાં બેન શામબાઈની પુત્રી સંતોકને કહીને ધામમાં લઈ ગયા

મેમકાવાળા રામજી શેઠની બેન શામબાઈ સમાધિનિષ્ઠ હતાં. ને **સાયલા** ગામમાં રહેતાં. તેમની દીકરી સંતોક એવે નામે કરીને મહાભક્તરાજ હતાં. તે બાઈને ગામ **વિહલપર** ઢૂંઢિયા વાણિયાને ઘેર પરણાવ્યાં હતાં. પછી કોઈક દાડે એ વિહલપરનો વાણિયો અમદાવાદ ગયો ને સંતોકબાઈ પણ ભેગાં હતાં. ત્યારે એ સંતોકબાઈએ પોતાનાં સાસુ-સસરાને કહ્યું જે, “આ ગામમાં સ્વામિનારાયણનું મંદિર છે, તે મને દર્શન કરવા જાવા દો.” ત્યારે તે બોલ્યાં જે, “આપણે ઢૂંઢિયા છીએ, તે આપણાથી સ્વામિનારાયણના મંદિરમાં જવાય નહીં. માટે એ વાત કોઈ દિવસ કરવી નહીં.”

પછી તે બાઈ તો ઘણું દિલગીર થયાં ને રાત્રીએ સૂઈ રહ્યાં. ત્યારે મહારાજ પધાર્યા ને સંતોકને કીધું જે, “તમને દર્શન કરવા આવવા દીધાં નહિ, તે ચાલો મારા ભેગાં. હું તમને એ મંદિર દેખાડું ને એ મૂર્તિનાં દર્શન કરાવું.” પછી એ બાઈ મહારાજ ભેગાં મંદિરમાં જઈને એ ઠાકોરજીનાં દર્શન કર્યાં. તે મહારાજ કહેતા જાય જે, “જુઓ, આ મંદિરમાં મારી રાધાકૃષ્ણની મૂર્તિઓ છે. આ મંદિરમાં મારી નરનારાયણની મૂર્તિઓ છે. આ મંદિરમાં મારી સજ્યા છે ને આ મંદિરમાં મારી હરિકૃષ્ણ ને ધર્મભક્તિની મૂર્તિઓ છે.” એમ સર્વે દર્શન કરાવ્યા.

પછી શ્રીજીમહારાજે એ સંતોકબાઈને કહ્યું જે, "તમને એ ઢૂંઢિયા વાણિયાને ઘેરે અમે રહેવા દેશું નહીં. આજથી બે મહિને અમારા ધામમાં તેડી જાશું. માટે તમારા પિયરનો જે માલ હોય તે સર્વે લઈ જાજો. આંહીં કાંઈ રહેવા દેશો નહીં. શા સારુ જે, તમારો દેહ પડ્યા પછી એ કાંઈ પાછું નહિ આપે, માટે લઈ જાજો." એવી રીતે મહારાજ કહી ગયા. પછી એ બાઈ સૂતાં'તાં, તે જાગ્યાં ત્યારે વિચાર્યું જે, 'આ મારે મહારાજનાં દર્શન થયાં ને મંદિર ને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં, ને બે મહિને તેડી જાવાની વાત કરી, તે સર્વે વાત સાચી છે.'

પછી સંતોકબાઈ અમદાવાદથી પાછાં વિહલપર આવ્યાં. તે થોડે થોડે પોતાના પિયરનો જે માલ તેને જે કોઈ સાથ મળે તે ભેગો મોકલવા માંડ્યો. દોઢ માસ થયો ત્યારે એ બાઈને પોતાનો ભાઈ તેડવા આવ્યો, ત્યારે તે ભેગાં પિયર જાવા તૈયાર થયાં. ત્યારે પોતાનો સર્વે માલ ભેગો લીધો ને ગાદલાં, ગોદડાં લીધાં. ત્યારે તેમને સાસરે કીધું જે, "આ ગાદલાં, ગોદડાં શું કરવા લઈ જાઓ છો ?" ત્યારે બાઈએ કહેવરાવ્યું જે, "એમાં રૂ સારું નથી ને વળી થોડું છે. તે માટે સારાં-સારાં ભરીને લેતી આવીશ."

એમ કહીને સર્વે પોતાના પિયરનો જે માલ હતો, તે ભેગો લઈને પોતાને પિયર આવ્યાં. ત્યારે એમને માબાપે કહ્યું જે, "અરે બાઈ ! તું ગાંડી છો ? આ ગાદલાં, ગોદડાં, ચાકળા, ચંદરવા, એ આંહીં કેમ લાવ્યાં ?" ત્યારે એ બાઈએ સર્વે વાત પોતાના માબાપને કીધી.

પછી આઠ દિવસ થયા ત્યારે વળી મહારાજનાં દર્શન થયાં. તે મહારાજે સંતોકને કીધું જે, "આજથી આઠમે દાડે સંધ્યા વખતે દીવા થાય તે ટાણે તમને તેડવા આવશું." પછી એ વાત સંતોકે પોતાના માબાપને કીધી ને ગામમાં પણ એ વાત પ્રસિદ્ધ થઈ ગઈ. ત્યારે ગામમાં એમના

સગાં ઢૂંઢિયા વાણિયા હતાં, તેમણે માંહોમાંહી એમ વાત ધારી જે, 'આઠમે દાડે આપણે ત્યાં જઈ ખબર રાખવી, ને એ વાત જૂઠી પડે તો એ સત્સંગી છે, તે માટે એમને ફજેત કરવા.' એવું ધારીને ઠરાવ કરી રાખ્યો.

પછી પાંચ દિવસ ગયા ત્યારે એ સંતોકબાઈને થોડોક તાવ આવ્યો. પછી આઠમો દિવસ આવ્યો ત્યારે એ સંતોકે પોતાના બાપને કહ્યું જે, "આજે સાંજે મહારાજ પધારશે ને આપણી બજાર સારી નથી, તે વાસીદું વળાવીને સારી કરાવો." પછી તે બજાર વળાવી સમી કરાવી.

પછી સાંજ પડી ત્યારે સંતોકે કીધું જે, "આપણી ખડકીએ બે દીવા કરાવો." પછી દીવા કરાવ્યા, ત્યાં મહારાજ પધાર્યા. ત્યારે સંતોક બોલી જે, "આ મહારાજ પધાર્યા ને સાધુ પણ ઘણા ભેગા છે. તે મને એમ કહે છે જે, 'તમને બદરિકાશ્રમમાં નહિ મોકલું, ગોલોકમાં નહિ મોકલું, શ્વેતદ્વીપમાં નહિ મોકલું, તમને અક્ષરધામમાં તેડી જઈશ. ને પૂર્વ જન્મમાં તમારું નામ સત્યવતી હતું." એમ કહીને એ સંતોકબાઈએ દેહ મૂકી દીધો. ત્યારે તેમનાં સંબંધી એ ટાણે જે જોવા આવ્યાં હતાં, તે સર્વે વિસ્મિત થઈ રહ્યાં. ને બોલ્યાં જે, "જુઓને, આ વાત કેવી સાચી થઈ." એ વાત પૂરી થઈ. **॥૫૯॥**



વાત - ૬૦

શેઠની ભાણકી દિવાળી અને પૌત્રી સાંકળીને પ્રત્યક્ષ દર્શન

મેમકાવાળા રામજી શેઠની બેન શામબાઈ, તેમની દીકરી બાઈ દિવાળી ને દીકરાની દીકરી બાઈ સાંકળી, એ બેય બાઈઓ **મૂળીએ** ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યાં. તે દર્શન કરતાં કરતાં એ બેય બાઈઓ પરસ્પર એમ બોલી જે, "આ મૂર્તિઓ તો પાષાણની ને

ધાતુની છે, આમાં કાંઈ જીવ નથી. તે આ કેમ કરીને આપણું કલ્યાણ કરશે ?" એમ એ એકબીજી બોલી. ત્યાં તો એ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ને શ્રીકૃષ્ણની મૂર્તિ એ બેય મૂર્તિઓએ પોતાના પગ ફેરવ્યા ને શરીર ફેરવ્યું. અને એક હાથે પોતાની પાઘ ઉતારીને હાથમાં રાખી, ને બીજો હાથ પોતાના માથા ઉપર ફેરવ્યો, ને આંખોનાં મટકાં ભરવા માંડ્યા.

એવું જોઈને એ બેય બાઈઓને એમ થયું જે, 'આ તો મહારાજ પ્રગટ બિરાજતા દીસે છે ને શું ! ને આ મૂર્તિ પણ સજીવન છે, તે આપણું કલ્યાણ કેમ નહિ કરે ? એ તો કરશે જ.' એમ વિચારીને માથા સાટે સત્સંગ કર્યો ને પોતાના સસરા ઢૂંઢિયા વાણિયામાં છે, તોપણ શ્રીજીમહારાજનું ભજન અડગપણે કરવા માંડ્યું.

✳ શ્રીહરિએ શામબાઈના પુત્ર ચત્રભુજનાં ઘરેણાં બચાવ્યાં :

અને વળી એક દાડે એ શામબાઈનો દીકરો ચત્રભુજ તે પોતાની બેન જે દિવાળી, તે સારુ ઘરેણું લઈને **ધ્રાંગધ્રે** જાતો હતો. તેને **દિકસર** ગામમાં રાત રહેવું હતું, તેથી દાણાવાડે ગામથી દિકસરને માર્ગે ચાલ્યો. ત્યાં એક ઘરડો ભરવાડ સામો મળ્યો. તે ભરવાડે એ ચત્રભુજને કીધું જે, "શેઠ, આજ રાત ક્યાં રહેશો ?" ત્યારે ચત્રભુજ કહે, "દિકસર રહેશું." ત્યારે તે ભરવાડ કહે, "દિકસર જઈશ મા, આ ગામમાં રાત રહીને સવારે જાજે." ત્યારે ચત્રભુજ કહે, "હજુ દિવસ ઘણો છે ને અત્યારે કાંઈ બીક નથી, તેથી જઈશ. ને વળી એ ગામમાં મારે ઊતરવાનું ઠેકાણું સારું છે, એટલે જઈશ."

ત્યારે તે ભરવાડ કહે, "અરે શેઠ ! હું ઘરડો ભરવાડ છું, તે મારું કહ્યું માનીને રહી જા. ને આ ગામમાં તારે રહ્યાનું ઠેકાણું ન હોય તો ભાતું ખાઈને ચોરે રહેજે, પણ દિકસર રાત રહેવા જઈશ નહીં." ત્યારે

ચત્રભુજ કહે, "ગોકળી, કાંઈ ફિકર નથી, હમણાં જાતો રહીશ." ત્યારે ગોકળી બોલ્યો જે, "જાનારો થયો તે જઈશ તો ખરો, પણ આ તારું ઘરાણું જાશે, પછી તું જાણ." એમ કીધું ત્યાં તો એ ભરવાડ અદૃશ્ય થઈ ગયો.

ત્યારે ચત્રભુજે વિચાર્યું જે, 'આ ભરવાડ કેમ દેખાણો નહીં ? ક્યાં જતો રહ્યો ? મને જાવાની બહુ ના પાડી, તે હવે મારે જાવું નહીં.' એમ વિચારીને પાછો વળીને એ ગામમાં રાત રહ્યો. પછી સવારમાં ચાલ્યો, તે **દિકસરમાં** જેને ઘેર રાત રહેવું હતું, તેને ઘેર ગયો. ત્યારે તેને ઘેરે રાતે ચોરે ખાતર પાડેલ, તે કાંઈ રહેવા દીધેલ નહીં. તે જોઈને ચત્રભુજે એમ વિચાર્યું જે, 'હું આંહીં આવી આને ઘેર રાત રહ્યો હોત તો મારું ઘરેણું સર્વે જાત. તે મને ભરવાડે બહુ બહુ ના પાડી ને પછી ભરવાડ દેખાણો નહીં. માટે તે જરૂર મહારાજ હશે ! બીજો કોણ મારી રક્ષા કરે !' એવી રીતે અતિ પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૬૦॥



વાત - ૬૧

બોટાદથી જતાં ગોપાળાનંદસ્વામીએ વરસાદ કર્યો

એકવાર ગોપાળાનંદસ્વામીએ **બોટાદમાં** ચોમાસુ કર્યું ને સાધુ પણ ઘણા ભેગા હતા. તે બોટાદથી નીકળ્યા ત્યારે માર્ગમાં એક સાધુએ સ્વામીને પૂછ્યું જે, "આ દેશમાં માણસ વાતો કરે છે જે, 'ગોપાળસ્વામી મેહ વરસાવે છે.' તે વાત સાચી ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "મેહ તો ભગવાનનો કર્યો થાય. એ તો કાંઈ આપણા હાથમાં હોય નહીં." એમ કીધું ત્યાં તો મેહ વરસવા માંડ્યો ને સાધુઓએ પલળવા માંડ્યું. ત્યારે સર્વે સાધુએ ગોપાળસ્વામીને કહ્યું જે, "હે મહારાજ ! આ સાધુ નવા છે ને તમારો પ્રતાપ જાણતા નથી, તેથી એમ બોલ્યા; પણ આ

અમારાં પુસ્તક ને પૂજા પલળી જાશે. અને મેણિયાં(મીણિયાં કાપડ) બાંધી જાબદો(કપડાની આડસ; તેનો બંદોબસ્ત) પણ કર્યો નથી. તે માટે વરસાત બંધ કરો.” ત્યારે સ્વામી બોલ્યા જે, “આ કટાણાનો વરસાદ ઝાઝો વરસે નહીં, એ તો હમણાં રહી જાશે.” એમ બોલ્યા ત્યાં તો વરસાદ ઝડપ સરીખો રહી ગયો. એવો ગોપાળસ્વામીનો પ્રતાપ જોઈને સહુ આશ્ચર્ય પામ્યા. એ વાત પૂરી થઈ. ॥૬૧॥



વાત - ૬૨

વડોદરામાં ગોપાળસ્વામીએ મેરાલભાઉને સાજા કર્યા

વડોદરામાં મેરાલભાઉ એવે નામે કરીને એક દક્ષિણી બ્રાહ્મણ પાંચ કરોડ રૂપિયાની માયાવાળો હતો. તે માંદો પડ્યો ત્યારે વડોદરામાં જેટલી હનુમાનજીની મૂર્તિઓ હતી, તે સર્વે ઠેકાણે મંત્ર જપવા બ્રાહ્મણ બેસાર્યા; પણ સ્વામિનારાયણના મંદિરમાં જે હનુમાનજીની મૂર્તિ હતી, ત્યાં કોઈ બ્રાહ્મણ બેસાર્યો નહીં. પછી તે મેરાલભાઉ તો દાડે દાડે ગળતો ગયો ને બોલવા ચાલવાની પણ શક્તિ રહી નહીં.

પછી એક દાડે એક સત્સંગી બ્રાહ્મણ મંદિરમાં આવતો-જાતો, તેણે ગોપાળસ્વામી આગળ વાત કરી જે, “આ ગામમાં મેરાલભાઉ માંદા છે, તે સર્વે હનુમાનજી આગળ મંત્ર જપવા બ્રાહ્મણ બેસાર્યા છે, એક આપણા હનુમાનજી પાસે કોઈ બ્રાહ્મણ બેસાર્યો નહીં.” ત્યારે ગોપાળસ્વામી બોલ્યા જે, “એ મેરાલભાઉને ને તારે કાંઈ ઓળખાણ છે ?” ત્યારે એ બ્રાહ્મણ કહે, “હા, તેને ઘેર જાઉં આવું છું.”

ત્યારે ગોપાળસ્વામી કહે, “જા, એ ભાઉને એટલું કહેજે જે, આ સર્વે હનુમાનજીની પૂજા કરવા બ્રાહ્મણ બેસાર્યા છે, પણ તમને સુવાણ થઈ નહીં. માટે એ સર્વે બ્રાહ્મણને ઉઠાડી લ્યો. એક સ્વામિનારાયણના મંદિરમાં

હનુમાનજી છે, ત્યાં પાંચ બ્રાહ્મણ સત્સંગીને બેસાડો, તો તમને સુવાણ થાશે. એમ ગોપાળસ્વામીએ કીધું છે." પછી તે બ્રાહ્મણે મેરાલભાઉને વાત કરી. ત્યારે એ સર્વે બ્રાહ્મણને ઉઠાડી લીધા ને સ્વામિનારાયણના મંદિરમાં પાંચ સત્સંગી બ્રાહ્મણોને બેસાર્યા. તે બ્રાહ્મણોએ માળા ફેરવવા માંડી ને એ ભાઉને સુવાણ થાવા માંડી. તે ત્રણ દિવસે તો સારી પેઠે સુવાણ થઈ. પછી મિયાનામાં બેસીને સ્વામિનારાયણના મંદિરમાં આવ્યો ને ઠાકોરજીને બે હજાર રૂપિયાનો પોશાક આપ્યો ને ગોપાળસ્વામીને આઠસેં રૂપિયાની શાલ ઓઢાડવા માંડી. તે સ્વામી કહે, "અમથી ઓઢાય નહીં."

પછી રઘુવીરજી મહારાજ સારુ રખાવી. પછી એ ભાઉ બોલ્યો જે, "આ સ્વામિનારાયણના મંદિરમાં જેટલા સાધુ રહેતા હોય તેને હંમેશ મારી રસોઈ." ત્યારે સ્વામી કહે, "એમ થાય નહિ, મહિનામાં ચાર રસોઈ તમે આપો." પછી તે પ્રમાણે કર્યું. એવી રીતે મેરાલભાઉએ પ્રતાપ દેખ્યો. એ વાત પૂરી થઈ. ॥૬૨॥



વાત - ૬૩

વડોદરામાં સ્વામીએ ગરબી ગાનારાઓને સાકર વહેંચી

એકવાર **વડોદરાના** મંદિરમાં ગોપાળસ્વામી હતા ને સર્વે સંત ને હરિજને ગરબી ફરીને કીર્તન ગાયાં, તે રાત્રીના બાર વાગ્યા સુધી ગાયાં. પછી ગાઈ રહ્યા ત્યારે ગોપાળાનંદસ્વામીએ કોઠારીને કહ્યું જે, "પતાસાં લાવો, આ ગરબીના ફરનારને પ્રસાદી આપીએ." ત્યારે કોઠારી કહે, "પતાસાં તો નથી." ત્યારે સ્વામી કહે, "સાકર લાવો." ત્યારે કોઠારી કહે, "સાકર પણ થઈ રહી છે." ત્યારે સ્વામી કહે, "બજારમાંથી લાવો."

तारेबजारमांगयातेसर्वेदुकानुंवासेलीतारेस्वामीनेकीधुंजे
बजारमांथीपणमल्युंनहीतारेस्वामीयेऊंचिदृष्टिकरीनेजोयुं
त्यांतोएकमणसाकरनोकागलमांबांधेलपडोपड्योतारेस्वा
मीकेजुवोएशुंपड्युंतारेजोयुंतेसाकरदेखीपछेएसाकर
गरबिनाफरनारनेवेंचिदिधी

ત્યારે બજારમાં ગયા તે સર્વે દુકાનું વાંસેલી. ત્યારે સ્વામીને કીધું જે, "બજારમાંથી પણ મળ્યું નહીં." ત્યારે સ્વામીએ ઊંચી દૃષ્ટિ કરીને જોયું, ત્યાં તો એક મણ સાકરનો કાગળમાં બાંધેલ પડો પડ્યો. ત્યારે સ્વામી કહે, "જુઓ, એ શું પડ્યું ?" ત્યારે જોયું તે સાકર દેખી. પછી એ સાકર ગરબીના ફરનારને વહેંચી દીધી. એ વાત પૂરી થઈ. ॥૬૩॥



વાત - ૬૪

ગોપાળાનંદસ્વામીએ ઉમરેઠ મંદિરનાં પગથિયાં ખોદવા ન દીધાં

એકવાર ગોપાળાનંદસ્વામી ગામ **ઉમરેઠના** મંદિરમાં હતા. તે મંદિરમાં બહારનાં પગથિયાં બજારમાં હતાં. તે સરકારના માણસ બજારનાં પગથિયાં ખોદતાં ખોદતાં એ સ્વામિનારાયણના મંદિરનાં પગથિયાં ખોદવા આવ્યા. ત્યારે ગોપાળસ્વામીએ કહ્યું જે, "આ મંદિરનાં પગથિયાં ખોદશો નહીં." ત્યારે સરકારી માણસે કીધું જે, "સરકારનો હુકમ છે, તે ખોદી નાંખશું." ત્યારે ગોપાળસ્વામી એ પગથિયાં ઉપર બેઠા ને કીધું જે, "ખોદીશ મા." ત્યારે તે સરકારી માણસે કુમાસદાર પાસે ફરિયાદ કરી જે, "સ્વામિનારાયણના મંદિરનાં પગથિયાં ખોદવા ગયા તે એક સાધુ એ પગથિયાં ઉપર બેઠો છે ને ખોદવા દેતો નથી." ત્યારે તે કુમાસદાર કહે, "એ સાધુને બાંધીને આંહીં લાવો." ત્યારે સરકારી

માણસે જઈને કહ્યું જે, "અરે સાધુ! તમે પગથિયાં ઉપરથી ઊતરી જાઓ, નહિ તો પાછોવડિયા(પાછોડિયા = દોરડાથી પાછળ હાથ બાંધવા)બાંધીને લઈ જાશું. એવો કુમાસદારનો હુકમ છે."

એવું સાંભળીને પાંચ સાધુ ભેગા લઈને ગોપાળસ્વામી એ કુમાસદાર પાસે ગયા ને હાકોટો કર્યો જે, "કુમાસદાર ક્યાં ગયો છે ?" ત્યારે એ કુમાસદાર ઓરડામાં હતો તેણે સાંભળ્યું. ત્યારે એને બીક લાગી જે, "એ સાધુ કરામતવાળા છે, તે મારે એને નજરે થાવું નથી." પછી માણસો પાસે કહેવરાવ્યું જે, "સાધુ, તમે જાઓ, તમારો ઓટો-પગથિયાં નહિ ખોદે." ત્યારે ગોપાળસ્વામી કહે, "એને મારી નજરે કરો. એ પાછોવડિયા બાંધતો હતો, તે મારે એને જોવો છે."

ત્યારે માણસે કહ્યું જે, "તમારે જોવાનું શું કામ છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "મને એ પાછોવડિયા બાંધતો હતો, તે કાંઈક એ જ બંધાઈ ગયો'તો !" એમ કહીને સ્વામી મંદિરમાં આવ્યા ને પગથિયાં ખોદવા બંધ રહ્યાં. પછી એ જ રાત્રીએ ગાયકવાડ સરકારના દશ-પંદર સ્વાર આવ્યા, તે એ કુમાસદારને પાછોવડિયા બાંધીને વડોદરે લઈ ગયા, ને કલમ કપાઈ ગઈ.(ગુનામાં આવતાં નોકરી ગઈ) તે ગોપાળસ્વામીના શાપથી એવો એને માથે ગુનો સાબિત થઈ ગયો. એ વાત પૂરી થઈ. ॥૬૪॥



વાત - ૬૫

ખુશાલ ભટ્ટ ભાવનગરથી મહાભારતનું પુસ્તક લાવ્યા

એકવાર શ્રીજીમહારાજને મહાભારતનું પુસ્તક જોઈતું હતું. તે પુસ્તક **ભાવનગરમાં** એક બ્રાહ્મણને ઘેર હતું. તે મહારાજે માગ્યું પણ એણે આપ્યું નહીં. તે ઘણીવાર માંગ્યું પણ ન આપ્યું.

પછી એક દાડે **ખુશાલ ભટ્ટને** મહારાજે કહ્યું જે, "એ મહાભારત તો તમે લેવા જાઓ." પછી એક (શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાશ્રી) બ્રાહ્મણ ભેગા લઈને ખુશાલ ભટ્ટ ભાવનગર એ બ્રાહ્મણને ઘેર ગયા ને પુસ્તક મંગાવ્યાની વાત કરી. ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, "હજાર વાતે એ પુસ્તક હું સ્વામિનારાયણને આપનારો નથી. એ કેવા છે તે વારંવાર માંગે છે ?" એમ કહીને એ બ્રાહ્મણ પૂજા કરવા બેઠો ને લાલજીની મૂર્તિ આસન ઉપર પધરાવી. પછી એ લાલજીની મૂર્તિ ફરીને ખુશાલ ભટ્ટ બેઠા હતા, તે સન્મુખ થઈ. ત્યારે એ બ્રાહ્મણે જાણ્યું જે, 'આ મૂર્તિ કેમ ફરી !' પછી વળી એ મૂર્તિ પોતા સન્મુખ કરીને પૂજા કરવા માંડી. તે મૂર્તિ તો પાછી ફરીને ખુશાલ ભટ્ટ સન્મુખ થઈ.

ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો જે, "આ મૂર્તિ કેમ ફરે છે ?" ત્યારે ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "તમે સ્વામિનારાયણને વાંચવા સારુ પુસ્તક આપતા નથી, તેથી લાલજી તમારાથી પ્રતિકૂળ થયા છે." એવું સાંભળીને એ બ્રાહ્મણને ઘણો ભય લાગ્યો ને ખુશાલ ભટ્ટને પગે લાગીને બોલ્યો જે, "આ પુસ્તક લઈ જાઓ, પણ એક માસની અંદરમાં પાછું પહોંચાડજો." એમ કહીને પુસ્તક આપ્યું. એ વાત પૂરી થઈ. **॥૬૫॥**



વાત - ૬૬

મૂળી મંદિર માટે બ્રહ્માનંદસ્વામીને પથ્થર ને પાણી બતાવ્યાં

બ્રહ્માનંદસ્વામી **મૂળીમાં** મંદિર કરવા આવ્યા. તે ગામથી ચાર ચાર ગાઉ ફરતો પથ્થર જોયો, પણ ક્યાંઈ મળ્યો નહીં. પછી ઉદાસ થઈ ગયા ને મહારાજની સ્તુતિ કરીને કીધું જે, "હે મહારાજ ! તમે મૂળીમાં મંદિર કરવાની મને આજ્ઞા કરી છે, તે પથ્થર વિના મંદિર કેમ થાશે ?"

પછી વળી એક દિવસ વગડામાં પથ્થર ગોતવા ગયા. તે વઢવાણનો મુનો સલાટ પણ ભેગો હતો ને બીજા દશ-પંદર માણસ પણ ભેગા હતા. તે ફરી ફરીને પથ્થર જોતા હતા, ત્યારે બ્રહ્માનંદસ્વામીને મહારાજની મૂર્તિનાં છેટેથી દર્શન થયાં. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજ પાસે જાવા ઉતાવળી ઘોડી હાંકી, તે મહારાજની સમીપમાં ગયા. ત્યારે મહારાજ એક ઢાલ જેવડો ઉઘાડો પથ્થર તે ઉપર ઊભા રહીને અદૃશ્ય થઈ ગયા.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મુના સલાટને કીધું જે, "આ પથ્થર જુઓ." પછી એ ઠેકાણે ખોદવા માંડ્યું, તે પથ્થરની મોટી પાટો ખડકી મૂકેલી નીકળી. તે મંદિર સંપૂર્ણ થાય તેટલો પથ્થર દેખ્યો, પણ પાણી એટલામાં નહિ, તે ગામમાંથી લઈ જાવું પડે. ત્યારે એક દિવસ બે પાળા ખાણની આસપાસ ફરતા હતા, ત્યારે એક ભરવાડ ઘરડો ડોસો એ પાળાને મળ્યો. ત્યારે તે ભરવાડે કીધું જે, "તમને પાણી બતાવું. અમે નાના હતા ત્યારે આ ઠેકાણે એક નાની વાવ હતી ને પાણી બહુ મીઠું હતું. તે તમે ખોદી જોજો."

ત્યારે એ પાળે પૂછ્યું જે, "તમારું શું નામ ? ને તમો ક્યાં રહો છો ?" ત્યારે તે ભરવાડે પોતાનું નામ બતાવ્યું ને "ખાટડી ગામમાં અસલથી રહીએ છીએ, ને એ ગામના ગોરી(ભરવાડની અટક) છીએ" એમ કહીને એ ભરવાડ તો ગયો. અને જે ઠેકાણું બતાવ્યું હતું, તે ઠેકાણે થોડુંક ખોદ્યું, ત્યારે મીઠું સાકર જેવું પાણી આવ્યું. પછી બ્રહ્માનંદસ્વામીએ એ ભરવાડની ગામ ખાટડીમાં ખબર કઢાવી. ત્યારે તો એ ભરવાડ પણ નહિ ને એ નામ પણ નહિ ને ગામનો ગોરી પણ નહીં. ત્યારે સ્વામીએ કીધું જે, "એ તો મહારાજ આવીને પાણી બતાવી ગયા."

પછી મંદિરનો પાયો ગાળ્યો ને પછી પાયો પૂરવાનો આદર સવારમાં કરવો હતો, ત્યારે રાત્રીએ બ્રહ્માનંદસ્વામી પોતાના આસનમાં સૂતા હતા ને તેમની પાસે મેમકાના બે હરિભક્ત પણ સૂતા હતા.

ત્યારે અરધી રાતે મહારાજ પધાર્યા ને બ્રહ્માનંદસ્વામી સાથે વાતો કરવા માંડી, તે બે જણ સ્વામી પાસે સૂતા હતા, તેમણે સાંભળવા માંડી.

પછી બ્રહ્માનંદસ્વામી ઊઠીને એ પાયો ગાળ્યો હતો ત્યાં ગયા, ત્યારે એ બેય જણ પણ છાના છાના ઊઠીને સ્વામીની વાંસે વાંસે ગયા. તે એ કારણથી ગયા જે, સ્વામી બ્રહ્માનંદજીએ કેની સાથે વાતો કરી ? ને વળી ઊઠીને ક્યાં ગયા ? તે જોવા સારુ ગયા. પછી બ્રહ્માનંદસ્વામી પાયા પાસે ઊભા રહ્યા ને શ્રીજીમહારાજે હાથમાં સોટી લઈને લીટી કાઢી(દોરી). તે બે ગજ દક્ષણાદિ ગાળેલ પડ્યું મૂક્યું ને બે ગજ ઓત્રાદું આઘું લીધું. તે જોઈને સ્વામી તો પાછા પોતાના આસનમાં આવીને સૂઈ રહ્યા.

પછી સવારમાં મુના સલાટને સ્વામીએ કીધું જે, “કામ તો ફર્યું છે.” ત્યારે સલાટ કહે, “કેમ ફર્યું છે ?” ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, “ભાઈ, ધણીનું કોઈ ધણી છે ? પાયા ઉપર ચાલો.” પછી પાયા ઉપર સૌ આવ્યા ત્યાં તો લીટો પધોર દોરીછેદ(દોરીછંટ=દોરી મૂકીને દોર્યો હોય તેવો સીધો લીટો) દેખ્યો. ત્યારે સલાટ કહે, “આ સરખો લીટો કોણે કાઢ્યો ?” ત્યારે સ્વામી કહે જે, “જેણે કાઢ્યો તેણે કાઢ્યો, પણ એ લીટા પ્રમાણે કામ ચલાવો.” પછી દક્ષણાદો પાયો ગાળેલ હતો, તે પૂરવો પડ્યો ને ઓત્રાદો નવો પાયો ગાળવો પડ્યો. એવી રીતે શ્રીજીમહારાજ મૂળીના મંદિરના કામમાં ભળ્યા.

અને વળી ઠાકોરજીની પ્રતિષ્ઠા કરી, ત્યારે હજારેહજારો માણસ ભેગા થયા હતા ને ગોપાળસ્વામી પણ આવ્યા હતા. તે પકવાન અખૂટ રહ્યું ને ગોપાળસ્વામીએ ને બ્રહ્માનંદસ્વામીએ શ્રીજીમહારાજને પ્રગટ પ્રમાણ એ પકવાન ઉપર દેખ્યા. એ વાત પૂરી થઈ. ॥૬૬॥



વાત - ૬૭

માંડવીમાં ખૈયા ખત્રીને પ્રતાપ દેખાડી નિશ્ચય કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજ ગામ **માંડવીએ** પધાર્યા ને સાધુ ઘણા ભેગા હતા. પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને કીધું જે, “કહો તો તમને આ ગામમાં લાડવા ખવરાવું, ને કહો તો તમને ધૂડની ફાંટું ખવરાવું.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! ધૂડની ફાંટું તો અમે એકલા હઈએ ત્યારે ઘણી મળે છે, પણ આજ ધણી ભેગા તે ધૂડની ફાંટું હોય નહીં; આજ તો લાડવા હોય !”

ત્યારે મહારાજે એક ધૂડનો ઢગલો કરી તે ઉપર આસન પાથરીને બ્રહ્માનંદસ્વામીને બેસાર્યા, ને તેમને સહજાનંદસ્વામી ઠેરાવ્યા ને પોતે તો ધોળો ફેંટો બાંધીને પાળા ભેગા બેઠા.

પછી એ ગામમાં **ખયો** એવે નામે કરીને એક ખત્રીનો ગોર હતો. તે ઘણો ભણેલો હતો ને બ્રહ્મજ્ઞાની હતો. તેને હજારો શિષ્યો હતા. તેને ખબર થઈ જે, ‘સ્વામિનારાયણ આવ્યા છે.’ ત્યારે તેણે એમ વિચાર કર્યો જે, ‘આ સ્વામિનારાયણ ભગવાન થઈને ચાલે છે, તે મોટું ઢુંગ(ઢોંગ - ધતિંગ) ચાલ્યું છે. તે મારા વિના બીજા કોઈથી એ ઢુંગ મટશે નહીં.’ એવું ધારીને પછી મહારાજને પ્રશ્ન પૂછવા, તે મહાઆંટિયાળા ને ઘણા પ્રશ્ન કાગળમાં ઉતારીને તેના શિષ્યોને ભેગા લઈને મહારાજ પાસે આવ્યો. ને સર્વ સંતને નમસ્કાર કરીને, બ્રહ્માનંદસ્વામીને સહજાનંદ સમજીને તેમની પાસે જઈને બેઠો.

પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “કંઈક પ્રશ્ન પૂછો.” ત્યારે ખયે પ્રશ્ન પૂછવા માંડ્યા. તે કાગળમાં જે લખ્યા હતા, તે જોઈ જોઈને ઘણા પ્રશ્નો એકદમ પૂછ્યા. પછી એમ બોલ્યો જે, “આ મેં પ્રશ્ન પૂછ્યા છે, તે જેમ મેં અનુક્રમે પૂછ્યા છે, તેમ તમે એનો અનુક્રમે ઉત્તર કરો.

આગળ પાછળ ઉત્તર કરશો નહીં.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “આ તમારા પ્રશ્ન ઘણા આંટીદાર છે. તેનો ઉત્તર અમારે તો કાંઈ કઠણ નથી, પણ કહો તો આ પાળા પાસે કરાવીએ.”

ત્યારે ખયે વિચાર્યું જે, ‘આ મારા પ્રશ્નોના ઉત્તર તો આ સહજાનંદથી પણ થાય તેવા નથી, ને કહે છે જે, પાળા પાસે કેવરાવીએ ! માટે આજ આની પ્રભુતા વેરવી છે.’ એમ પોતાના મનમાં ધાર્યું ને પછી કહે, “ભલે, પાળા પાસે કહેવરાવો.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ એ પાળા જેવો વેશ કરીને મહારાજ બેઠા હતા તેમને કહ્યું જે, “આ ખયાના પ્રશ્નોના અનુક્રમે ઉત્તર કરો.” ત્યારે મહારાજ કહે, “ઠીક.”

પછી મહારાજે ઉત્તર કરવા માંડ્યા, તે જેમ એણે કાગળમાં અનુક્રમે પ્રશ્નો લખ્યા હતા, તેમ અનુક્રમે ઉત્તર કર્યા. તે ખયો સાંભળીને મહા વિસ્મિત થઈ ગયો. ને એમ વિચાર કર્યો જે, ‘આ પાળે ઉત્તર કર્યા તે પાળો નહીં, આ તો સહજાનંદ પોતે જ છે.’ એમ વિચારીને બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, “તું ગાદીએ ચડીને બેઠો છો, પણ તું સહજાનંદસ્વામી નથી. આ પાળો સહજાનંદ છે. તે તું ગાદીએથી ઊતરીને આને બેસાડ.” પછી મહારાજને ગાદીએ બેસાર્યા. પછી મહારાજને અને સાધુને જમવાનું નોતરું દીધું. પછી ગામમાં જમવાનું ઘણું ચાલ્યું.

વળી એક દાડે ખયે સંકલ્પ કર્યો જે, ‘આ સ્વામિનારાયણ ભગવાન હોય તો મને સવા શેર જલેબી ખવરાવે.’ એમ ધારીને મહારાજ પાસે આવીને બેઠો. ત્યારે તે ટાણે કોઈક હરિભક્તે મહારાજ પાસે જલેબીનો તાસ ભરીને મૂક્યો. ત્યારે મહારાજે ખયાને કીધું જે, “જલેબી ખાઓ.” ત્યારે ખયે ખાવા માંડી. તે ખાતાં ખાતાં મહારાજે ખયાનો હાથ ઝાલીને કીધું જે, “તમારી સવા શેર તો થઈ ગઈ, હવે વધારે ખાવી હોય તો ખાઓ.”

पछेखयोबोल्योजेस्वामीनारायणतुंभगवानतोखरो
पणतुतेदसअवतारमांल्योकेचोविसमांल्योभगवानतारे
महाराजबोल्योजेहुंदसमांल्योयनहीहुंचोविसमांल्योयनही
नेहुंसाठमांल्योपणनहीतारेखयेकीधुंजेसाठअवतारते
वळीक्यातारेमहाराजेएसाठेयबताव्याएवोमहाराजनो
प्रतापजोईनेखयानेभगवानपणानोनिश्चेथयो

પછી ખયો બોલ્યો જે, "સ્વામિનારાયણ, તું ભગવાન તો ખરો ! પણ તું તે દશ અવતાર માંયલો કે ચોવીશ માંયલો ભગવાન ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હું દશ માંયલોય નહિ, હું ચોવીસ માંયલોય નહિ ને હું સાઈઠ માંયલો પણ નહીં." ત્યારે ખયે કીધું જે, "સાઈઠ અવતાર તે વળી કયા ?" ત્યારે મહારાજે એ સાઈઠેય (અવતાર) બતાવ્યા. એવો મહારાજનો પ્રતાપ જોઈને ખયાને ભગવાનપણાનો નિશ્ચય થયો. એ વાત પૂરી થઈ. ॥૬૭॥



વાત - ૬૮

મેઘપુરમાં મૂળજી લુવાણો ઘરેણામાં લોભાણો

ગામ **મેઘપુરમાં** શ્રીજીમહારાજ પધાર્યા હતા. ત્યારે એક બાઈ જે હરિભક્ત હતાં, તેમણે પોતાનાં ઘરેણાંનો ડાબલો મહારાજને આપવા માંડ્યો. ત્યારે શ્રીજીમહારાજે લીધો નહિ ને કીધું જે, "તમારા ઘરમાં મૂકો." ત્યારે એ બાઈએ પોતાના ઘરમાં મૂક્યો. ત્યારે તે ટાણે મૂળજી લુવાણો મહારાજ પાસે બેઠો હતો, તેણે એ ડાબલો ઘરમાં મૂકતાં ભાળ્યો.

પછી મહારાજ તો પધાર્યા ને મૂળજીએ એ ડાબલો રાતે ચોરી લીધો. પછી કેટલેક દાડે મહારાજ આવતા હતા ને એ મૂળજી સામો

મળ્યો. ત્યારે મહારાજે મૂળજીને કીધું જે, "બાઈનો ઘરેણાંનો ડાબલો ચોરી લઈને તેં ભોમાં દાટ્યો છે, તે પાછો એ બાઈને આપી આવ." ત્યારે જે ઠેકાણે દાટ્યો હતો, તે ઠેકાણું મહારાજે એને બતાવ્યું. ત્યારે એને ભગવાનપણાનો નિશ્ચય થયો ને તે ઘરેણાંનો ડાબલો એ બાઈને પાછો આપ્યો. એ વાત પૂરી થઈ. ॥૬૮॥



વાત - ૬૯

સારંગપુર જીવા ખાચરના શેરડીના વાઢમાંથી ઉંદર કાઢ્યાં

એકવાર **સારંગપુરમાં** જીવા ખાચરે શેલડીનો વાઢ કર્યો હતો. તે વાઢ સારો થયો પણ એ વાઢમાં ઉંદર ઘણાં થયાં, તે શેલડી કાપી નાખવા માંડી. ત્યારે મહારાજને વાત કરી જે, "શેલડી તો ઉંદર કાપી નાંખે છે, તે રહેવા દેશે નહીં. માટે હવે એનો શો ઉપાય કરીએ ?" ત્યારે મહારાજ કહે, "ચાલો, અમે જોઈએ."

પછી મહારાજ એ વાઢે પધાર્યા ને શેલડી જોઈ, ત્યાં તો ઘણી કાપી નાંખેલ દેખી ને ઉંદર પણ ઘણાં દેખ્યાં. પછી મહારાજ કહે, "આ તમારી કૂવાની કુંડી રહી, તેમાં અમે નાહીએ ને તે પાણી શેલડીમાં જાય તો ઉંદર મટે." પછી મહારાજ એ કૂવાની નીકમાં પાણીની કુંડી હતી, તેમાં નાયા ને પાણી વાઢમાં ગયું. તેથી એક પણ ઉંદર વાઢમાં રહ્યો નહિ ને શેલડી બહુ સરસ ને ઘણી થઈ. એ વાત પૂરી થઈ. ॥૬૯॥



વાત - ૭૦

શ્રીનગરમાં ભાટ પાસે વેદ બોલાવી સૂબાને સ્વપ્રતાપ બતાવ્યો

એકવાર શ્રીજીમહારાજ **અમદાવાદ** પધાર્યા હતા ને નવાવાસમાં ઊતર્યા હતા. ત્યારે એ ગામનો સૂબો દક્ષિણી બ્રાહ્મણ હતો. તેને ખબર

થઈ જે, સ્વામિનારાયણ આંહીં આવ્યા છે. પછી તે દક્ષિણી (સૂબા) નો ગોર વેદ ભણેલો એક બ્રાહ્મણ હતો. તેને એ દક્ષિણીએ કહ્યું જે, "સ્વામિનારાયણ પાસે જાઓ ને એ વેદ ભણેલા નથી, તે વેદની વાણીએ કરીને વેદના પ્રશ્ન પૂછો."

પછી તે બ્રાહ્મણ સારાં સારાં લૂગડાં પહેરીને પાંચ-સાત માણસ ભેગા લઈને મહારાજ પાસે આવ્યો. ત્યારે મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા, તે હેઠા ઊતરીને એ બ્રાહ્મણનું સન્માન કર્યું ને આસન નાંખી દીધું. તે ઉપર બ્રાહ્મણ બેઠા ને મહારાજ પણ ચાકળો નખાવીને હેઠા બેઠા.

પછી એ બ્રાહ્મણ બોલ્યો જે, "અમે તમને વેદવાણીના પ્રશ્ન પૂછવા આવ્યા છીએ." ત્યારે મહારાજ કહે, "અમે તો સંસ્કૃત વિદ્યા જ ભણ્યા નથી, ત્યારે તે વેદમાં તો શું જાણીએ ?" એવું મહારાજનું વચન સાંભળીને બ્રાહ્મણે જાણ્યું જે, 'આને જીતવા તેમાં કાંઈ વાર નથી.' એમ ધારીને તે મનમાં ઘણું ફૂલ્યો ને મહારાજ પાસે વળી બોલ્યો જે, "ભગવાન હોય તેને વેદ કેમ અજાણ્યા હોય ?" માટે પ્રશ્નના ઉત્તર કરો.

ત્યારે મહારાજ કહે, "પ્રાકૃત વિદ્યામાં અમે જાણીએ છીએ, તે પ્રાકૃત પ્રશ્ન પૂછો." ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, "ભગવાન હોય તેની પાસે સર્વે વિદ્યા હોય, ને તમે કહો છો જે, 'અમે વેદ ભણ્યા નથી.' ત્યારે તમે ભગવાન શેના ? માટે ભગવાન થાવું ને વેદના ઉત્તર ન કરવા તે એમ ચાલશે નહીં. માટે વેદના ઉત્તર કરો."

ત્યારે મહારાજ કહે, "અમે તો વેદ ભણ્યા નથી, પણ પેલો ભાટનો છોકરો ઊભો છે, તે વેદ ભણ્યો છે. તે લ્યો એને બોલાવીએ." એમ કહીને એ ભાટનો છોકરો કાળો ને શરીરે મેલાં લૂગડાં પહેરીને ઊભો હતો, તેને મહારાજે પોતા પાસે બોલાવીને કહ્યું જે, "છોકરા, ચારે વેદ તેના રાગ ને છો અંગે સહિત બોલ." ત્યારે તે છોકરે વેદ બોલવા માંડ્યા,

તે શુદ્ર ભાષણે કરીને સારા રાગથી ચારે વેદ બોલ્યો. તે સાંભળીને એ બ્રાહ્મણ બોલ્યો જે, "અરે સ્વામિનારાયણ ! તમે આ શુદ્રને વેદ કેમ ભણાવ્યા છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તો સંસ્કૃત વિદ્યામાં જ જાણતા નથી, તે અમે એને વેદ ક્યાંથી ભણાવ્યા હશે ?" ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો જે, "ત્યારે એને કોણે વેદ ભણાવ્યા હશે ?"

ત્યારે મહારાજ કહે, "તમ જેવા કોઈ વેદના ભણેલા બ્રાહ્મણ હશે, તેણે રૂપિયાને લોભે કરીને એને ભણાવ્યો હશે." એવું મહારાજનું વચન સાંભળીને તે બ્રાહ્મણે જાણ્યું જે, 'આ તો સાક્ષાત્કાર ભગવાન છે.' એમ ધારીને ઊભો થઈને મહારાજના ચરણારવિંદમાં માથું મૂકીને બોલ્યો જે, "મહારાજ, મને તમારો સાધુ કરો."

એવું એ બ્રાહ્મણનું વચન સાંભળીને એ બ્રાહ્મણની માતા ડોસીઓની સભામાં પોતાના દીકરાનો પ્રતાપ જોવા સારુ પ્રથમથી આવીને બેઠી હતી; તે બાઈ ઊભી થઈને મહારાજને હાથ જોડીને બોલી જે, "હે મહારાજ ! મારે એ એક જ દીકરો છે, તે માટે એને સાધુ કરશો નહીં." ત્યારે મહારાજ કહે, "બાઈ, તમે કાંઈ ફિકર રાખશો નહીં. અમે એને સાધુ નહિ કરીએ."

ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો જે, "હે મહારાજ ! હું તમારો સાધુ ન થાઉં, ત્યારે મારું કલ્યાણ કેમ થાય ?" ત્યારે મહારાજ કહે, "આ અમારા સાધુ બેઠા તેની બરોબર તમારું કલ્યાણ કરીશ." એવું એ બ્રાહ્મણને મહારાજે વચન આપ્યું. પછી એ બ્રાહ્મણે દક્ષિણી (સૂબા) પાસે જઈને એ સર્વે વાત કરી. તે વાત સાંભળીને એ દક્ષિણી એમ બોલ્યો જે, "એ સ્વામિનારાયણ મહા જાદુવિદ્યા જાણે છે. તેથી એની વાત કોઈ રીતે જાણવામાં આવતી નથી. એ વાત પૂરી થઈ. ॥૭૦॥



વાત - ૭૧

ઉમરેઠમાં મહારાજે મૂઢ હરિશંકર પાસે વેદ બોલાવ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ **ઉમરેઠને** પાદર ઊતર્યા હતા ને તે ગામમાં ઘણા બ્રાહ્મણ હતા. તે સર્વે ભેગા થઈને મહારાજ પાસે આવીને બેઠા. પછી એમ બોલ્યા જે, "આગળ શંકરાચાર્ય થઈ ગયા તેમણે પાડા પાસે વેદ બોલાવ્યા છે. તે માટે તમે જો ભગવાન હો તો પાડા પાસે વેદ બોલાવો, તો અમે તમને ભગવાન માનીએ."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "શંકરાચાર્યે કોઈ પાડા જેવો બુદ્ધિએ રહિત માણસ હશે તેની પાસે વેદ બોલાવ્યા હશે. કેમ જે, પાડાને તો બોલવાનો અધિકાર નથી." ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "તમે પણ તે પાડા જેવા મનુષ્ય પાસે બોલાવો." ત્યારે મહારાજ કહે, "એવો મનુષ્ય ગોતી લાવો."

ત્યારે ગામમાં **હરિશંકર ભટ્ટ** એવે નામે કરીને જડ, મૂઢ ને અભણ એવો કાળોમશ સરખો બ્રાહ્મણ હતો, તેને લાવીને મહારાજ પાસે ઊભો રાખ્યો. ને કીધું જે, "લ્યો, આની પાસે વેદ બોલાવો." ત્યારે તે બ્રાહ્મણ સામી દૃષ્ટિ કરીને મહારાજ બોલ્યા જે, "વેદ ચારેય અંગે સહિત જેમ તેના રાગ છે તેમ બોલ." ત્યારે તે અભણ બ્રાહ્મણ શુદ્ધ ભાષણે કરીને ચારેય વેદ બોલ્યો." ત્યારે તેને સાંભળીને એ જે બ્રાહ્મણ હતા, તેમણે મહારાજને સાક્ષાત્કાર ભગવાન જાણ્યા, ને એ સર્વે બ્રાહ્મણ મહારાજ પાસે વર્તમાન લઈને સત્સંગી થયા. એ વાત પૂરી થઈ. ॥૭૧॥



વાત - ૭૨

ડભાણનો નિર્વિઘ્ન યજ્ઞ સાંભળી વિસનગરનો વિપ્ર બળી મર્યો

શ્રીજીમહારાજે ડભાણમાં મહારુદ્ર કર્યો. તે જગન પૂરો થયા પછી વિસનગરના બ્રાહ્મણ જગનમાં હતા, તે પોતાને ગામ જઈને જગનનાં વખાણ કરવા માંડ્યાં. ત્યારે તે ગામમાં એક બ્રાહ્મણ શક્તિપંથી ને સત્સંગનો દ્વેષી હતો. તે બળી ઊઠ્યો ને એમ બોલ્યો જે, "અરે બ્રાહ્મણો ! તમારું ભૂંડું થાય ! તમે નિર્વિઘ્ન જગન કેમ થાવા દીધો ?" ત્યારે બ્રાહ્મણ બોલ્યા જે, "પાણી માગીએ ત્યાં ઘી આપતા હતા, એટલે વાંક વિના શું વિઘન કરીએ ?"

ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "એક બ્રાહ્મણને અગ્નિના કુંડમાં પડીને બળી મરવું હતું, એટલે જગન હત્યારો તો કહેવાત !" એવું સાંભળીને સત્સંગી બ્રાહ્મણ બોલ્યા જે, "સ્વામિનારાયણ તો ભગવાન છે ને એવું બોલો છો તે તમને દોષ લાગશે." ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો જે, "ભાળ્યો તારો ભગવાન ! એ ક્યાં ભગવાન છે ? જો ભગવાન હોય તો મને આઠ દિવસની માંયલીકોરે આંધળો કરે જોઈએ !" પછી બે ચાર દિવસે જ એ બ્રાહ્મણ બેય આંખે આંધળો થઈ ગયો. એ વાત પૂરી થઈ. ॥૭૨॥



વાત - ૭૩

માનકૂવાના તળાવમાં ડૂબતા નાથાની રક્ષા કરી

એક કણબીનો છોકરો નામ (નાથો) તે મહારાજની સેવામાં રહેતો. તે દાડી દાડી મહારાજને પૂછતો જે, "તમે ભગવાન છો ?" ત્યારે મહારાજ કહે, "અમે તો ભગવાન નથી." પછી કોઈક દાડે મહારાજને બહાર ગામ જાવું હતું, તેથી એ છોકરાને ભેગો લીધો. તે માર્ગે એક તળાવ આવ્યું, ત્યાં પાળ ઉપર મહારાજ ઊતરીને એ છોકરાને

તળાવમાં ઘોડું પાવા મોકલ્યો. તે તળાવમાં એક ખાડો હશે, તે ઘોડું ને છોકરો એ બેય ખાડામાં પડ્યા. ત્યારે મહારાજ એ તળાવની પાળે બેઠા હતા, ત્યાંથી લાંબો હાથ કરીને એ ઘોડાને અને છોકરાને બારલીકોરે કાઢ્યા. ત્યારે એ છોકરાએ મહારાજે લાંબો હાથ કરીને બહાર કાઢ્યા, તે સર્વે નજરે દેખ્યું.

પછી એ છોકરે વળી મહારાજને પૂછ્યું જે, "તમે ભગવાન છો?" ત્યારે મહારાજ કહે, "અમે તો ભગવાન નથી." પછી ઘોડાની સરક લઈને મહારાજને ફરી વળ્યો, ને એમ બોલ્યો જે, "તમે મને લાંબો હાથ કરીને બહાર કાઢ્યો, તે મેં નજરે ભાળ્યું છે ને વળી કેમ માનતા નથી ? સાચું બોલો, નહિ તો તમને મારીશ." ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "ભગવાન છીએ, મારીશ મા." એ વાત પૂરી થઈ. ॥૭૩॥



વાત - ૭૪

મેમકાના કરશન ને ખોડા કણબીને નિશ્ચય કરાવ્યો

મેમકા ગામના કરશન ને ખોડા એવે નામે બે કણબી હતા. તે ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા. ત્યારે એક દિવસ મહારાજ દાદા ખાચરના દરબારમાં ચોકમાં નાવા સારુ બેઠા હતા. તે ઘણા માણસ ફરતા ફરતા ઊભા હતા ને દર્શન કરતા હતા. તેમાં એ બેય મેમકાના પટેલિયા પણ ઊભા રહીને દર્શન કરતા હતા. તે પટેલિયે પ્રથમ એમ સાંભળેલું હતું જે, 'મહારાજના શરીરમાં કોઈક કાઠીએ તરવારનો ઘા કરેલો છે, તેનું ચિહ્ન પડી રહેલું છે.' તે ઘા કયે ઠેકાણે હશે ? તેને જોતા હતા ને દર્શન કરતા હતા. ત્યારે નાતાં નાતાં મહારાજ બોલ્યા જે, "તમે બેય પટેલિયા શું જુઓ છો ?" ત્યારે તે પટેલિયાઓએ કહ્યું જે, "અમે તો દર્શન કરીએ છીએ."

ત્યારે મહારાજ બોલ્યા જે, “દર્શન કરતા નથી. તમને કોઈકે કહ્યું છે જે, ‘મહારાજના શરીરમાં ઝટકાનો ઘા છે’ તે ઘા તમે જુઓ છો. તે જુઓ, તમને ક્યાંઈ દેખાય છે ?” એમ કહીને પોતાના પહેરવાના લૂગડાને સાથળના મૂળ સુધી ઊંચા ચડાવીને દેખાડ્યું. પછી મહારાજ બોલ્યા જે, “સાથળે હોય તે લૂગડામાં ન દેખાય. તે સારુ સાથળ પણ તમને દેખાડ્યા.” પછી એ બેય પટેલિયે એમ ધાર્યું જે, ‘આપણા મનના સંકલ્પની વાત કરી, તે આ તો પૂર્ણ પુરુષોત્તમ છે.”

પછી વળી મહારાજ નાહીને વસ્ત્ર પહેરીને અક્ષરઓરડીમાં પધાર્યા. ત્યાં એ બેય પટેલિયા ગયા ત્યારે તેમની પાસે મહારાજે વાત કરવા માંડી જે, “કળજુગ આવ્યો ને તેણે ધર્મરૂપી જે બળદ તેના પગ કાપવા માંડ્યા.” એટલી વાત કરી ત્યાં તો મૂળજી બ્રહ્મચારી મહારાજને થાળ જમવા તેડવા આવ્યા.

ત્યારે મહારાજે એ બેય પટેલને કીધું જે, “તમે મુક્તાનંદસ્વામીના આસને જાઓ એ તમને વાત કરશે.” પછી બેય જણા મુક્તાનંદસ્વામી પાસે આવીને બેઠા. ત્યારે સ્વામીએ એ બળદના પગ કળજુગ કાપતો હતો, ત્યાંથી વાત કરવા માંડી. ત્યારે એ પટેલને એમ થયું જે, ‘આ મુક્તાનંદ સ્વામી ને મહારાજ તે બેય એક જ રૂપે દીસે છે !’ પછી એ પટેલને મહારાજના સ્વરૂપનો નિશ્ચય અડગ થયો. એ વાત પૂરી થઈ. ॥૭૪॥



વાત - ૭૫

મેમકાની બે ડોસીને મહારાજ ધામમાં તેડી ગયા

ગામ **મેમકાની** બે ડોસીઓ, એક કણબી ને એક રજપૂત. એ બેય બાઈઓ **લોયે** મહારાજનાં દર્શન કરવા ગયાં. તે કણબી બાઈ બોલ્યાં જે,

"હે મહારાજ ! હું મરું ત્યારે મને તેડવા આવજો." ત્યારે મહારાજ કહે, "સારું આવશું." ત્યારે રજપૂત બાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! હું મરું ત્યારે મને પણ તેડવા આવજો." ત્યારે મહારાજ કહે, "સારું, તમનેય તેડવા આવશું." એવું એ બેય ડોસીઓને મહારાજે વચન દીધું.

પછી એ બેય ડોસીઓ ઘેર આવ્યાં ને તે બેયમાં એકેયને સત્સંગ નહીં. તેમાં પ્રથમ કણબી બાઈને દેહ મૂકવા ટાણું થયું, ત્યારે મહારાજ તેડવા પધાર્યા. ત્યારે એ બાઈએ પોતાના દીકરા વગડે ગયા હતા, તેમને તેડાવી લીધા; ને ગામમાંથી સૌ સત્સંગીને બોલાવીને કીધું જે, "આ મહારાજ મને તેડવા આવ્યા છે, ને એમ કહે છે જે, 'અમે તમને વચન આપ્યાં છે, તે સારુ આવ્યા.' ને મારે બેસવા આ સોનાનો રથ લાવ્યા છે, તે રથમાં બેસીને હું જાઉં છું." એમ કહીને દેહ મૂકી દીધો.

પછી કેટલેક દાડે એ રજપૂત બાઈને દેહ મૂકવા ટાણું થયું. ત્યારે તે બાઈ તો રામાનંદી સાધુનાં સત્સંગી હતાં. તે એમનાં સત્સંગી બાઈભાઈ ભરાઈને બેઠા હતાં. ત્યાં પ્રથમ સાધુનાં દર્શન થયાં, ત્યારે તે બાઈ બોલ્યાં જે, "આ સાધુ મને તેડવા આવ્યા છે." ત્યારે એ બાઈ પાસે જે પોતાનાં સત્સંગી બાઈભાઈ બેઠાં હતાં, તેમણે જાણ્યું જે, 'આ આપણા રામમોલના સાધુ આવ્યા છે. માટે સ્વામિનારાયણના સત્સંગી એમ બોલે છે જે, 'અમને સ્વામિનારાયણ તેડવા આવે છે.' તે એમને આંહીં બોલાવીને આ દેખાડીએ જે, જુઓ આ અમારા સાધુ પણ તેડવા આવે છે.' એમ વિચારીને સત્સંગી બાઈભાઈને બોલાવીને વાત કરી જે, "જુઓ, અમારા સાધુ પણ તેડવા આવે છે."

ત્યારે એ સત્સંગીએ બાઈને પૂછ્યું જે, "તમને કોણ તેડવા આવ્યું છે ?" ત્યારે તે બાઈ બોલ્યાં જે, "આ સ્વામિનારાયણના સાધુ આવ્યા હતા ને હવે આ મહારાજ પણ આવ્યા. ને મહારાજ મને કહે છે જે, 'ડોસી, તમને અમે લોયે વચન આપ્યાં હતાં, તે સારુ તેડવા

આવ્યા છીએ.” એવું એ બાઈનું વચન સાંભળીને તેમના સંગી સર્વે ખોટા પડ્યા. ને મહારાજ આવીને એ બાઈને તેડી ગયા. એ વાત પૂરી થઈ. ॥૭૫॥



વાત - ૭૬

રામપ્રતાપજીએ ઘેલા નદીનું પાણી રોક્યું

એકવાર રામપ્રતાપભાઈ **ગઢડા** મધ્યે આશરે રાત્રીની બે ઘડીને અંધારે ઘેલા નદીમાં નાવા ગયા ને મૂળજી શેઠ આદિ પાંચ-સાત હરિભક્ત ભેગા હતા. તે ઘેલામાં ઘણું પાણી આવેલ, તે જોઈને એ હરિભક્તે કીધું જે, “આ પાણીના પૂરમાં નવાશે નહીં.”

ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, “તમે ફિકર રાખો મા. હું પ્રથમ પડીને પાણી રોકું, પછી તમે મારી વાંસે રહીને નાઓ.” એમ કહીને પોતે પાણીમાં જઈને બે હાથ પહોળા કરીને હાકોટો કર્યો, ને બોલ્યા જે, “ખડે રહે.” ત્યાં તો પાણીની પોતાની આગળ મોટી પાળ થઈ. એક પણ ટીપું પોતાની વાંસે આખી નદીમાં ક્યાંઈ ન ચાલ્યું. તે જોઈને એ સર્વે હરિભક્ત વાંસે રહીને નાયા ને મહાઆશ્ચર્યવાન થયા.

✳ લાલા પાળાને રામપ્રતાપજીના શેષજીરૂપે દર્શન :

વળી એક લાલો પાળો હતો. તેને ને રામપ્રતાપભાઈને કાંઈક આંખ્યરોહ(આંટી-વિરોધ) પડ્યો. તે ભાઈ રોજ રોજ એ લાલાને કહે જે, “ઈહાં સે ભાગ જા.” પણ એ લાલો મહારાજનો હજૂરી સેવક હતો, તે કાંઈ ગણકારે નહીં. પછી એક દાડે એ લાલે મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, “રામપ્રતાપભાઈ મને ‘ભાગી જા ભાગી જા’ એમ કહે છે, તે હું કેમ કરું ?” ત્યારે સ્વામીએ કીધું જે, “રામપ્રતાપભાઈને દુઃખવીશ

નહીં, એ તો મહાસમર્થ છે. માટે હમણાં મહિનો પંદર દિવસ બીજા મંદિરમાં જાતો રહે." એમ સ્વામીએ કીધું, તોપણ એ લાલો પાળો ક્યાંઈ ગયો નહીં. પછી એક દાડે એ લાલે મહારાજને વાત કરી જે, "રામપ્રતાપભાઈ મારી ઉપર રીસ રાખે છે, તે હું કેમ કરું ? મને 'ભાગી જા ભાગી જા' એમ કે કે કરે છે."

એ વાત મહારાજે સાંભળી ત્યાં તો એ લાલાને સમાધિ થઈ. તે મહારાજની મૂર્તિ આગળ ને વાંસે એ લાલો. એમ ને એમ એને પાતાળમાં લઈ ગયા. ત્યાં તો એ લાલે મોટો મણિમય મંડપ દેખ્યો ને મંડપમાં એક વેંત લાંબો એવો નાનો સર્પ દેખ્યો. ત્યારે એ લાલે મહારાજને પૂછ્યું જે, "આવી ભારે જાયગામાં આ સર્પ કોણ હશે ?" ત્યાં તો મહારાજે એ સર્પને સોટી અડાડી, ત્યારે તો એ સર્પ મોટો મંડપ ભરાય એવડો થયો ને હજાર ફેણો થઈ. ત્યારે લાલે પૂછ્યું જે, "હે મહારાજ ! આ કોણ છે ?" ત્યારે મહારાજે કીધું જે, "આ શેષજી છે, તે જ રામપ્રતાપભાઈ છે. માટે તેમની ઉપર તું કેમ રીસ રાખે છે ?" પછી સમાધિ ઊતરી ત્યારે રામપ્રતાપભાઈની આગળ જઈને દંડવત કરવા લાગ્યો, તે ઘણા દંડવત કર્યા. ત્યારે રામપ્રતાપભાઈએ જઈને તેડી લીધો ને પછી મળ્યા ને રાજી થયા ને રીસ મૂકી દીધી.

✳ રામપ્રતાપભાઈ માટે સિદ્ધપુર સરસ્વતીમાં પાણી આવ્યું :

વળી એકવાર રામપ્રતાપભાઈ **સિદ્ધપુર** ગયા. તે સરસ્વતીમાં નાવા જાવા તૈયાર થયા. ત્યારે હરિભક્તે કીધું જે, "સરસ્વતીમાં પાણીની સેર ચાલતી નથી, તે કેમ નાશો ?" ત્યારે ભાઈ બોલ્યા જે, "સરસ્વતી તો બ્રહ્માની પુત્રી છે, તે અમને નવરાવા આવશે." એમ કહીને નદીએ નાવા ગયા. ત્યાં તો સરસ્વતીમાં પાણીની સેર ઢીંચણ સુધી ઊંડી આવી. તે જોઈને સર્વે માણસ મહાઆશ્ચર્ય પામી ગયા ને રામપ્રતાપભાઈ નાયા. એવો પ્રતાપ દેખ્યો.

INDEX

✳ રામપ્રતાપભાઈના વચને હરભમને બે પુત્ર થયા :

વળી એક દિવસ રામપ્રતાપભાઈ **શ્રીઅમદાવાદથી મૂળીએ** જાતા હતા. તે વચમાં **દેદાદરું** ગામ આવ્યું. તે ગામમાં એક હરભમ એવે નામે કરીને નાડોદો રજપૂત હરિભક્ત રહેતો હતો. તેણે ભાઈને રોટલા જમવા સારુ રાખ્યા ને પોતાને ઘેર તેડી ગયો ને બહુ રૂડી રીતે ચાકરી કરી. તે એની ઉપર બહુ રાજી થયા ને બહુ વખાણ કર્યાં. ત્યારે બીજા હરિભક્ત પાસે બેઠા હતા તે બોલ્યા જે, "એ ભક્ત તો બહુ સારા છે, પણ દીકરો નથી." ત્યારે ભાઈ બોલ્યા જે, "ઈનકું દો બેટા હોવેગા." એવું વચન દઈને રામપ્રતાપભાઈ તો ગયા. ને તે નાડોદો તો પોતાની સ્ત્રી સહિત આધેડ અવસ્થાવાન થયા હતા ને સંતાન તો થાતું જ નહીં, પણ તેને બે દીકરા થયા. એ વાત પૂરી થઈ. ॥૭૬॥

વાત - ૭૭

અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા તેમ મેળામાં થયું

એકવાર અયોધ્યાપ્રસાદજી આચાર્ય મહારાજ ગામ **મૂળીના** મંદિરમાં વસંતનો સમૈયો કરવા પધાર્યા હતા. ત્યારે એક દિવસ રાત્રીએ સભામાંથી ઊઠીને પોતાને આસને સૂઈ રહેવા ગયા. ત્યારે મેમકાવાળા રામજી શેઠે મહારાજના પગ ચાંપવા માંડ્યા, ને મહારાજને કહ્યું જે, "આ અમદાવાદવાળા હઠીભાઈ શેઠ મેળો કરે છે. તે મેળા ઉપર વઢવાણના વાણિયાનો સંઘ જાશે, તે સંઘ ભેગો હું પણ અમદાવાદ આવીશ."

ત્યારે મહારાજ કહે, "તે ભેગા તમે આવશો નહીં." ત્યારે રામજી શેઠ કહે, "મારે કાંઈ એ વાણિયાને મેળે જાવું નથી. મારે તો આપના મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા જાવું છે." ત્યારે મહારાજ કહે, "એ મેળામાં ટૂંટિયાનો રોગ બહુ ભારે થાશે ને હજારો માણસ

મરી જાશે, માટે તમારે આવવું નહીં.” ત્યારે રામજી શેઠ ગયા નહીં. પછી એ મેળામાં ટૂંટિયાના રોગથી હજારો માણસ મરી ગયા, એ વાત સાચી થઈ.

✳ ભક્તોના દ્રોહથી વઢવાણના દીવાનનો કારભાર ગયો :

વળી એક દિવસ રામજી શેઠ **અમદાવાદ** સમૈયા ઉપર ગયા. ત્યારે એક દિવસ સવારમાં મહારાજ અયોધ્યાપ્રસાદજી પોતાને ઉતારે એકલા જ બેઠેલા હતા. ત્યાં જઈને રામજી શેઠે વાત કાઢી જે, “વઢવાણના દીવાન લાધા ઠકરને આપણા ઉપર ઘણી ઈર્ષા છે. જુઓને, આપણો બળદ ને દરબારના બળદ સામસામા વઢ્યા ને દરબારના બળદનું શિંગડું થોડુંક આપણા બળદે પાડ્યું, તે સારુ વઢવાણના હરિભક્તને બેસારી દેવા માંડ્યા. તે બાર રૂપિયા દંડના લઈને રજા દીધી. એવું ઈર્ષાએ કામ કર્યું.”

તે સાંભળીને મહારાજ બોલ્યા જે, “એમાંથી કામદારને ત્રણ વાનાં થાશે.” ત્યારે રામજી શેઠે પૂછ્યું જે, “શાં ત્રણ વાનાં થાશે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “એક તો પંદર દિવસમાં એનો કારભાર ઊતરી જાશે. પછી થોડેક દાડે એના શરીરમાં એવો મંદવાડ થાશે જે, ઊઠવા-બેસવાની ક્રિયા પોતાથી થાશે નહીં. માણસો ઉપાડી ઉપાડીને સુવાડશે-ઉઠાડશે. ને ત્યાર પછી એના શરીરમાં મોટાં મોટાં જીવડાં પડશે, તેથી દેહ છૂટી જાશે. એ ત્રણ ઉપાય થોડાક દિવસમાં થાશે, એની તમે સુરત રાખજો. પછી એ પ્રમાણે ત્રણે ઉપાય થયા, તેને રામજી શેઠે નજરે દીઠા.

✳ અયોધ્યાપ્રસાદજી મહારાજે સુખ-દુઃખની વાત કહી :

વળી એકવાર અયોધ્યાપ્રસાદજી મહારાજ **મૂળીએ** સમૈયો કરવા જાતા હતા. તે ગામ **જસાપરને** પાદર રથમાંથી હેઠા ઊતર્યા. ત્યારે તે વખત રામજી શેઠ પણ જસાપર મહારાજશ્રી ભેગા થયા. ત્યારે દંડવત

કરી ભેટ મૂકીને મહારાજશ્રીને કીધું જે, "તમે સુખી છો ?" ત્યારે મહારાજશ્રી બોલ્યા જે, "સુખી-દુઃખી બેય છીએ." ત્યારે રામજી શેઠે પૂછ્યું જે, "હે મહારાજ ! દુઃખી કેમ ?" ત્યારે મહારાજશ્રી બોલ્યા જે, "એ વાત રાત્રીએ જણાશે, તમે જોજો."

પછી મૂળીએ ગયા ને સભા કરીને રાત્રીના દશ વાગ્યા સુધી બેઠા. પછી સૌને ઊઠવાની આજ્ઞા કરી ને પોતે પોતાને ઉતારે પધાર્યા. પછી તે રાત્રીમાં મહારાજશ્રીના શરીરમાં મંદવાડની ઘણી કસર થઈ ગઈ, તેથી મિયાનામાં બેસીને મહારાજને અમદાવાદ તેડી ગયા. એમ એ વાત પણ સાચી થઈ. એ વાત પૂરી થઈ. ॥૭૭॥



વાત - ૭૮

ઝીંઝાવદરના સીમાડે સોદાગરને સંકલ્પ બંધ થઈ ગયા

એકવાર શ્રીજીમહારાજ ગામ **ઝીંઝાવદરમાં** અલૈયા ખાચરને ઘેરે છાના રહેતા ને અલૈયાને કીધેલ જે, "અમને છતા કરશો નહીં." પછી કોઈ એક સોદાગર ઘોડો લઈ એ ઝીંઝાવદરના સીમાડામાં નીકળ્યો. ત્યારે એના મનમાં હજારો જાતના સંકલ્પ-વિકલ્પ થાતા હતા, તે સર્વે બંધ થઈ ગયા. ત્યારે એ સોદાગરે એમ વિચાર્યું જે, 'કુરાનમાં કહેલ છે જે, **'જ્યાં ખુદા હોય કે ઓલિયા પુરુષ હોય ત્યાં સંકલ્પ બંધ થાય.'** માટે આંહીં મારા ઘાટ બંધ થઈ ગયા, માટે આ ગામમાં કોઈ મોટા પુરુષ છે ખરા !' એમ વિચારીને એ સોદાગરે ઝીંઝાવદરમાં આવીને જોવા માંડ્યું, પણ ક્યાંઈ જડ્યા નહીં.

પછી ગામના લોકોને પૂછવા માંડ્યું જે, "આ ગામમાં કોઈ સાધુ, સંત, ફકીર છે ?" તે પૂછતાં પૂછતાં અલૈયે એ વાત સાંભળી. ને મહારાજ પાસે જઈને એ વાત કરી જે, "એક સોદાગર ગામમાં તમને

ગોતે છે જે, આંહીં કોઈ સાધુ, સંત, ફકીર, ઓલિયા છે ?" એ વાત સાંભળીને મહારાજ કહે, "એને આંહીં બોલાવો."

પછી અલૈયા ખાચર એ સોદાગરને મહારાજ પાસે તેડી ગયા. તે એને મહારાજનાં દર્શન થતાં જ સમાધિ થઈ ગઈ. તે સમાધિમાં એ સોદાગરને મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય થયો. પછી સમાધિમાંથી જાગ્યો ત્યારે મહારાજને પ્રદક્ષિણા કરીને પગે લાગીને બોલ્યો જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો, તે મને તમારો આશ્રિત કરો..!" એવી રીતે એ સોદાગરનું કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. ॥૭૮॥



વાત - ૭૯

શ્રીહરિએ કેરી અખૂટ કરી અતીતને નિશ્ચય કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજ ગુજરાતમાં ગામ **વાંઠવાળીમાં** જાતા હતા, ને ભેગા સાધુ, પાળા ને હરિજન તે ઘણા હતા. તે મહારાજ આગળ એક આંબાને છાંયે જઈને ઊતર્યા ને સંઘ તો વાંસે હતો. પછી એક હરિભક્તે કેરીનો એક ટોપલો ભરીને મહારાજની આગળ મૂક્યો.

તે વખતે તે ગામનો અતીત મહારાજ પાસે બેઠો હતો. પછી કેડેથી પોતાના સંઘનાં મનુષ્ય આવતાં જાય તેને એ ટોપલામાંથી બે બે કેરીઓ આપતા જાય. ત્યારે એ અતીત મહારાજ પાસે બેઠો હતો તેણે એમ ધાર્યું જે, 'આ એક ટોપલામાં થોડીક કેરીઓ છે ને માણસ ઘણાં છે; ને વળી બે બે આપવા માંડી છે, તે કેમ પૂગશે ?' પછી મહારાજે તો સર્વે સંઘને બે બે કેરીઓ આપી તોય એ ટોપલામાંથી ખૂટી નહીં. ત્યારે એ અતિત પાસે બેઠો હતો, તેને ભગવાનપણાનો નિશ્ચય થયો, ને વર્તમાન લઈ સત્સંગી થયો. એ વાત પૂરી થઈ. ॥૭૯॥



વાત - ૮૦

મહારાજે બે રૂપિયાનાં રીંગણાં લીધાં

એકવાર શ્રીજીમહારાજ વાડીમાં નાવા સારુ ઊતર્યા હતા. ભેગા સુરા ખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર વિગેરે કાઠીઓના સ્વાર પણ હતા. તે વાડીમાં વંતાક બહુ સારાં હતાં. ત્યારે સુરા ખાચરે કીધું જે, “આ વંતાક આપણે વેચાતા લિયો.” ત્યારે સર્વે સ્વારને પૂછ્યું જે, “કોઈની પાસે કાંઈ પૈસા હોય તો લાવો, આ વંતાક લઈએ.” ત્યારે એ ટાણે કોઈની પાસે પૈસા ન મળે. ત્યારે સુરા ખાચરે મહારાજને કહ્યું જે, “આ વંતાક બહુ સારાં છે, તે વેચાતાં લેવાં હતાં પણ કોઈની પાસે કાંઈ પૈસા ન મળે, તે શેના લઈએ ?”

ત્યારે મહારાજ બોલ્યા જે, “બે રૂપિયાનાં વંતાક લિયો.” ત્યારે સુરા ખાચરે કીધું જે, “તમારી પાસે પણ એકેય પૈસો નથી, તે લઈને પાછાં દેવાં પડે તેથી શું કરવા લેવાં પડે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “બે રૂપિયાનાં વંતાક તો લિયો.” પછી સુરા ખાચરે બે રૂપિયાનાં વંતાક લઈને બાંધ્યાં. ત્યાં તો એક હરિભક્ત આવ્યો. તે મહારાજને પગે લાગીને બે રૂપિયા ભેટ કરી. પછી મહારાજ કહે, “આ બે રૂપિયા વંતાકમાં આપો.” એવી રીતે મહારાજનો પ્રતાપ સર્વેએ દેખ્યો. એ વાત પૂરી થઈ. ॥૮૦॥



વાત - ૮૧

કચ્છમાં બ્રાહ્મણબાઈનું સત્સંગનું વિઘ્ન નિવાર્યું

કચ્છ દેશમાં એક (માંડવી) ગામમાં એક નાગર બ્રાહ્મણ બાઈ હરિભક્ત હતાં. તેમને ઘેરે મહારાજ નિત્ય નિત્ય જમવા પધારતા. ત્યારે એ બાઈનો ભાઈ કારભારી હતો, તેણે એ બાઈને કીધું જે,

"સ્વામિનારાયણ તમારે ઘેર જમવા આવે છે તે બંધ કરો, નહિ તો તમને મારશું. અમારી જગતમાં અપકીર્તિ થાય છે." ત્યારે એ બાઈએ કીધું જે, "તારાથી થાય તે કરજે, પણ સ્વામિનારાયણ મારા માથા સાટે છે, તે જમવા આવશે ને હું જમાડીશ."

પછી તે નાગરે વિચાર્યું જે, 'આ બાઈ તો કોઈ રીતે ડરશે નહીં ને માનશે પણ નહીં; માટે સ્વામિનારાયણને જ મારી નાંખીએ.' એમ વિચાર કરીને દશ આરબને બંધૂકો ભરાવીને તૈયાર કરીને એ બાઈની ડેલીમાં બેસાર્યા. અને મહારાજ તો એ બાઈના ઓરડામાં જમવા બેઠેલા ને ભગુજી ભેગા હતા. પછી મહારાજ બોલ્યા જે, "ભગુજી જુઓને, આ બારલીકોર શો બોલાહ થાય છે ?" ત્યારે ભગુજીએ બારલીકોર આવી જોઈને મહારાજને વાત કરી જે, "દશ આરબ બંધૂકો ભરીને ડેલીમાં બેઠા છે."

ત્યારે મહારાજ કહે, "ભગુજી, તમારામાં કેવુંક બળ છે ?" ત્યારે ભગુજી બોલ્યા જે, "તમે જો આજ્ઞા કરો તો પાંચને આ હાથમાં ઝાલું ને પાંચને આ હાથમાં ઝાલું; ને પછી દશેયનાં માથાં સામસામાં ભટકાવીને મારી નાખું." પછી મહારાજ બોલ્યા જે, "એટલું તમારે બળ છે, ત્યારે હવે આપણે ચાલો કાંઈ ફિકર નથી." એમ કહીને મહારાજ ને ભગુજી એ ડેલીમાં થઈને નીકળ્યા.

ત્યારે એ આરબે એક સામટી દશે બંધૂકો વછોડી. ત્યારે એ બંધૂકો દશમાં એકેય વછૂટી નહીં ને તે બંધૂકોના કાનમાંથી પાછો દારૂ નીકળ્યો તે દશેય આરબોની દાઢી-મૂછો બળી ગઈ. ને મહારાજ તો હસતાં હસતાં ચાલ્યા ગયા. પછી એ નાગરે આવીને એ આરબો સામું જોયું, ત્યાં તો એ દશેયની દાઢી-મૂછ બળેલાં જોયાં.

પછી એ આરબ બોલ્યા જે, "અમારાં આરબી દારૂ ને આરબી બંધૂકો તે કોઈ દિવસ ખાલી જાય નહીં. તેમાં એકે વછૂટી નહિ ને

ઊલટી અમારી દાઢી-મૂછો બળી ગઈ. માટે એ પુરુષ મોટા છે, તેનો જો તમે અપરાધ કરશો તો તમારું બહુ નરશું થાશે." એવું સાંભળીને એ નાગરે વિચાર કર્યો જે, 'આનો દ્રોહ કરીશ તો જરૂર મારું મૃત્યુ થાશે.' એમ ધારીને પછી એ બાઈને કોઈ દિવસ કાંઈ કીધું જ નહીં. એ વાત પૂરી થઈ. ॥૮૧॥



વાત - ૮૨
ભુજમાં ભાટના છોકરા પાસે કુરાન બોલાવ્યું

એકવાર શ્રીજીમહારાજ ભુજમાં સુંદરજીભાઈને ઘેર બેઠા હતા. ત્યાં એક ફકીર આવ્યો ને તેનું નામ અબડાશા, તે કુરાનનો ભણેલો હતો. તેણે કુરાનનું ભાષણ મહારાજ પાસે કરવા માંડ્યું, ત્યારે તેને જોઈને મહારાજ બોલ્યા જે, "અમારે આ એક છોકરો ભાટનો કરશનજી રહ્યો, તેનું નામ ખલબલશા છે. તે કુરાનનો ભણેલો છે."

એમ કહીને તે છોકરાને મહારાજે બોલાવીને કીધું જે, "તું કુરાનનું ભાષણ કર." ત્યારે એ છોકરે કુરાન બોલવા માંડ્યું. તેને જોઈને એ ફકીર બોલ્યો જે, "હે મહારાજ ! આ ગભરું નથી બોલતો. એ તો એમાં તમે પ્રવેશ કરીને બોલો છો. માટે તમે તો ભગવાન છો." એમ કહીને એ ફકીર મહારાજનો આશ્રિત થયો. એ વાત પૂરી થઈ. ॥૮૨॥



વાત - ૮૩
ગઢપુરમાં રહ્યા થકા શિયાણીમાં ભીમા વોરાનું ઘર ઓલવ્યું

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે ગોપીનાથજીના મંદિરમાં સભા કરીને બેઠા હતા. એ સભામાં **શિયાણીવાળા** ભીમા વોરા પણ બેઠા હતા ને મહારાજ વાતો કરતા હતા. તે વાતો કરતાં કરતાં એમ કહેતા

જાય જે, "બહુ તાપ લાગે છે, બહુ તાપ લાગે છે." તે વાત સાંભળીને ભીમા વોરે સવારમાં મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, "હે સ્વામી ! એ મહારાજે કાલ દિને સભામાં કીધું જે, 'બહુ તાપ લાગે છે, બહુ તાપ લાગે છે.' તે એ ટાણે કાંઈ સગડી નહોતી, કાંઈ તાપ પણ નહોતો; ને એ તાપનું મહારાજે શું કીધું ?"

ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "ભીમા વોરા, તમે ઘેરે જાઓ આંહીં રહેશો નહીં." ત્યારે ભીમા વોરાને ઉદ્વેગ થયો ને તરત ચાલી નીસર્યા. તે પોતાને ઘેર આવ્યા ત્યાં તો પોતાના ઘરની જોડનું જે ઘર તે ઘેર લાય થયેલ. તે ઘર બીજા કોઈનું હતું તે બળી ગયેલ. અને ભીમા વોરાના ઘરમાં તો ઘણો માલ ભરેલ તેને ઓલવવા મહારાજ પધારેલ. તે ઘર ઓલવવા મહારાજ ઘર ઉપર ચડેલ, તે ભીમા વોરાની સ્ત્રીએ દેખેલ. તે વાત ભીમા વોરાને કરી.

તે સાંભળીને ભીમે વોરે વિચાર્યું જે, 'જે ટાણે લાઈ થઈ હતી તે ટાણે મહારાજ 'તાપ લાગે છે' એમ કહેતા. તે સમયે મહારાજ જરૂર મારું ઘર ઓલવવા આવ્યા હશે, નહિ તો આ હજારો રૂપિયાનો ઘરમાં માલ હતો, તે બળી જાત.' એમ મહારાજે ભીમા વોરાની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. ॥૮૩॥



વાત - ૮૪

જીણાભાઈનો છોકરો પૂજ પર થૂંક્યો ને વાણિયે હડતાલ પાડી

એકવાર **ગઢડામાં** જીણાભાઈનો દીકરો હઠી, તે બજારમાં જાતો હતો અને અપાસરે બેઠેલા ઢૂંઢિયા પૂજને દેખીને થૂંક્યો. તે થૂંક પૂજ ઉપર પડ્યું. ત્યારે પૂજે પોતાના સેવક વાણિયાને બોલાવીને વાત કરી જે, "અમે મેલા-ઘેલા તે અમારી ઉપર સ્વામિનારાયણનું માણસ થૂંક્યું.

તે તમારું નિર્બળપણું ત્યારે એ કામ બન્યું.” ત્યારે તે વાત સાંભળીને સૌ વાણિયા ભેગા થઈને હાટ બંધ કરીને હડતાલ પાડી.

તે વાત મહારાજે સાંભળી જે, “આપણા સારુ આ હડતાલ પડી.” પછી પોતે ઊઠ્યા અને ઢૂંઢિયાના અપાસરામાં જ્યાં એ પૂજ ને મહાજન બેઠા હતા ત્યાં જઈને દંડવત કર્યો. ત્યારે એ વાણિયે વિચાર્યું જે, ‘સ્વામિનારાયણ આપણને નમ્યા.’ પછી તરત હાટ ઉઘાડ્યાં.

✳ વાણિયાઓને એક મહિનો ઘેલામાં નવરાવ્યા :

એ વાતને સાત-આઠ દિવસ થયા ત્યાં તો ઘેલા નદીમાં પાણીનું ઘણું પૂર આવ્યું. તે એક દિશેથી તો ખોરડાં તણાણાં, ને પાણી ચડતું ચડતું ગામમાં આવવા માંડ્યું. ત્યારે સર્વે ગામે જાણ્યું જે, ‘આજ કોઈ ઉગરનાર નથી.’ ને ગામને ચારેકોરે પાણી ફરી વળેલ. તે ક્યાંઈ નાસી ભાગી જવાય તેમ પણ નહીં.

તેથી ગામના સર્વે માણસ ઘણા ઉદાસ થઈને શ્રીજીમહારાજ પાસે આવીને એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમે ભગવાન કહેવાઓ છો ને આ ગઢડું તણાઈ જાશે; તે તેમાં તમારી શી શોભા વધશે ?” ત્યારે મહારાજ કહે, “ચાલો, આપણે સૌ ઘેલે જઈએ ને નદીને વધાવીએ.” એમ કહીને મહારાજ ચાલ્યા ને સાધુપાળા પણ ચાલ્યા, ને ગામનું માણસ પણ ચાલ્યું. તે નદીને કાંઠે મોટી ધાર છે, તે ઉપર ગયા.

પછી મહારાજે કીધું જે, “દાદા ખાચર, તમે દરબાર કહેવાઓ, તે તમે આ નદીને વધાવો.” ત્યારે ચૂંદડી મોડિયો લઈને દાદા ખાચરે એ નદીને વધાવી, પણ પાણી પાછું હઠ્યું નહીં. ત્યારે મહારાજે ગામના માણસને કીધું જે, “આ પાણી તો હઠતું નથી.” ત્યારે ગામના માણસે કીધું જે, “હે મહારાજ ! એ તો તમે પંડ્યે ઉપાય કરશો, ત્યારે પાણી હટશે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ અમારા મૂળજી બ્રહ્મચારી બહુ ભારે છે, તે એ વધાવશે.” એમ કહીને ચૂંદડી મોડિયો બ્રહ્મચારીને આપીને વધાવા

મોકલ્યા. તે ઢીંચણ જેટલે ઊંડા પાણીમાં જઈને ચૂંદડી મોડિયો નાંખીને નદી વધાવી. ત્યાં તો પાણીનો જબરો લોઢ આવ્યો, તે બ્રહ્મચારીને છાતી સુધી પાણી ભરાઈ ગયું, તે બ્રહ્મચારી તો માંડ માંડ બહાર નીકળ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “આ પાણી તો પાછું હઠતું નથી.”

ત્યારે વળી ગામનું માણસ બોલ્યું જે, “હે મહારાજ ! જેના તેના પાસે ઉપાય કરાવો છો પણ તમે ઉપાય કરશો, ત્યારે પાણી પાછું હટશે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “ભાઈ, આનું નામ તો ઘેલો. તે ગાંડું હોય તે ઘેલો કહેવાય. માટે ઘેલાને મનાવવા એ તો બહુ કઠણ છે. કેમ જે, એનું ધાર્યું કરીએ ત્યારે ઘેલા સમજે.”

ત્યારે એ ગામના વાણિયા તથા સર્વે લોક બોલ્યા જે, “હે મહારાજ ! જેમ તમે કહો તેમ કરીએ.” ત્યારે મહારાજ કહે, “આજ સર્વે નીમ લ્યો જે, એક મહિના સુધી આ ઘેલામાં નાયા પછી રોટલા જમશું.” ત્યારે વાણિયા તથા ગામના લોક એ સર્વેએ હાથમાં જળ લઈને નીમ લીધાં. પછી મહારાજ બે ચરણારવિંદ પાણીમાં બોળી હાથમાં જળ લઈને બોલ્યા જે, “અમે પણ તારામાં એક માસ સુધી નાયા પછી રોટલા જમશું, એ અમારે નીમ છે. ને આ તારું પાણી પાછું ઊતરી જાઓ.” મહારાજે જ્યાં એમ કીધું ત્યાં તો પાણી પાછું એકદમ નદીની સેરમાં જાતું રહ્યું. તે જેમ કૂવાના થાળામાંથી તરત નીકળી જાય છે તેમ જાતું રહ્યું.

પછી ગામનું માણસ બોલ્યું જે, “આ તો પરચો થયો !” પછી રોજ રોજ મહારાજ ઘેલામાં નાવા પધારે, ત્યારે ગામનું માણસ પણ જાય. ને ઢૂંઢિયા વાણિયા કોઈ દિવસ પાણીમાં નાય નહિ, તેને પણ એક માસ સુધી ટાઢા પાણીમાં નવરાવ્યા. એવો મોટો પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૮૪॥



વાત - ૮૫

બેચર ભટ્ટની પત્નીને ટૂંટિયાના રોગથી બચાવી

એકવાર **ગઢડામાં** શ્રીજીમહારાજને બ્રાહ્મણ જમાડવા હતા. તે મહારાજે મૂળજી બ્રહ્મચારીને કીધું જે, "આ ગામમાં બેચર બ્રાહ્મણ છે, તેને રસોઈ કરવા બોલાવો." ત્યારે એને તેડવા બ્રહ્મચારીએ માણસ મોકલ્યું. તે માણસે જઈને બેચરને કીધું જે, "તમને રસોઈ કરવા મૂળજી બ્રહ્મચારી બોલાવે છે." ત્યારે તે બ્રાહ્મણે કીધું જે, "મારે ઘેર સ્ત્રીને ટૂંટિયાનું દર્દ થયું છે ને દેહ રહે એવું નથી; તે મારાથી અવાશે નહીં."

ત્યારે તે માણસે બ્રહ્મચારીને કહ્યું જે, "એની વહુને ટૂંટિયું થયું છે, તે ઝાલીને બેઠા છે. તે જીવે એમ નથી, તેથી એનાથી અવાય તેમ નથી." ત્યારે તે વાત સાંભળીને પ્રાગજી દવે ત્યાં બેઠા હતા, તે બોલ્યા જે, "હે મહારાજ ! એ બ્રાહ્મણી તો ભક્તરાજ છે ને સારું માણસ છે. તે સાધુ સારુ પાણી પણ ભરે છે, તેથી એને મરવા દેશો નહીં." ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા જે, "જોજો મહારાજ, એ બાઈને મરવા દેતા નહીં." એમ સાંભળીને મહારાજ બોલ્યા જે, "ચાલો, એ બાઈને જોવા જઈએ."

પછી બે ચાર માણસ ભેગા લઈને મહારાજ તો એ બાઈને ઘેર ગયા. ત્યારે એ બાઈના ઘરથી આગળના ઘરમાં એક ઘાંચી વોરો રહે છે. તેની સ્ત્રી ત્યાં ઊભેલી તે બોલી જે, "સ્વામિનારાયણ, તમે ક્યાં જાઓ છો ?" ત્યારે મહારાજ કહે, "આ બાઈને ટૂંટિયું થયું છે, તે જોવા જઈએ છીએ." ત્યારે એ બાઈ બોલી જે, "એણે તો ઘણી વાર થયા દેહ મૂકી દીધો છે. તે એને તો ભોંયે સુવાડીને ઢાંકી મૂકેલી છે ને બજારમાં ખાપણ લેવા ગયા છે. તે તમે શું કરવા જાઓ છો ? ને તમે ભગવાન કહેવાઓ છો, તે જીવતી કરવી હોય તો જાઓ."

ત્યારે મહારાજ બોલ્યા જે, "જેને ટૂંટિયું થાય કે જેને સર્પ કરડે તેનો તરત જીવ જાય નહીં." એમ કહીને મહારાજ તો એ બાઈ પાસે ગયા. ત્યારે તે બાઈ પાસે પાંચ-સાત બ્રાહ્મણીઓ બેઠેલી. તેમણે કીધું જે, "હે મહારાજ ! આ બાઈ તો મરી ગઈ છે, તે તમે છેટે રહેજો, અભડાશો." ત્યારે મહારાજ કહે, "તરત જીવ જાય નહીં, એમાં જીવ હશે."

એમ કહીને મહારાજે એ બાઈને લૂગડું ઓઢાડ્યું હતું, તે પરું(દૂર) કરીને તેના કપાળમાં પોતાની આંગળી દાબી અને બોલ્યા જે, "બેઠાં થાઓ." ત્યારે તે બાઈ આંખ ફેરવીને બે હાથ જોડીને મહારાજને પગે લાગી. ત્યારે મહારાજ કહે, "તમારા પતિને અમારે રસોઈ કરવા તેડી જાવા છે." એમ કહીને મહારાજ તો પાછા પોતાને ઉતારે આવ્યા, પણ એ બાઈ જીવતી થઈ, તેની વાત ગામમાં ચાલી.

✳ જેને ઘેર સંત જમ્યા, ત્યાં ટૂંટિયાનું ન ચાલ્યું :

ત્યારે ગામમાં ટૂંટિયાનું દર્દ હતું, તેથી એ ગામના વાણિયા ભેગા થઈને બ્રહ્માનંદસ્વામી પાસે આવીને બોલ્યા જે, "હે સ્વામી ! અમે અમારે એક એક ઘેર દશ દશ સાધુ જમાડીએ, જો અમારે ઘેરે ટૂંટિયાથી કોઈ મરે નહિ તો." ત્યારે સ્વામી કહે, "લ્યો, મહારાજને પૂછું." એમ કહીને સ્વામીએ મહારાજ પાસે જઈને એ વાત પૂછી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "જાઓ, કહો જે, જેને ઘેરે દશ દશ સાધુ જમશે તેને ઘેરે કોઈ ટૂંટિયાના દરદથી નહીં મરે." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "હે મહારાજ ! અમે જમવા ગયા ને તેને ઘેર જો મરણ થયું તો અમારો બહુ ફજેતો થાશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "કેમ સ્વામી, તમને અમારો વિશ્વાસ નથી આવતો ?" ત્યારે સ્વામી કહે, "તમે તો લૂંઠા(મસ્તીબાજ) માણસ છો, તે આગળનાં પ્રારબ્ધ જોઈને ક્યાંઈક એવું કામ કરી દ્યો, ત્યાર પછી અમારી આબરૂ જાતી

રહે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “કાંઈ ફિકર રાખશો મા. જાઓ, વાણિયાને નિઃશંકપણે કહો.”

પછી બ્રહ્માનંદસ્વામીએ એ વાતનો ઠેરાવ કર્યો. પછી ગામમાં સાધુને જમવાનું પ્રકરણ બહુ ચાલ્યું. તે સાધુ હાથ આવે નહીં. શા માટે ? જે સૌના પેટમાં એમ જે, ‘આપણે ઘેર મોરથી સાધુ જમે તો કોઈ મરે તો નહીં.’ એમ જેને ઘેર સાધુ જમ્યા તેને ઘેરે કોઈ માણસ મૂવું નહીં. એવો મહા મોટો પ્રતાપ સૌને દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૮૫॥



વાત - ૮૬

ગઢડામાં મહારાજે સોની પાસે અબખોરો કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજે **ગઢડામાં** સોની પાસે રૂપાનો આબખોરો કરાવ્યો. ત્યારે તે રૂપામાંથી રૂપું એક રૂપિયા ભાર વધ્યું. ત્યારે તે સોનીએ વિચાર કર્યો જે, ‘આ રૂપું તો મહારાજનું છે, તે આપણે ઘેર લઈ જઈએ તો દોષ બેસે. માટે આ એક રૂપિયાનો થાળ કરીને મહારાજને જમાડું.’ એમ વિચારીને એ સોની મૂળજી બ્રહ્મચારી પાસે આવીને એક રૂપિયાનો થાળ મહારાજ સારુ કરવાનું કહી ગયા.

પછી થાળ થયો ને મહારાજ જમવા બેઠા. ત્યારે મહારાજ કહે, “બ્રહ્મચારી, આ થાળ કેનો છે ?” ત્યારે બ્રહ્મચારી કહે, “સોની ભક્તનો છે.” ત્યારે મહારાજ કહે, “એ સોની ભક્તને આંહીં બોલાવો.” ત્યારે એ સોની ભક્તને બોલાવ્યા, તે મહારાજ પાસે આવીને ઊભા રહ્યા.

ત્યારે મહારાજ કહે, “કેમ સોની ભક્ત, આ થાળ તમારો છે ?” ત્યારે સોની કહે, “હા મહારાજ ! મેં થાળ કરાવ્યો છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ થાળ શેનો કર્યો છે ?” ત્યારે સોનીએ જાણ્યું જે, ‘આ

વાત મહારાજે જાણી છે, તેમાં પૂછે છે.” પછી સોની બોલ્યો જે, “હે મહારાજ ! એ તો મઈનું મઈ છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “મઈનું મઈ તે શું ? તે અમે સમજીએ તેમ કહો.” ત્યારે સોની બોલ્યો જે, “તમારા સારુ અબખોરો મેં કર્યો, તેમાંથી રૂપું એક રૂપિયાભાર વધ્યું. તે એક રૂપિયાનો થાળ કર્યો છે.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “જુઓ સુરા ખાચર, સોમલા ખાચર, આ સોની ભક્ત કેવા છે ! અમારા રૂપામાંથી એક રૂપિયાનું રૂપું વધ્યું, તે પણ પોતાને ઘેરે લઈ ગયા નહીં, ને એ રૂપિયાનો થાળ કરીને અમને જમાડ્યા. જુઓ, સોની ભક્ત કેવા સારા છે !” એમ કહીને એ સોનીનું ચોરપણું સૌને દેખાડી દીધું. એ વાત પૂરી થઈ. ॥૮૬॥



વાત - ૮૭

ગઢડામાં મહારાજે મલ્હાર રાગ ગવરાવી વરસાદ કર્યો

એકવાર શ્રીજીમહારાજ **ગઢડામાં** લાડુબાઈનો જે આથમણા બારનો ઓરડો તેની ઓસરીમાં બેઠેલા. ને સુરા ખાચર, દાદા ખાચર આદિ ઘણા ભક્ત પાસે બેઠેલા ને મૂળજી શેઠ પણ બેઠેલા. તે સમે કોઈ હરિભક્તે આવીને મહારાજને કીધું જે, “વગડામાં મોલ સુકાઈ જાય છે, તે મેહ વરસાવો.” ત્યારે મહારાજ એમ બોલ્યા જે, “આગળ નરસી મહેતાએ મલ્હાર ગાયો હતો ત્યારે વરસાદ આવ્યો હતો. માટે આજ આપણે બ્રહ્માનંદસ્વામી તે નરસી મહેતા જેવા છે. તે જો મલ્હાર ગાય તો મેહ આવે. તે માટે બ્રહ્માનંદસ્વામીને આંહીં બોલાવો.”

પછી બ્રહ્માનંદસ્વામીને બોલાવી લાવ્યા. પછી મહારાજ કહે, “મલ્હાર રાગ ગાઓ તો મેહ આવે.” પછી બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદ સ્વામીએ વાજાં વગાડીને મલ્હાર ગાવા માંડ્યો. તે એક મલ્હારનું પદ

બોલ્યા ત્યાં તો વાદળાંનો સમૂહ થઈ ગયો. બીજું પદ બોલ્યા ત્યાં ગાજવીજ થાવા માંડ્યું. ને ત્રીજું પદ ગાયું ત્યારે વરસાત થયો. તે નેવામાં પાણી માય નહિ, એવો ભારે મેહ વરસ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "જુઓ, આ બ્રહ્માનંદસ્વામી કેવા મોટા છે ! એમણે વરસાત વરસાવ્યો !" એ વાત પૂરી થઈ. ॥૮૭॥

વાત - ૮૮

ગોપાળાનંદસ્વામીના કાગળથી મહારાજે વરસાદ કર્યો

એકવાર ગોપાળાનંદસ્વામી **વરતાલ** હતા ને ત્યાં વરસાદની ઘણી તાણ હતી. તેથી લોકોએ આવીને સ્વામીને કહ્યું જે, "વરસાદ વિના મોલ સુકાઈ જાય છે." ત્યારે સ્વામી કહે, "લાવો, ગઢડે મહારાજ ઉપર એક કાગળ લખીએ." પછી સ્વામીએ કાગળ લખીને કાશીદાસને ગઢડે મોકલ્યા. તે કાગળ કાશીદાસે મહારાજ સભામાં બેઠા હતા ત્યાં આપ્યો. તે કાગળ વાંચીને મહારાજ એમ બોલ્યા જે, "આ લક્ષ્મીનારાયણના દેશના મોટા ભક્ત કાશીદાસ આવ્યા છે, તે વરસાદ લેતા આવ્યા છે. તે આજ સૌ ચાલો, ઘેલે નાવા જઈએ." એમ કહીને મહારાજ ઘેલામાં નાવા પધાર્યા.

ત્યારે સૌને આશ્ચર્ય થયું જે, 'ઘેલામાં પાણી નથી, તે મહારાજ ક્યાં નાશે ?' એવો ઘાટ થયો, પણ સૌ (માણસ) મહારાજ ભેગું નદીએ નાવા ચાલ્યું. તે ઘેલાને કાંઠે ગયા ત્યાં તો બહુ ભારે વરસાદ આવ્યો. તે સર્વે માણસ પલળી ગયા ને મહારાજ ઉપર છત્રી ઝાલી હતી તે પણ તૂટી ગઈ ને મહારાજ પણ પલળ્યા.

અને તે ટાણે ઘેલામાં પાણી આવ્યું, તે ડોળું પાણી ને માંઈ કાંટા, કૂચો ને ફેંણ; તે જોઈને મહારાજ બોલ્યા જે, "આવા ડોળા પાણીમાં નવાશે નહીં. આપણને તો વરસાદે નવરાવ્યા છે, હવે સૌ ચાલો."

પછી સૌ મંદિરમાં આવ્યા ને વરસાદ ઘણો થયો. વરતાલ પણ બહુ મેહ થયો ને મેની તાણ મટી ગઈ. એવો ગોપાળસ્વામીના કાગળથી મહારાજે વરસાત કર્યો. એ વાત પૂરી થઈ. ॥૮૮॥



વાત - ૮૯

ત્રણ ડોસીઓને તો અક્ષરધામ એ જ પોતાનું સાસરું

એકવાર શ્રીજીમહારાજે **ગઢડામાં** ડોસીઓને આજ્ઞા કરી જે, "જે બાઈ પોતાના પતિનો ત્યાગ કરીને આંહીં આવ્યાં હોય, તે સૌ સૌને સાસરે જાઓ; આંહીં રહેશો મા." એવું સાંભળીને કેટલીક બાઈઓ તો ગઈ ને ત્રણ બાઈઓ તો હરજી ઠક્કરને ઘેર જઈને બેઠી, ને અકેકો ઉપવાસ કર્યો ને બીજે દાડે પણ ખાધું નહીં. ત્યારે હરજી ઠક્કરે મહારાજને વાત કરી જે, "ત્રણ બાઈઓ મારે ઘેર આવીને બેઠી છે ને ઉપવાસ કરે છે, કાંઈ ખાતાં નથી."

ત્યારે મહારાજ કહે, "ચાલો, આપણે તે બાઈઓને પૂછીએ." એમ કહીને મહારાજ હરજી ઠક્કરને ઘેર ગયા અને એ ત્રણ બાઈઓને કીધું જે, "આંહીં કેમ બેઠાં છો ? અમે તમને આજ્ઞા કરી છે જે સૌ સૌને સાસરે જાઓ, તે આજ્ઞા કેમ માનતા નથી ?" ત્યારે એ બાઈઓ બોલી જે, "હે મહારાજ ! અમે તો તમારી આજ્ઞા પાળવા સારુ તૈયાર છીએ." ત્યારે મહારાજ કહે, "શી અમારી આજ્ઞા માની ?"

ત્યારે બાઈઓ બોલી જે, "હે મહારાજ ! તમે સૌ સૌને સાસરે જાવાની આજ્ઞા કરી છે. તે અમારું સાસરું તો ભગવાનના ધામમાં છે. તે ત્યાં જાવા સારુ ઉપવાસ કરીને દેહ મૂકીને જાશું. આ જગતમાં અમારું સાસરું નથી, તે બીજે ક્યાં જાઈએ ?" એવું એ બાઈઓનું વચન સાંભળીને મહારાજ બોલ્યા જે, "તમારે એ સાસરે જાવું હોય તો

જાઓ." એમ કહીને મહારાજ ચાલી નીસર્યા ને એ ત્રણે બાઈઓએ તે જ વખત એક હારે દેહ મૂકી દીધો. એ વાત પૂરી થઈ. ॥૮૯॥



વાત - ૯૦

એભલબાપુને મનુષ્યભાવ ટળાવવા ચતુર્ભુજરૂપે દર્શન

શ્રીગઢડા મધ્યે શ્રીજીમહારાજ જીવા ખાચરના દરબારમાં રહેતા ને દાદા ખાચરના દરબારમાં આવતા-જાતા. ને એભલ ખાચર પોતાના દરબારમાં થોડું ઘણું રહેતા ને પોતાની વાડી તથા બીડ તેમાં ઘણું કરીને રહેતા. તે એભલ ખાચરને કોઈકે કીધું જે, "આ સ્વામિનારાયણ તમારા દરબારમાં બહુ આવે છે ને તમારી દીકરીઓ મોટી મોટી છે, તે તમારું કામ બગડી જાશે ને તમે એ વાતનો કાંઈ વિચાર રાખતા નથી. તે પછી તમારું વિચાર્યું કાંઈ કામ આવશે નહીં." એવી રીતે એભલ ખાચરને કહીને કાંટો(ઉત્સાહ;કોંટો) ચડાવ્યો.

ત્યારે એભલ ખાચરે એવો વિચાર કર્યો જે, 'સ્વામિનારાયણને મારે મારવા.' પછી એક દાડે ઢાલ-તરવાર લઈને પોતાની ડેલીમાં આવીને બેઠા જે, 'સ્વામિનારાયણ દરબારમાં છે, તે આંહીં આવે ત્યારે ઝટકે મારવા છે.' ત્યારે તે ટાણે મહારાજ એમના દરબારમાં હતા. તેમને કોઈકે કીધું જે, "એભલ ખાચર તમને મારવા ઢાલ-તરવાર લઈને ડેલીએ બેઠા છે." ને દરબારમાં બાઈઓ હતી, તેમને પણ એ વાતની ખબર પડી.

પછી સર્વે બાઈઓએ મહારાજને કીધું જે, "તમારે ડેલીએથી જાવું નહિ, આણીકોરથી જાઓ." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને મારે નહિ, માટે તેની તમારે કાંઈ ફિકર રાખવી નહીં." એમ કહીને મહારાજ ડેલીએ થઈને નીકળ્યા. ત્યારે એભલ ખાચરે દીઠા. તે શંખ,

ચક્ર, ગદા, પદ્મ એ ચારે આયુધ ચારે ભુજાઓમાં લીધેલાં, એવી ચતુર્ભુજ મૂર્તિ દેખી ! ને મસ્તક ઉપર મુગટમણિ જડેલો, કાનમાં મકરાકૃત કુંડળ, કોટમાં કૌસ્તુભમણિની માળા, ને પીળાં સુવર્ણમય પીતાંબર પહેરેલાં, ને મહા તેજસ્વી મૂર્તિ એવા એ શ્રીજીમહારાજને દેખ્યા.

ત્યાં તો ઢાલ, તરવાર હાથમાં હતાં તે નાંખી દીધાં ને બે હાથે કરીને મહારાજનાં ચરણારવિંદ ઝાલ્યાં ને પોતાનું માથું મહારાજના પગમાં મૂકીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો. મને તો કોઈકે અવળું બતાવ્યું હતું, તેથી તમને મારવા સારુ હું આંહીં આવીને બેઠો હતો. તે હું બહુ ભૂલી ગયો, મારો ગુનો માફ કરજો." એમ વારેવારે કહેવા માંડ્યું. ત્યારે મહારાજે પોતાના બે હાથ એભલ ખાચરના માથા ઉપર મૂકીને કીધું જે, "તમે કાંઈ ફિકર રાખશો નહીં." એવી રીતનો મહારાજનો પ્રતાપ એભલ ખાચરે દીઠો. એ વાત પૂરી થઈ. ॥૯૦॥



વાત - ૯૧

મહારાજે માણકીનો વછેરો દાનમાં દીધો

એકવાર દાદા ખાચરની માણકી ઘોડીને વછેરો આવ્યો. તે વછેરો બહુ રૂપાળો આવ્યો, તે મહારાજને દેખાડ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ વછેરો અમારે ચડવા રાખવો છે, તેથી આને સારી પેઠે ખવરાવો." પછી એ વછેરાને તો બહુ ખવરાવવા માંડ્યું, તે થોડાક દિવસમાં મોટો થઈ ગયો.

પછી ચાલક પાસે ફેરવવા માંડ્યો. ત્યારે કોઈ સોદાગર આવ્યો, તેણે સત્તરસો રૂપિયામાં એ ઘોડો માંગ્યો. ત્યારે મહારાજને પૂછવા ગયા જે, "ઘોડાના બહુ રૂપિયા આવે છે, તે આપશું ?" ત્યારે મહારાજ કહે, "એ ઘોડો તો અમારે ચડવા રાખવો છે, વેચવો નથી." પછી એ ઘોડો

ફેરવી તૈયાર કરી મહારાજ પાસે લાવ્યા. ત્યારે મહારાજ કહે, “એ ઘોડા ઉપર શખલાદી(ગાદી વગેરે) સામાન નાંખો, અમારે ચડવું છે.”

પછી સારો સામાન નાંખી મહારાજ પાસે લાવ્યા. ત્યારે મહારાજ ભેટ બાંધીને એ ઘોડા ઉપર ચડીને દરબારમાં લીંબડા ફરતો કુંડાળે નાખવા માંડ્યો. તે ફેરવતાં ફેરવતાં ઘોડાને રેબઝેબ પરસેવો વળી ગયો, ને મહારાજને પણ રેબઝેબ પરસેવો વળી ગયો. પછી ઘોડેથી હેઠા ઊતરીને કાઠીનો એક માગણ ઊભો હતો, તેને બોલાવીને એ ઘોડો તેને પાહા(ભેટ) આપી દીધો. ત્યારે દરબારમાં સૌ બાઈભાઈ ઉદાસ થઈ ગયાં. તે કોઈ બોલેય નહિ ને કોઈ ચાલેય નહીં; એવી સૌની સુનકાર દશા થઈ ગઈ.

✳ શ્રીહરિએ વછેરાના પૂર્વ જન્મની વાતથી સૌની ઉદાસી ટાળી :

પછી સાંજે સભા કરીને મહારાજ બેઠા. ત્યારે તો સાંજે પણ સૌને ઉદાસ દેખીને મહારાજ બોલ્યા જે, “આ ઘોડો અમે આપ્યો તેમાં તમે સૌ ઉદાસ થઈ ગયા છો, પણ તમને કાંઈ ખબર છે ? એ ઘોડો કોણ હતો ?” એમ કહીને ભગુજીને બોલાવીને પૂછ્યું જે, “આપણે ગામથી આવતા હતા, ત્યારે આપણને બાવે તાણ કરી હતી, તે વાત કરો.”

ત્યારે ભગુજીએ એ સભામાં વાત કહેવા માંડી જે, “એકવાર મહારાજ ને હું એ બેય ગામ ગયા હતા. ત્યાંથી આવતા હતા, તે એક ગામને પાદર બાવાનો મઠ હતો. તેમાં ઝાડ સારાં હતાં. તે ઝાડને છાંયે અમે બેય સ્વાર ઊભા રહ્યા. ત્યારે એ બાવે આવીને રોટલા જમવાની તાણ કરી, પણ મહારાજ કહે, ‘અમે નહિ રહીએ.’ એમ કહીને મહારાજ ચાલ્યા. ત્યારે એ બાવો આડો આવીને માર્ગમાં બેઠો. ત્યારે મહારાજે માર્ગ ફરેવીને ઘોડા ઉપાડી મેલ્યા. ત્યારે બાવાથી પહોંચાય તેવું ન રહ્યું. પછી બાવે તો પોક મેલીને ઊંચે સાદે રોવા માંડ્યું. તે રોતો જાય ને કહેતો જાય જે, ‘બાપલિયા ! આ સ્વામિનારાયણ માંડ

કરીને મારી જાયગામાં આવ્યા હતા ને મારે જમાડવા હતા, પણ રહ્યા નહીં; તે હવે હું શું કરું !' એમ કહેતો જાય ને રોતો જાય, ને મહારાજ પણ સાંભળતા જાય. પછી મહારાજ ને હું ગઢડે આવ્યા." એટલી વાત ભગુજીએ કરી.

પછી મહારાજ બોલ્યા જે, "એ બાવે અમને અંતર શુદ્ધે(શુદ્ધ હૃદયથી) તાણ કરી ને છતાં અમે ન રહ્યા તેથી બહુ રોયો. તે અમને તો દયા આવી હતી, પણ એ બાવો બહુ કામી હતો, તે સારુ અમે એની જાયગામાં રહ્યા નહીં. પછી એ બાવાનો દેહ મુકાવીને એનો જીવ હતો, તે આ માણકીનો વછેરો કર્યો છે. તે વછેરો આ માગણને આપ્યો. તે હવે એ વાલીઘોડો કરશે એટલે દેશદેશથી ઘોડીઓ એ ઘોડા પાસે આવશે. એમ એની વાસના પૂરી કરાવીને પછી એને સત્સંગમાં જન્મ ધરાવીને એને મારા ધામમાં મોકલીશ." એમ વાત કરી.

પછી મહારાજ બોલ્યા જે, "એ બાવાની ખબર કઢાવો, કયે દિવસ એણે દેહ મૂક્યો છે ?" પછી ખબર કઢાવી તો જે દિવસ એ બાવે દેહ મૂકેલ તે જ દિવસ એ માણકીને ગર્ભ રહેલો." એ વાત જ્યારે મળી, ત્યારે સૌની ઉદાસી મટી ગઈ. એ વાત પૂરી થઈ. ॥૯૧॥



વાત - ૯૨

મોટીબા વગેરે બહેનોએ વૃત્તિથી માણકીને રોકી

એકવાર શ્રીજીમહારાજ **ગઢડેથી વરતાલ** જાવા તૈયાર થયા. ત્યારે ગઢડામાં ડોસીઓ હતી, તેમણે કીધું જે, "હે મહારાજ ! અમને સમૈયા કરવા તેડી જાઓ." ત્યારે મહારાજ કહે, "અમારે તો છડીસવારી જાવું છે, તે કોઈને તેડી જાવા નથી." પછી મહારાજ ને કાઠીઓના સવાર એ સૌ ચાલ્યા, તે ગઢડાને સીમાડે ગયા ત્યારે માણકી ઘોડી પાછી

નાઠી. તે મહારાજે ઘણી લગામ ખેંચવા માંડી, બીજા સ્વારો પણ આડા પડ્યા, તોય ઘોડીની આંખ ફાટેલ તે રહી નહીં. એ દરબારમાં લીંબડા હેઠે જઈને ઊભી રહી.

પછી વળી ત્યાંથી ચાલ્યા, તે જે ઠેકાણેથી પ્રથમ નાઠી હતી, તેને તે જ ઠેકાણેથી વળી પાછી નાઠી. તે સર્વે સ્વારો આડા ફર્યા પણ ઘોડી દરબારમાં આવીને ઊભી રહી. વળી ત્રીજી વાર ઘોડીને લઈને ચાલ્યા ત્યારે તો કાઠીએ ચાડ રાખી જે, હવે પાછી વળે તો વળવા દેવી નહીં. પછી સીમાડે ગયા ને ત્યાંથી ફરંગટી ખાઈને ઘોડી પાછી વળી. તે કાઠી દોડ કરી કરીને થાકી ગયા પણ માણકી ભેગા થયા જ નહીં. તે કેને પાછી વાળે ? તે ઘોડી લીંબડા હેઠે દરબારમાં આવીને ઊભી રહી.

પછી મહારાજ બોલ્યા જે, “આ ઘોડીની વૃત્તિ આ ડોસીઓ પાછી તાણે છે, તે જાવા નહીં દે.” પછી મહારાજે એ ડોસીઓને કીધું જે, “તમે સૌ તૈયાર થાઓ.” પછી સૌને લઈને ચાલ્યા ત્યારે ઘોડી આઘી ચાલી. એ વાત પૂરી થઈ. ll૯૨ll



વાત - ૯૩

ગઢડામાં ખાખીને નરસિંહરૂપ બતાવી આશ્રિત કર્યા

એકવાર શ્રીજીમહારાજ **ગઢડામાં** બિરાજમાન હતા. ત્યારે બસેં ખાખીએ દાદા ખાચરના દરબારમાં મહારાજ પાસે આવીને પાકાં સીધાં માગ્યાં. ત્યારે મહારાજે એ સૌને પાકાં સીધાં અપાવ્યાં. પછી એ ખાખી રસોઈ કરી જમીને મહારાજ પાસે આવીને બેઠા, ને એમ બોલ્યા જે, “હે મહારાજ ! તમે ભગવાન છો ?” ત્યારે મહારાજ કહે, “હા, અમે ભગવાન છીએ.” ત્યારે ખાખી કહે, “તમે નરસિંહજી છો ?” ત્યારે મહારાજ કહે, “હા, અમે નરસિંહજી છીએ.” ત્યારે ખાખી કહે,

"અમને નરસિંહજીનાં દર્શન કરાવો." પછી મહારાજે નરસિંહજીના જેવું રૂપ ધારીને એ બસેં ખાખીને દર્શન દીધાં. પછી એ સર્વે ખાખી મહારાજના આશ્રિત થયા. એ વાત પૂરી થઈ. ॥૯૩॥



વાત - ૯૪

દાદા ખાચરના વકરેલા છત્રીસ વાછડા નાથ્યા

ગઢડા મધ્યે દાદા ખાચરની ગાયના છત્રીસ વાછડા હતા. તે બીડમાં ચરતા તે ઘણા વકરી ગયા. કોઈને અડવા પણ દે નહિ ને નાથવા તો દે જ શેના ? ને મારકણા બહુ થયા. પછી મહારાજ પાસે વાત કરી જે, "વાછડા બહુ મારી નાંખે એવા થયા છે." ત્યારે મહારાજ કહે, "ચાલો, અમે નાથી દઈએ."

પછી મહારાજ બીડમાં આવ્યા ને ભેટ બાંધીને એ વાછડાને નાથ નાંખવા માંડી, તે છત્રીએ વાછડા નાથ્યા. પછી બ્રહ્માનંદસ્વામીને કીધું જે, "જુઓ, અમે આ છત્રીસ વાછડા નાથ્યા." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "સાત વાછડા તો કૃષ્ણાવતારમાં નાથ્યા હતા, પણ આ તો છત્રીસ નાથ્યા, તે બહુ ભારે કામ કર્યું. ને નાથવાની આગલી રીત તો છે જ." એ મર્મ કરીને હસ્યા. એ વાત પૂરી થઈ. ॥૯૪॥



વાત - ૯૫

ગઢડામાં શેષનાગ બિરંજની પ્રસાદી લેવા આવ્યા

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે ખાટલા ઉપર બેસીને બિરંજ જમતા હતા. તે ખાટલા હેઠે મોટો નાગ આવ્યો. ત્યારે તેને ઝાલવાનો સૌએ ઉપાય કરવા માંડ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "એને ઝાલશો નહીં, એ તો શેષજી છે; તે અમારી પ્રસાદી ખાવા આવ્યા છે."

પછી મહારાજ જમતા જાય ને એ ખાટલા હેઠે બિરંજ નાંખતા જાય ને એ નાગ ખાતો જાય. તે જ્યાં સુધી મહારાજ જમ્યા ત્યાં સુધી એ એરુએ ખાટલા હેઠે રહીને બિરંજ ખાધો. ને જ્યારે મહારાજ જમી રહ્યા, ત્યારે એ એરુ અદૃશ્ય થઈ ગયો, ત્યારે કોઈએ ન ભાળ્યો. તે જોઈને સૌને આશ્ચર્ય થયું. એ વાત પૂરી થઈ. ॥૯૫॥



વાત - ૯૬

બેચર ચાવડાના હાથમાંથી સૂર્યદેવ પ્રસાદી લઈ ગયા

એકવાર શ્રીજીમહારાજ **ગઢડામાં** બાજરાનો રોટલો ને વંતાકનું શાક જમતા હતા. ત્યારે બેચર ચાવડો પાસે બેઠો હતો તેણે કીધું જે, "હે મહારાજ ! એ પ્રસાદી મને આપો." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ પ્રસાદી તારા હાથમાં રહેશે નહીં." ત્યારે બેચર ચાવડો બોલ્યો જે, "મારા હાથમાંથી કોણ લેનાર છે ?" ત્યારે મહારાજ કહે, "જરૂર તારા હાથમાં નહિ રહે." એમ કહીને રોટલા શાકની પ્રસાદી એ બેચરને આપી. તે પ્રસાદી લઈને બેચર પોતાને ઉતારે જાતો હતો, ત્યાં તો એક ગરજ(ગીધ જેવું) પક્ષી આવ્યો. તે ઝડપ નાંખીને બેચરના હાથમાંથી પ્રસાદી લઈ ગયો, ને બેચર તો જોઈ રહ્યો.

પછી મહારાજ પાસે આવીને એણે વાત કરી જે, "હે મહારાજ ! તમે મને બહુ ખરાવી ખરાવીને(ખૂબ ભલામણ કરીને બહુ ભારપૂર્વક) કહેતા હતા જે, 'પ્રસાદી તારા હાથમાં નહિ રહે.' તે તેમનું તેમ થયું, પણ એ ગરજ પક્ષી કોણ હતો ?" ત્યારે મહારાજ કહે, "એ તો સૂરજદેવ હતા. તે ગરજના જેવું સ્વરૂપ લઈને તારા હાથમાંથી લઈ ગયા. એ વાત પૂરી થઈ. ॥૯૬॥



વાત - ૯૭

બ્રહ્માનંદજી સાથે હેત હોવાથી વાણિયાની જમથી રક્ષા થઈ

ગઢડામાં એક વાણિયો હતો. તે જીવા ખાચરનું કામકાજ કરતો ને મહારાજ પાસે પણ આવતો. એને બ્રહ્માનંદસ્વામી ઉપર હેત હતું. પછી જીવા ખાચરને, 'મહારાજ દાદા ખાચરનો પક્ષ રાખે છે' એમ સમજીને શ્રીજીમહારાજનો અભાવ આવ્યો. ત્યારે એ વાણિયાને પણ મહારાજનો અભાવ આવ્યો. તે કોઈ દિવસ મહારાજ પાસે આવે નહીં ને મહારાજ સામું પણ જોવે નહીં.

પછી કોઈક દાડે એ વાણિયો માંદો થયો ને એનાં સંબંધી ભરાઈને બેઠાં હતાં. તેવામાં ચાર જમ એ વાણિયાને લેવા આવ્યા તે મારવા માંડ્યા. તે અતિ ભયે કરીને ધ્રૂજવા માંડ્યો. એવામાં એને બ્રહ્માનંદસ્વામી સાંભર્યા. ત્યાં તો બ્રહ્માનંદસ્વામી આવ્યા, ત્યારે એ જમ નાઠા. તે એની ખડકી માળેલ હતી ત્યાંથી નીકળ્યા. તે ખડકી, કમાડ, બારસાખ, ઉપલું માળણ, ભીંત એ સર્વે બજારમાં ઊડીને પડ્યું ને જમ ભાગી ગયા. તે જમને ને બ્રહ્માનંદસ્વામીને એ વાણિયે દેખ્યા.

પછી બ્રહ્માનંદસ્વામી પણ ગયા ને વાણિયાને જાગ્રત અવસ્થા થઈ. ત્યાં તો એનાં સંબંધી પડખે બેઠેલાં તેને દેખ્યાં. તે સંબંધી વાતો કરતાં હતાં જે, 'આ ખડકી ભાંગી બજારમાં ઊડી પડી. તે આજ કાંઈ મે વરસતો નથી, કાંઈ વાયુ નથી, તે શા કારણથી બજારમાં ઊડી પડી?' એમ વિચારતાં હતાં. ત્યારે એ વાણિયો બોલ્યો જે, "મને જમ તેડવા આવ્યા હતા. તે મારાં હાડેહાડ ભાંગી નાંખતા હતા. તે મને બ્રહ્માનંદસ્વામીએ મુકાવ્યો છે. ને આ ખડકીએથી જમ નાઠા, તેણે કરીને આ ખડકી પડી ગઈ છે. એ માટે મહારાજને ને બ્રહ્માનંદસ્વામીને નોતરું દઈ આપણે ઘેર જમવા બોલાવો.

પછી મહારાજ ને બ્રહ્માનંદસ્વામી એ વાણિયાને ઘેરે જમવા આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "કેમ શેઠ, તમે તો અમારી સામું પણ જોતા નહિ ને આજ જમવા તેડ્યા તેનું શું કારણ ?" ત્યારે એ વાણિયે વાત કરી જે, "હે મહારાજ ! મને તો જમ મારી નાંખતા હતા, તે આ બ્રહ્માનંદસ્વામીએ મુકાવ્યો છે. ને આ મારી ખડકી પણ જમે પાડી નાંખી છે. તે હવે હું તો તમારે ને આ બ્રહ્માનંદસ્વામીને આશરે છું. તે હવે મારી પાસે એ જમને આવવા દેશો નહીં." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ બ્રહ્માનંદસ્વામી ઉપર હેત રાખશો તો એ જમ આવવા દેશે નહીં." એ વાત પૂરી થઈ. ||૯૭||



વાત - ૯૮

ગઢડામાં સાંઢરૂપે આવેલ અસુરને ભગાડ્યો

એકવાર શ્રીજીમહારાજ **ગઢડામાં** દાદા ખાચરના દરબારમાં પાંચસેં સંત ને હરિજન સહિત સભા કરીને બેઠા હતા. ત્યાં એક મહા મોટો સાંઢ અતિ વેગમાં દોડતો એ સભા વચ્ચે પડવા આવ્યો. તેને દેખીને સૌને એમ થયું જે, 'આ મારી નાંખશે,' એવો ભય ઉત્પન થઈ ગયો. ત્યારે તે સાંઢને દેખીને શ્રીજીમહારાજે હાથ ઊંચો કરીને હાકોટો કર્યો.

ત્યાં તો એ સાંઢ ઊંચો ઊછળીને પાછો પડ્યો. વળી ઊભો થઈ ઊછળીને પડ્યો. એમ ત્રણ વાર પૃથ્વી ઉપર પછાડો ખાઈને ભાગી ગયો. તેને દેખીને સંત બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો ઘણા માણસનું મૃત્યુ થઈ જાત, તે તમે રક્ષા કરી. ને તે સાંઢ કોણ હશે ?" ત્યારે મહારાજ કહે, "એ અસુર હતો." એ વાત પૂરી થઈ. ||૯૮||



વાત - ૯૯

ગઢડા સભામાં રાત્રે આખી સભાને લક્ષ થયો

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે રાત્રીએ સભા કરીને બેઠા હતા ને વાતો કરતા હતા, ને સર્વે સભાની દૃષ્ટિ મહારાજ સામી હતી. તે ટાણે મહારાજની મૂર્તિમાં પ્રકાશ થાવા માંડ્યો ને સૌએ એક દૃષ્ટિ કરી જોવા માંડ્યું. તે જોતે જોતે સર્વે સભાને લક્ષ થઈ ગયો. તે કોઈ બોલે ચાલે નહિ, એમ સૂનમૂન થઈ ગયા. ત્યારે એક મુક્તાનંદસ્વામી જ મહારાજ સાથે વાતો કરે એવા બાકી રહ્યા. તેમને જોઈને મહારાજ બોલ્યા જે, “સ્વામી, તમને આ સર્વે સભાની પેઠે થઈ ગયું હોત, તો હું વાતો કેની પાસે કરત ?”

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! તમારી તો અલૌકિક રીતિ છે. તે આ સર્વે સભાનાં નાડીપ્રાણ તાણી લીધાં ને મને આ સ્થિતિમાં રાખ્યો. તે તમે જાણીને રાખ્યો છે, એમ હું જાણું છું.” પછી જ્યારે એ સભાને લક્ષ મટ્યો, ત્યારે ઊઠી ઊઠીને મહારાજને પગે લાગ્યા ને અતિ દિવ્યપણું દેખ્યું. એ વાત પૂરી થઈ. ॥૯૯॥



વાત - ૧૦૦

બ્રાહ્મણની છાની વાત કહીને નિશ્ચય કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે પોતાને ઉતારે બેઠા હતા. ત્યારે એક બ્રાહ્મણે આવીને મહારાજને કીધું જે, “હે મહારાજ ! મને વર્તમાન ધરાવો.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “તું અને તારો કાકો મુંબઈથી આવતા હતા, ત્યારે તેં તારા કાકાને મારી નાંખીને તેના રૂપિયા લઈ લીધા છે. તે પાછો જઈને તારા કાકાને ઘેરે પાંચસેં રૂપિયા આપીને, પછી વર્તમાન લઈશ તો કલ્યાણ થાશે.” એવી વાત

સાંભળીને તે બ્રાહ્મણે જાણ્યું જે, "આ મારી છાની વાતને જાણે છે, માટે આ ખરેખરા ભગવાન છે. તે એમણે કીધું તેમ જ કરીશ, ત્યારે મારું કલ્યાણ થાશે." એમ પોતાના મનમાં ધાર્યું ને પછી તેમ જ કર્યું ને વર્તમાન લીધાં. એ વાત પૂરી થઈ. ॥૧૦૦॥



વાત - ૧૦૧

લાડુબાની રસોઈ ખૂટતાં રાઈબાના લાડુ પીરસ્યા

એકવાર **ગઢડા** મધ્યે શ્રીજીમહારાજ પોતાને ઉતારે બેઠા હતા. ત્યારે લાડુબાઈએ કીધું જે, "હે મહારાજ ! મારે સાધુને રસોઈ દેવી છે, તે કેટલો સામાન કરાવું ?" ત્યારે મહારાજ કહે, "એમાં તો બે રીત છે. કેમ જે, સાધુ સાધુમાં પીરસે તો થોડો સામાન જોશે. ને અમે પીરસીએ તો વધુ સામાન જોશે." ત્યારે લાડુબાઈ કહે, "તમારી પાસે પીરસાવવું છે, તે કેટલો સામાન કરીએ ?" ત્યારે મહારાજ કહે, "દોઢી રસોઈ કરાવો."

પછી લાડુબાઈએ દોઢી રસોઈ તૈયાર કરાવી. ત્યારે મહારાજ સંતની પંક્તિમાં પીરસવા આવ્યા ને સંતને જમાડવા માંડ્યા. તે જમાડતે જમાડતે એ સર્વે રસોઈ ખૂટી ગઈ, તોય મહારાજ કહે, "આ સાધુ ભૂખ્યા છે." ત્યારે આગલે દાડે ગામ **કુંડળથી** રાઈબાઈ સાધુને રસોઈ દેવા સારુ મોતૈયા લાડવાનો પટારો ભરીને લાવ્યાં હતાં, તે પટારો ભર્યો હતો.

ત્યારે મહારાજે રાઈબાઈને કીધું જે, "આ સાધુ હજુ ભૂખ્યા છે, તે તમે લાડવા લાવ્યા છો તે લાવો પીરસીએ." ત્યારે રાઈબાઈએ લાડવાનો પટારો મહારાજ પાસે મૂક્યો. ને મહારાજે પીરસવા માંડ્યા, તે જમાડતે જમાડતે એ લાડવા બે ભાગના વરી ગયા ને એક ભાગના રહ્યા. પછી સાધુ જમીને ઊઠ્યા.

ત્યારપછી બીજે દાડે મહારાજે રાઈબાઈને કીધું જે, "આજ તમારી રસોઈ છે, તે લાડવા લાવો સાધુને જમાડીએ." ત્યારે રાઈબાઈ કહે, "લાડવા તો કાલ દને બે ભાગના વરી ગયા છે, તે એક ભાગના પડ્યા છે, તે એટલે લાડવે સાધુને શું થાય !" ત્યારે મહારાજ કહે, "સંભાળો તો ખરાં, કેટલા પડ્યા છે ?" પછી રાઈબાઈએ પટારો ઉઘાડીને જોયું, ત્યાં તો એ પટારો જેટલો પ્રથમ ભરીને લાવ્યા હતા, તેટલો ને તેટલો ભરેલો દેખ્યો. પછી મહારાજને કહે, "આ પટારો તો સંપૂર્ણ ભર્યો છે, કાંઈ અધૂરો નથી !"

પછી મહારાજે સાધુની પંગત કરીને લાડવા પીરસવા માંડ્યા ને બહુ બહુ તાણ કરી કરીને જમાડ્યા. પછી સાધુ જમી રહ્યા ત્યારે રાઈબાઈએ પટારો સંભાળ્યો. ત્યારે જેટલા લાડવા આગલે દાડે સાધુને પીરસતાં વધ્યા હતા, તેટલા લાડવા પટારામાં પડેલા. તે જોઈને એ બાઈ મહા આશ્ચર્ય પામ્યાં. ને મહારાજનો બહુ પ્રતાપ જાણ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૦૧॥



વાત - ૧૦૨

મોટાભાઈ(સચ્ચિદાનંદસ્વામી) સાઇઠ માણસનું જમી ગયા

એકવાર **ગઢડા** મધ્યે લાડુબાઈએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, "દુર્વાસા ઘણી ગોપીઓના થાળ જમી ગયા. તે એકલાથી ઝાઝું કેમ જમાય ?" ત્યારે મહારાજ કહે, "સમર્થ હોય તેની વાત કળાય નહીં." ત્યારે લાડુબાઈ કહે, "ઝાઝું હોય તે પેટમાં કેમ સમાય ?" ત્યારે મહારાજ કહે, "મોટાઓની રીતમાં કાંઈ શંકા કરવી નહીં."

પછી તે વાતને થોડાક દિવસ ગયા ત્યારે દરબારમાં ત્રીશને આશરે મહેમાનનું માણસ આવ્યું. ત્યારે લાડુબાઈએ મહારાજને કહ્યું

જે, “તમને પણ જમવાનું નોતરું છે.” ત્યારે મહારાજ કહે, “અમારે ત્રીસેક માણસ છે, તેને મૂકીને એકલા અવાય નહીં.” ત્યારે લાડુબાઈ કહે, “ત્રીસેય માણસ લાવજો.” પછી રસોઈ તૈયાર થઈ ત્યારે મહારાજ બોલ્યા જે, “આ મોટાભાઈને મોરથી ખવરાવી લ્યો. વાડી રેઢી છે, તે વાડીએ જાય.”

પછી મોટાભાઈ તે સચ્ચિદાનંદસ્વામીનું મોરનું નામ, તેમને જમવા બેસાર્યા. તે લાડુબાઈ પીરસતાં જાય ને મોટાભાઈ જમતા જાય. તે જેમ જેમ લાવીને પીરસતાં જાય તેમ તેમ ખાતા જાય. પછી પૂછે જે, “હવે જોઈશે ?” ત્યારે કહે, “હા, લાવો.” તે ખાતાં ખાતાં સાંઇઠ માણસની રસોઈ જમી ગયા તોય ધરાણા નહીં. પછી રોટલા ઘડી ઘડીને દેવા માંડ્યા, તે બે પાલીના(પાલી = અઢી શેર) રોટલા જમી ગયા.

પછી મહારાજ પાસે આવીને લાડુબાઈએ કીધું જે, “આ તો ધરાતા નથી. હવે કેમ કરીએ ?” ત્યારે મહારાજ કહે, “હવે પાણી આપો, એટલે ચળું કરશે.” પછી પાણી આપ્યું તે ચળું કરીને ઊઠી નીકળ્યા.” પછી સાંઇઠ માણસ સારુ ફરી ખાવાનું કરીને જમાડ્યા. પછી મહારાજે લાડુબાઈને કીધું જે, “તમે દુર્વાસાની વાત કરતા હતા તે આવા હોય. તે આવી રીતે બહુ જમી જાય, તેમાં કાંઈ સંશય કરવો નહીં.” એ વાત પૂરી થઈ. ॥૧૦૨॥



વાત - ૧૦૩

ગઢડા આવેલ ઉમરેઠના બ્રાહ્મણને સમાધિ થઈ

એકવાર સિત્તેર-પંચોતેરને આશરે **ઉમરેઠના** બ્રાહ્મણ શ્રીજીમહારાજનાં દર્શન કરવા **ગઢડે** આવ્યા હતા. તે હરજી ઠક્કરને ઘેર ઊતર્યા હતા. પછી એક દિવસ એ બ્રાહ્મણે પોતાને જમવા સારુ

ચૂરમાની રસોઈ તૈયાર કરી. એ બ્રાહ્મણમાં કોઈકનો એક જમાઈ હતો, તેને ત્યાં તો સમાધિ થઈ ગઈ. તે પૃથ્વી ઉપર પડી ગયો ને બોલાવે તો બોલે નહીં, આંખ ઉઘાડે નહીં, એમ સૂનમૂન થઈ ગયો. ત્યારે તો એ બ્રાહ્મણની પંગત બંધ રહી અને સૌ ઉદાસ થઈને મહારાજ પાસે આવીને એ વાત કરી.

ત્યારે તે ટાણે ડોસીઓની સભામાં લાડકીબાઈ બેઠાં હતાં, તેમને મહારાજે કીધું જે, "તમે આ બ્રાહ્મણના જમાઈને તેડી આવો. તે પ્રથમ તો શિવજીના કૈલાશમાં જાજો. ને ત્યાં ન હોય તો પછી બીજે જાજો." પછી એ બાઈ સમાધિએ કરીને શિવજીના કૈલાસમાં ગયાં. ત્યાં તો એ બ્રાહ્મણ બેઠેલો દેખીને તેને કહ્યું જે, "તારાં સંબંધી જમ્યા વિના તારી વાટ જોઈને બેસી રહ્યાં છે તે તું ત્યાં ઉતાવળો જા."

પછી એ બ્રાહ્મણ દેહમાં આવ્યો. પછી એ બાઈએ સમાધિમાંથી બાર આવીને મહારાજને કીધું જે, "હે મહારાજ ! એ બ્રાહ્મણને કહો જે, તમારો જમાઈ આવ્યો." પછી એ બ્રાહ્મણને મહારાજે ઉતારે મોકલ્યા, ત્યાં તો એ જમાઈ બેઠેલો દેખીને તેને પૂછ્યું જે, "તમે ક્યાં ગયા હતા ?" ત્યારે એ બ્રાહ્મણે કીધું જે, "હું તો શિવજી પાસે કૈલાસમાં ગયો હતો. તે એ લાડકીબાઈ મને તેડવા આવ્યાં હતાં, તે હું આવ્યો." એવી વાત સાંભળીને સૌ વિસ્મય થઈ ગયાં. એ વાત પૂરી થઈ. ॥૧૦૩॥



વાત - ૧૦૪

ગઢડે બ્રાહ્મણ બાઈએ સંબંધી લેવા આવ્યાથી દેહ મૂક્યો

એક બ્રાહ્મણી(ત્રાપસના ગોદાવરીબાઈ) સાંખ્યજોગી ભગવાન ભજવા સારુ **ગઢડા** મધ્યે ડોસીઓ ભેગાં આવીને રહ્યાં. તે બાઈનાં

સાસરિયાં ને પિયરના આઠ બ્રાહ્મણ ભેગા થઈને એને તેડવા સારુ ગઢડે આવ્યા. ને મહારાજને કીધું જે, "એ બાઈને અમે તેડવા આવ્યા છીએ, તે નહિ મૂકી જઈએ. માટે એ બાઈને મોકલો." ત્યારે મહારાજે એ બાઈને કીધું જે, "તમે આ તમારાં સંબંધી ભેગાં ઘેર જાઓ."

એવું મહારાજનું વચન સાંભળીને એ બાઈને મૂર્છા આવી ગઈ. પછી પાછા સચેત થઈને મહારાજને કીધું જે, "હે મહારાજ ! હું તો નહિ જાઉં." ત્યારે મહારાજ કહે, "જાવું પડશે." ત્યારે એ બાઈએ કીધું જે, "મારાથી ઘરમાં કેમ રહેવાશે ?" ત્યારે મહારાજ કહે, "તમારી ભગવાન રક્ષા કરશે."

પછી એ બાઈને તેડીને પોતાનો ઉતારો હરજી ઠક્કરને ઘેર હતો, ત્યાં ગયાં. ને એ બ્રાહ્મણે પોતાને જમવા રસોઈ કરી. ને એ બાઈને તાવ આવ્યો, તે કંઈ જમ્યાં નહિ ને બ્રાહ્મણ જમ્યા. પછી એ બાઈએ હરજી ઠક્કરને કીધું જે, "મહારાજને કહો, મને દર્શન દેવા આંહીં પધારે." પછી હરજી ઠક્કરે કીધું, તેથી મહારાજ આવ્યા ને એ બાઈને દર્શન દીધાં. ને એ બ્રાહ્મણોને મહારાજે કીધું જે, "આ બાઈને ભગવાન ભજવા આંહીં રહેવા દ્યો તો ઘણું સારું."

ત્યારે એ બ્રાહ્મણ કહે, "અમારે તો તેડી જાવાં છે." ત્યારે મહારાજ કહે, "તેડી જાવાનું કરશો તો તમારે ઘણો ઓરતો(પસ્તાવો) થાશે." એમ કહીને મહારાજ તો પાછા દરબારમાં પધાર્યા. ને એ બ્રાહ્મણ જાવા સારુ તૈયાર થયા, ત્યાં તો એ બાઈએ દેહ મૂકી દીધો. પછી તેડી જાવાનું તો પડ્યું રહ્યું ને એ બાઈની દેહક્રિયા સર્વે કરીને ચાલ્યા ગયા. પછી મહારાજ બોલ્યા જે, "એમનું હતું તે એ લઈ ગયા ને ભગવાનનું હતું તે ભગવાન લઈ ગયા." એ વાત પૂરી થઈ. ॥૧૦૪॥



વાત - ૧૦૫

ભગા-મૂળાએ ત્રણસો રૂપિયામાં વરસાદ કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે બિરાજમાન હતા ને સભા ભરાઈને બેઠી હતી. ત્યારે **પીઠવડીવાળા** ભગા, મૂળા બે ભાઈ, તેમાંથી મૂળો પટેલ મહારાજ પાસે આવીને બોલ્યો જે, “હે મહારાજ ! વરસાદની ઘણી તાણ પડી ને મોલ સુકાઈ જાય છે, તે મે વરસાવો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “મેના તો પૈસા બેસે છે, એ પૈસા વિના થાય નહીં.” ત્યારે મૂળો પટેલ બોલ્યા જે, “મેના કેટલા પૈસા બેસે છે? જે બેસે તે લ્યો, પણ મે વરસાવો.” ત્યારે મહારાજ કહે, “મેના ત્રણસેં રૂપિયા બેસે છે, તે આપો તો મે થાય.”

ત્યારે મૂળો પટેલ બજારમાંથી ત્રણસેં રૂપિયાની ફાંટ ભરી લાવ્યા ને મહારાજને કહે, “આ રૂપિયા લ્યો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “રૂપિયા અમારે જોઈતા નથી. એ તો ગોપીનાથજીને જોઈએ છે, તે ત્યાં આપી આવો.” ત્યારે મૂળા પટેલ ગોપીનાથજીના આગળ એ ત્રણસેં રૂપિયાનો ઢગલો કરીને મહારાજ પાસે આવ્યા ને બોલ્યા જે, “હવે મે લાવો.” ત્યારે મહારાજ કહે, “તમે ઘેરે જાઓ, તમારી વાંસે મે આવે છે.” ત્યારે મૂળો પટેલ કહે, “એવો ઉધારો અમે કરતા નથી. દાણ ભરે તે માંડવી ઘસીને પાડે, માટે અત્યારે મે જોશે.” ત્યારે મહારાજ કહે, “તમારે આડાં વોકળાં છે, તેમાં પાણી ભરાઈ જાશે તો તમે તણાશો.” ત્યારે કહે, “સુખે તણાઈએ, પણ મે તો અત્યારે જોશે.”

પછી મહારાજ કહે, “ઠીક.” એમ બોલ્યા ત્યાં તો જે વરસાદ આવ્યો, તે પાણી ક્યાંઈ માય નહીં. એવો ભારે મે ત્રણ દિવસ સુધી વરસ્યો. પછી વરસતા મે'માં મૂળો પટેલ ઘેર ગયા, તે માર્ગે વોકળામાં થોડુંક તણાણા. પછી ઘેરે ગયા ને વરસાદ થાવાથી બહુ સારું વરસ નીપજ્યું. એ વાત પૂરી થઈ. ॥૧૦૫॥

વાત - ૧૦૬

ગઢડામાં વરસાદ કરવાનું કહેનાર ફકીર ખોટો પડ્યો

એક દિવસ શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે છાના રહે, તે કોઈથી પાસે જવાય નહીં. ને ચોમાસાની ઋતુ ને વરસાદની ઘણી તાણ ને મોલ સુકાઈ જાય ને કાળ પડે એવો સંભવ થઈ ગયેલો. એવામાં એક ફકીર ગઢડામાં આવીને મહાજનને અને ગામને મળીને એમ બોલ્યો જે, "બસેં રૂપિયા મને આપો તો ચાર દિવસમાં પૃથ્વી પ્રજંત મે વરસાવું."

પછી મહાજન, ગામના, જીવા ખાચર વિગેરે ભેગા થઈને એમ ઠેરાવ્યું જે, "પચાસ રૂપિયા મહાજન આપે, પચાસ રૂપિયા ગામ આપે, પચાસ રૂપિયા જીવા ખાચર આપે ને પચાસ રૂપિયા દાદા ખાચર આપે." એવો ઠેરાવ કરી લખત કરવા માંડ્યું. ત્યારે ત્રણ જણે તો સહી કરી ને દાદા ખાચરની સહી કરવાનું મહારાજને પૂછવા ગયા, ત્યારે મહારાજ બોલ્યા જે, "સહી તો કરી આપો, પણ એમ કહેજો જે, 'ડોસીઓ ભગવાન પાસે જાય છે, તે એમ ખબર લાવ્યાં છે કે ચાર દિવસમાં તો એક પાણીનો છાંટો પણ પડશે નહિ, ને આઠમે દાડે ઘણો મે વરસશે.' એમ સર્વેને કહેજો." એમ પોતે દાદા ખાચરના માણસને વાત કરી. પછી એણે એ પ્રમાણે સહુને સાંભળતાં વાત કરી.

પછી ફકીરે ચાર દિવસ સુધી પોતાની સિદ્ધાઈ કરી, ને પાંચમે દાડે ભાગી ગયો. પછી ગામના માણસે આઠમે દાડે વરસાદ થાવાનું કીધું હતું, તેની વાટ જોવા માંડી. તે જ્યારે આઠમો દિવસ આવ્યો, ત્યારે બહુ ભારે વરસાદ આવ્યો. તે ગામમાં, સીમમાં ને ઘેલામાં ક્યાંઈ પાણી માય નહીં. એવો વરસાદ જોઈને ગામના માણસે કહેવા માંડ્યું જે, "ડોસીઓની વાત સાચી થઈ." એ વાત પૂરી થઈ. ॥૧૦૬॥



વાત - ૧૦૭

મહારાજે દાદા ખાચરનું વ્યાવહારિક કામ સાહેબ પાસે પતાવ્યું

એકવાર દાદા ખાચરને **ભાવનગર** દરબારથી કાંઈક તકરાર હશે, તે સારુ **રાજકોટના** સાહેબની સ્વારીમાં માસ એક થયા, લખાણ કરાવવા સારુ સાહેબ ભેગા ગામોગામ ફરતા હતા. તે સાહેબે આઠ દિવસની રહેણાકે(રહેવાનું નક્કી કરીને) **વઢવાણ** મુકામ કર્યો. ત્યારે દાદા ખાચર મેમકે આવ્યા ને ઘોડા મૂકીને વઢવાણ ગયા. તે કામનો ફેંસલો થાય તેવું નહિ તેથી મુંઝાયેલા.

ત્યારે ગઢડામાં શ્રીજીમહારાજ બિરાજે, તેમની પાસે મોટીબાએ કીધું જે, “હે મહારાજ ! દાદા ખાચર માસ એક થયો સાહેબ વાંસે ગામોગામ ફરે છે. તે બિચારાને ક્યાં સુધી દુઃખી કરશો ?” ત્યારે મહારાજ કહે, “માણસ મોકલો, દાદા ખાચરને તેડાવીએ.” એમ કહીને દાદા ખાચર ઉપર કાગળ લખાવવા માંડ્યો ને લાધા ઠક્કરે લખવા માંડ્યો. તે કાગળમાં એમ લખાવ્યું જે, “દાદા ખાચરને માલુમ થાય જે, આ કાગળ વાંચી, સાબદા થઈ, હથિયાર બાંધી, ઘોડે સામાન નાખી, સાહેબને મળી, કામનો નિકાલ કરી, તરત ઘેર આવજો.” એવો કાગળ લઈ માણસ વઢવાણ આવ્યું.

ત્યારે તે કાગળ વાંચીને દાદા ખાચરે વિચાર્યું જે, ‘આ સર્વે કામ તો આપણા હાથમાં છે, પણ નિકાલ કરવાનું લખ્યું તે કાંઈ આપણા હાથમાં નથી; પણ જેમ મહારાજે લખ્યું તેમ જ કરવું.’ એમ વિચારીને દાદા ખાચર ઘોડા લેવા મેમકે આવ્યા. તે રોટલા જમી, સાબદા થઈ ઘોડેસ્વાર થઈને વઢવાણ ગયા. તે સાહેબના ડેરા પાસે જઈ ઘોડેથી ઊતરીને મળવા માટે સાહેબની રજા મગાવી, સાહેબ પાસે જઈ સલામ કરી.

ત્યારે સાહેબ સામું જોઈને બોલ્યો જે, “દાદા ખાચર, કેમ તૈયાર થયા ?” ત્યારે દાદા ખાચર બોલ્યા જે, “મારા કામનો કાંઈ ફેંસલો

થયો નહિ ને મહારાજે મને તેડાવ્યો છે. તે આપને સલામ કરી રજા લઉં છું." ત્યારે સાહેબ હસીને ફેંસલાનો હુકમ લખી મોરછાપ દાબીને દાદા ખાચરના હાથમાં આપીને બોલ્યો જે, "જાઓ, તમારા કામનો નિકાલ થયો." પછી દાદા ખાચર ગઢડે ગયા. ત્યારે સર્વે સભાએ એમ વિચાર્યું જે, 'કર્તા-હર્તા તો મહારાજ છે.' એ વાત પૂરી થઈ. ॥૧૦૭॥



વાત - ૧૦૮

શ્રીહરિની પાઘનાં પુષ્પોની સુગંધ લેવા દેવો ભમરારૂપે આવ્યા

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે ઢોલિયા ઉપર બેઠેલા, ને સર્વે સંત-હરિજનની સભા પણ બેઠેલી. ને મહારાજની પાઘ ઉપર પુષ્પના હારતોરા હતા, ને પાઘના પેચમાં પણ ઘણા ફૂલનો ભરાવ હતો. ત્યારે તે ટાણે કાળા ભમરા ને પીળાં મોઢાં, એવા બસેં ત્રણસેં ભેગા થઈને મહારાજની પાઘ ઉપર ગુંજાર કરવા માંડ્યા. તે પાઘમાં બેસતા જાય ને ઊડતા જાય ને સુગંધી લેતા જાય, પણ પાઘથી આઘા ખસે નહીં. ત્યારે વીરોભક્ત મહારાજ પાસે ઊભો હતો, તેમણે એ ભમરાને ઉડાડવા માંડ્યા. ત્યારે મહારાજ કહે, "એને ઉડાડશો નહીં." પછી ભમરા તો ઘણી વાર સુધી મહારાજની પાઘ ઉપર બેઠા ને ફરીને સુગંધી લીધી. પછી એ ભમરાનો ગોટો ઊંચો ચડવા માંડ્યો. ને સર્વ સભા પણ એ ભમરા સામું જોતી'તી. તે જોતે જોતે એ ભમરા તો અદૃશ્ય થઈ ગયા. ત્યારે એ સભાએ મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! એ ભમરા ક્યાં જતા રહ્યા ? ને કોણ હતા ?" ત્યારે મહારાજે કીધું જે, "એ દેવ હતા. તે નિત્ય નિત્ય આવે છે, પણ તમે આજ દેખ્યા." એ વાત પૂરી થઈ. ॥૧૦૮॥



વાત - ૧૦૯

પાણો ચડાવતાં દોરડું તૂટ્યું ત્યારે મહારાજે રક્ષા કરી

એકવાર **ગઢડા** મધ્યે ગોપીનાથજીના મંદિરનો મોટા ભારઠ(વજનદાર) પાણાને રાંઢવે બાંધીને ઊંચો ચડાવતા હતા. તેને હેઠેથી વીસ-પચીસ સાધુ રાંઢવું તાણતા હતા. ને મહારાજ પણ નાના પાયાની ઢોરણી(નાની પલંગડી) ઉપર બેઠા હતા, તે જોતા હતા. પછી રાંઢવું તાણતાં તાણતાં બે સરા તૂટી ગયાં ને એક સરું રહ્યું, ત્યારે સૌ ઊભા થઈ રહ્યા. તે ખેંચે તો તૂટી જાય ને પાણો હેઠે પડે તો સૌ દબાઈ જાય. ને મૂકીને ભાગી જાવાનો માર્ગ નહીં, એટલે ખસાય નહિ ને મુકાય નહિ; એવો ઘાટ બનેલો. તે સહુ સાધુ તો ઊભા થઈ રહ્યા.

ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "મહા પુરુષો ! શું જોઈ રહ્યા છો ? ખેંચો રાંઢવું. જો ભગવાનની મરજી હશે તો પાણો ઊંચો ચડી જાશે, ને રાંઢવું તૂટશે ને દબાઈ મરશું તો તેડી જાનારા પાસે બેઠા છે." એમ કહીને રાંઢવું ખેંચ્યું, તે પાણો ઊંચો ચડીને જે ઠેકાણે બેસાડવો હતો, તે ખાંચામાં બેઠો. ત્યારે સર્વે સાધુ બોલ્યા જે, "મહારાજે રક્ષા કરી."

ત્યારે મહારાજ બોલ્યા જે, "આવાં વગર વિચાર્યાં કામ કરો છો, તે ક્યાંઈ દબાઈ મરશો. ને ભગવાનને રક્ષા કરવા કેટલે ઠેકાણે તેડાવશો ?" એમ કહીને પોતાનું અંગરખું પલળી ગયેલ તે સૌને દેખાડીને બોલ્યા જે, "જુઓ, અમારે આટલો પરસેવો વળ્યો ત્યારે એ પાણો ઊંચો ચડ્યો છે. માટે હવે કોઈ દિવસ વગર વિચાર્યું કામ કરશો નહીં." એ વાત પૂરી થઈ. ॥૧૦૯॥



વાત - ૧૧૦

ગઢડામાં ઉકા ખાચરને ભૂંડું બોલ્યાનું ફળ મળ્યું

એકવાર શ્રીજીમહારાજે **ગઢડા** મધ્યે ઉકા ખાચરને પૂછ્યું જે, "તમે ક્યારેય લૂંટ કરવા ગયેલ ખરા ?" ત્યારે ઉકા ખાચર કહે, "હા, એ તો ઘણીવાર ગયેલો." ત્યારે મહારાજ કહે, "વાંસે વાર ભેગી થયેલ ખરી ?" ત્યારે ઉકા ખાચર કહે, "હા, વાર પણ ભેગી થયેલ ખરી." ત્યારે મહારાજ કહે, "વાર ભેગી થાય ત્યારે તમે કેમ કરો ?" ત્યારે ઉકા ખાચર કહે, "બરછી તોળીને ફરી વળીએ ને કહીએ જે, ભણે, આવ્ય તાલી માસે." તે ભૂંડું બોલ્યા ત્યાં તો એક વાછડો હતો, તેણે તડીને(ધસી જઈને) જે ઉકા ખાચરને માથું માર્યું, તે પાડી દીધા ને મૂર્છા અવસ્થા આવી ગઈ. તે મરી ગયા હોયને શું ! એવા થઈ ગયા.

પછી મહારાજે શેક કરાવ્યો, તે મોડા મોડા બેઠા થયા. ત્યારે મહારાજ કહે, "ઉકા ખાચર શું થયું ?" ત્યારે ઉકા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! આ હું ન બોલાવાનું બોલ્યો, તેનું ફળ તરત તમે મને આપ્યું." એમ કહીને ઊઠીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. એ વાત પૂરી થઈ. ॥૧૧૦॥



વાત - ૧૧૧

જોગાનંદસ્વામી પાસે સંતોને જોગવિદ્યા શીખવા મોકલ્યા

એકવાર **ગઢડામાં** શ્રીજીમહારાજે સાધુને કહ્યું જે, "આપણી વાડીમાં જોગાનંદસ્વામી રહે છે, તેમની પાસે જોગવિદ્યા શીખવા જાઓ." પછી સાધુ વાડીમાં ગયા ને જોગાનંદસ્વામીને કહ્યું જે, "મહારાજે તમારી પાસે અમને જોગવિદ્યા શીખવા મોકલ્યા છે, તે શીખવો." ત્યારે જોગાનંદસ્વામી બોલ્યા જે, **"જોગવિદ્યા ને બ્રહ્મવિદ્યા એ સર્વેનું કારણ**

શ્રીજીમહારાજની મૂર્તિ છે. માટે એ મૂર્તિ સામું જોઈને બેસી રહો એટલે એ સર્વે વિદ્યા તમે શીખ્યા." એમ કહીને પછી જોગાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજને મારો એક સંદેશો કહેજો જે, આજ સાંજે સભા વખતે હું મારા રૂપે તમારાં દર્શન કરવા આવીશ."

✳ જોગાનંદસ્વામી વંટોળિયારૂપે શ્રીહરિનાં દર્શને આવ્યા :

પછી સાધુએ તો એ સર્વે વાત મહારાજને કરી. પછી સાંજ વખતે મહારાજે દાદા ખાચરના દરબારના ચોકમાં સભા કરી. ત્યારે તે ટાણે વાયુની ઘૂંચળી આવી ને તેની શેડ ઊંચી આકાશમાં ચડી. તેને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી, આ વાયુની શેડને તમે જાણી ?" ત્યારે સ્વામી કહે, "ના મહારાજ, અમે શું જાણીએ !" ત્યારે મહારાજ કહે, "જોગાનંદસ્વામી ઈન્દ્રનો અવતાર છે. તેમને વાયુ વૃષ્ટિ મુખ્યપણે છે, તે આ વાયુરૂપે તમારાં દર્શન કરવા આવ્યા છે, ને હમણાં વૃષ્ટિરૂપે દર્શન કરવા આવશે."

એમ મહારાજ જ્યાં વાત કરે છે, ત્યાં તો જોગાનંદસ્વામી કંકુનાં છાંટણાં કરતા, એ રૂપે થઈને સભા ઉપર ઝીણી ઝીણી બુંદે વરસ્યા. તે સર્વે સભાનાં વસ્ત્ર છાંટણે કરીને લાલઘૂમ થઈ ગયાં. ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતો, આજ તમારી પૂજા જોગાનંદસ્વામીએ કરી."

✳ જોગાનંદસ્વામીએ વરસાદ વરસાવ્યો :

વળી એક દિવસ મહારાજની વાડીમાં જોધો માળી રહેતો. તે નિત્ય સવારમાં જોગાનંદસ્વામીનાં દર્શન કરવા જાતો. તે એક દિવસ મોડો દર્શન કરવા ગયો. ત્યારે જોગાનંદસ્વામી બોલ્યા જે, "જોધા ! દાડી વહેલો આવે છે ને આજ કેમ મોડો આવ્યો ?" ત્યારે જોધો બોલ્યો જે, "મેં ઘીસોડાં વાવ્યાં છે, તે તેના વેલા વરસાદ વગર સુકાઈ જાતા હતા, તેને પાણી પાવા રોકાણો તે વાર લાગી." ત્યારે જોગાનંદસ્વામી બોલ્યા જે, "વરસાદ વરસાવું ?"

ત્યારે જોધો કહે, "મહારાજ, ત્યારે તો રંગ રહે." ત્યારે જોગાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજની ગાડીઓ ઘેલાની ઓલીકોરે ગઈ છે તે આવી ? તે તું ખબર કાઢી આવ. કેમ જે, ગાડીઓ ન આવી હોય ને ઘેલામાં પાણી ભરાઈ જાય તો ગાડીઓ રોકાઈ જાય. માટે ગાડીઓ આવી હોય તો હું મે વરસાવું." ત્યારે જોધો જોઈ આવ્યો, તે ગાડીઓ આવેલ નહીં. ત્યારે જોધે સ્વામીને કહ્યું જે, "ગાડીઓ તો આવી નથી." ત્યારે જોગાનંદસ્વામી કહે, "હમણાં ગાડીઓ આવે ત્યારે મને ખબર કરજે."

પછી મોડી એ ગાડીઓ આવી, ત્યારે જોધે જઈને સ્વામીને કહ્યું જે, "ગાડીઓ આવી." ત્યારે સ્વામી કહે, "તું જાતો રે વરસાદ આ આવ્યો, તે તું પલળી જઈશ." પછી તે જ ઘડીએ વરસાદ આવ્યો, તે ઘેલામાં પાણી બહુ આવ્યું. તે ગામ ને સીમ તેમાં ઘણું પાણી ભરાણું. એવો વરસાદ એ જોગાનંદસ્વામીએ વરસાવ્યો. એ વાત પૂરી થઈ. **॥૧૧૧॥**



વાત - ૧૧૨

અંગૂઠામાંથી પ્રકાશ કરી શુકસ્વામી પાસે કાગળ લખાવ્યો

એકવાર શ્રીજીમહારાજ **અક્ષરઓરડીમાં** બિરાજે ને શુકસ્વામી કાગળ લખતા હતા. તે દીવો ઓલાઈ ગયો, તે કાગળ લખવો બંધ રહ્યો. ત્યારે સ્વામી કહે, "આ દીવો કરી લાવો ત્યારે કાગળ લખાય." પછી મહારાજે પોતાના પગનો અંગૂઠો ઢોલિયાની ઈસ ઉપર રાખીને બોલ્યા જે, "લ્યો, આ દીવો." ત્યાં તો એ અંગૂઠામાંથી મહા પ્રકાશ થયો, તેણે કરીને સ્વામીએ કાગળ લખી પૂરો કર્યો. પછી પાછો પ્રકાશ બંધ થઈ ગયો. એ વાત પૂરી થઈ. **॥૧૧૨॥**



વાત - ૧૧૩

બોટાદના ભગા દોશીને ટૂંટિયામાંથી ઉગાર્યા

બોટાદ ગામમાં ભગા શેઠને એકવાર ટૂંટિયાનું દર્દ થયું, તે દેહ રહે નહિ એવું થઈ ગયું. તેની ખબર ગઢડે મહારાજ પાસે ગઈ. ત્યારે મહારાજ કહે, "ભગા દોશીને જોવા સારુ મારે જાવું છે." ત્યારે તે ટાણે જીવા ખાચર મહારાજ પાસે બેઠા હતા, તેમણે પણ કહ્યું જે, "મારે પણ આવવું છે." ત્યારે મહારાજ કહે, "ચાલો, તૈયાર થાઓ." પછી જીવા ખાચર પોતાને ઘેરે તૈયાર થાવા ગયા ને મહારાજ પણ તૈયાર થયા. ત્યાં તો બોટાદથી એક વિસો વાણિયો જીવા ખાચરની ડેલીએ આવ્યો. તે વાણિયાને જીવા ખાચરે પૂછ્યું જે, "ભગા દોશીને કેમ છે ?" ત્યારે તે વાણિયે કીધું જે, "ભગા દોશીએ તો દેહ મેલ્યો."

મહારાજે જીવા ખાચરને તેડવા ત્યાં માણસ મોકલ્યું જે, "હવે કેટલી વાર છે ?" ત્યારે જીવા ખાચર મહારાજ પાસે આવીને બોલ્યા જે, "ભગા દોશીએ તો દેહ મૂક્યો." ત્યારે મહારાજ કહે, "કોણ કહે છે ?" ત્યારે જીવા ખાચર કહે, "આ વિસો ખબર લાવ્યો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ભગા દોશીએ દેહ મૂક્યો હોય, તેની અમને ખબર ન હોય ? મારા ગયા વિના એના જીવને કોણ લઈ જાનાર છે? હું તો એના જાવાના સર્વે રસ્તા બંધ કરી દઉં. માટે તમારે આવવું હોય તો ચાલો." ત્યારે જીવા ખાચર કહે, "હું તો નહિ આવું."

પછી મહારાજ બોટાદ આવ્યા ને ભગા દોશીને જોવા સારુ એમની ખડકીમાં ગયા. ત્યાં તો બે ઢૂંઢિયાની આરજાઓ ઊભેલી ને ભગા દોશીની વહુ પણ તેમની પાસે ઊભેલી. તે આરજાઓ મહારાજને દેખીને બોલી જે, "આ એના સ્વામિનારાયણ આવ્યા, તે હવે જીવ ઘાલશે, નહિ ?" ત્યારે મહારાજ એ આરજાઓને જોઈને બોલ્યા જે,

"હું જીવ નહિ ઘાલું ત્યારે તું જીવ ઘાલીશ ?" એમ કહીને મહારાજ ભગા દોશી પાસે ગયા.

તે ટાણે ભગા દોશીનાં નેત્ર થીજી ગયેલ, ને કંઠે શ્વાસ ને અંગ હાલેચાલે નહીં, સ્મૃતિ પણ નહીં. એવા જોઈને મહારાજે ભગા દોશીની છાતી ઉપર હાથ મૂકીને "ભગા દોશી ! ભગા દોશી !" એમ ઉતાવળો સાદ કર્યો. ત્યારે ભગા દોશીએ આંખ ફેરવી અને મહારાજ સામું જોઈને બે હાથ જોડીને પગે લાગ્યા. પછી મહારાજ કહે, "બેઠા કરો." ત્યારે ભગા દોશીને બેઠા કર્યા. પછી મહારાજ કહે, "સાકરનો પાતળો શીરો કરી લાવો." પછી શીરો કરી લાવ્યા. તે મહારાજે શીરો ખવરાવ્યો. પછી બોલ્યા જે, "હવે ભગા દોશીને સુવાણ થઈ."

પછી રજા માગીને મહારાજ ખડકીથી બારા નીકળ્યા. ત્યારે ગામને માણસે મહારાજને કહ્યું જે, "ભગા દોશી તો ભગવાનના પરમ ભક્ત છે, પણ એમના ઘરનું માણસ સત્સંગી નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ જીવ સત્સંગ કરે એવો નથી, પણ એની પ્રજા બહુ ભારે ભક્ત થાશે." પછી મહારાજ ગઢડે પધાર્યા ને ભગા દોશી સાજા થયા. એ વાત પૂરી થઈ. ॥૧૧૩॥



વાત - ૧૧૪

જીવા ખાચર દાદા ખાચરની ફરિયાદ કરવા જતાં ઘોડેથી પડ્યા

એકવાર **ગઢડા** મધ્યે જીવા ખાચરને અને દાદા ખાચરને કાંઈક તકરાર થઈ. એટલે જીવા ખાચર એ ફરિયાદ કરવા સારુ ભાવનગર જાવા તૈયાર થયા. ત્યારે મહારાજે કહ્યું જે, "જીવા ખાચર, આ દાદા ખાચર તો તમારો દીકરો કહેવાય. તેની ઉપર તમારે ફરિયાદ કરવી ઘટારત(યોગ્ય) નથી, તે સારુ તમારે ભાવનગર જાવું નહીં."

ત્યારે જીવા ખાચર કહે, “મારે ભાવનગર બીજું કામ છે, તે સારુ ગયા વિના ચાલે તેમ નથી.” એમ કહીને જીવા ખાચર તો ચાલ્યા. ત્યારે મહારાજને કોઈકે કહ્યું જે, “તમે ના પાડી તોય જીવા ખાચર રહ્યા નહીં, ફરિયાદ કરવા સારુ ગયા.” ત્યારે મહારાજ કહે, “જેમ ભગવાનને ગમતું હશે તેમ થાશે.” પછી જીવા ખાચર જ્યાં સીમાડે ગયા ત્યાં તો ઘોડીએથી હેઠા પાડ્યા, તે બહુ વાગ્યું. તે હાલે-ચાલે તેવા ન રહ્યા. પછી ખાટલે ઘાલીને ઘેરે લાવ્યા. એવી રીત થઈ. એ વાત પૂરી થઈ. ॥૧૧૪॥



વાત - ૧૧૫

સ્વરૂપાનંદસ્વામી અને પૂર્ણાનંદસ્વામીને શ્રીહરિના ચિતામાં દર્શન

એકવાર **ગઢડામાં** છાસીની સાલમાં શ્રીજીમહારાજને શરીરે કસર હતી. ને પૂર્ણાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામીને મેથાણ તથા મેથાણ પાસેના બે ગામમાં જાવાની આજ્ઞા કરી. ત્યારે એ બે સાધુએ કીધું જે, “મહારાજ તમારા શરીરમાં કસર છે, તે તમારી પાસેથી છેટે જાવું તેમાં અમારો જીવ બહુ ઉદાસ થઈ જાય છે.” એમ કહીને આંખમાં આંસુની ધાર થઈ ગઈ. ત્યારે મહારાજ બોલ્યા જે, “તમને દર્શન દીધા વગર હું નહિ જાઉં, માટે તમે જઈ આવો.” એમ કીધું એટલે સંતો ઉદાસ થઈ પાંચ સાધુ ભેગા લઈ મેથાણ ગયા.

પછી મેથાણનો એક હરિભક્ત ગઢડે જઈને આવ્યો. ત્યારે તેને એ સાધુએ મહારાજની ખબર પૂછી. ત્યારે તેણે કીધું જે, “મહારાજ હવે દેહ રાખે તેમ જણાતું નથી.” એવું સાંભળ્યું ત્યાં તો ઉદાસવૃત્તિ થઈ ગઈ. ને સવારમાં ગામથી બારલીકોરે નીકળીને વિચાર્યું જે, ‘બીજે ગામ જાવાની પણ આપણને આજ્ઞા કરી છે, ને પાધરા ગઢડે જાશું તો

મહારાજ ઠપકો દેશે. ને કહેશે જે, 'એટલે છેટે ગયા ને એક ગામ પડ્યું મૂક્યું' માટે આપણે એ ગામ જઈ આવીએ.'

એમ વિચાર કરીને ચાલ્યા, તે દશ-વીસ ડગલાં ભર્યાં ત્યાં તો પૂર્ણાનંદસ્વામીનો પગ પાછો તણાયો. ત્યારે સ્વામી બોલ્યા જે, "આ મારો પગ પાછો કેમ તણાણો ?" પછી સ્વરૂપાનંદસ્વામીનો પગ પણ પાછો તણાણો. ત્યારે તે પણ બોલ્યા જે, "મારો પગ પણ પાછો ખેંચાણો." ત્યારે એમણે એમ વિચાર કર્યો જે, "આપણા પગ મહારાજ ખેંચે છે.' માટે હવે ગઢડે જવા, જેમ ઉતાવળું જવાય તેમ કરો."

પછી ત્યાંથી પાછા વળ્યા તે દિવસ ને રાત ચાલીને બીજે દહાડે દોઢ પહોર દહાડો ચડ્યે ગઢડે પૂગ્યા. ત્યારે તો મહારાજ પાસે કોઈને જાવા ન દેવું એવો બંધ કરેલો. આ સાધુએ અક્ષરઓરડીમાં મહારાજને માણસ પાસે કહેવરાવ્યું જે, "પૂર્ણાનંદ ને સ્વરૂપાનંદ આવ્યા છે." ત્યારે મહારાજ કહે, "આવવા દ્યો."

પછી એ સાધુ દંડવત કરી પગે લાગ્યા. ત્યારે મહારાજે ખબર પૂછી. પછી તે વખતે મહારાજે થાળ મંગાવ્યો ને થોડુંક જમીને એ થાળ સાધુને આપીને કહ્યું જે, "હવે તમે જાઓ." પછી સાધુ ઉતારે ગયા ને બપોરે મહારાજે દેહઉચ્છવ કર્યો.

પછી સર્વે અગ્નિસંસ્કાર કરવા વાડીએ ગયા. પછી નાહીધોઈ સર્વે માણસ મંદિરમાં આવ્યું ને પૂર્ણાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી અને એમના સાધુ, તે તો નાહ્યાય નહીં ને ગામમાં પણ ગયા નહીં. અને ગામ ગયાના વિજોગના પરિતાપને લીધે મહારાજની ચિતા જ્યાં ઝડઝડ બળતી હતી, તેના ફરતાં ફરતાં એ સાધુ બેઠા. ને આંખમાં ચોધારાં આંસુ ચાલ્યા જાય ને રોતા જાય.

એમ બેઠા બેઠા અરધી રાત ગઈ, ત્યારે એ ચિતામાંથી મહારાજની મૂર્તિ પ્રગટ થઈ. ને બોલ્યા જે, "તમે કેમ રોવો છો ? મને મરી ગયો

જાણો છો ? હું તો સદાય પ્રગટ છું. મને મરી ગયો જાણશો, ત્યારે તમે શું સમજ્યા છો ? માટે ઉદાસ રહેશો મા. તમારે વિજોગના પરિતાપે આ મેં ફરી દર્શન દીધાં." એમ કહીને પાછા અદશ્ય થઈ ગયા. ત્યારે એ સાધુને તો અતિ ઉદ્વેગ હતો તે થોડો થયો. પછી નાહીધોઈને મંદિરમાં ગયા. એ વાત પૂરી થઈ. **॥૧૧૫॥**



વાત - ૧૧૬

રાતઅંધા નાજા જોગિયા તથા લૂંબાની વાત

એકવાર **ગઢપુરમાં** દીવાનજી આવે છે એવું સાંભળીને શ્રીજીમહારાજ રાત્રીએ ગાડું જોડાવીને ચાલ્યા. તે એક ગાડાનો હાંકનાર ને એક નાજો જોગિયો, એ બે જણ ભેગા લીધા. પછી ગાડી તો રસ્તા વિના આડેજોડે(આડેધડ-આડે માર્ગે) હંકાવા માંડી. તેથી નાજો જોગિયો તો વાંસે રહી ગયા. ત્યારે મહારાજ કહે, "નાજો ક્યાં ગયો ?" એમ કહીને ઉતાવળે સાદે નાજાને બરક્યો, ત્યારે નાજો ગાડી ભેગો થયો. પછી મહારાજ કહે, "કેમ નાજા નોખો પડી ગયો ?" ત્યારે નાજો કહે, "હું તો રાતઅંધો છું." ત્યારે મહારાજ કહે, "અમને મોરથી કહેવાય નહીં ? નહિ તો અમે કોક બીજો ભેગો લેત, પણ તેં તો લૂંબાવાળી કરી." ત્યારે નાજો કહે, "લૂંબે શું કર્યું ?"

ત્યારે મહારાજ કહે, "એક લૂંબો કાઠી રાતઅંધો હતો. તે પોતાને સાસરે ગયો, ત્યારે તેની સાસુએ લાપસી કરીને પીરસી. પછી ઘી લેવા ગઈ, ત્યારે તો લૂંબાની પાસે એક વાછડી આવી તે લાપસી ખાઈ ગઈ. ત્યારે સાસુએ આવીને કીધું જે, 'આ લાપસી કેમ વાછડી ખાઈ ગઈ ?' ત્યારે લૂંબો કહે, 'મેં જાણ્યું જે, એમની પાળેલી છે તે કેમ હંકાય ? તે સારુ હાંકી નહીં.'

ત્યારે સાસુએ એક લાકડી લૂંબાને આપી, ને કહ્યું જે, 'હવે આવે તો હાંકજે.' પછી સાસુએ તો ફરી લાપસી પીરસી ને ઘી લઈને આવી. ત્યારે લૂંબો જાણે જે, 'આ વાછડી આવી તે હાંકું.' પછી લાકડી સાસુને મારી. ત્યારે સાસુ બોલી જે, 'લૂંબા લાગી..!' ત્યારે લૂંબો જાણે જે, 'આગ લાગી, તે હું બળી જઈશ.' ત્યારે લૂંબો બોલ્યો જે, 'મને કાઢજો, હું તો રાતઅંધો છું.' માટે તેં તો લૂંબાની પેઠે કર્યું." એમ કહીને નાજાને ગાડીમાં બેસારીને ગાડી હંકાવી.

તે આગળ એક મોટો વોકળો, ઊંડોય ઘણો ને પહોળોય ઘણો એવો આવ્યો. તે હાંકનારે ગાડી તો ઊભી રાખી. ત્યારે મહારાજ કહે, "કેમ ઊભી રાખી ? હાંકો." ત્યારે ગાડીવાળે કીધું જે, "મહારાજ, આ તો મોટી ઊંડી ને પહોળી ખાડ આવી, તે ક્યાં હાંકીએ ?" ત્યારે મહારાજ કહે, "આ આપણા રેશમિયા બળદ તો ખાડ ટપી જાય એવા છે." એમ કહીને રાશ પોતાના હાથમાં લઈને બળદને પગના ઠેલા માર્યા, તે બળદ ને ગાડી ખાડ ટપીને ઓલીકોર જઈ ઊભી રહી. ત્યારે એ બેય ભક્ત મહા અદ્‌ભુત આશ્ચર્ય ભાળીને મહારાજને પગે લાગ્યા. પછી ગાડી લઈ પાછા ગઢડામાં આવ્યા. એ વાત પૂરી થઈ. **॥૧૧૬॥**



વાત - ૧૧૭

કાળમાં અન્ન દઈને જીવા ખાચરની રક્ષા કરી

એકવાર **ગઢડામાં** ઓગણોતેરા કાળમાં જીવા ખાચરને ખાવા દાણા નહીં ને મહેમાન પણ બહુ આવે, તેથી મરવાનો ઉપાય ધાર્યો. ત્યારે એ જીવા ખાચરની દીકરી અમૂલાબાઈએ મહારાજને કીધું જે, "જીવા ખાચર મરવાના ઉપાયમાં છે." ત્યારે મહારાજ કહે, "શા સારુ ?" ત્યારે એ બાઈ કહે, "ખાવા દાણા નથી, તે સારુ મરશે."

पछेमहाराजेझेंझावदरथापचासमणबाजरानुंगाडुंमगाव्युं
नेएगाडुंआव्युंतारेजीवाखाचरनीडेलीयेपोतेलैगयानेडेलीमांए
कमोटीकोठीहतीतेमांनखावीढांकणुंछंदाविनेकीधुंजेआढांकणुं
काढसोनहीनेसाणेथीबाजरोकाढीकाढीनेखाजोनेमेमानुंनेखव
रावजोखुटसेनहीएमकहीनेपोतानेउतारेपाछापधारयाएविरिते
काळवरसमांजीवाखाचरनीरक्षाकरीनहीकेजीवोखाचरतोमहा
राजनेदादाखाचरनापक्षकारजांणतानेदादाखाचरउपरघणी
ईरक्षाराखतातोपणभगवानदयाळुछेतेगुनोमाफकरीजीवा
खाचरनीरक्षाकरी॥

પછી મહારાજે ઝીંઝાવદરથી પચાસ મણ બાજરાનું ગાડું મંગાવ્યું. એ ગાડું આવ્યું ત્યારે જીવા ખાચરની ડેલીએ પોતે લઈ ગયા. ડેલીમાં એક મોટી કોઠી હતી, તેમાં નંખાવી ઢાંકણું છંદાવીને કીધું જે, "આ ઢાંકણું કાઢશો નહીં, ને સાણેથી બાજરો કાઢી કાઢીને ખાજો. ને મહેમાનોને ખવરાવજો, ખૂટશે નહીં." એમ કહીને પોતાને ઉતારે પાછા પધાર્યા. એવી રીતે કાળ વરસમાં જીવા ખાચરની રક્ષા કરી. નહીં કે(તો) જીવો ખાચર તો મહારાજને દાદા ખાચરના પક્ષકાર જાણતા, ને દાદા ખાચર ઉપર ઘણી ઈર્ષા રાખતા; તોપણ ભગવાન દયાળુ છે, તે ગુનો માફ કરી જીવા ખાચરની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૧૭॥



વાત - ૧૧૮

જીવા ખાચરના બે ગુણ જોઈને મહારાજે કલ્યાણ કર્યું

એકવાર **ગઢડામાં** જીવા ખાચરને દેહ મૂકવાનો અવસર થયો. ત્યારે અમૂલાબાઈએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! જીવા ખાચર

હવે સાત ઘડી છે.” પછી બે-ચાર પાળા ભેગા લઈને જીવા ખાચરને જોવા સારુ મહારાજ ગયા. ત્યારે મહારાજને ઢોલિયો ઢાળીને ઉપર બેસાર્યા, ને જીવા ખાચર પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “જીવા ખાચર, તમારું કલ્યાણ હું કરીશ.”

ત્યારે જીવા ખાચર બોલ્યા જે, “હે મહારાજ ! મારું કલ્યાણ થાય તેવો હું નથી. કેમ જે, આ મંદિર કરતાં ભાવનગર દરબારથી તકરાર કરાવી, તે મેં કરાવી છે. વળી ભાણ ખાચરે તમારા પાળા ઘવરાવ્યા, તે પણ મારું કામ છે. વળી દાદા ખાચર સાથે અન્યાયે કરીને મેં બહુ બહુ તકરાર કરી છે. માટે હું તો જરાસંધ, શિશુપાલ ને કંસ તેથી પણ આઘો ગયો છું. માટે મારું કલ્યાણ કેમ કરીને થાય ?”

तारे महाराजे जीवा खाचरनो जमणो हाथ पोताना
हाथमां झालीने त्रण तालिउ मारीने कोल दिधो ने बोल्या जे आ अमारा
कोल छे तमारा कल्याण अमारे करवा एम कहीने पोते उठी नीकल्या
ते पोताने उतारे आव्या तारे जीवा खाचरे देह मुकी दीधो तारे तेमने
अग्नी संस्कार करवा लई गया ते दादा खाचरने आभडवा रासम
सांतमां महाराजे मोकल्या पण दासी पाळा दादा खाचरनी रक्षा करवा
भेगा मोकल्या ने ते पाळाने कीधु जे आ दादा तमारा पासे थी मागो
लई सरावां बेर छे रहेतां पण जीवा खाचरनुं कल्याण करुं

ત્યારે મહારાજે જીવા ખાચરનો જમણો હાથ પોતાના હાથમાં ઝાલીને ત્રણ તાળિયુ મારીને કોલ દીધો. ને બોલ્યા જે, “આ અમારાં કોલ છે, તમારા કલ્યાણ અમારે કરવાં.” એમ કહીને પોતે ઊઠી નીકળ્યા. તે પોતાને ઉતારે આવ્યા. ત્યારે જીવા ખાચરે દેહ મૂકી દીધો. ત્યારે તેમને અગ્નિ સંસ્કાર કરવા લઈ ગયા. તે દાદા ખાચરને આભડવા

એ સ્મશાનમાં મહારાજે મોકલ્યા, પણ એંસી પાળા દાદા ખાચરની રક્ષા કરવા ભેગા મોકલ્યા. ને તે પાળાને કીધું જે, "આ દાદો તમારી પાસેથી માગી લઈશ." એવાં વેરઝેર હતાં (છતાં) પણ જીવા ખાચરનું કલ્યાણ કર્યું.

પછી સાંજ વખતની સભા થઈ, ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, અમે તો જીવા ખાચરનું કલ્યાણ કર્યું." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો અધમોધારણ છો, પતિતપાવન છો, તે તમે કલ્યાણ કરો એમાં શું આશ્ચર્ય કહેવાય!" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જીવા ખાચરના બે ગુણ સારુ મેં કલ્યાણ કર્યું છે."

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એ બે ગુણ શા હતા ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જીવા ખાચરને ઘેર અમે જે દિવસ રહેતા, તે દિવસ મને હાથધોણું થયું હતું. ત્યારે જીવા ખાચરે પોતાના વાસના(રહેવાના) ઘરમાં દિશા જાવાનો ખાડો કર્યો. ત્યારે મેં કીધું જે, ઘરમાં ખાડો હોય નહીં. ત્યારે જીવા ખાચર કહે, '**મહારાજ, તમારી ઉપર મારું ઘર વારીફેરીને નાંખી દઉં. તમથી મારે બીજું કાંઈ વધું નથી**.' એક તો એ ગુણ.

અને એકવાર જીવા ખાચરને ઘેરે શેલડી છોલતાં મને છરી વાગી, તે આંગળીએ લોહી નીકળ્યું. ત્યારે જીવા ખાચરે માથે **મેકર**(એક પ્રકારનો ગામડિયો ઊભો ફેંટો) બાંધ્યો હતો ને તેને છેડે કસબ(સોનારૂપાના તારવાળો લેસ) હતો, તે કસબ ફાડવા માંડ્યો. ત્યારે મેં કીધું જે, કસબ ફડાય નહીં મેકર બગડે. બીજું કાંઈક લૂગડું પાટો બાંધવા લાવો. ત્યારે જીવા ખાચર કહે, '**મહારાજ, આ મેકર તમારી ઉપર વારીફેરીને નાંખી દઉં**.'

એમ કહીને કસબ ફાડીને મારે હાથે પાટો બાંધ્યો, એ બીજો ગુણ. એ બે ગુણ સારુ અમે જીવા ખાચરનું કલ્યાણ કર્યું."

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “એ કામ તો દ્રૌપદીના જેવું જીવા ખાચરે કર્યું !” એ વાત સાંભળીને સર્વે સભા પ્રેમમગ્ન થઈ. એ વાત પૂરી થઈ. ॥૧૧૮॥



વાત - ૧૧૯

વડતાલમાં મહારાજે બ્રહ્મરાક્ષસ કાઢ્યો

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** પધાર્યા હતા. તે સમે ગામના કોઈક બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસ વળગેલો હતો. તેણે ઘણા ઘણા ઉપાય કરેલા પણ નીકળેલો નહીં, ને તે બ્રાહ્મણ મરે એવો થઈ ગયેલ. ત્યારે કોઈક હરિભક્તે એને કીધું જે, “આ સ્વામિનારાયણ વરતાલે આવ્યા છે તે ભગવાન છે. તે તેમની પાસે જો જાઓ તો તમારો બ્રહ્મરાક્ષસ જાય.”

પછી ગાડીમાં બેસારીને તેને વરતાલ લાવ્યા, ત્યારે મહારાજ લક્ષ્મીનારાયણના મંદિરના ઓટા ઉપર બેઠા હતા. તેમની સામો ઊભો રાખીને ભેગા આવેલ બ્રાહ્મણે કીધું જે, “હે મહારાજ ! આને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે. તેના અમે ઘણા ઘણા ઉપાય કર્યા પણ નીકળતો નથી. તે સારુ તમારી પાસે લાવ્યા છીએ.”

ત્યારે મહારાજ કહે, “એને આંહીં ઓટા ઉપર લાવો.” પછી એને ઓટા ઉપર લઈ ગયા, ત્યારે મહારાજ કહે, “આ સંતને પગે લાગ.” ત્યારે એ સંતને પગે લાગ્યો, મહારાજને પગે લાગ્યો. પછી મહારાજ કહે, “એને મારી સામો ઊભો રાખો.” પછી મહારાજ સામો એને ઝાલીને ઊભો રાખ્યો. પછી મહારાજ કહે, “મારી સામું જો.” પછી એણે મહારાજ સામું જોયું, ત્યાં તો એનાં નાડીપ્રાણ તણાઈ ગયાં ને સમાધિ થઈ. તે ઘડીક વાર સમાધિ રહીને ઊતરી ગઈ. ત્યારે મહારાજ કહે, “તેં શું દેખ્યું ?” ત્યારે તેણે કીધું જે, “મેં તો મહામોટો પ્રકાશ દેખ્યો.”

ત્યારે મહારાજ કહે, “ફેર મારા સામી દષ્ટિ કર.” ત્યારે તેણે ફેર મહારાજ સામું જોયું, ત્યારે વળી સમાધિ થઈ ગઈ. તે ઘડીક વાર રહીને ઊતરી. ત્યારે મહારાજે કીધું જે, “હવે તેં શું દેખ્યું ?” ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, “હે મહારાજ ! મેં જે પ્રથમ પ્રકાશ દેખ્યો હતો, તેમાં તમે જેમ આંહીં બેઠા છો, તેવા મેં ત્યાં તમને દેખ્યા. ને આ સાધુ, હરિભક્ત પણ ત્યાં તમારી પાસે જેમ આંહીં બેઠા છે, તેમ ત્યાં બેઠા છે, એમ મેં દેખ્યું.” ત્યારે મહારાજ કહે, **“તારો બ્રહ્મરાક્ષસ તો ગયો, પણ પાછો તું બ્રહ્મરાક્ષસ થાતો નહીં.”** પછી તે બ્રાહ્મણે વર્તમાન લીધાં, સાધુને રસોઈ દીધી ને સત્સંગી થયો. ને સાજો થઈ ઘેરે ગયો. એમ બ્રહ્મરાક્ષસનું મહારાજે કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. ॥૧૧૯॥



વાત - ૧૨૦

જેતલપુરમાં શ્રીહરિએ બ્રહ્મરાક્ષસનો ઉધ્ધાર કર્યો

એકવાર શ્રીજીમહારાજ **જેતલપુર** મધ્યે બિરાજમાન હતા ને સર્વે સંત-હરિજનની સભા ભરાઈને બેઠી હતી. ને એક તરફ બાઈઓની સભા પણ હતી. ત્યારે કોઈક (મહુધા) ગામના (ઈશ્વર) બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો. તે બ્રહ્મરાક્ષસ મહા ભણેલો, તે શ્લોક ઉચ્ચારણ કરે ને વેદ બોલે એવો જબરો. તે બ્રાહ્મણમાંથી જાય જ નહીં.

પછી એ બ્રાહ્મણ જેતલપુરમાં મહારાજ પાસે આવીને બોલ્યો જે, “હે મહારાજ ! આ મારો બ્રહ્મરાક્ષસ મારા શરીરમાંથી જાતો નથી. મેં ઘણા ઘણા ઉપાય કર્યા પણ કાંઈ કારી લાગતી નથી તે સારુ તમારી પાસે આવ્યો છું.” ત્યારે મહારાજે એ બ્રહ્મરાક્ષસને બોલાવ્યો જે, “હવે તું આ બ્રાહ્મણમાંથી નીકળી જા.” ત્યારે તે બ્રહ્મરાક્ષસ બોલ્યો જે, “હું ક્યાં જાઉં ?” ત્યારે મહારાજ કહે, “અમારામાં આવ.”

ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, "ના મહારાજ, તમે તો ભગવાન છો, તે મારાથી કેમ અવાય ?" ત્યારે મહારાજ કહે, "આ સાધુ, હરિભક્ત બેઠા છે તેમાં જા." ત્યારે તે કહે જે, "એમાં તો હું બળી જાઉં." ત્યારે મહારાજ કહે, "આ ડોસીઓમાં આવ." ત્યારે કહે, "હા મહારાજ, એમાં મને જાવાનો ક્યાંઈક માર્ગ મળશે ખરો."

ત્યારે મહારાજે એ ડોસીઓને કીધું જે, "આ બ્રહ્મરાક્ષસ તમારામાં આવવાની હા પાડે છે, તે અમે મોકલીએ છીએ." ત્યારે ડોસીઓ બોલી જે, "ના મહારાજ, અમારામાં મોકલશો નહીં. અમે હવે સારી રીતે વર્તશું." પછી મહારાજ એ બ્રહ્મરાક્ષસને કહે, "તું બદરિકાશ્રમમાં જા." પછી મહારાજે એ બ્રાહ્મણના દેહમાંથી કાઢીને બદરિકાશ્રમમાં મોકલ્યો. એમ બ્રહ્મરાક્ષસનું કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. **॥૧૨૦॥**



વાત - ૧૨૧

જેતલપુર યજ્ઞના ઘઉં દળનાર ગણિકાનું કલ્યાણ

એકવાર શ્રીજીમહારાજને **જેતલપુરમાં** જગન કરવો હતો. તે સારુ ઘઉંનું ગાડું ભરી, તે ગાડા ઉપર પોતે બેસીને, ઘઉંનાં બે બે માપ ભરીભરીને ઘર દીઠ દળવા દેતા હતા. ત્યારે આગળ એક ગણિકાનું ઘર આવ્યું. તે પોતાને ઘેર એ ગણિકા ઊભેલી. તે મહારાજને જોઈને બોલી જે, "સ્વામિનારાયણ, શું દળવા આપો છો ?" ત્યારે તેને મહારાજ કહે, "ઘઉં દળવા આપીએ છીએ." ત્યારે ગણિકા કહે, "શું દળામણ આપો છો ?" **ત્યારે મહારાજ કહે, "પૈસા તો આપતા નથી ને દળે તેનું કલ્યાણ કરીએ છીએ.**" ત્યારે ગણિકા કહે, "હું દળું તો મારું કલ્યાણ કરો ?" ત્યારે મહારાજ કહે, "તારે હાથે દળ તો કલ્યાણ કરું." ત્યારે ગણિકા કહે, "લાવો, બે માપ મને ભરી આપો."

પછી મહારાજે ઘઉંનાં બે માપ એટલે પોણો મણને આશરે તે ભરીને એ ગણિકાને આપ્યા. પછી તે ગણિકા રાતે દળીને ટોપલો લોટ ભરીને મહારાજને આપવા આવી. તે આપીને એમ બોલી જે, "હવે મારું કલ્યાણ કરશો ?" ત્યારે મહારાજ કહે, "એ ઘઉં કોણે દળ્યા ?" ત્યારે એ ગણિકા કહે, "મારે હાથે દળ્યા." ત્યારે મહારાજ કહે, "તારો હાથ દેખાડ જોઈએ." પછી તે ગણિકાએ પોતાનો હાથ મહારાજને દેખાડ્યો. ત્યારે હાથમાં રાતાચોળ ફોલ્લા પડી ગયેલા. તે જોઈને મહારાજ બોલ્યા જે, "આ મારા સાધુની બરોબર તારું કલ્યાણ કરીશ." એમ એ ગણિકા ઉપર રાજી થયા ને કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. **॥૧૨૧॥**



વાત - ૧૨૨

અડાલજની વાવ કરનાર બાઈનું કલ્યાણ

એકવાર શ્રીજીમહારાજ પોતાના સંતો સહિત **અડાલજની** વાવ પાસે થઈને ચાલ્યા. ને નિષ્કુળાનંદસ્વામી એ વાવમાં પાણી ભરવા પેઠા. ત્યારે તે વાવમાં આરસપહાણના પથ્થર ઉપર એ વાવને કરનારે લખાણ કરેલ. તેને સ્વામીએ વાંચીને મહારાજ પાસે વાત કરી જે, "આ વાવમાં વાવની કરનારી બાઈએ લખાણ કર્યું છે, તે વાંચ્યા જેવું છે." ત્યારે મહારાજ કહે, "તમે વાંચો, હું સાંભળું."

પછી નિષ્કુળાનંદસ્વામીએ વાંચવા માંડ્યું ને મહારાજે સાંભળવા માંડ્યું. તે એમ લખેલ જે, "હું જાતે સ્ત્રી ને ક્ષત્રીય રાજાની દીકરી. આ મારું નામ ને મારા પિતાએ મને મુસલમાન બાદશાહને આપી છે. આ વાવ આટલા રૂપિયાનું ખર્ચ કરીને કરાવી છે, **તે મારી મોટપ સારુ, કે મારી કીર્તિ સારુ, કે મારું નામ રહે, તે સારુ મેં કરાવી નથી.**

મારા કલ્યાણ સારુ કરાવી છે. પણ આ મારા છતે દેહે તો કોઈ મોટા પુરુષ મને મળ્યા નથી, પણ વાંસેથી કોઈ કાળે મોટા પુરુષ પ્રગટ થાય તે આ વાવનું પાણી પીને મારા જીવનું કલ્યાણ કરજો. એ મારી અરજ છે." એવું લખાણ સાંભળીને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા.

પછી આગળ સાધુ જાતા હતા, તેમને પાછા બોલાવીને કીધું જે, "સર્વે સંત આ વાવમાં નાઓ ને પાણી પીઓ." એમ કહીને પોતે પણ વાવમાં નાવા પેઠા, તે ત્રણ-ચાર વાર ઓરા આવે ને આઘા જાય ને તરતા જાય. એમ ઘણીવાર સુધી નાહીને બહાર નીકળ્યા ને સંત પણ સર્વે નાયા. એ વાવનું પાણી મહારાજે પીધું અને સંતે પણ પીધું.

પછી એ વાવના ઓટા ઉપર શ્રીજીમહારાજે સભા કરી, ને એમ બોલ્યા જે, "**આ વાવની કરનાર બાઈનું તો કલ્યાણ થયું, પણ આ વાવના કામમાં જે મજૂર આવ્યા હશે, બળદે પાણા વયા હશે, કોઈ કીડી-મકોડી મરી હશે, તે સર્વેનું કલ્યાણ થાઓ !**" એમ શ્રીજીમહારાજ એ સર્વે સભાને સાંભળતા બોલ્યા. એવી રીતે એ બાઈનું કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. ॥૧૨૨॥



વાત - ૧૨૩

ભાદરાના રતના પટેલના સંકલ્પથી કીડીઓનો ઉધ્ધાર

ભાદરા ગામમાં રતના પટેલને ઘેર શ્રીજીમહારાજ ઘણા દિવસ રહ્યા. તે પટેલ સાથે (મહારાજે) એવો સખાભાવ કરેલો જે, ભેગું ખાવું, પીવું, સૂવું, બેસવું, જાવું, આવવું, નાવું, ધોવું એ સર્વે ક્રિયા ભેગા ને ભેગા કરે. પછી કોઈ એક દિવસ એ રતના પટેલ કોદાળી લઈને વગડે ગયા ને ઝાળું ખોદવા માંડ્યું. ત્યારે તે ઝાળામાંથી ઘણી કીડીઓ નીકળી. તે કીડીઓને દેખીને પોતે વિચાર કર્યો જે, 'મારે

ઘેર શ્રીપુરુષોત્તમનારાયણ પ્રગટ વિરાજે છે, એવો અવસર છે. તે આ કીડીઓનો ઉદ્ધાર ન થાય, ત્યારે તેને શો લાભ મળ્યો ? માટે આ કીડીઓને વર્તમાન ધરાવું.' એવો સંકલ્પ કરીને હાથમાં જળ લઈને એ કીડીઓ ફરતી ધારાવાડી દઈને બોલ્યા જે, "હે કીડીઓ ! તમારા અનેક જનમનાં કર્મ તે સ્વામિનારાયણને પ્રતાપે કરીને નાશ પામી જાઓ ! ને તમારો ઉદ્ધાર થાઓ !" એમ જ્યાં બોલ્યા ત્યાં તો અનેક વિમાન આવીને ઊભાં રહ્યાં, ને તે કીડીઓ દેહ મૂકી મૂકીને એ વિમાનમાં બેસીને દેવલોકમાં ગઈ.

તે કીડીઓએ દેહ મૂક્યા ને વિમાન આવ્યાં ને દેવલોકમાં ગઈ, એ સર્વે ક્રિયા રતના પટેલે પોતાની નજરે દેખી અને ઘેર આવીને શ્રીજીમહારાજ આગળ વાત કરી. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "રતના ભક્ત, અમારો એ ટાણે એવો સંકલ્પ બળવાન હતો જે, આ બ્રહ્માંડનો પણ ઉદ્ધાર થઈ જાત, તો કીડીઓનો ઉદ્ધાર થાય તેમાં શું આશ્ચર્ય..!" એ વાત પૂરી થઈ. ॥૧૨૩॥



વાત - ૧૨૪

ભુજમાં પ્રેમી બાઈને ઘેર શ્રીહરિ ચાલીશ જણનું જમ્યા

એકવાર શ્રીજીમહારાજ **ભુજનગરમાં** સુંદરજીભાઈને ઘેર હતા. પછી કોઈક દિવસ એ ગામના હરિભક્ત બાઈએ મહારાજને પોતાને ઘેર જમવા તેડાવ્યા. તે 'મહારાજે મારે ઘેર થોડુંક કેમ ખાધું ?' એમ ધારીને એ બાઈ રીસાણાં, ને ઉપવાસ કર્યો. તેની મહારાજને ખબર પડી, ત્યારે મહારાજે એ બાઈને કીધું જે, "હવે આજ વળી તમારે ઘેર જમાડો, ઝાઝું જમશું; પણ અમારા ભેગા ચાલીસ માણસ છે, તે સૌ જમવા આવશે. તે સૌ સારુ રસોઈ કરજો."

પછી એ બાઈએ ચાલીસ માણસની રસોઈ કરી મહારાજને જમવા બોલાવ્યા. તે મહારાજ જમવા બેઠા, ને સુંદરજીભાઈ આદિ હરિભક્ત પણ દર્શન કરવા પાસે બેઠા. પછી એ બાઈએ પીરસવા માંડ્યું ને મહારાજે જમવા માંડ્યું, તે ચાલીસ માણસની રસોઈ જમી ગયા; તોય કહે, "થોડુંક લાવો." ત્યારે બાઈ કહે, "હવે રસોઈ થઈ રહી." ત્યારે મહારાજ કહે, "હજુ સુધી અમને ઓડકાર આવ્યો નહીં, ધરાઈએ ત્યારે ઓડકાર આવે છે." પછી મહારાજ ચળુ કરીને ઊઠ્યા, ને બીજા માણસો સારુ ફરી રસોઈ કરી જમાડવા પડ્યાં એવું ચરિત્ર કર્યું. એ વાત પૂરી થઈ. ॥૧૨૪॥



વાત - ૧૨૫

ઝાલાવાડના ગરીબ વિપ્રનું એક રૂપિયામાં કલ્યાણ કર્યું

એકવાર શ્રીજીમહારાજ ગામ **લોયા** મધ્યે સુરા ખાચરના દરબારમાં બિરાજમાન હતા, ને સર્વે સંતહરિજનની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં ઝાલાવાડ દેશનો એક અતિ વૃદ્ધ ને કંપવાયુ(શરીર ધ્રૂજવાનો રોગ) થયેલ એવો બ્રાહ્મણ, તે સભાની બારલીકોર આવી ઊભો રહ્યો. તે બ્રાહ્મણના માથે બાંધ્યાના લૂગડામાં એક રૂપિયો બાંધેલ, તેની ગાંઠ ઊભો ઊભો સંભાળે; પણ એ માથાબંધણ ઘણું ફાટેલ, તેના સાંધાની પણ ઠાલી ગાંઠું બાંધેલી, તેમાં એ રૂપિયાવાળી ગાંઠ ગોતે. ને મહારાજ પણ એ બ્રાહ્મણ સામું એક નજરે જોઈ રહેલા.

પછી એ બ્રાહ્મણને હાથ રૂપિયો આવ્યો, તે હાથમાં લઈને ઊભો રહ્યો; પણ મહારાજ પાસે જાવાનો માર્ગ મળે નહીં. પછી મહારાજ બોલ્યા જે, "બ્રાહ્મણને આવવા દ્યો." ત્યારે માર્ગ થયો તેથી બ્રાહ્મણ મહારાજ પાસે આવ્યો. ત્યારે મહારાજે પોતાનો હાથ લાંબો કર્યો, તેમાં એ બ્રાહ્મણે એક રૂપિયો મૂક્યો ને પગે લાગ્યો. પછી મહારાજ

બોલ્યા જે, "ડોસા, આ રૂપિયો તમે ક્યાંથી લાવ્યા ?" ત્યારે તે બ્રાહ્મણ કહે, "મેં ઝંઝવાડાનું કાસદું(સંદેશો પહોંચાડવાનું કામ) કર્યું હતું, તેનો આવ્યો છે."

ત્યારે મહારાજ કહે, "આ તમારા માથે બાંધ્યાનું લૂગડું ફાટી ગયું છે, તે આ રૂપિયાનું લઈએ નહીં ?" ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો જે, **"મહારાજ ! હું લૂગડું લઉં, ત્યારે તમને ક્યાંથી બીજો રૂપિયો આપું ? મારા ઘરમાં કાંઈ નથી. તે (હું તો) ફાટેલ લૂગડે ચલવીશ, પણ તમે મને ક્યાંથી મળો ! તે તમારી સારુ એ રૂપિયો મેં સંઘરી રાખ્યો હતો, તે તમને આપ્યો."**

એવું એ બ્રાહ્મણનું બોલવું સાંભળીને (મહારાજ) ઘણીવાર સુધી તો એ બ્રાહ્મણ સામું જોઈ રહ્યા. પછી મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, આ બ્રાહ્મણને હવે કાંઈ કરવું બાકી રહ્યું છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "અક્ષરધામમાં જાવાનાં જે સાધન તે સર્વે એ બ્રાહ્મણને સંપૂર્ણ થઈ રહ્યાં છે." એવી રીતે એ બ્રાહ્મણ ઉપર મહારાજ રાજી થયા. એ વાત પૂરી થઈ. **॥૧૨૫॥**



વાત - ૧૨૬

શ્રીહરિને નજર રાખવાનું કહેનાર સિપાયણનું કલ્યાણ

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** જાતા હતા. તે ભેગા સુરા ખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર વિગેરે ઘણા સ્વારો હતા. તે રસ્તામાં(ગામ રાવલીના પાદરમાં) એક સિપાયણ બાઈ ઊભેલ, તે મહારાજને દેખીને એમ બોલી જે, "સ્વામિનારાયણ ! મેરે પર નજર રખિયો !" ત્યારે મહારાજ કહે, "સારું." વળી બેક(થોડેક) છેટે મહારાજ ગયા, ત્યારે વળી એ સિપાયણ ઉતાવળે સાદે બોલી

જે, “એ સ્વામિનારાયણ..! મેરે પર નજર રખિયો..!” ત્યારે વળી મહારાજ બોલ્યા જે, “સારું.” ત્યારે વળી ત્રીજી વાર અતિ ઉતાવળે સાદે એ સિપાયણ એમ બોલી જે, “સ્વામિનારાયણ..! મેરે પર નજર રખિયો..!” ત્યારે વળી મહારાજ ઉતાવળે સાદે બોલ્યા જે, “સારું.” એમ ત્રણ વખત સિપાયણે કીધું.

पछेमहाराजआघापधार्यानेएकआंबानाझाडहेठेउतर्या
तारेसुराखाचरेपुछ्युंजेहेमहाराजएबाईनेत्रणवखततमेसारु
सारुकीधुंतेएनीउपरतमेसुंनजरराखशोतारेमहाराजबोल्याजे
एबाईनुंतारीबरोबरकल्याणकरीशतारेसुरोखाचरबोल्याजे
अमेतमाराभेगाजाइयेआवियेउठियेबेसीयेखाइयेपीयेतेअम
णीबरोबरथयातोकल्याणकेमथाय

પછી મહારાજ આઘા પધાર્યા ને એક આંબાના ઝાડ હેઠે ઊતર્યા. ત્યારે સુરા ખાચરે પૂછ્યું જે, “હે મહારાજ ! એ બાઈને ત્રણ વખત તમે સારું, સારું કીધું, તે એની ઉપર તમે શું નજર રાખશો ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ બાઈનું તારી બરોબર કલ્યાણ કરીશ.” ત્યારે સુરો ખાચર બોલ્યા જે, “અમે તમારા ભેગા જાઈએ-આવીએ, ઊઠીએ-બેસીએ, ખાઈએ-પીએ, તે અમણી બરોબર રહ્યાં તો કલ્યાણ કેમ થાય ?”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “જોને, તું ભેગો હતો, સોમલો, અલૈયો ભેગા હતા; પણ એ બાઈએ કાંઈ તમને નજર રાખ્યાનું કીધું ? એણે તો એક મને ત્રણ વખત કીધું. માટે મારે નજર રાખવી એ તો એવી છે.” એમ એ સિપાયણ બાઈનું કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. ॥૧૨૬॥



વાત - ૧૨૭

માણકીને વછેરીમાં વધું હેત છે કે મહારાજમાં, તેની પરીક્ષા :

એકવાર મહારાજ કોઈ ગામ જાતા હતા ને ભેગા કાઠીઓના સ્વાર પણ ઘણા હતા. મહારાજ માણકી ઘોડી ઉપર ચડ્યા હતા, ને એ માણકીને વછેરી ધાવણી ભેગી હતી. (જ્યારે સુમાબાઈની વોકળી આવી) ત્યારે મહારાજ બોલ્યા જે, "સુરા ખાચર, આ માણકી ઘોડીને જેવું મારી ઉપર હેત છે, એવું એની વછેરી ઉપર હેત નથી." ત્યારે સુરા ખાચર કહે, "મહારાજ, એમ હોય નહીં. ઘોડીને તો એના વછેરા ઉપર હેત હોય તેવું બીજા ઉપર હોય નહીં." ત્યારે મહારાજ કહે, "એનું તને પારખું દેખાડું ?"

એમ કહીને એ વછેરીને ઝલાવીને એક કોરે રખાવી અને પોતે માણકી ઘોડીને લઈને છેટે ગયા. પછી મહારાજ એ માણકી ઘોડી ઉપરથી ઊતરીને ઘોડીને છૂટી મેલી દીધી. ને પોતે સાઠ સિત્તેર કદમ આઘા જઈને લઘુશંકા કરવા બેઠા. ત્યારે એ માણકીને જ્યાં ઊભી રાખી હતી, ત્યાં ને ત્યાં ઊભી રહી. ને એની વછેરી ઘણો ઘણો હણેણાટ કરતી હતી, તે સામું પણ જોયું નહીં. પછી મહારાજ લઘુશંકા કરીને ઊભા થયા, ત્યારે એ ઘોડી દોટ દઈને મહારાજ પાસે ગઈ ને ઊભી રહી.

પછી મહારાજ એ જ ઘોડીએ સ્વાર થઈને એ સુરા ખાચર વિગેરે ઊભા હતા, ત્યાં આવીને બોલ્યા જે, "કહો સુરા ખાચર, આ ઘોડીને મારી ઉપર હેત છે કે એની વછેરી ઉપર ?" ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "એ ઘોડીની બહુ ભારે જાત છે, તેમાં બબે હજાર રૂપિયા (ઠાણમાંથી = વછેરી ગર્ભમાં હોય ત્યાંથી) આપીએ છીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાઠીભાઈ તો જાત ઉપર વાત લાવ્યા, પણ હેતની વાત કરતા નથી." એમ કહી રમૂજ કરાવી હસ્યા. એ વાત પૂરી થઈ. ॥૧૨૭॥

વાત - ૧૨૮

જેતલપુરમાં દ્વેષથી હરિમૂર્તિ જોનાર ખાખીને ઇન્દ્રપદ આપ્યું

એકવાર શ્રીજીમહારાજ **જેતલપુરમાં** વડના ઝાડ હેઠે સભા કરીને બિરાજમાન હતા. ત્યાં એક ખાખી રસ્તામાં જાતો હતો. તે મહારાજને દેખીને અતિ રીસે કરીને એક દષ્ટિએ ઘણીવાર સુધી માર્ગમાં ઊભો રહ્યો, ને પછી ચાલ્યો તે પાછી નજરે મહારાજ સામું જોઈને ચાલ્યો. તે જ્યાં સુધી મહારાજની મૂર્તિ દેખાણી, ત્યાં સુધી નજર ચોરી નહીં, એક નજરે જોઈ રહ્યો. પછી જ્યારે ઓથ આવી ને મહારાજ દેખાણા નહિ, ત્યારપછી ચાલ્યો ગયો. ત્યારે મહારાજ બોલ્યા જે, "એ ખાખીને મારી ઉપર અતિ રીસને લીધે મારી મૂર્તિ એના અંતરમાં ગરી ગઈ છે. માટે એ ખાખી મરીને ઇન્દ્ર થાશે." એમ બોલ્યા. એ વાત પૂરી થઈ. ॥૧૨૮॥



વાત - ૧૨૯

વડતાલમાં પ્રસાદીના જળમાં નાતા છોકરાને ઇન્દ્રપદ આપ્યું

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** (હરિમંડપની) અગાશીમાં નાતા હતા, ને મૂળજી બ્રહ્મચારી નવરાવતા હતા, ને ખાળેથી પાણીની ધાર હેઠે થાતી હતી. તે ધારમાં પાંચ સાત છોકરા નાતા હતા ને તેનો શોર થાતો હતો. તેથી બ્રહ્મચારીએ હેઠે જોયું, ત્યારે એ છોકરાને નાતા દેખીને મહારાજને કીધું જે, "આ છોકરા આ પાણીને ખળખળિયે નાય છે ને કલોલ કરે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી, એ સર્વે છોકરાને ઇન્દ્રની પદવી મળશે. આજ તો એ છોકરાને જ્ઞાન નથી, પણ એનું એવડું મોટું ભાગ્ય થયું છે." એમ મહારાજે વાત કરી. એ વાત પૂરી થઈ. ॥૧૨૯॥



વાત - ૧૩૦

બે કેરીમાં પટેલની પાંચ ને આંબાની ત્રણ પેઢીનું કલ્યાણ

કોઈક દિવસ મહારાજના બે પાળા **ગુજરાતમાંથી ગઢડે** આવતાં એક આંબાવાડિયામાં તડકાથી છાયા સારુ આંબાના ઝાડ હેઠે બેઠા. ત્યાં તો એ આંબેથી સાખની બે કેરીઓ હેઠી પડી. ત્યારે તે કેરીઓ જોઈને મહારાજના પાળાએ એ વાડીવાળા પટેલને કીધું જે, "આ બે કેરીઓ અમને વેચાતી આપશો ? અમારે સ્વામિનારાયણ સારુ લઈ જાવી છે." ત્યારે તે પટેલ બોલ્યા જે, "મારે પૈસા તો લેવા નથી, પણ સ્વામિનારાયણને એટલું કહેજો જે, એ કેરીઓ જમીને મારું કલ્યાણ કરે." એમ કહીને એ બે કેરીઓ પાળાને આપી.

પછી તે કેરીઓ ગઢડે લાવીને મહારાજને આપી. પછી તે સુધારીને મહારાજ જમ્યા, ને કેરીઓનાં વખાણ કર્યાં જે, "આવી સરસ કેરીઓ તો આપણી લક્ષ્મીવાડીમાં પણ થાતી નથી ! તે તમે ક્યાંથી લાવ્યા ?" ત્યારે તે પાળા બોલ્યા જે, "ગુજરાતમાંથી એક પટેલિયે આપી છે." અમે તેને પૈસા આપવા માંડ્યા તોપણ લીધા નહિ, ને અમને એમ કીધું છે જે, 'મહારાજને કહેજો જે, આ બે કેરીઓ ભેટ મૂકું છું. તે જમજો ને મારું કલ્યાણ કરજો."

એવું એ પાળાનું બોલવું સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ કેરીવાળા પટેલનું (અને તેની) પાંચ પેઢીનું કલ્યાણ થાશે, ને એ આંબાની ત્રણ પેઢીનું કલ્યાણ થાશે !" એમ રાજી થઈને વચન આપ્યું. એ વાત પૂરી થઈ. ॥૧૩૦॥



વાત - ૧૩૧

શ્રીહરિનો કાંટો કાઢનાર બ્રાહ્મણનું કલ્યાણ

એકવાર શ્રીજીમહારાજને અડવાણા(ઉઘાડા પગે) ચાલતાં પગમાં કાંટો વાગ્યો. ત્યારે તે ટાણે કોઈક બ્રાહ્મણ મહારાજનો કાંટો જોઈને બોલ્યો જે, "હું કાંટો કાઢીશ." એમ કહીને મહારાજનો ચરણારવિંદ પોતાના ખોળામાં લીધો ને પોતાના લૂગડા વડે લૂઈને જાળવીને ચીપિયાથી કાંટો કાઢ્યો. તે પગ દુઃખાવા પણ દીધો નહીં. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "તેં મારો કાંટો કાઢ્યો, તે માટે તારું કલ્યાણ કરીશ."

ત્યારે એ બ્રાહ્મણ બોલ્યો જે, "હે મહારાજ ! મારું કલ્યાણ થાય એવો હું નથી. હું તો બ્રહ્મહત્યારો છું. મારો ભાઈ ને હું એ બે ખેતર વહેંચવા ગયા હતા. તે વહેંચતાં વહેંચતાં વઢવેડ થઈ. તે વખતે મારા હાથમાં કોદાળી હતી, તેનો મેં ઘા કર્યો. તે માથામાં વાગી, તેણે કરીને મારો નાનો ભાઈ ત્યાં ને ત્યાં મરી ગયો. એવું મોટું પાપ મેં કર્યું છે, તે મારું કલ્યાણ કેમ થાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તારી બ્રહ્મહત્યાનાં પાપ તો ગયાં, પણ તારાં અનેક જનમનાં પાપ નાશ થઈ ગયાં. ને તારું કલ્યાણ હું કરીશ." એવા એ બ્રાહ્મણ ઉપર રાજી થયા. એ વાત પૂરી થઈ. ॥૧૩૧॥



વાત - ૧૩૨

સ્વામિનારાયણ નામ લેતાં અડધી રાત્રે દર્શન દીધાં

એકવાર શ્રીજીમહારાજ **જૂનાગઢ**(વડતાલ?)થી ગઢડે આવતા હતા ને ભેગા કાઠીઓના દશ સ્વાર હતા. ને રાતે ચાલતાં એવો ઠેરાવ કરેલો જે, "ગઢડે જઈને ઊતરવું છે, વચમાં ક્યાંઈ રહેવું નથી." પછી ચાલતાં ચાલતાં માર્ગમાં એક (ઉતાવળી) નદી આવી, તેમાં ઘોડાને પાણી પીવા ઊભા રાખ્યા. તે નદીના કાંઠા ઉપર એક **(કુંડળ)**

ગામ હતું. તે ગામનો (મામૈયા પટગીર) કાઠી સત્સંગી હતો. તે તે ટાણે ઊઠેલો હતો. તે ઊંચે સાદે બોલ્યો જે, “હે સ્વામિનારાયણ ! હે સ્વામિનારાયણ ! હે સ્વામિનારાયણ !” એમ ત્રણ વાર બોલ્યો, તે મહારાજે ઘોડા પાતાં પાતાં સાંભળ્યું.

પછી મહારાજે એ ગામને ઝાંપે રસ્તો હતો ત્યાં આવીને (કુંડળ) ગામમાં ઘોડી વાળી. ત્યારે સુરા ખાચર બોલ્યા જે, “ઈહાં કિસે જાશો ? આપણે તો ગઢડે જઈને ઊતરવું છે.” પછી મહારાજે તો ઘોડી ગામમાં હાંકી, તે કાઠી પણ સર્વે વાંસે આવ્યા. તે જે કાઠીએ ત્રણ વાર નામ ઉચારણ કર્યું હતું, તેની ખડકીએ જઈને ઊભા રહ્યા. ને સાદ કર્યો જે, “કમાડ ઉઘાડો..!”

ત્યારે તે કાઠીએ કમાડ ઉઘાડ્યું, ત્યાં તો મહારાજને દેખ્યા. તે ઘણા ઉછરંગથી મહારાજનો પગ ઝાલીને કાઠી બોલ્યો જે, “હે મહારાજ ! આ અરધી રાતે તમે મારે ઘેર પધાર્યા ? તે એવડું મારું મોટું ભાગ્ય શું થઈ ગયું ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “એક વાર મારું નામ ઉચ્ચારણ કરે છે, તેનો હું ત્યાગ કરતો નથી; તો તમે મને ત્રણ વાર બોલાવ્યા, તે તમને મૂકીને મારાથી જવાય જ કેમ ?” એમ કહીને તે કાઠીને ઘેરે ગયા, ને તે કાઠીએ દીવા કર્યા, ઢોલિયો ઢળાવીને ઉપર બેસાર્યા ને રસોઈ કરીને જમાડ્યા. પછી ગઢડે આવ્યા. એવા એ કાઠી ઉપર રાજી થયા. એ વાત પૂરી થઈ. ॥૧૩૨॥



વાત - ૧૩૩

શિયાણીમાં રાજો પિંજારો પગે નાળિયેર બાંધી દર્શને આવ્યો

શિયાણી ગામમાં શ્રીજીમહારાજ પધાર્યા હતા. તે ગામમાં એક રાજો પિંજારો ભક્ત હતો. તે સ્વરૂપનિષ્ઠાવાળો ને સમાધિનિષ્ઠ હતો. તેને

ખબર થઈ જે, 'મહારાજ મેઘા પટેલને ઘેર પધાર્યા છે.' પછી તે પોતાને પગે ત્રણ નાળિયેર બાંધીને શ્રીજીમહારાજને દર્શને આવ્યો. ત્યારે ગામના માણસે પૂછ્યું જે, "આ ત્રણ નાળિયેર કેમ બાંધ્યાં છે ?" ત્યારે રાજોભક્ત બોલ્યા જે, "એ તો બ્રહ્મા, વિષ્ણુ ને શિવ છે. તે એમને વૈરાજપુરુષની ઉપાસના છે ને આ સહજાનંદજી તો પુરુષોત્તમનારાયણ અક્ષરધામના પતિ છે તેમનાં દર્શનનો એને અધિકાર નથી. ને હું તો એ પુરુષોત્તમનો ઉપાસક છું, તે એ ત્રણેય દેવ મારે પગે વળગ્યા છે જે, 'અમને મૂર્તિનાં દર્શન કરાવો.' તે સારું એમને હું મહારાજ પાસે લઈ જાઉં છું."

પછી રાજાભક્તે આવીને મહારાજનાં દર્શન કર્યાં, ત્યાં તો સમાધિ થઈ ગઈ તે પડી ગયા. ને મહારાજને ચાલવાની તૈયારી હતી, તે ઘોડે ચડીને ઊભા હતા. આગળ ગામનું બસેં અઢીસેં માણસ ઊભું હતું, તેમાં એ રાજાભક્તનો દીકરો પણ ઊભેલ. તેનું નામ લઈને મહારાજે બોલાવ્યો ને કહ્યું જે, "આ તારા બાપને જાળવીને ઘેરે લઈ જા."

ત્યારે ગામને માણસે વિચાર કર્યો જે, 'આ છોકરાને આપણે પૂરો ઓળખતા નથી, ને તેનું નામ પણ જાણતા નથી. ને મહારાજે તો કોઈ દિવસ એને ભાળેલો પણ નથી, તેને ઓળખીને નામ લઈને બોલાવ્યો; માટે આ તો ભગવાન છે !' એમ જાણીને ઘણા માણસોને મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય થયો.

પછી મહારાજ તો ચાલી નીસર્યા ને એ રાજાભક્તને બે દાડે સમાધિ ઊતરી. ત્યારે નીમ લીધું જે, "મહારાજનાં દર્શન કર્યાં પછી અન્ન જમવું છે." પછી મહારાજની વાંસે ચાલી નીસર્યા તે મહારાજ વરતાલ પધાર્યા હતા, ત્યાં જઈને મહારાજનાં દર્શન કરીને પછી અન્ન ખાધું. એ વાત પૂરી થઈ. ॥૧૩૩॥



વાત - ૧૩૪

લાડુબા વગેરેને ગોપીઓથી પણ અધિક ભાગ્યવાન કહ્યાં

એકવાર **ગઢડા** મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીજીમહારાજ ના'તા હતા ને ડોસીઓ દર્શન કરતાં હતાં. ત્યારે લાડુબાઈ એમ બોલ્યાં જે, "આજ આપણાં ભાગ્ય તો વ્રજની ગોપીઓનાં જેવાં છે જે, સદાયકાળ ભગવાનનાં દર્શન થાય છે !" વળી ફેર બોલ્યાં જે, "ગોપીઓના ને આપણા ભાગ્યમાં કાંઈ ફેર નથી, એવાં જ આપણાં મોટાં ભાગ્ય છે." એવું લાડુબાઈનું કહેવું સાંભળીને મહારાજ તો તે વખત કાંઈ ન બોલ્યા. પછી નાહી રહ્યા ને ઢોલિયા ઉપર આવીને બેઠા ને ડોસીઓ પણ આવીને બેઠી.

त्यारे महाराज बोल्याजे लाडुंबाई अमे तमारे घरे रईये छैये
खाये पीये छैये तेतमे तो अमारु बहु मातम जांणतां दिसो छो पण
गोपीयुनां जेवां भाग्य तो आ तमारी गायुं भेसुं नां दुध दहीं ने छास
खासे तेनां छे ने गायुं भेसुं नां तो तेथी मोटां भाग्य छे ने तमारां भाग्य तो
हजार मोढे करीने शेषजी थी पण केवाय ते वां नथी एम समजो

ત્યારે મહારાજ બોલ્યા જે, "લાડુબાઈ, અમે તમારે ઘેરે રહીએ છીએ, ખાઈએ-પીએ છીએ; તે તમે તો અમારું બહુ માતમ જાણતા દીસો છો; પણ ગોપીઓનાં જેવાં ભાગ્ય તો આ તમારી ગાયું-ભેંસુંનાં દૂધ, દહીં ને છાશ ખાશે તેનાં છે. ને ગાયું-ભેંસુંનાં તો તેથી મોટાં ભાગ્ય છે. ને તમારાં ભાગ્ય તો હજાર મોઢે કરીને શેષજીથી પણ કહેવાય તેવાં નથી, એમ સમજો." એવી રીતે શ્રીજીમહારાજે વાત કરી. એ વાત પૂરી થઈ. ॥૧૩૪॥



વાત - ૧૩૫

મોટેરા ચાર સદ્‌ગુરુએ પોતાનો ચમત્કારી ગુણ કહ્યો

એકવાર શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને તથા બ્રહ્માનંદસ્વામીને તથા નિત્યાનંદસ્વામીને તથા ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે, "તમારા ચારેયમાં અકેકો ચમત્કારી ગુણ જે જણાતો હોય તે કહો. તેમાં મુક્તાનંદસ્વામી તમે પ્રથમ કહો." ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! મારા મનમાં હું એમ જાણું છું જે, પથ્થર સરખો કઠણ ને મલિન હૃદયવાળો એવો કોઈ પુરુષ હોય, ને તે જો મારી વાર્તા સાંભળે, તો તેનું અંતઃકરણ નિર્મળ થઈને ભગવાન સન્મુખ થઈ જાય. એવી મારી વાત જણાય છે. એ મારામાં ગુણ મને ભાસે છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "સ્વામી, તમારામાં એ ગુણ છે, તે હું પણ જાણું છું."

પછી બ્રહ્માનંદસ્વામીને મહારાજે પૂછ્યું જે, "તમે તમારો ગુણ કહો." ત્યારે બ્રહ્માનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! હું જે કાવ્ય કરું છું, તેમાં એકનો એક શબ્દ વારેવારે ન લખું તોય શબ્દ ગોતવો પડે નહીં, ને ઝડઝમક(એ પ્રકારનો શબ્દાલંકાર) તો સહેજે આવ્યા જ કરે, ને તેમાં ગુણદોષ પણ આવે જ નહીં. એવું મારું કાવ્ય જણાય છે, એ મારામાં ગુણ ભાસે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારામાં એ ગુણ છે, તે હું જાણું છું."

પછી નિત્યાનંદસ્વામીને મહારાજે પૂછ્યું જે, "તમે તમારો ગુણ કહો." ત્યારે નિત્યાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આ ચાર ધામ કહેવાય છે, તેની માંયલીકોરે કોઈ વિદ્વાન પુરુષ આવીને મને જીતે કે મારે, એનો ડર રહે એમ મને જણાતું નથી. એવું મારું વિદ્વાનપણું જણાય છે, એ મારામાં ગુણ મને ભાસે છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારામાં એ ગુણ છે, તેને હું પણ જાણું છું."

પછી ગોપાળાનંદસ્વામીને મહારાજે પૂછ્યું જે, "તમે તમારો ગુણ કહો." ત્યારે ગોપાળાનંદસ્વામી મહારાજને પગે લાગીને બોલ્યા જે,

आब्रह्मांडना सरजनारा जे ईश्वर तेना डो
लाव्या विना पांदडुं पण डोलतुं नथी पण मारे डोलाववुं होय तो डोले
खरुं मारामां गुण मने जणाय छे तारे श्रीजीमहाराज बोल्या जे
तमारामां ए गुण छे तेने हुं जाणुं छुं

"આ જગતમાં એમ કહેવાય છે જે, **આ બ્રહ્માંડના સર્જનારા જે ઈશ્વર તેના ડોલાવ્યા વિના પાંદડું પણ ડોલતું નથી, પણ મારે ડોલાવવું હોય તો ડોલે ખરું. એ મારામાં ગુણ મને જણાય છે."** ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારામાં એ ગુણ છે, તેને હું જાણું છું." એવી રીતે મોટેરા ચાર સદ્‌ગુરુને મહારાજે પૂછ્યું. એ વાત પૂરી થઈ. ॥૧૩૫॥



વાત - ૧૩૬

કરમડમાં ચાસકાના નારસંગને શ્રીહરિએ ઉત્તર આપ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ **કરમડ** મધ્યે ઢોલિયા ઉપર આડે પડખે સૂતા હતા, ને મૂળજી શેઠ પાસે બેઠા હતા. એવામાં ગામ **ચાસકાના** દરબાર નારસંગજી આવ્યા. તે મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મૂળજી શેઠને મહારાજે આજ્ઞા કરી જે, "આમને વાતો કરો." ત્યારે મૂળજી શેઠે વાતો કરવા માંડી. તે વાતો કરતાં કરતાં દરબારે એમ પૂછ્યું જે, "મહારાજ ભગવાન છે, ત્યારે એમણે જેતલપુરમાં જગનનો આદર કર્યો હતો, તે કેમ પડ્યો રહ્યો ? ભગવાન હોય તે એટલું આગળથી ન જાણે જે, આ જગન સરકાર નહિ કરવા દે ? માટે સામાન શા સારુ ભેગો કરવો પડે ?"

એવું એ ગરાસિયાનું વચન સાંભળીને શ્રીજીમહારાજ સૂતા હતા, તે તરત બેઠા થયા, ને બોલ્યા જે, “મૂળજી, તું રહેવા દે. હવે મારે વાત કરવી છે.” એમ કહીને પોતે બોલ્યા જે, “રામચંદ્રજીને તમે શું કહો છો ?” ત્યારે નારસંગજી કહે, “એ તો ભગવાન.” ત્યારે મહારાજ કહે, “એ રામચંદ્રજીને જે દિવસ ગાદીએ બેસવું હતું ને વસિષ્ઠજીએ મુહૂર્ત જોઈ દીધું હતું. તે દિવસ પોતાને વનવાસ થયો, ને દશરથને અતિ ઉછરંગે ગાદી રામચંદ્રજીને દેવી હતી, તેમાં પોતાનું મૃત્યુ થયું. ને માતાજીને મોડ ઘાલીને રામચંદ્રજીને વધાવવા હતા, તે વેળે ચૂડીકરમ કરવાં પડ્યાં. ને અડસઠ તીર્થનાં જળ ભેગાં કર્યાં હતાં, તે પડ્યાં રહ્યાં. ને બ્રાહ્મણોને જમવાનું પડ્યું રહ્યું, એમ એ રામચંદ્રજીનું કેમ થયું ?”

ત્યારે નારસંગજી બોલ્યા જે, “એમ થાવાની રીત તો અનાદિ જણાય છે ખરી. પણ તમે આ સર્વેને વર્તમાન દઈ દઈને ધર્મ પળાવો છો, ત્યારે આ ટોપીવાળો મહાપાપી છે, તે એનું રાજ્ય બંધ કરો એટલે મહા પુન્ય થાશે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ પૃથ્વી છે તે ભગવાનના પગ છે, ને તમ જેવા જે રાજા થયા છે તે કાંટારૂપ થઈને ભગવાનના પગમાં વાગ્યા છે. તે કાંટા કાઢવા સારુ એ ટોપીવાળારૂપ મહામોટી શૂળ ભગવાને કરી છે. તે તેણે કરીને તમ જેવા કાંટા કાઢશે.”

ત્યારે નારસંગજી બોલ્યા જે, “એ ટોપીવાળાનું રાજ ક્યાં સુધી રહેશે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “ભગવાન પોતાનો પગ સંભાળશે ને જ્યાં સુધી કાંટા હશે, ત્યાં સુધી તો એ શૂળ રાખશે. પછી તો જેમ પોતાની મરજી હશે તેમ કરશે, પણ તમે ને અમે જ્યાં સુધી આ પૃથ્વીમાં રહેશું, ત્યાં સુધી તો એનું રાજ જાશે નહીં.” એમ શ્રીજીમહારાજે વાત કરી. એ વાત પૂરી થઈ. ॥૧૩૬॥



વાત - ૧૩૭

નાગડકામાં મહારાજે ઓગણોતેરા કાળની આગાહી આપી

એકવાર શ્રીજીમહારાજ સુરા ખાચરના **નાગડકામાં** સભા કરીને બેઠા હતા. ત્યાં એક કાઠિયાણી બાઈ આવીને એમ બોલી જે, “હે મહારાજ ! કાશીએથી લખો આદો(આવ્યો) છે જે, ‘વસંતપંચમીને દિવસે ડટંતર(ભૂકંપ કે વાવાઝોડું) આવશે, તે સર્વે પૃથ્વી તો દટાશે; પણ આપ આંહીં બિરાજો છો તે મારો નાગડકો તો કુશળ રહેશે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ ડટંતર તો નહિ આવે, પણ અન્નના ડટંતર તો આવશે.” એમ કહીને પોતાના હાથનો પોંચો મોઢે અડાડીને બોલ્યા જે, “અન્ન વિના આમ માણસ પોંચા કરડશે.” એવું મહારાજનું વચન સાંભળીને સર્વે સભાએ એમ ધાર્યું જે, ‘મહા દુર્ભક્ષ વરસ થાશે.” પછી ઓગણોતેરો કાળ પડ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૩૭॥



વાત - ૧૩૮

એકડાને સત્તર મીંડાં ચડે એટલા જીવોનું કલ્યાણ કરવું છે

એકવાર **ગઢડામાં** શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બિરાજતા હતા. ત્યારે મૂળજી શેઠ પાસે બેઠા હતા, તેમને મહારાજે પૂછ્યું જે, “મૂળજી, તને ગણત્રી કેટલી આવડે છે ?” ત્યારે મૂળજી શેઠ બોલ્યા જે, “હે મહારાજ ! એક એકડા ઉપર સત્તર મીંડાં ચડે, ત્યારે એનું નામ એક પરાર્ધ કહેવાય છે; એટલું ગણત્રીનું માપ છે. તેથી અધિક ગણત્રી શાસ્ત્રમાં કહી નથી.” ત્યારે **મહારાજ બોલ્યા જે, “આ ફેરે મારે એટલા જીવોનો ઉદ્ધાર કરવો છે. એવો સંકલ્પ કરીને હું આ પૃથ્વી ઉપર આવ્યો છું. તે જ્યાં મુમુક્ષુ હશે ત્યાંથી લાવી લાવીને આ સત્સંગમાં જનમ ધરાવીને કલ્યાણ કરીશ.”** એમ શ્રીજીમહારાજ મૂળજી શેઠ પાસે બોલ્યા. એ વાત પૂરી થઈ. ॥૧૩૮॥

વાત - ૧૩૯

ગઢડામાં તીર્થવાસીને રાંધી ખાવા જગ્યા કરવાની વાત

એકવાર **ગઢડામાં** શ્રીજીમહારાજ ઘેલા નદીમાં ના'વા પધાર્યા હતા. ત્યાં કોઈ એક તીર્થવાસી સાધુ એ નદીને કાંઠે રસોઈ કરતો હતો. તે ફૂકી ફૂકીને બળતું કરે, ત્યાં મેઘના છાંટા આવે તે બળતું હોલવાઈ જાય. તેને જોઈને મહારાજે જીવા ખાચરને કીધું જે, "આ તીર્થવાસી મુસાફરને ઊતરવાની જાયગા ક્યાંઈ કરાવો તો સારું. આ બહુ દુઃખી થાય છે." ત્યારે જીવા ખાચર બોલ્યા જે, "એવા તો ઘણા રઝળતા ફરે છે. માટે એની સારુ જાયગા કોણ કરાવે ?"

પછી મહારાજ તો બોલ્યા નહીં ને દાદા ખાચરના દરબારમાં સભા કરીને બેઠા. ત્યારે દાદા ખાચરને મહારાજે કીધું જે, "આજ અમે નદીએ ના'વા ગયા હતા. ત્યાં એક તીર્થવાસી નદીને કાંઠે રસોઈ કરતો હતો. તે મેહને છાંટે કરીને બળતું વારે વારે હોલવાઈ જાતું હતું. તે એવા તીર્થવાસી રાંધી ખાય એવી જાયગા ક્યાંઈ છે ?"

ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "અમારો રહેણાકનો ઓરડો બહુ મોટો છે, એમાં ઘણા ચૂલા થાશે. માટે એ ઓરડો તીર્થવાસીને રાંધી ખાવા સારુ રાખો." એવું દાદા ખાચરનું વેણ સાંભળીને મહારાજ જીવા ખાચર સામું જોઈને બોલ્યા જે, "જુઓ જીવા ખાચર, તમને મેં કીધું ત્યારે તમે કેવો મને ઉત્તર દીધો ? ને આ દાદા ખાચરે કેવો ઉત્તર દીધો ? મારે વચને કરીને પોતાને રહેવાનો ઓરડો આપવા માંડ્યો. માટે આવા દાદા ખાચરના ગુણ જોઈને અમે એને ઘેરે રહ્યા છીએ." એમ જીવા ખાચરને મહારાજે કીધું. એ વાત પૂરી થઈ. ॥૧૩૯॥



વાત - ૧૪૦

પરશુરામ સાધુને મળ્યા અને મહારાજ માટે હાર આપ્યો

એકવાર મહારાજના પાંચ સાધુ **વિંધ્યાચલની ઝાડીમાં** ભૂલા પડી ગયા. તે ક્યાંઈ માર્ગ હાથ આવે નહિ ને મુંઝાણા. ત્યાં એક વડ હેઠે પુરુષ બેઠેલો ભાળ્યો. તે પુરુષ બેઠે બેઠે પાંચ હાથ તો ઊંચો, ને મોટી ને જાડી ભુજાઓ, મોટા ને જાડા પગ, મોટી આંખો, જાડું શરીર, ધોળો રાતાશદાર એવો દેહનો રંગ, એવા પુરુષને ભાળીને સાધુ ડર પામ્યા જે, 'આ કોણ હશે ?' ત્યારે એ પુરુષે સાધુને બોલાવ્યા જે, "તમે આંહીં આવો, બીશો મા." પછી સાધુ તેમની પાસે ગયા. ત્યારે તેમણે કીધું જે, "તમે સ્વામિનારાયણના સાધુ છો, તે હું જાણું છું. ને મહારાજ ગઢડામાં વિરાજે છે, તે તમે આ મારો હાર પહેરાવીને પગે લાગીને નમસ્કાર કરજો."

ત્યારે સાધુ બોલ્યા જે, "મહારાજ પાસે તમારું અમે શું નામ લઈએ ?" ત્યારે એ પુરુષે કીધું જે, "અમારા નામને એ જાણે છે." એમ કહીને સાધુને માર્ગ દેખાડ્યો, ને સાધુના પગ ઝાલીને પગે લાગ્યા. પછી ચાલી નીસર્યા. પછી સાધુએ ગઢડે આવીને એ સર્વે વાત કરી, ને મહારાજને હાર આપીને પૂછ્યું જે, "હે મહારાજ ! એ કોણ હતું ?" ત્યારે મહારાજ કહે, "એ તો પરશુરામ હતા." પછી એ હાર મહારાજે મૂળજી શેઠ પાસે બેઠા હતા તેમને આપ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૪૦॥



વાત - ૧૪૧

શ્રીહરિના વચને દાદા ખાચરે બહેનોને ગરાસ લખી દીધો

એકવાર **ગઢડામાં** શ્રીજીમહારાજે દાદા ખાચરને કીધું જે, "આ તમારો ગરાસ તમારી બે બેનોને લખી આપો." ત્યારે દાદા ખાચર કહે, "બહુ સારું." પછી લાધા ઠક્કરને બોલાવીને ગરાસ

લખી આપ્યો, ને દાદા ખાચરે સહી કરી દીધી. ત્યારે મહારાજ કહે, "દાદા ખાચર, તમે હવે શું ખાશો ?" ત્યારે દાદા ખાચર કહે, "હું ભાવનગર જઈ વજેસંગજીનો લેખ લખાવી આ ગઢડામાં ચાકર રહીશ. એ મને વરસ દિના એકસો રૂપિયા આપશે. તેમાં અમે બે માણસ નિભાવ કરશું."

ત્યારે મહારાજ કહે, "ભાવનગર જઈ લેખ કરાવો." પછી દાદા ખાચર ઘોડે ચડીને ભાવનગર ચાલ્યા, ત્યારે મહારાજે લાડુબાઈ ને જીવુભાઈને કીધું જે, "આ તમારા ગરાસનું કામ કોણ કરશે ?" ત્યારે એ બાઈએ કીધું જે, "અમને કોઈક માણસ રાખી આપો." ત્યારે મહારાજ કહે, "આ દાદા ખાચરને ચાકર રાખો, એટલે તમારું કામ એ સારું કરશે. ને વરસ દિવસના સો રૂપિયા પગાર આપશો, તે એનો નિભાવ પણ થાશે." ત્યારે જીવુબાઈ ને લાડુબાઈ કહે, "મહારાજ, એમ કરો."

પછી દાદા ખાચરને પાછા તેડાવીને વરસ દિવસના એકસો રૂપિયા ઠરાવી લેખ કરી આપ્યો. પછી બાર મહિના સુધી એ ગરાસની ઊપજ એ બે બાઈએ લીધી. પછી બીજું વરસ આવ્યું, ત્યારે મહારાજે એ બે બાઈઓને કીધું જે, "તમે સાંખ્યયોગી બાઈઓ, તે તમારે આ ગરાસની કડાકૂટ શા સારુ કરવી જોઈએ ? દાદા ખાચરને ગરાસ પાછો આપો." ત્યારે એ બાઈઓ કહે, "બહુ સારું મહારાજ." પછી એ ગરાસ દાદા ખાચરને પાછો આપ્યો. એવી રીતે મહારાજ દાદા ખાચરનું અંગ જોઈને બહુ રાજી થયા. એ વાત પૂરી થઈ. ॥૧૪૧॥



વાત - ૧૪૨

છોકરાને થપાટ મારી સર્પથી બચાવ્યો ને વળી રાજી કર્યો

એકવાર **ગઢડે** સભામાં મહારાજ બિરાજતા હતા. ત્યાં એક એરુ એ સભામાં આવ્યો. ત્યારે એક ટેલિયા સત્સંગી બ્રાહ્મણનો છોકરો એ એરુ પાસે વારેવારે આવે. તેને જોઈને મહારાજે પોતાને હાથે કરીને એ છોકરાને થપાટ મારી પાછો વાળ્યો. પછી એરુને તો ઝાલીને મૂકી આવ્યા. પછી પાછી સભા થઈ ને મહારાજ પણ સભામાં બેઠા, પણ બહુ ઉદાસ થઈ ગયા. તે એમ બોલ્યા જે, "આ અમારો હાથ ચમચમે છે, ત્યારે જેને મારો હાથ વાગ્યો હશે તેને તો બહુ દુઃખતું હશે ! માટે મારો હાથ કેને વાગ્યો છે ? તેને ગોતી લાવો."

પછી તો એ છોકરાને ગોતવા માંડ્યો, તે મંદિરની બારલીકોરથી એ છોકરો હાથ આવ્યો. ત્યારે એ છોકરાને સાધુએ શિખવાડ્યું જે, "છોકરા, તને મહારાજ કહેશે જે, 'માગ.' ત્યારે તું કહેજે, 'તમે કોઈનો થાળ જમતા નથી, તે હવેથી થાળ જે કરે તેનો જમજો.' એમ બોલજે." પછી એ છોકરાના બાપે વળી શીખવ્યું જે, "ફરીને તને કહેશે જે, 'માગ' તો તું મહારાજનાં ચરણારવિંદ માગજે." એમ કહીને એ છોકરાને મહારાજ પાસે લાવી ઊભો રાખ્યો.

ત્યારે મહારાજે એ છોકરાને પૂછ્યું જે, "તને મારો હાથ વાગ્યો ?" ત્યારે છોકરો કહે, "હા મહારાજ ! મને વાગ્યું." ત્યારે તે ટાણે કોઈ હરિભક્તે મહારાજની પૂજા કરી. તે એક પાઘડી ને થાળમાં સાકર ભરેલી ને બે રૂપિયા રોકડા મહારાજ આગળ ભેટ મૂક્યા. તે સર્વે મહારાજે એ છોકરાને આપ્યું ને બોલ્યા જે, "છોકરા, તું માગ. જે માગ તે આપું." ત્યારે છોકરો બોલ્યો જે, "તમે કોઈના થાળ જમતા નથી તે હવે થાળ જમો." ત્યારે મહારાજ સાધુ સામું જોઈને બોલ્યા જે,

"આ છોકરાને સાધુએ શિખવાડ્યું છે તે બોલે છે; પણ છોકરાએ માંગ્યું તે થાળ જમ્યા જોઈશે."

વળી છોકરાને મહારાજ કહે, "બીજું માગ." ત્યારે છોકરો કહે, "મને તમારા ચરણારવિંદની એક જોડ આપો." પછી તે મંગાવીને આપી. વળી મહારાજ બોલ્યા જે, "ત્રીજી વાર કંઈક માગ." ત્યારે એ છોકરાનો બાપ બોલ્યો જે, "હે મહારાજ ! તમે આ છોકરા ઉપર બહુ રાજી થયા, તે હવે આ છોકરાને શું બાકી રહ્યું છે !" પછી મહારાજે પોતાનાં બે ચરણારવિંદ એ છોકરાની છાતીમાં આપ્યાં. ને એમ બોલ્યા જે, "તારું ને તારા બાપનું કલ્યાણ કરીશ." એમ એ છોકરા ઉપર રાજી થયા ત્યારે પોતાની ઉદાસી મટી. એ વાત પૂરી થઈ. ॥૧૪૨॥



વાત - ૧૪૩

ગરીબ છોકરાને શ્રીહરિમાં હેત થવાથી ઇન્દ્રપદ આપ્યું

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે જીવા ખાચરના દરબારમાં બેઠા હતા. ત્યાં માંગણ લોકના બે છોકરા આવીને મહારાજ પાસે બોલ્યા જે, "બાપજી, અમે ભૂખ્યા મરીએ છીએ. તે અમને કાંઈક ખાવા આપો. આ કાળ વરસનું અમને ગામમાં ક્યાંઈ મળ્યું નથી." પછી મહારાજે બાજરાના જાડા ચાર રોટલા મંગાવીને એ છોકરાને આપ્યા. ત્યારે એ છોકરા બોલ્યા જે, "આ ચાર રોટલા બહુ મોટા છે, તે અમે બે રોટલે બે જણા ધરાશું, ને બે રોટલા પછી ખાવા થાશે. તે તમે તો અમને ન્યાલ કરી નાંખ્યા !" એમ કહીને મહારાજ સામું ઘણીવાર સુધી જોઈ રહ્યા ને પછી ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ છોકરાને ચાર રોટલા આપ્યા, તેણે કરીને મારી ઉપર એને બહુ હેત આવ્યું છે. માટે એ બેય છોકરા ઇન્દ્ર થાશે." એમ શ્રીજીમહારાજ બોલ્યા. એ વાત પૂરી થઈ. ॥૧૪૩॥

વાત - ૧૪૪

જામનગર મોકલેલ સંતમંડળ પર ખપની વાર્તાનો પત્ર

એકવાર શ્રીજીમહારાજે ત્રણસો સાધુનાં બે મંડળ કર્યાં. તેમાં એક મંડળ **સુરત** મોકલ્યું ને એક મંડળ **જામનગર** મોકલ્યું. પછી જામનગરવાળા મંડળને તો ભિક્ષાનું પૂરું થાય નહીં, ને અકેક જણને લીંબુ જેવડો ગોળો આવે તે ખાઈને રહે. એમ કેટલાક દિવસ તો કાઢ્યા. પછી મહારાજને જામનગરથી સાધુએ કાગળ લખ્યો જે, "આંહીં તો ભિક્ષાનું પૂરું થાતું નથી. લીંબુ જેવડા ગોળા ખાઈને તમારું ભજન કરીએ છીએ. હવે કેમ કરીએ ?"

ત્યારે મહારાજે કાગળ વાંચીને તેનો ઉત્તર લખ્યો જે, "આગળ એક મોટા સદ્‌ગુરુ હતા. તેમની પાસે એક સેવક આવ્યો, ત્યારે ગુરુ બોલ્યા જે, 'ભાઈ, તું આવ્યો તો ખરો, પણ શું ખાઈશ ? મારે તો એક શેર ચોખા આવે છે, તેમાં મારું પૂરું થાય છે.' ત્યારે તે શિષ્ય બોલ્યો જે, 'હે મહારાજ ! એ ચોખાનું ઓસામણ નીકળશે તે ખાઈશ.' એમ કહીને એ સેવક રહ્યો.

ત્યાં તો બીજો સેવક આવ્યો, ને તેણે ગુરુ પાસે રહેવા આજ્ઞા માંગી. ત્યારે ગુરુ બોલ્યા જે, 'ભાઈ, તું શું ખાઈશ ?' ત્યારે તે સેવક બોલ્યો જે, 'આ પ્રથમ સેવક આવ્યો છે, તે શું ખાય છે ?' ત્યારે ગુરુ બોલ્યા જે, 'મારે ખાવા એક શેર ચોખા આવે છે, તે ચોખાનું ઓસામણ ખાય છે.' ત્યારે એ બીજો સેવક બોલ્યો જે, 'હું એ ચોખાનું ધોવરામણ ખાઈશ.' પછી એ સેવક પણ રહ્યો.

ત્યાં તો ત્રીજા સેવકે આવીને ગુરુ પાસે રહેવાની આજ્ઞા માંગી. ત્યારે ગુરુ બોલ્યા જે, 'ભાઈ, તું રહીશ તો ખરો, પણ શું ખાઈશ?' ત્યારે તે સેવક બોલ્યો જે, 'પ્રથમ આ બે સેવક આવ્યા છે, તે શું ખાય છે ?'

ત્યારે ગુરુ બોલ્યા જે, 'મારે એક શેર ચોખા આવે છે, તેનું ઓસામણ એક જણ ખાય છે ને એક જણ ચોખાનું ધોવરામણ ખાય છે.' ત્યારે તે શિષ્ય બોલ્યો જે, 'ચોખા રાંધ્યાની હાંડલીનું ધોવરામણ હું ખાઈશ.' એમ કહીને એ સેવક રહ્યો.

ત્યાં તો ચોથો સેવક આવ્યો, ને તેણે ગુરુ પાસે રહેવાની આજ્ઞા માંગી. ત્યારે ગુરુ બોલ્યા જે, 'ભાઈ, તું રહીશ તો ખરો, પણ શું ખાઈશ ?' ત્યારે તે શિષ્ય બોલ્યો જે, 'આ આગળ ત્રણ સેવક આવ્યા છે, તે શું ખાય છે ?' ત્યારે ગુરુ બોલ્યા જે, 'મારે જમવા એક શેર ચોખા આવે છે, તેનું ઓસામણ એક ખાય છે ને બીજો એ ચોખાનું ધોવરામણ ખાય છે ને ત્રીજો ચોખા રાંધ્યાની હાંડલીનું ધોવરામણ ખાય છે.' ત્યારે ચોથો શિષ્ય બોલ્યો જે, 'તમે જમીને ચળું કરશો, તેની એંઠવાણી હું ખાઈશ.' એમ કહીને એ ચોથો શિષ્ય પણ રહ્યો.

માટે જેને કલ્યાણનો ખપ હતો, તે આગળ આવાં આવાં ભૂખનાં દુઃખ સહન કરીને રહેલા છે. માટે તમે આનંદમાં રહીને ભગવાનનું ભજન કરજો." એવો મહારાજનો કાગળ આવ્યો, તેને વાંચીને સર્વે સંત એમ બોલ્યા જે, "ટૂકટૂક થઈ જઈએ, પણ મહાપ્રભુજીની આજ્ઞા લોપવી નથી." પછી કેટલેક દાડે મહારાજે એ સંતને તેડાવી લઈને અતિ અનવધિક સુખ આપ્યું. એ વાત પૂરી થઈ. ॥૧૪૪॥



વાત - ૧૪૫

બોટાદમાં શ્રીહરિએ ભગવદાશ્રયની મહત્તા કહી

એકવાર શ્રીજીમહારાજ **બોટાદમાં** સભા કરીને બિરાજમાન હતા. ત્યારે ગામ **લાલિયાદના** દરબાર રતનસિંહજી આવ્યા. તેમણે ચાર સેરુનો મોતીનો તોરો શ્રીજીમહારાજની પાઘમાં ધરાવ્યો ને પગે લાગીને બેઠા.

પછી મહારાજે પાઘમાંથી એ તોરો પોતાના હાથમાં લઈને એક સેર તોડીને મુક્તાનંદસ્વામીને આપી. ને એમ બોલ્યા જે, "સ્વામી, (દારુ, માટી, ચોરી, અવેરી) આ ચાર વર્તમાન છે, તેમાંથી ત્રણ પાળશે, તોપણ હું તેનું કલ્યાણ કરીશ."

એમ કહીને બીજી સેર બ્રહ્માનંદસ્વામીના ખોળામાં ઉડાડી નાંખી, ને બોલ્યા જે, "બે વર્તમાન પાળશે, તેનું પણ મારે કલ્યાણ કરવું છે." પછી ત્રીજી સેર નિત્યાનંદસ્વામીના ખોળામાં ઉડાડી નાંખી, ને બોલ્યા જે, "એક વર્તમાન પાળશે, તો તેનું પણ મારે કલ્યાણ કરવું છે." પછી ચોથી સેર લઈને ગોપાળાનંદસ્વામીના ખોળામાં ઉડાડી નાંખી, ને બોલ્યા જે, "એકેય વર્તમાન નહિ પાળે, ને **જો મારા સ્વરૂપનો અડગપણે નિશ્ચયે કરીને દૃઢ આશરો કર્યો હશે, તો તેનું પણ મારે કલ્યાણ કરવું છે."** એવી રીતે શ્રીજીમહારાજે પોતાના પ્રતાપની વાત સૌને જણાવી. એ વાત પૂરી થઈ. ॥૧૪૫॥



વાત - ૧૪૬

મહારાજે મૂળજી શેઠને અક્ષરધામના પ્રગટ મુક્તો ઓળખાવ્યા

એકવાર શ્રીજીમહારાજે મૂળજી શેઠને કીધું જે, "આજ તો આપણા સંપ્રદાયમાં બદરિકાશ્રમના મુક્ત પણ આવ્યા છે, શ્વેતદ્વીપના મુક્ત પણ આવ્યા છે, ગોલોકના મુક્ત પણ આવ્યા છે ને અક્ષરધામના મુક્ત પણ આવ્યા છે." ત્યારે મૂળજી શેઠ બોલ્યા જે, "અક્ષરના મુક્ત તે કોણ કોણ હશે ? એ અમારાથી કેમ ઓળખાય ? માટે હે મહારાજ ! એ તો કૃપા કરીને તમે ઓળખાવો તો ઓળખાય."

ત્યારે મહારાજ બોલ્યા જે, "અકેકો લ્યો, તમને બતાવું." એમ કહીને મહારાજ બોલ્યા જે, **"આ મુક્તાનંદસ્વામી ત્યાગીમાં છે, તે**

અક્ષરમુક્ત છે; બ્રહ્મચારીમાં મૂળજી બ્રહ્મચારી તે અક્ષરમુક્ત છે; ગૃહસ્થમાં પર્વતભાઈ તે અક્ષરમુક્ત છે ને બાઈઓમાં રાજબાઈ તે અક્ષરમુક્ત છે. એ આ ચાર આશ્રમમાં ચાર તમને ઓળખાવ્યા. બીજા ઝાઝા હવે તમને નહિ બતાવીએ." એમ શ્રીજીમહારાજે મૂળજી શેઠને વાત કરી. એ વાત પૂરી થઈ. **॥૧૪૬॥**



વાત - ૧૪૭

અન્ન ખૂટવાના સંકલ્પ કરતા પટેલને શ્રીહરિનો ઉપદેશ

એક ગામમાં (ડાંગરવામાં જતનફઈના બાપા વેણીદાસ) પટેલને ઘેર શ્રીજીમહારાજ રહેતા હતા. તે મહારાજને દર્શને ઘણા માણસ જાય-આવે તેને રોટલા ખવરાવા પડે. ત્યારે એ પટેલને એવો સંકલ્પ થયો જે, 'આપણા ઘરમાં ઘઉં હતા તે વરી ગયા. હવે વાવ્યા જેટલા રહ્યા છે, તે પણ જો મહારાજ રહેશે તો વરી જાશે. માટે મહારાજ જાય તો ઠીક.'

એવો એ પટેલનો સંકલ્પ જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "પટેલ, તમે એવો સંકલ્પ કરશો મા. અમે તો કેવા છીએ ? એકવાર અમે જે દિવસ એકલા ફરતા ત્યારે વગડામાં ભૂખ્યા થયા. ત્યારે એક ભાટ સાંતીડું હાંકતો હતો, તેની પાસે જઈને ખાવા માંગ્યું. ત્યારે તે ભાટે જારનો લોટ એક શેર મને આપ્યો. મેં તેના બે રોટલા કરીને ખાધા, તે ધરાઈ રહ્યો.

પછી મેં વિચાર કર્યો જે, 'આ ભાટ ગરીબ માણસ છે. તેને નાના નાના બળધિયા છે, ને જાર ઢૂંઢે(બેલી હાંકી ખડ કાઢે) છે, તે પણ ઢીંચણ જેવડી છે, કાંઈ સારી નથી. ને જાર ખાવા મળે છે. માટે આનું ખેતર સારું પાકે તો ઠીક.' એમ અમે મનમાં ધારીને ચાલી નીસર્યા.

પછી એ ખેતરમાં છસેં મણ જાર થઈ. માટે જ્યાં અમે રહીએ ત્યાં ઘી, ગોળ, દાણા, રૂપિયા એ કાંઈ ખૂટે જ નહીં. માટે તમારે એવા સંકલ્પ કરવા નહીં."

પછી પટેલે બે હાથ જોડી ચરણારવિંદમાં મસ્તક નમાવીને કીધું જે, "હા મહારાજ ! મારી મૂર્ખાઈથી એવો સંકલ્પ મારે થયો ખરો !" પછી એ પટેલના ઘરમાં બહુ સમૃદ્ધિ થઈ. ત્યારે તેમણે જાણ્યું જે, 'આ તો મહારાજે આપ્યું છે.' એ વાત પૂરી થઈ. **॥૧૪૭॥**



વાત - ૧૪૮

ધોરાજીમાં દરબાર હઠીભાઈને કલ્યાણનો કોલ આપ્યો

એકવાર શ્રીજીમહારાજ ગામ **ધોરાજીએ** એક રજપૂત સત્સંગીને ઘેર પધાર્યા. ત્યારે તે ગામમાં **ગોંડલના** દરબાર હઠીભાઈ હતા, તેમને ખબર થઈ. ત્યારે તે દરબાર પોતાના ચાકરને કહે, "ચાલો, આપણે એ રજપૂતને ઘેરે સ્વામિનારાયણ પાસે જાઈએ." ત્યારે તે ચાકર બોલ્યો જે, "એ બાવા પાસે આપણે દરબારને જાવું તે ઠીક નહીં." તોપણ દરબાર કહે, "ચાલો, જાવું છે." એમ કહી તૈયાર થયા.

ત્યારે મહારાજને ખબર થઈ જે, 'દરબાર આવે છે.' ત્યારે મહારાજે એ રજપૂતને પૂછ્યું જે, "દરબાર તમારે ઘેરે આવે તો તમારે કાંઈ ખરાજાત(ખર્ચ) થાય ?" ત્યારે તે રજપૂત કહે, "હા મહારાજ ! મારે કસુંબો ને મીઠાઈનું ખર્ચ કરવું પડે." ત્યારે મહારાજ કહે, "અમે આંહીં નહિ રહીએ." એમ કહીને મહારાજ તો એ ગામમાં કુંભાર સત્સંગી હતો તેને ઘેરે ગયા. અને હઠીભાઈ એ રજપૂતને ઘેર આવ્યા, ત્યાં સાંભળ્યું જે, 'મહારાજ તો આંહીંથી કુંભારને ઘેર ગયા.' ત્યારે જે ચાકર ના પાડતો હતો તે બોલ્યો જે, "જુઓ સાહેબ, બાવાનું તે

ઠેકાણું હોય ? હવે ચાલો દરબારમાં પધારો." ત્યારે હઠીભાઈ બોલ્યા જે, "કુંભારને ઘેર જાશું, પણ સ્વામિનારાયણને તો આજ જોવા છે ખરા."

એમ કહી દરબાર કુંભારને ઘેર ગયા. ત્યારે મહારાજે કુંભારને કહ્યું જે, "દરબારને ગુણો(કોથળો) નાખી દે." પછી દરબાર આવી મહારાજને પગે લાગીને ગુણો ઉપર બેઠા ને મહારાજ પણ ગુણો ઉપર જ બેઠા હતા. પછી મહારાજને પાણી પીવું હતું, તે સેવકે એક માટીનો ચંબુ(ઊંચા ને સાંકડા મોંઢાવાળો કુંજો) ટાઢા પાણીનો ભરેલો મહારાજના હાથમાં આપ્યો; તે મહારાજે પીવા માંડ્યું. પછી મહારાજે એ દરબારને કહ્યું જે, "આ પાણી બહુ ટાઢું છે, તમે પીશો ?" ત્યારે દરબાર કહે, "તમારે પીવાનું છે, તે કેમ પિવાય ?" ત્યારે મહારાજ કહે, "પીવો." પછી દરબારે પાણી પીવા માંડ્યું. ત્યારે મહારાજ કહે, "એ ચંબુ મોઢે માંડીને પીવો."

પછી દરબાર પાણી પી રહ્યા, ત્યારે મહારાજે વાતો કરવા માંડી. તે ઘણી વાતો કરી, ને મહારાજ કહે, "હવે વર્તમાન લો." ત્યારે હઠીભાઈ બોલ્યા જે, "એ ચાર નીમ તો મારાથી નહિ પળે. ચોરી ને અવેરી એ બે નીમ તો હું પાળીશ." ત્યારે મહારાજ બોલ્યા જે, "બે નીમ પાળશો તોપણ તમારું કલ્યાણ આ મુક્તાનંદસ્વામીની બરોબર કરીશ." એવું એ હઠીભાઈને વચન આપ્યું. એ વાત પૂરી થઈ. ॥૧૪૮॥



વાત - ૧૪૯

શ્રીહરિને ઠંડું પાણી પાનાર ભરવાડની ચાર પેઢીનું કલ્યાણ

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** જાતા હતા ને ભેગા કાઠીના સ્વાર પણ હતા. તે વગડામાં જાતાં જાતાં મહારાજ તરસ્યા થયા ને પાણી માગ્યું. ત્યારે તે ટાણે કોઈની પાસે પાણી ન મળે. પછી અલૈયા

ખાચર ઘોડું દોડવી પાણી લેવા ગયા. ત્યાં એક ભરવાડ આવે ને તેને માથે પાણીનો મોરિયો(ઘડો), તે જોઈને અલૈયા ખાચરે પૂછ્યું જે, "આ પાણી કેવું છે ?" ત્યારે ભરવાડ કહે, "કુંભારને ઘેરથી કોરો મોરિયો લઈને નદીએથી ભરી લાવ્યો છું."

ત્યારે અલૈયા ખાચર કહે, "અમારા મહારાજ તરસ્યા છે, તેને માટે આ પાણી આપીશ ?" ત્યારે ભરવાડ કહે, "ચાલો, હું પાવા આવીશ." એમ કહી ભરવાડ તો અલૈયા ભેગો ચાલ્યો. ત્યારે અલૈયે એ ભરવાડને કીધું જે, "એ મહારાજ તને કહેશે જે, 'કંઈક મારી પાસે માગ.' ત્યારે તું એમ કહેજે, 'મારું કલ્યાણ કરો.' પણ ભૂલેચૂકે બીજું કાંઈ માગીશ નહીં."

પછી ભરવાડે તો આવીને મહારાજને પાણી પાયું. ત્યારે મહારાજ કહે, "આ કોરા મોરિયામાં પાણી બહુ ઠર્યું છે." એમ કહીને ભરવાડને કહે, "તું માગ, જે માગે તે આપું." ત્યારે ભરવાડ કહે, "મહારાજ, મારું કલ્યાણ કરો." ત્યારે મહારાજ બોલ્યા જે, "તારું તો કલ્યાણ થયું, પણ તારી ચાર પેઢીનું કલ્યાણ થાશે !" એવી રીતે એ ભરવાડ ઉપર રાજી થયા. એ વાત પૂરી થઈ. ॥૧૪૯॥



વાત - ૧૫૦

યુદ્ધમાં ઘવાયેલ પાર્ષદોની મહારાજે મૃત્યુથી રક્ષા કરી

એકવાર શ્રીજીમહારાજ **ગઢડામાં** બિરાજતા ને પોતાના તેર પાળા માંડવધારની સીમમાં પાણા કાઢવા સારુ ગયા હતા. ત્યારે ભડલીવાળો ભાણ ખાચર પોતાના સીમાડાની તકરાર સારુ વેર લેવા, હથિયારબંધ બસેં માણસ ભેગું લઈને એ પાળાને મારવા સારુ આવ્યો. ને લડાઈ થઈ તેમાં ભાણ ખાચરના મોટા મોટા ભાવર લોક હતા, તે મરાણા

ને કેટલુંક માણસ ઘવાયું ને પાછું ભાગ્યું. અને આ તેર પાળા હતા, તે પણ ઘવરાણા. તેમાં એક ભગુજીને અઢાર ઘા થયેલા, ને રતનજીનું હાથનું કાંડું પડી ગયેલ એવા ઘવરાણા, પણ કોઈનું મૃત્યુ થયેલ નહીં.

પછી એની મહારાજને ખબર થઈ, તેથી માણસ મોકલી ખાટલે નાખી એ તેરેય લોથ્યું(મૃતપ્રાયઃ પાળાઓને) ગઢડે લાવ્યા. પછી તેના ઘા ભંગાવ્યા, ટેભા લેવરાવ્યા, પાટા બંધાવીને એકાંત જગ્યામાં સુવાડ્યા. પછી મહારાજ જોવા આવ્યા. તે જોઈને બેચર ચાવડાને પૂછ્યું જે, “તારે કાંઈ ઘાટ થાય છે ? ત્યારે બેચર ચાવડો બોલ્યો જે, “હે મહારાજ ! બીજો મરવા-જીવવાનો તો કાંઈ ઘાટ થાતો નથી, પણ એટલો ઘાટ થાય છે જે, જગતમાં એમ કહેવાશે જે, ‘સ્વામિનારાયણના પાળાને ભાવરે માર્યા.’ એટલી ખોટ બેસશે.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આ તેરેયનું મૃત્યુ આવ્યું છે, પણ મારે કોઈને મરવા દેવો નથી.” એમ કહીને સચ્ચિદાનંદસ્વામીને બોલાવીને કીધું જે, “તમે આંહીં બેસો ને કાળને માંઈ ગરવા દેશો નહીં. એ આગળ તમારાં કરેલ કામો છે.(આગળ તમે આવું કામ કરેલ છે.)” ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે, “ઠીક મહારાજ.” એમ કહીને એ પાળાની રક્ષા કરવા બેઠા.”

ત્યારે જીવા ખાચરને એમ થયું જે, ‘આ તેરમાં કોઈ મરાણો નહીં. માટે આમને કાંઈક ચમક(ઉશ્કેરાટ-બહેકાટ; લડવાની ચાનક) થાય તો મરે ખરા.’ પછી ઢોલ વગડાવે, બંધૂકોના ભડાકા કરાવે, પણ એ કોઈ પાળાને ચમક કે સનેપાત(બકવાટ) તે કાંઈ ન થયું. ને ઘવાયાની પીડા પણ ન થઈ ને તરત ઘા રુઝાઈ ગયા. એવી રીતે શ્રીજીમહારાજે એ પાળાઓની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. **॥૧૫૦॥**



વાત - ૧૫૧

શ્રીહરિને પાણી પાવા બ્રહ્મચારીએ શરીર પડતું મેલ્યું

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** ચોકમાં સભા કરીને બેઠા હતા. મૂળજી બ્રહ્મચારી મંદિરના પરથાર ઉપર બેઠા હતા. ત્યારે મહારાજે બ્રહ્મચારી પાસે પાણી માંગ્યું. ત્યારે બ્રહ્મચારીએ એ પરથાર ઉપરથી પડતું મેલીને મહારાજને પાણી લાવીને પાયું. ત્યારે મહારાજ એ સભામાં બોલ્યા જે, "આ મૂળજી બ્રહ્મચારીએ પડતું મેલ્યું તે હાડકાં ભાંગી જાય એનો એને ડર લાગ્યો નહીં. એક મારાં વચન સામી જ એની દૃષ્ટિ છે જે, 'રખે મહારાજને પાણી પાતાં વાર લાગે નહીં !' એવું મારી ઉપર એને અસાધારણ હેત છે." એમ કહી બહુ વખાણ કર્યાં.

✳ મૂળજી બ્રહ્મચારીની બ્રહ્મરૂપ સ્થિતિ :

વળી એક દિવસ **ગઢડામાં** શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને કીધું જે, "તમે બ્રહ્મચારી થઈને ડોસીઓ સાથે બોલો છો, તે ઠીક નહીં. હવે બોલશો નહીં." ત્યારે બ્રહ્મચારી કહે, "હવે નહિ બોલું." પછી બીજો દાડો થયો ને મહારાજનો થાળ થયો. ત્યારે લાડુબાઈ કહે, "મૂળજી બ્રહ્મચારી, મહારાજને કહો જે થાળ થયો છે." ત્યારે બ્રહ્મચારી કહે, "લાડુબાઈ, હવે તમારી સાથે હું નહિ બોલું. મહારાજે મને ના પાડી છે."

તે સાંભળીને મહારાજ મોઢા આડો રૂમાલ દઈને હસીને બોલ્યા જે, "આ બ્રહ્મચારી કાંઈ આ ડોસીઓ સાથે બોલે છે, અને એમ જાણે છે જે, 'આ તો હું નથી બોલતો." એમ કહીને મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "તમો તો બોલજો અમારી આજ્ઞા છે." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "હું તો તમારી સારુ બોલું છું, નહિ તો મારે બાઈઓ સાથે બોલવાનું શું કામ જ હોય !" ત્યારે મહારાજ બોલ્યા જે, "આની દૃષ્ટિ તો બ્રહ્મસ્થિતિને પામી ગઈ છે." તે ઘણીવાર સુધી વાત કરી. એ વાત પૂરી થઈ. **॥૧૫૧॥**

વાત - ૧૫૨

વડતાલ જતા માર્ગમાં ભગુજીએ દ્વેષી બાવાને માર્યો

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** જાતા હતા, ને કાઠીઓના ઘણા સ્વારો ભેગા હતા, ને બ્રહ્માનંદસ્વામી પણ ઘોડે ચડ્યા હતા. તે કોઈક ગામને પાદર જઈ ઝાડ હેઠે સૌ ઊભા રહ્યા. ત્યાં એક મોટી દાઢીવાળો ખાખી બાવો આવ્યો. તે બ્રહ્માનંદસ્વામીના ઘોડાનું ચોકડું ઝાલીને બોલ્યો જે, "જીવનમુક્તિ ખડી રે, કહાં ચલી ચલી જાતી હે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "બાવાજી, અમારો વાંક નથી. આ ઘોડાં ઊભાં છે, તેમાં વચ્ચે ઓલ્યો છોગાવાળો ઊભો છે, તેણે અમને આવા કર્યા છે. તે એનો વાંક છે, તમે એને કહો." ત્યારે બ્રહ્માનંદસ્વામીને પડતા મૂકીને એ બાવો મહારાજની ઘોડીના ચોકડાને બાઝ્યો.

પછી ભગુજી આવ્યા તે બાવાને ખૂબ કુણિયાવ્યો(કોણીએ કોણીએ મારીને કૂણો કર્યો) ને દાઢીના મોવાળા ખેંચી કાઢ્યા. પછી બાવો ભાગી ગયો. ત્યારે મહારાજ બોલ્યા જે, "જુઓને, કેવા મૂર્ખ માણસ થાય છે ! જ્ઞાનમાર્ગ તો ન સમજ્યા, પણ વેવારમાંય ન સમજ્યો. કેમ જે, એમ ન વિચાર્યું જે, 'આ ઝાઝા ઘોડાવાળા ઊભા છે, તેમાં હું એકલો જ છું; તે ઘસારો પામીશ." એમ મહારાજે વાત કરી. એ વાત પૂરી થઈ. ॥૧૫૨॥



વાત - ૧૫૩

મુક્તમુનિ ને બ્રહ્મમુનિના અબોલા દૂર થયા

એકવાર **ગઢડામાં** મુક્તાનંદસ્વામીને અને બ્રહ્માનંદસ્વામીને એક શિષ્ય સારુ કાંઈ વાંધો પડ્યો. તે બે ત્રણ દિવસ સુધી એકબીજા બોલ્યા નહીં, અબોલા રાખ્યા. પછી મહારાજને એ વાત કોઈકે કરી,

ત્યારે સભા થઈ. ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે તો મુક્તાનંદસ્વામીને ગુરુ જાણો છો ને તેમની સાથે બે ત્રણ દિવસથી બોલતા નથી, તે એમ કેમ રાખ્યું છે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એ તો તમારો વાંક છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એમાં અમારો શો વાંક છે ?"

ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "પ્રથમ હું જ્યારે મારી આયુષ્ય ભોગવતો હતો, તે દિવસ તો મારે કોઈ દિવસ મુક્તાનંદસ્વામીનો અવગુણ આવતો જ નહીં, પણ તે મારી આવરદા તો આવી રહી હતી. પછી તમે ડોસીઓની આવરદા મને આપીને જીવાડ્યો છે. તે આ સમે કોઈક વઢકણી ડોસીની આવરદાનો વારો આવ્યો હશે, તેમાં મારે સ્વામીનો અભાવ આવ્યો." એમ કહીને ઊઠીને મુક્તાનંદસ્વામીને દંડવત કર્યો. પછી હસીને બોલ્યા ને એકબીજાને અવગુણ આવ્યા હતા તે નાશ પામ્યા. એ વાત પૂરી થઈ. **॥૧૫૩॥**



વાત - ૧૫૪

શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીને શ્રીકૃષ્ણ જેવા સમર્થ કહ્યા

એકવાર **ગઢડા** મધ્યે શ્રીજીમહારાજ સભામાં બેઠા હતા, ને સર્વે સંત-હરિજન પણ હતા, ને એક તરફ ડોસીઓની સભા પણ હતી. ત્યારે શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, "તમારામાં જેવું સમર્થપણું છે, તેની વાત કરો." ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "આ બ્રહ્માંડને આ પડથી આ પડ કરું, એટલું સમર્થપણું મારામાં છે." પછી મહારાજ કહે, "ઊભા થઈને સૌ સાંભળે એમ બોલો." પછી ગોપાળાનંદસ્વામી ઊભા થઈને બોલ્યા જે, "આ બ્રહ્માંડને આ પડથી આ પડ કરું, એવી સામર્થી તો મારામાં છે."

पछेरावातसांभलीनेडोसीउंबोलीजेहेमहाराजअमेतो
गोपालस्वामीनेउनमतसरखाजांणतानेआतोबहुभारेसामृथप
णुंकीधुंतारेश्रीजीमहाराजबोल्याजेएतोश्रीकृष्णजेवासमृथछे

પછી એ વાત સાંભળીને ડોસીઓ બોલી જે, “હે મહારાજ ! અમે તો ગોપાલસ્વામીને ઉન્મત્ત સરખા જાણતા, ને આ તો બહુ ભારે સમર્થપણું કીધું !” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “એ તો શ્રીકૃષ્ણ જેવા સમર્થ છે.” એ વાત પૂરી થઈ. **॥૧૫૪॥**



વાત - ૧૫૫

મહારાજે મુક્તાનંદસ્વામીનું સામર્થ્ય કહ્યું

એકવાર શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, “સ્વામી, તમારામાં કેવું સમર્થપણું છે ?” ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “મારામાં સમર્થપણું તો મને કાંઈ જણાતું નથી.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “સ્વામી, તમે તો મહા સમર્થ છો, પણ તમને તમારા સમર્થપણાની ખબર નથી. કેમ જે, મારું અક્ષરધામ છે તે તો ઘણું છેટે છે, ને ત્યાં પહોંચવું તે તો અતિ અગમ્ય છે; પણ તમે જે પુરુષને હાથે ઝાલીને ફેંકો છો, તેને અક્ષરધામમાં પહોંચાડી દો છો. એવું સમર્થપણું તમારે વિષે છે.” એમ શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીના સમર્થપણાની વાત કરી. એ વાત પૂરી થઈ. **॥૧૫૫॥**



વાત - ૧૫૬

શ્રીહરિએ બુરાનપુરના બિંદાને દૃઢ નિશ્ચય કરાવ્યો

એકવાર શ્રીજીમહારાજના (નરોનારાયણાનંદસ્વામી વગેરે) સાધુ **બુરાનપુર** ગયા હતા. ત્યાં એક બિંદો એવે નામે વાણિયો હતો. તેને સાધુએ મહારાજના પ્રગટપણાની વાત કરી. ત્યારે તે વાણિયો સાધુ ભેગો ગઢડે આવ્યો ને મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે તે વાણિયાને મહા ઉદ્‌વેગ થઈ ગયો ને એમ વિચાર થયો જે, 'આ સાધુને કીધે મેં ચારસેં ગાઉનો ધક્કો ખાધો, ને આ મહારાજ તો મનુષ્ય છે; ભગવાન ક્યાં છે !' એવા વિચારમાં પડ્યો.

ત્યારે મહારાજે એની સામું જોયું તો એને સમાધિ થઈ ગઈ. તે આગળ મહારાજની મૂર્તિ ને વાંસે એ (એમ) બદરિકાશ્રમમાં ગયા. ત્યારે નરનારાયણે ઊભા થઈને મહારાજને નમસ્કાર કર્યા ને પોતાના સિંહાસન ઉપર મહારાજને બેસાર્યા ને પોતે મહારાજની પૂજા કરી. પછી મહારાજ બોલ્યા જે, "બિંદા, આ મારું બદરિકાશ્રમ ધામ છે."

પછી ત્યાંથી બિંદાને લઈને શ્વેતદ્વીપમાં ગયા, ત્યારે વાસુદેવ ભગવાને ઊભા થઈ મહારાજને નમસ્કાર કર્યા ને પોતાના સિંહાસન ઉપર મહારાજને બેસાર્યા ને પોતે મહારાજની પૂજા કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "બિંદા, આ મારું શ્વેતદ્વીપધામ છે."

પછી ત્યાંથી એને લઈને ગોલોક ધામમાં ગયા. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ઊભા થઈ મહારાજને નમસ્કાર કર્યા ને પોતાના સિંહાસન ઉપર બેસારીને પૂજા કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "બિંદા, આ મારું ગોલોકધામ છે." પછી ત્યાંથી બિંદાને લઈને શ્રીજીમહારાજ અક્ષરધામમાં ગયા. ત્યાં તો પોતાની જ મૂર્તિ હતી. પછી તેને કીધું જે, "જો, આ મારું મૂળ ધામ છે ને હું આ ધામમાં રહું છું."

પછી બિંદાને સમાધિ ઊતરી, ત્યારે તે ઊઠીને મહારાજના પગમાં પડીને બોલ્યો જે, “હે મહારાજ ! હવે મારે કાંઈ સંશય નથી.” ત્યારે શ્રીજીમહારાજ કહે, “આ શેનું ઝાડ છે ?” ત્યારે બિંદો કહે, “એ લીંબડો છે.” ત્યારે મહારાજ કહે, “એ તો આંબો છે.” ત્યારે બિંદો બોલ્યો જે, “હે મહારાજ ! જેવો લીંબડાનો નિશ્ચય કર્યો છે, એમ જ મેં તમારા સ્વરૂપનો નિશ્ચય કર્યો છે; તે હવે ફરે તેવો નથી.” એવી રીતે બિંદાને નિશ્ચય થયો. એ વાત પૂરી થઈ. **॥૧૫૬॥**



વાત - ૧૫૭

ગઢપુરમાં ખાખીરૂપે આવેલા શિવજીને જલેબી આપી

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે સાધુની પંગતમાં જલેબી પીરસતા હતા. ત્યાં એક મોટી જટાવાળો અવધૂત ખાખી આવ્યો. તેણે મહારાજને નમસ્કાર કર્યા. ત્યારે મહારાજ કહે, “જમવા બેસો.” ત્યારે તે ખાખી જમવા બેઠો. એટલે મહારાજે એક ટોપલો જલેબી પીરસી, તે જમી ગયા. પછી જમી ઊઠીને મહારાજને અને સંતને નમસ્કાર કરીને ચાલી નીસર્યા. તે ખડકી બહાર નીકળ્યા.

ત્યારે મહારાજ બોલ્યા જે, “મુક્તાનંદસ્વામી, તમે એ ખાખીને ઓળખ્યા ?” ત્યારે મુક્તાનંદસ્વામી કહે, “ના મહારાજ.” ત્યારે મહારાજ કહે, “એ તો શિવજી હતા, તે પ્રસાદી જમવા આવેલા. હવે ગોતો જોઈએ, ક્યાંઈ ભાળો છો ?” પછી બારલીકોર એ ખાખીને ગોતવા માંડ્યા, પણ અદૃશ્ય થઈ ગયા તે ક્યાંઈ મળ્યા નહીં. એ વાત પૂરી થઈ. **॥૧૫૭॥**



વાત - ૧૫૮

દેવળિયાનાં કેશાબાને દિવ્યતા બતાવી નિશ્ચય દઢ કરાવ્યો

એકવાર ગામ **દેવળિયાવાળા** જાલમસિંહજીની માતા બાઈ કેશાબાને સત્સંગ થયો. તે પ્રથમ ગઢડે મહારાજનાં દર્શન કરવા આવ્યાં. તે ટાણે શ્રીજીમહારાજ ઓત્રાદા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર બેઠેલા ને સભા પણ ભરાઈને બેઠેલી, ને મહારાજના હાથમાં લૂણીનો(એ નામની ભાજીનો) કડલો(કોળી - અંગૂઠા અને આંગળી વચ્ચે સમાતો જથ્થો) ભરેલો, તેને પોતાને મોઢે તોડી તોડીને જમતા જાય. એવી રીતે મહારાજ બિરાજેલા.

ત્યારે કેશાબા આવીને પગે લાગીને ડોસીઓની સભામાં જઈને બેઠાં ને પોતાના મનમાં વિચાર કરવા માંડ્યો જે, 'આ તો ભગવાન નહીં, મનુષ્ય છે. જુઓને, લૂણી ખાય છે તે પણ ખાતાં આવડતી નથી. બીજો કોઈ ડાહ્યો પુરુષ હોય તે પણ થોડી થોડી સુધારીને ખાય, ને આ તો મોટો કડલો હાથમાં ભરીને પોતાને દાંતે તોડી તોડીને જમે છે. માટે આ ક્યાં ભગવાન છે ! આપણે તો ઠાલો આંટો ખાધો.' એમ વિચાર કરીને ઊઠ્યાં, તે પોતાને ઉતારે જઈને વેલ જોડાવીને ચાલી નીસર્યાં.

ત્યારે મહારાજ બોલ્યા જે, "એ બાઈ કેમ ઊઠી નીસર્યાં ? ખબર કાઢો." પછી ઉતારે ખબર કઢાવી, ત્યારે તે બાઈ તો ચાલી નીસરેલાં. પછી મહારાજે માણસ મોકલીને પાછા વાળ્યાં. ત્યારે ઉતારો કરીને પાછાં મહારાજનાં દર્શન કરવા આવ્યાં.

ત્યારે તે ટાણે મહારાજ ઓત્રાદા ઓરડાના બારણા પાસે ઊભેલા ને ત્યાં તકિયો પડ્યો હતો. તે પોતાના હાથમાં લઈને ઉડાડ્યો, તે લીંબડા હેઠે ઓટા ઉપર ઢોલિયો હતો, તે ઉપર ઓસીકાની કોરે જેમ નાંખવો ઘટે તેમ બરોબર પડ્યો. તેને દેખીને કેશાબાએ વિચાર કર્યો જે,

'આટલે છેટેથી આવો ભારે તકિયો ઉડાડીને ઢોલિયા ઉપર જે ઠેકાણે જોઈએ તેમ નાંખ્યો, માટે આ તો ભગવાન છે.'

પછી કેશાબા તો મહારાજને પગે લાગી પાછાં ડોસીઓમાં જઈને બેઠાં. તે મહારાજનાં દર્શન કરતાં હતાં, ત્યાં તો મહારાજની મૂર્તિ સોળ વરસની ને અતિ પ્રકાશવાન ને જરિયાન વસ્ત્ર ને આભૂષણે કરીને મહા દિવ્ય એવી દેખી. તે થોડીકવાર સુધી એમ દેખ્યા, ને પછી જેમ આગળ હતા તેવા દેખ્યા. ત્યારે એ કેશાબાને ભગવાનપણાનો અડગ નિશ્ચય થયો, ને સર્વે સંશય નાશ પામી ગયા. એ વાત પૂરી થઈ. **॥૧૫૮॥**



વાત - ૧૫૯

બ્રહ્માનંદસ્વામીને ડોસીઓની આયુષ્ય આપીને જિવાડયા

એકવાર **ગઢડામાં** બ્રહ્માનંદસ્વામીને મંદવાડ આવ્યો ને આયુષ્ય પણ આવી રહી. ને મહારાજ જોવા ગયા, તે જોઈને પાછા પોતાને ઉતારે પધાર્યા. ત્યાં ડોસીઓ આગળ વાત કરી જે, "બ્રહ્માનંદસ્વામી આજ દેહ મૂકશે." ત્યારે ડોસીઓ બોલી જે, "જોજો મહારાજ, બ્રહ્માનંદસ્વામીને મરવા દેતા નહીં. એમનો તો સત્સંગમાં બહુ ખોટકો આવી જાય. એ તો મહામોટા સાધુ ને મોટા કવિ, માટે મરવા દેશો નહીં."

ત્યારે મહારાજ બોલ્યા જે, "એમની આવરદા આવી રહી, તે કેમ જીવે ?" ત્યારે ડોસીઓ કહે, "તમે તો ભગવાન છો. તે મારવું કે જિવાડવું એ તમારા હાથમાં છે." ત્યારે મહારાજ કહે, "આયુષ્ય ખૂટી તે જીવે નહીં; પણ જો તમે થોડી થોડી આયુષ્ય આપો તો બ્રહ્માનંદસ્વામી જીવે."

પછી એ ડોસીઓએ થોડી થોડી આયુષ્ય આપી, તે સત્તર વર્ષની થઈ. પછી મહારાજ કહે, "લ્યો, હવે આટલાં વરસ તો બ્રહ્માનંદસ્વામી

જીવશે." એવી રીતે ડોસીઓની આયુષ્ય આપી બ્રહ્માનંદસ્વામીને જિવાડ્યા. એ વાત પૂરી થઈ. ॥૧૫૯॥



વાત - ૧૬૦

શ્રીહરિને દાતણ આપનાર બે સિપાયણ બાઈઓનું કલ્યાણ

એક (ભાલ પ્રદેશના સોઢી) ગામમાં બે સિપાયણો એક ઓસરીએ રહે. તેમના આંગણામાં બે નાના બાવળિયા ઊગેલા. તેને એ બેય બાઈઓ રોજ રોજ પાણી પાય, ને એમ કહે જે, "આ બાવળ તો બહુ સારા ને કૂણા છે. તે આનાં દાતણ તો ખુદા કરશે." પછી મહારાજ એ ગામને પાદર થઈને નીકળ્યા, ને નાજા જોગિયા ભેગા હતા. ત્યારે મહારાજ કહે, "મારે આંહીં દાતણ કરવું છે, તે લાવો." ત્યારે નાજા જોગિયા કહે, "આઘે સીમમાં સારાં દાતણ મળશે, તે ત્યાં કરજો." ત્યારે મહારાજ કહે, "મારે તો આંહીં દાતણ કરવું છે." એમ કહીને ઘોડીથી ઊતરી પડ્યા. ત્યારે નાજા જોગિયા દાતણ લેવા ગયા, પણ સારું દાતણ મળ્યું નહીં. ત્યારે મહારાજને કીધું જે, "દાતણ મળતું નથી." ત્યારે મહારાજ કહે, "સિપાઈયોમાં જુઓ."

પછી નાજા જોગિયાએ બેય બાઈઓની ફળીમાં જઈને પૂછ્યું જે, "કાંઈ દાતણ છે ?" ત્યારે સિપાયણું બોલી જે, "કેને દાતણ કરવું છે ?" ત્યારે નાજા જોગિયા કહે, "સ્વામિનારાયણ ભગવાન છે, તેમને દાતણ કરવું છે." ત્યારે સિપાયણું કહે, "અમારે તો બે દાતણ છે. તે બેય દાતણ કરે તો આપીએ." ત્યારે નાજા જોગિયા મહારાજને પૂછવા આવ્યા. ત્યારે મહારાજ કહે, "લાવો, બેય દાતણ કરશું."

પછી નાજા જોગિયે જઈને કીધું, ત્યારે એ સિપાયણું બેય બાવળિયા કાપીને મહારાજ પાસે લઈ આવી ને બોલી જે, "લ્યો સ્વામિનારાયણ,

આ બેય દાતણ કરો. ને તમે ખુદા છો તે અમારું બેયનું સારું કરો." પછી મહારાજે એ બેય દાતણ કર્યાં, ને પછી બોલ્યા જે, "તમારાં બેયનાં કલ્યાણ થાશે !" એવી રીતે એ બેય બાઈઓનું કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. ॥૧૬૦॥



વાત - ૧૬૧

ગોપાળસ્વામીએ વાણિયાને વળગેલ ચુડેલનું કલ્યાણ કર્યું

એક વાણિયાને ભૂત વળગ્યું હતું. તે **ગોપાળસ્વામી ગઢડે** હતા, તેમની પાસે આવીને એ વાણિયે કીધું જે, "મહારાજ, મારું ભૂત કાઢો." ત્યારે સ્વામીએ એ વાણિયા સામી દૃષ્ટિ કરી, ને બોલ્યા જે, "તું કોણ છું ?" ત્યારે તે ભૂત બોલ્યું જે, "હું તો ચુડેલ છું." ત્યારે સ્વામીએ અવળું જોયું ને મૂળજી શેઠ પાસે ઊભા હતા તેમને આજ્ઞા કરી જે, "આ બાઈ છે, તેની સાથે મારાથી ન બોલાય, તેથી તમે પૂછો." ત્યારે મૂળજી શેઠે પૂછવા માંડ્યું જે, "તું એને કેમ વળગી છું ?"

ત્યારે એ બાઈ કહે, "હું સ્ત્રીને રૂપે વિરમગામમાં રાત્રીએ ઊભી હતી, ને એ વાણિયો મારી પાસે આવ્યો, તે સારુ એને વળગી છું." ત્યારે ગોપાળસ્વામી કહે, "એને કહો જે, એ વાણિયાને મૂકી દે." ત્યારે એ ચુડેલ બોલી જે, "હું બહુ તરસે મરું છું, પણ મને પાણી પીવા દેતા નથી."

ત્યારે ગોપાળસ્વામી કહે, "એને કહો જે, ઘેલામાં જઈને પાણી પી આવે. ને કોઈ ના પાડવા આવે તો એને એમ કહેજે જે, મને ગોપાળસ્વામીએ આજ્ઞા કરી છે. તેથી એને કોઈ નહિ રોકે." પછી એ ચુડેલ તો ઘેલામાં પાણી પીને પાછી આવી. ને એમ બોલી જે, "મારે ઘણા દિવસની તરસ હતી, તે આજ પાણીએ ધરાણી." ત્યારે ગોપાળસ્વામી મૂળજી શેઠને કહે, "તમે એને કહો જે, હવે એ

વાણિયામાંથી નીકળી જાય." પછી એમ કહેતાં એ ચુડેલ બોલી જે, "હું ક્યાં જાઉં ?" ત્યારે સ્વામીએ કહેરાવ્યું જે, "આ સાધુ જમી જમીને જ્યાં એઠાં પત્રાવળાં નાંખી દે છે, ત્યાં રહેજે ને એંઠવાણી ખાજે. ને તરસ લાગે ત્યારે ઘેલામાં પાણી પી આવજે. ને કોઈને બીવરાવીશ નહીં. પછી તારા જીવનું સારું થાશે." એમ કહેતાં એ તરત વાણિયામાંથી નીસરી ગઈ ને આજ્ઞા કરી હતી, ત્યાં રહી. એ વાત પૂરી થઈ. **॥૧૬૧॥**



વાત - ૧૬૨

દુષ્કાળમાં મૂળજી શેઠના ઢોર વેચાવીને રક્ષા કરી

એકવાર શ્રીજીમહારાજ **લીંબલીએ** મૂળજી શેઠને ઘેર આવીને રાત રહ્યા. ત્યારે રાતે મૂળજી શેઠનાં ઢોરાં આઢવા(ચરવા) ગયાં હતાં, તે આવ્યાં. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "આ કેનાં ઢોરાં છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "મારાં છે." ત્યારે મહારાજ કહે, "આ ઢોરાં સવારમાં વેચી નાંખીને પછી રોટલા ખાવા, તેના મારા સમ ખા." ત્યારે મૂળજી શેઠ કહે, "દૂઝણાં ઢોરાં તો કોક લે, પણ આ પાંકડાં(દૂઝણાં ન હોય તેવાં) ઢોર કોણ લેશે ?" ત્યારે મહારાજ કહે, "આ ટોપીવાળા જ્યારે જાય છે, ત્યારે તેનો માલ કેમ ખપી જાય છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "એ તો હરરાજી કરે છે." ત્યારે મહારાજ કહે, "તું પણ હરરાજી કર."

પછી મહારાજે તો સમ ખવરાવ્યા ને સવારમાં પધાર્યા. પછી સવારમાં મૂળજી શેઠે ઢોરાં ઓછા-અદકે(થોડાં-ઘણાં) મૂલે આપી દીધાં. ત્યાર પછી રોટલા ખાધા. પછી એકાસિયો કાળ પડ્યો, તે માણસોનાં સર્વે ઢોરાં મરી ગયાં. આમ મૂળજી શેઠની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. **॥૧૬૨॥**



વાત - ૧૬૩

ભક્તના દ્રોહના પાપ વિશે સીતાજીની વાત

એકવાર શ્રીજીમહારાજે **ગઢડામાં** વાત કરી જે, "જ્યારે રામચંદ્રજી મૃગ વાંસે ગયા, ત્યારે લક્ષ્મણને સીતાજીની રક્ષા કરવા સારુ મૂકી ગયા. ત્યારે સીતાજીએ લક્ષ્મણને કીધું જે, 'તમારા ભાઈ વાંસે જાઓ.' ત્યારે લક્ષ્મણજીએ કહ્યું જે, 'મને તો આંહીં રહેવાની આજ્ઞા કરી છે, તે હું નહિ જાઉં.' ત્યારે સીતાજી બોલ્યાં જે, 'અરે દુષ્ટ ! તારા મનમાં એમ છે જે, 'રામચંદ્રજીને મારશે ત્યારે આ સીતાને સ્ત્રી કરીને મારા ઘરમાં રાખીશ.' તે હું મારા પ્રાણ કાઢી નાખીશ, પણ તારી સ્ત્રી થઈને રહેનારી નથી.' એવું સીતાજીનું વચન સાંભળીને લક્ષ્મણજીને મૂર્છા આવી ગઈ, તે પૃથ્વી ઉપર ઢળી પડ્યા, ને નેત્રમાંથી આંસુની ધાર થઈ ગઈ.

પછી સચેત થઈને રામચંદ્રજીની વાંસે ગયા, પણ સીતાજીને એવો દોષ લાગ્યો, તે રાવણને ઘેરે જાવું પડ્યું. ને કૃષ્ણાવતારમાં એ સીતાજી રાધિકા થયાં, તોપણ એ દોષે કરીને બીજો ધણી કરવો પડ્યો. ને આ ત્રીજે જન્મે મોટીબા થયાં ત્યારે એ દોષ મટ્યો. માટે ભગવાનના ભક્તના દ્રોહનું મહામોટું પાપ છે." એમ શ્રીજીમહારાજે વાત કરી. એ વાત પૂરી થઈ. ॥૧૬૩॥



વાત - ૧૬૪

ધ્રાંગધ્રા રામમહોલના બાવાની દુષ્ટતા સામે સંતોની સાધુતા

એકવાર શ્રીજીમહારાજે મોટું મંડળ કરી **ધ્રાંગધ્રે** મોકલ્યું, ને એમ આજ્ઞા કરી જે, "ત્રીજે દિવસ ગામમાંથી નીકળજો." ત્યારે સાધુ ધ્રાંગધ્રે આવ્યા ને વિચાર્યું જે, 'આ ગામમાં આપણને કોઈ પાશેર અનાજ પણ આપે એવું નથી. માટે રામાનંદી સાધુના જેવી મંડળી કરીને ઝાંઝ, પખાજ વગાડતાં વગાડતાં રામમહોલમાં જઈએ.'

પછી સાંજ વખતના ગાતાં ગાતાં રામમહોલમાં આવ્યા. ત્યારે ગોપાળદાસ બાવો ઊઠીને મળ્યો ને પૂછ્યું જે, “ક્યાંની મંડળી છે ?” ત્યારે સાધુ કહે, “કચ્છ દેશના છીએ.” ત્યારે બાવે તો ઉતારો કરાવ્યો ને શીરો-પૂરી કરીને જમાડ્યા, ને રાત્રીએ સૌ સૂઈ રહ્યા.

તે વહેલા સાધુ ઊઠ્યા, તે કોઈક સાધુ ‘સ્વામિનારાયણ, સ્વામિનારાયણ’ એમ બોલ્યા, તે બાવે સાંભળ્યું. ત્યારે જાણ્યું જે, ‘આ તો સ્વામિનારાયણના સાધુ લાગે છે.’ ત્યારે બાવો સાધુ પાસે આવીને બોલ્યો જે, “તમે સ્વામિનારાયણના સાધુ છો ?” ત્યારે સાધુ કહે, “છીએ તો સ્વામિનારાયણના.” ત્યારે બાવો કહે, “અરે ! મારું નખ્ખોદ ગયું, મારો શીરો-પૂરી અલેખે ગઈ, મારું મંદિર બગડ્યું. તે હવે અત્યારે ને અત્યારે બારા નીકળો.”

ત્યારે સાધુ બોલ્યા જે, “આજ તો અમે જાનારા નથી, કાલ જાશું.” ત્યારે બાવે તો ઘણું ઘણું કીધું, પણ સાધુ તો બહાર નીકળ્યા નહીં. ત્યારે બાવો દરબારમાં અમરસિંહજી પાસે જઈને બોલ્યો જે, “સ્વામિનારાયણના સાધુ મારા રામમહોલમાં રાતે આવ્યા છે ને તેને ઓળખ્યા વિના મેં શીરો ખવરાવ્યો, ને હવે બારા નીકળતા નથી. તે સિપાઈ મોકલી તેને બારા કાઢો.”

ત્યારે દરબારે બે સિપાઈ મોકલ્યા. તેમણે આવીને સાધુને કીધું જે, “બારા નીકળો, દરબારનો હુકમ છે.” ત્યારે સાધુ કહે, “બારા આજ નહીં નીકળીએ, કાલ તમારે વગર કીધે અમે જાશું.” તે સિપાઈએ ઘણું કીધું પણ સાધુ તો નીકળ્યા નહીં. ત્યારે બાવો પાછો દરબારમાં ગયો ને કહે જે, “એને મારી મારીને બારા કાઢો.” ત્યારે દરબાર કહે, “એ ભેખ છે, તે એને કેમ મરાય ? ડારો દીધો પણ નીકળ્યા નહીં, તે હવે કાલ જાશે.” ત્યારે બાવે તો રામમહોલની કૂંચીઓ દરબાર પાસે

ઉડાડી નાંખી, ને બોલ્યો જે, "એ તમારું રામમહોલ રહ્યું, સંભાળી લેજો; મારે રહેવું નથી."

ત્યારે દરબાર બોલ્યા જે, "ભેખને તો મારાથી મરાશે નહીં. એમ કરતાં તમને ન ગોઠતું હોય તો એ કૂંચીઓ એ સાધુને આપી મંદિર તેને સોંપીશ." એવું દરબારનું વચન સાંભળીને કૂંચીઓ તો પાછી ઉપાડી લીધી, ને બોલવા-ચાલવાનો માર્ગ પણ કંઈ રહ્યો નહીં. પછી સાધુ તો એ દિવસ રામમહોલમાં રહ્યા પણ ઉપવાસ થયો. કોઈએ ખાવા દીધું નહીં. પછી ગામના મહાજનને ખબર થઈ જે, 'સાધુ કાલના ભૂખ્યા છે.' પછી ખીચડું રંધાવી સાધુને ખવરાવ્યું.

અને સાધુ નીકળ્યા તે મેથાણને માર્ગે ચાલ્યા. ત્યારે એ ગોપાળદાસ વાંસે આવ્યો ને સાધુને માર્યા. ને ઠાકોરજીની મૂર્તિ ખંડિત કરી સિંહાસન ભાંગી નાંખ્યું. ને તરવાર હેઠી મૂકીને સાધુને લૂંટવા માંડ્યા. ત્યારે સાધુએ કહ્યું જે, "બાવાજી, તરવાર હેઠી મૂકીને લૂંટો છો તે આ અમો ઝાઝા માણસ છીએ. તેમાં કોઈ ક્ષત્રીયવર્ણ હશે ને તેને શૂરાતન આવશે, તો એ તમારી તરવાર લઈને તમારું માથું કાપશે, ને એ મારનારની સાધુતા જાશે. માટે તરવાર હાથમાં રાખીને લૂંટો."

પછી એ લૂંટીને ગયો, ત્યારે સાધુએ ધ્રાંગધ્રે જઈ દરબારને ફરિયાદ કરી જે, "આ ગોપાળદાસે અમને માર્યા ને લૂંટી લીધા. અમારાં તુંબડાં ફોડી નાંખ્યાં." ત્યારે દરબાર બોલ્યા જે, "તમે ગાયે-ગાયું ભરી પીઓ, અમે તમારા કામમાં જાણીએ નહીં." પછી સાધુ ચાલી નીસર્યા ને મહારાજ પાસે એ ખબર ગઈ. પછી મહારાજે કીધું જે, "હે સંતો ! તમે કાંઈ ફિકર રાખશો નહીં. તમારી રક્ષાનો કરનાર રાજા આ આવ્યો, એની વાર નથી." પછી સાધુને પરમહંસ દશા આપીને ઠાકોરજીની પૂજા-સેવા બંધ રખાવી. એ વાત પૂરી થઈ. ॥૧૬૪॥



વાત - ૧૬૫

બાવળીમાં ભાણદાસ વૈરાગીએ સદાનંદસ્વામીને માર્યા

એકવાર (ધ્રાંગધ્રા સમીપે) બાવળી ગામમાં સદાનંદસ્વામી આવ્યા. તે એકલા ફરતા ને અલફી રાખતા ને હાથમાં પાટિયો રાખતા. તે ગામમાં એક ભાણદાસ નામે કરીને રામાનંદી વેરાગી હતો. તેણે એ સદાનંદસ્વામીને ગામમાંથી કાઢી મેલ્યા. તે સાધુ તો ભૂખ્યા ને ભૂખ્યા ચાલી નીસર્યા ને આ બાવો લાકડી લઈને સાધુ વાંસે ચાલ્યો. તે ગામને પરવાડે(ગામના છેવાડાના ભાગે) જઈને સાધુને લાકડીએ લાકડીએ માર્યા. તેના ફડાકા સાંભળીને એ ગામના ખળામાં માણસ હતા, તે દોડ્યા. ને કહે જે, “કોક ઢોરને મારે છે, તે આપણે મુકાવીએ.” તે ત્યાં ગયા ત્યાં તો એ બાવો સાધુને મારે. પછી મારતા હતા, તેનાથી મુકાવ્યા ને સાધુને પૂછ્યું જે, “મહારાજ, તમને કેવું વાગ્યું ?”

ત્યારે સદાનંદસ્વામી બોલ્યા જે, “એ મેરે દેહકું લગ્યા, તે દેહ તો કુછ કામકી નહીં હે, પણ મેરે ગુરુભાઈકી સીસમકી અછી લકડી ભાંગ ગઈ.” પછી ગામને માણસે એ બાવાને ઠબકો દીધો. ને સાધુ તો ચાલી નીસર્યા. પણ એ બાવાના ઘરમાં નવ માણસ હતાં, તે ત્રણ મહિનામાં કોઈ વાસ નાંખનાર પણ રહ્યું નહીં, સર્વે મરી ગયાં. એવો તત્કાળ દોષ લાગી ગયો. એ વાત પૂરી થઈ. **॥૧૬૫॥**



વાત - ૧૬૬

જમાદારને સમાધિમાં પેગંબરોએ શ્રીહરિ ઓળખાવ્યા

એકવાર શ્રીજીમહારાજ **વરતાલ** સમૈયો કરવા જાતા હતા. રસ્તામાં એક સારા આંબાવાડિયામાં પોતે ઊતર્યા ને સાધુ, પાળા ને હરિભક્તની સભા ભરાઈને બેઠી. બીજી તરફ બાઈઓની સભા ભરાઈને બેઠી ને

મહારાજ વાતો કરતા હતા. તે ટાણે એક જમાદાર પચવીશ ઘોડેસ્વાર સાથે મહારાજની સભા પાસે થઈને નીકળ્યો. તેણે ઘોડેથી ઊતરીને મહારાજ પાસે જઈને નમસ્કાર કર્યા. ને સભા સામું જોઈને એ જમાદારે એવો સંકલ્પ કર્યો જે, “આ સભામાં બાઈઓ પણ છે, માટે ચોખો ધર્મ તો ક્યાંથી પળતો હશે ?” એવો વિચાર કરતાં જ તે જમાદારને સમાધિ થઈ તે પૃથ્વી ઉપર દડી પડ્યો.

અને તે સમાધિમાં પોતાના ચોવીસ પેગંબરને મહારાજની સેવા કરતા દેખ્યા. ત્યારે તેણે પોતાના પેગંબરોને પૂછ્યું જે, “આ સ્વામિનારાયણની તમે સેવા કરો છો, તે કોણ છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “એ તો અમારા ઉપરી ખુદા છે, ને અમે તો એમના મોકલ્યા આવ્યા છીએ. તેં એમના ઉપર ખોટો ભાવ કેમ ધાર્યો ? તને દોષ લાગ્યો, તે માટે એમની પાસે માફ કરાવ.” એમ એ સમાધિમાં દેખે. ને તે જમાદારને પૃથ્વી ઉપર પડેલો દેખીને તેમના સર્વે સ્વારો ઘોડેથી ઊતરીને તે જમાદારને જગાડવા માંડ્યા. તે ઘણો ઘણો દાખડો કરે, હેરવે ફેરવે, પણ જાગે નહીં.

પછી સૌ ઉદાસ થઈ મહારાજ પાસે આવી પગે લાગીને બોલ્યા જે, “હે મહારાજ ! આમને તો તમે જગાડશો ત્યારે જાગશે. અમારી તો કાંઈ કારીગરી ચાલતી નથી.” ત્યારે મહારાજ કહે, “હવે એમને તમે જગાડો, એ જાગશે.”

ત્યારે એમણે એ જમાદારને જગાડ્યા, તે તરત બેઠા થઈને શ્રીજીમહારાજના પગમાં પડીને રોવા માંડ્યું. તે રોતો જાય ને મહારાજને કહેતો જાય જે, “હે મહારાજ ! તમે તો સર્વેના ઉપરી ખુદા છો ને અમારા ચોવીસે પેગંબર તમારી સેવા કરે છે. તે પેગંબરે મને કીધું છે જે, ‘સ્વામિનારાયણ ઉપર તેં ખોટો સંકલ્પ કર્યો તેનો તને મહાદોષ

લાગ્યો છે. તે એમની પાસે માફ કરાવજે.' માટે હે મહારાજ ! હું તમારો ગુનેગાર છું, તે મારો ગુનો માફ કરીને તમારી સેવામાં મને રાખો. હવે હું આંહીંથી ઘેર નહિ જાઉં."

ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "હવે તમે રોવો મા. તમારા સર્વે ગુના માફ છે. તમે તમારા માણસો ભેગા ઘેરે જાઓ." ત્યારે તે જમાદાર કહે, "હે મહારાજ ! હવે હું ઘેર નહિ જાઉં, તમારી સેવામાં રહીશ." ત્યારે મહારાજ કહે, "અમારે કીધે તમે ઘેર જાઓ. અમે તમારી સેવા માની લેશું ને તમારું કલ્યાણ કરીશું." પછી વારંવાર મહારાજના ચરણારવિંદમાં મસ્તક નમાવી રજા લઈને ચાલી નીસર્યો. એ વાત પૂરી થઈ. ॥૧૬૬॥



વાત - ૧૬૭

વિસનગરના દ્વેષી સૂબાને સમાધિમાં જમપુરી દેખાડી

એકવાર શ્રીજીમહારાજ **વિસનગર** પધાર્યા ને મૂળજી બ્રહ્મચારી ભેગા હતા. તે ગામનો એક નાગર દીવાન દ્રોહી હતો. તે ગામમાં એ દ્રોહી દીવાનની બેન (ઉદયકુંવર) રહેતી હતી, ને તે બેનને એક દીકરો (બળદેવ) હતો. તે મા-દીકરો મહા ભગવદી સત્સંગી હતાં. પછી એ વિસનગરને પાદર જઈ મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "આપણે એ દીવાનની બેનને ઘેરે ઊતરીશું." ત્યારે બ્રહ્મચારી કહે, "ના મહારાજ, એ દ્રોહી દીવાન છે તે એની બેનને કનડગત કરશે. માટે આપણે એ બાઈને ઘેરે જાવું નહીં." ત્યારે મહારાજ કહે, "આ એક સૂકલ ઝરડું પડ્યું તે હાથમાં ઝાલી લિયો ને પછી ચાલો, એ બાઈને ઘેર ઊતરીશું."

પછી એ ઝરડું બ્રહ્મચારી પાસે લેવરાવીને મહારાજ ને બ્રહ્મચારી એ બાઈને ઘેર ઊતર્યા. પછી એ બાઈએ રસોઈ કરી તે

મહારાજ જમ્યા. પછી એ બાઈનો દીકરો હતો, તેણે પોતાનો મામો જે દીવાન હતો, તેમના ઘેરે જઈને કહ્યું જે, "મારે ઘેર શ્રીજીમહારાજ આવ્યા છે, તે તમે મારા ઘર સુધી આવો. મારી માતાએ તમને તેડવા સારુ મને મોકલ્યો છે." એવું સાંભળીને તે દીવાને પોતાના બે જમાદાર હતા, તેમને કહ્યું જે, "તમે ત્યાં જઈને એ સ્વામિનારાયણને આંહીં ઝાલી લાવો."

પછી એ બેય જમાદારે મહારાજ પાસે આવીને કહ્યું જે, "તમને દીવાન બોલાવે છે, તે ત્યાં ચાલો." ત્યારે મહારાજે એ મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "એ ઝરડાનું એક ઠેબું જમાદારને અડાડો." પછી બ્રહ્મચારીએ ઠેબું અડાડ્યું તે જમાદાર તો દડી પડ્યો. ને બીજો જમાદાર તો ભાગ્યો, તે દીવાન પાસે જઈને વાત કરી જે, "હું તો ભાગ્યો તેથી રહ્યો ને બીજો તો દડી પડ્યો છે."

પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "એ ઝરડાનું બીજું ઠેબું એ જમાદારને અડાડો." પછી બીજું ઠેબું બ્રહ્મચારીએ અડાડ્યું તે ઊઠતોકને એ જમાદાર ભાગ્યો. તેણે દીવાનને કહ્યું જે, "તમારું કુશળ ઈચ્છતા હો તો એ સ્વામિનારાયણનું નામ લેશો નહીં."

પછી તે દીવાને બીજું માણસ મહારાજ પાસે મોકલાવીને કહેવરાવ્યું જે, "તમે હવે આંહીં આવશો નહીં. અમારે તમારું કાંઈ કામ નથી." ત્યારે મહારાજ કહે, "અમારા હરિભક્તોને નાતબારા મૂક્યા છે, તે સારુ અમારે દીવાન પાસે આવવું છે." પછી મહારાજ તો તે દીવાન પાસે ગયા ને દીવાનને કહ્યું જે, "અમારા હરિભક્તોને તમે નાતબાર મુકાવ્યા છે. તે તેમને પાછા નાતમાં લેવરાવો, નીકર તમારે જમપુરીમાં જમના માર ખાવા પડશે." ત્યારે તે દીવાન બોલ્યો જે, "જમપુરી જ નથી ને જમ પણ નથી. એ તો ખોટેખોટી વાત છે."

પછી મહારાજે એ દીવાનને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલ્યો. તે તેને જમે મારવા માંડ્યો ને આંહીં શરીર ધ્રૂજતું જાય ને ઘણી પીડા પામતો જાય. પછી મહારાજે સમાધિ ઉતારી, તે ઊઠીને મહારાજના પગમાં પડ્યો. ને બોલ્યો જે, "હે મહારાજ ! મને તો જમે મારી નાંખ્યો ને બહુ દુઃખ દીધું. તે હવે તમે કહો તેમ કરું." ત્યારે મહારાજ કહે, "અમારા હરિભક્તોને નાતબાર મૂક્યા છે, તેને પાછા નાતમાં લેવરાવો." પછી એ સર્વે જે નાતબાર હતા, તેમને નાતમાં લેવરાવીને મહારાજ ચાલી નીસર્યા. ને દીવાને પછી દ્રોહ પડ્યો મૂક્યો. એ વાત પૂરી થઈ. ॥૧૬૭॥



વાત - ૧૬૮

ગઢડામાં દેવો પારેવાંનાં રૂપે જાર ચણવા આવ્યાં

એકવાર શ્રીજીમહારાજ **ગઢડે** દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે સભા કરીને બેઠા હતા. તે ટાણે પારેવાં આવ્યાં. તેને મહારાજ પોતાને હાથે કરીને જાર નાંખતાં જાય ને પારેવાં ચણતાં જાય. પછી મહારાજે ઊઠીને જસુબાઈ પાસે જઈને કહ્યું જે, "અમને બે સઈ(દાણા ભરવાનું છ માણાંનું માપ = ૩૦ કીલો) જાર આપો. અમારે આ પારેવાં ઘણાં આવ્યાં છે, તેને નાંખવી છે." પછી ત્યાંથી બે સઈ જાર લઈને પોતાને હાથે પારેવાંને નાંખવા માંડી. તે તરત એ જાર ખાઈ ગયાં ને પારેવાં તો ઊડી ગયાં. ત્યારે આકાશ વચમાં એક ધોળો શેરડો થયો.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, "તે પારેવાં તરત ઘણી જાર ખાઈ ગયાં ને ઊડી ગયાં ને વચમાં ધોળો શેરડો થયો, તે શું થયું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ પારેવાં થઈને મોટા મોટા દેવ અમારા હાથની પ્રસાદી ખાવા આવ્યા હતા. અને બ્રહ્મા ને

બ્રહ્માણી વિમાનમાં બેસીને આવ્યાં હતાં. તે વિમાનનો શેરડો બ્રહ્માને જાતી વખતે તમને દેખાણો." એવી વાત સાંભળીને સર્વે સભા મહા આશ્ચર્ય પામી. એ વાત પૂરી થઈ. ॥૧૬૮॥



વાત - ૧૬૯

સનકાદિકો અદશ્યરૂપે આવી પ્રસાદી જમ્યા

એકવાર બ્રહ્માનંદસ્વામીએ તલનાં ફોતરાં ઉતારીને તે તલનો ઘી-સાકરમાં પાક કર્યો. પછી મહારાજને જમાડવા માંડ્યા, તે મહારાજ જમતા જાય ને જમેલી પ્રસાદી બ્રહ્માનંદસ્વામીને થાળીમાં આપતા જાય. તે થાળીમાં મૂકતાં પ્રસાદી દેખાય, પણ થાળીમાં રહે નહીં. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "આ મારી થાળીમાંથી પ્રસાદી ક્યાં જાય છે ? જરાય રહેતી નથી." ત્યારે મહારાજ કહે, "આ સનકાદિક આવ્યા છે, તે પ્રસાદી લઈ જાય છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "મારે માટે તો જરાય રહી નહીં." પછી મહારાજે થોડીક આપીને કહ્યું જે, "હવે આ તમારે માટે રહેશે, સનકાદિક નહિ લે." પછી એટલી પ્રસાદી થાળીમાં રહી, તે બ્રહ્માનંદસ્વામીએ ખાધી. એવું અદ્‌ભુત આશ્ચર્ય બ્રહ્માનંદસ્વામીએ દેખ્યું. એ વાત પૂરી થઈ. ॥૧૬૯॥



વાત - ૧૭૦

પર્વતભાઈના ઘઉંની શ્રીહરિએ ચોરોથી રક્ષા કરી

ગામ **અગત્રાઈમાં** પર્વતભાઈએ વગડામાં ઘઉં વાવ્યા હતા. તે ઘઉંનો પોંક થયો ને પર્વતભાઈ ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા, તે ઘઉં રેઢા રહ્યા. ત્યારે ગામના પાંચ-સાત ચોર ભેગા થઈને તે રેઢું ટોયા(રખેવાળ) વિનાનું ખેતર દેખીને રાત્રીએ પોંક ખાવા સારુ ગયા.

તે ખેતરમાં ગરીને ઘઉંનાં ઉમડાં(લાંબી ડાંડલીવાળી ડૂંડી) ભાંગવાનો જ્યારે આદર કરવા માંડ્યો, ત્યાં તો અકેકો કોરડો(ચાબકો) અકેક જણના બરડામાં લાગ્યો. ત્યારે એ સર્વેએ આડું અવળું જોયું જે, 'આ કોણે આપણને માર્યા ?' પણ કાંઈ દીઠું નહીં.

ત્યારે ફેર પાછા ઘઉં ભાંગવા સારુ એ ખેતરમાં ગર્યા. ત્યારે અકેક જણના બરડામાં બબે કોરડા અતિ બળમાં લાગ્યા. ત્યારે એ સર્વેએ વિચાર્યું જે, 'આંહીં કોઈ માણસ નથી ને આ કોરડા મારે છે, તે પર્વતનો ગુરુ મારે છે. તે હવે આંહીંથી ભાગો, નીકર જીવથી કાઢી નાંખશે.' પછી સૌ ભાગી ગયા ને મહારાજે ગઢડે પર્વતભાઈને કહ્યું જે, "હવે તમે ઘેર જાઓ, તમારા ઘઉં અમારે ટોવા(સાચવવા) પડે છે." પછી પર્વતભાઈને ઘેર મોકલ્યા. એવી રીતે પર્વતભાઈના ઘઉંની ચોરથી રક્ષા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૭૦॥



વાત - ૧૭૧

શ્રીહરિએ તાવીમાં નાનજી હાંડાને કલ્યાણનો કોલ આપ્યો

તાવી ગામમાં નાનજી હાંડો એવે નામે કરીને એક કોળી રહેતો હતો. તેને ગામના સૌ હરિભક્ત કહેતા જે, "તું વર્તમાન લઈને સત્સંગી થા." ત્યારે તે કોળી એમ કહેતો જે, "મારે તો સત્સંગી કે સાધુના હાથનાં વર્તમાન લેવાં નથી. જ્યારે મહારાજ પંડે પધારશે, ત્યારે તેમના હાથનાં વર્તમાન લેવાં છે."

પછી કેટલેક દહાડે મહારાજ કાઠીઓના સ્વારે સહિત તાવીની સીમમાંથી નીકળ્યા. તે ટાણે એ નાનજી વગડામાં સાંતી હાંકતો હતો. તેને બીજે કોઈકે કહ્યું જે, "જ્યારે ત્યારે તું કહે છે જે, 'મારે

સ્વામિનારાયણના હાથનાં વર્તમાન લેવાં છે.' તે આ છેટે જાય છે તે મહારાજ છે. માટે તારે વર્તમાન લેવાં હોય તો દોડીને ભેગો થા."

એવું સાંભળીને સાંતી પડ્યું મૂકીને એકદમ દોડ્યો, તે મહારાજ આગળ ચાલ્યા જાય ને આ વાંસે ઉતાવળો દોડ્યો જાય. તે ઘણું છેટું હતું, તેથી ઘણો શ્વાસ ચડી ગયો. ત્યારે મહારાજ કહે, "સુરા ખાચર, આ આપણી વાંસે કોક દોડ્યું આવે છે, તે આપણે ઊભા રહો."

પછી મહારાજ ઊભા રહ્યા, ત્યાં તો એ નાનજી ભેગો થઈ મહારાજને પગે લાગીને બોલ્યો જે, "હે મહારાજ ! ઘણા દિવસથી હું તમારી વાટ જોઈ રહ્યો હતો. મારે તમારા હાથનાં વર્તમાન લેવાં છે." તે એને દોડી દોડીને ઘણો શ્વાસ ચડેલો, તે માંડ માંડ એટલું બોલી શક્યો. ત્યારે તે ટાણે મૂળજી બ્રહ્મચારી પાસે હતા, તેમણે કહ્યું જે, "ભાઈ, કોઈની પાસે પાણીનો લોટો હોય તો લાવો, આને મહારાજ વર્તમાન ધરાવે."

ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી ! પાણીના કામ છે કે હમારા કામ છે ?" એમ કહીને તે નાનજીનો હાથ પોતાના હાથમાં લઈને બોલ્યા જે, "જ્યાં અમે રહીએ છીએ ત્યાં તને તેડી જાશું, એ તારે વર્તમાન." એવું સાંભળીને તે નાનજી બોલ્યો જે, "હે મહારાજ ! મારે પૂજા કરવી ને અબોટિયાં રાખવાં તેનું કેમ કરું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તારે પૂજા અબોટિયાનું કાંઈ કામ નથી. બહિર્દિશા જાવું ત્યારે પાણીનો લોટો લઈ જાજે. જ્યારે તું દેહ મૂકીશ ત્યારે હું તને તેડવા આવીશ." એવું મહારાજનું વચન સાંભળીને સૌ એમ બોલ્યા જે, "આ કોળીનાં બહુ મોટાં ભાગ્ય !" એ વાત પૂરી થઈ. ॥૧૭૧॥



વાત - ૧૭૨

મેમકાના શામા પટેલની કરજ થકી રક્ષા કરી

ગામ **મેમકામાં** શામો એવે નામે એક કણબી રહેતો હતો. તે વહેવારે દુર્બળ હતો ને સત્સંગી બહુ સારો હતો. તેને માથે દેવું થયું. પછી એ રાત લઈને નાઠો. તે કાઠિયાવાડમાં **ચોરવીરા(ચોરવાડ)** ગામ છે, તેમાં જઈને રહ્યો. તેણે વાણિયાનું ઉધારે કાંધાં(હપ્તા) કરીને એક ડોબું લીધું. પછી તે ભેંસનું ઘી એક મણ ભેગું કરીને ગઢડે વેચવા સારુ ગયો. તે ઘીની કુડલી ગામમાં મૂકીને મહારાજનાં દર્શન કરવા સારુ દાદા ખાચરના દરબારમાં આવ્યો.

તે ટાણે સાધુની પંગત થયેલી ને મહારાજ લાડુ ફેરવે. એવું દેખીને તે પટેલને એમ ઘાટ થયો જે, 'મારી પાસે એક મણ ઘી છે, તે આ સાધુને રસોઈ આપું તો બહુ સારું.' એમ ધારીને હરજી ઠક્કર ત્યાં ઊભા હતા તેમને કહ્યું જે, "મારે મણ એક ઘી છે, તે મહારાજને પૂછો, જો કહે તો હું રસોઈ આપું."

ત્યારે હરજી ઠક્કરે મહારાજને કહ્યું જે, "આ પટેલ સાધુને રસોઈ દેવા વિચારે છે ને ઘી એક મણ છે તે શું તમારી મરજી છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ ગરીબ માણસ છે ને ઘી વેચીને દાણા લેવા હશે, માટે એમની રસોઈ લેવાય નહીં." ત્યારે તે શામો પટેલ બોલ્યા જે, "હે મહારાજ ! મારો તો વહેવાર જેમ તેમ ચાલ્યો જાશે, પણ મારે આવો અવસર ફરી ક્યારે મળશે ! માટે મારી ઉપર રાજી થઈને રસોઈની હા પાડો." ત્યારે મહારાજ ઘણીવાર સુધી એની સામું જોઈ રહ્યા, ને પછી બોલ્યા જે, "ઘી લાવો, સાધુને જમાડીએ."

પછી બીજે દહાડે રસોઈ કરીને સાધુને જમાડ્યા ને શામો પટેલ ઠાલી કુડલી લઈને ઘેર આવ્યા. ત્યારે લેણાવાળા રૂપિયા લેવા ઘેરે

આવ્યા, તેમણે તાકીદ(ઉતાવળ) કરવા માંડી. ત્યારે તેમને ઘી વાવરવાના સમાચાર કહી કરગરીને પાછા ઘેર મોકલ્યા.

અને એ શામા પટેલને નાના નાના ચાર બળદિયા હતા ને ખેડ કરતા. તે જ્યારે ખેડ પાકી ત્યારે ત્રણસેં મણ કાલાં ઘેર આવ્યાં. તે એક મણના ત્રણ રૂપિયા ઊપજે એવો ભાવ હતો. ને અઢીસો મણ બાજરો ઘેર આવ્યો, તેથી સર્વે લેણદારને ઘેરે તેડાવીને દેણું આપી દીધું. ને તે દિવસથી વરસોવરસ ઘણી નીપજ આવવા માંડી, ને બહુ સારી આસામી(સમૃદ્ધિ) થઈ. એવી રીતે એની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૭૨॥



વાત - ૧૭૩

મેથાણના અજા પટેલ ઉત્સવમાં ન ગયા; ભેંસો, બળદ ચોરાયા

એકવાર ગામ **મેથાણના** સર્વે હરિભક્ત ગઢડે મહારાજનાં દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "આ તમે સૌ આવ્યા ને અજા પટેલ કેમ ન આવ્યા ?" ત્યારે એ હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! ઘોડાં બહુ ફરે છે ને વગડામાંથી ગાયો, ભેંસો ને બળદ લઈ જાય છે. તે જાળવવા સારુ ઘેર રહ્યા છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યારે તો ઠીક. અમારે એમના ઉચાટ મટ્યા. એમનો માલ એ જાળવશે. હવે તો અમારે તમારા જ ઉચાટ રહ્યા."

પછી એ સર્વે ભક્ત પાંચ દહાડા ગઢડામાં રહી મહારાજનાં દર્શન કર્યાં ને પછી ઘેરે ગયા. ત્યારે મેથાણમાં ઘોડાં ફરેલાં, તે અજા પટેલના બળદ ને ભેંસો ગયેલી. એવું સાંભળીને તે હરિભક્તે અજા પટેલને કહ્યું જે, "મહારાજ આમ બોલ્યા હતા જે, 'હવે અમારે અજા પટેલના ઉચાટ મટ્યા." એવું તે હરિભક્તનું વચન સાંભળીને અજા પટેલ ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા.

ત્યારે મહારાજે કહ્યું જે, “અજા પટેલ, તમારે ઘોડાં ફરે છે તે બીક બહુ લાગે છે. એમ એ હરિભક્ત આવ્યા હતા તે કહેતા હતા.” ત્યારે અજા પટેલે કીધું જે, “હા મહારાજ ! તમારે દર્શને નથી આવતા, તેને ઘેર ઘોડાં ફરે છે. હું જાળવવા સારુ ઘેરે રહ્યો, તે મારાં બળદ ને ભેંસો લઈ ગયા.” ત્યારે મહારાજ બોલ્યા જે, **“જે પુરુષ ભગવાનના થઈને રહે છે તેની જ રક્ષામાં ભગવાન ભળે છે, બીજાની ફિકર ભગવાનને નથી.”** એ વાત પૂરી થઈ. ॥૧૭૩॥



વાત - ૧૭૪

લોયામાં અભિમાની પટેલના ઘઉંને ગેરુ આવ્યો

એકવાર શ્રીજીમહારાજ **લોયે** બિરાજતા હતા. તે કૂવે નાવા સારુ પધાર્યા. ત્યારે તે કૂવે કોશ ફરે ને ઘઉંને પાણી પાય. ને ઘઉં બહુ સારા ને કુસંગીની વાડી હતી. તે ઘઉં જોઈને મહારાજ તે વાડીવાળા પટેલિયા પાસે બોલ્યા જે, “આ ઘઉં બહુ સારા છે.” ત્યારે તે પટેલિયા બોલ્યા જે, “હે મહારાજ ! આમાં અમારે ભગવાનની ઓશિયાળ(ગરજ) નહીં.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “કેમ ભગવાનની ઓશિયાળ નહીં ?” ત્યારે પટેલિયા કહે, “આ તો અમે કોશ જોડીને ઘઉં પાઈએ છીએ, આમાં અમારે કાંઈ વરસાદ જોઈતો નથી.” ત્યારે સુરા ખાચર ભેગા હતા, તેમણે કહ્યું જે, “આ પટેલિયે બહુ ભૂંડું કર્યું.”

પછી તેને કેટલાક દિવસ ગયા ત્યારે વળી એક દહાડે મહારાજ એ કૂવે નાવા પધાર્યા, ત્યારે તે પટેલિયા ઘઉં વાઢે, તે પટેલિયાનાં રાતાં લૂગડાં દેખીને મહારાજે પૂછ્યું જે, “તમારાં લૂગડાં રાતાં કેમ થાય છે ?” ત્યારે પટેલિયા કહે, “આ ઘઉંમાં ગેરુ આવ્યો છે.” ત્યારે મહારાજ કહે,

"ગેરુ આવે ત્યારે કાંઈ ઘઉંમાં નુકશાન થાય ?" ત્યારે પટેલિયે ઘઉં લાવીને મહારાજને દેખાડ્યા, તે ઝીણા જીરા જેવા થઈ ગયેલા.

તે જોઈને મહારાજ બોલ્યા જે, "આ ઘઉં આવા નબળા થઈ ગયા, તે તમે કેમ જાળવ્યા નહીં ?" ત્યારે પટેલિયા કહે, "એ કાંઈ અમારા હાથમાં છે નહીં." ત્યારે મહારાજ કહે, "એ કેના હાથમાં છે ?" ત્યારે પટેલિયા કહે, "એ તો ભગવાનના હાથમાં." ત્યારે મહારાજ કહે, "તમે કહેતા હતા ને જે, 'આમાં અમારે ભગવાનની કાંઈ ઓશિયાળ નહીં ?' પણ ભગવાનનો તો ખપ પડતો દેખાય છે ખરો !" એ વાત પૂરી થઈ. ॥૧૭૪॥



વાત - ૧૭૫

વિસનગરના બ્રાહ્મણના વ્યાજે આપેલ રૂપિયાની રક્ષા કરી

વિસનગરનો એક (ઉજમ) બ્રાહ્મણ હતો, તે **વરતાલે** મહારાજનાં દર્શન કરવા આવ્યો. ત્યારે તેને મહારાજે કહ્યું જે, "તારે કેટલી મૂડી છે ?" ત્યારે તે કહે જે, "પાંચસેં રૂપિયા છે." ત્યારે મહારાજ કહે, "એ રૂપિયા અમને આપશો ?" ત્યારે બ્રાહ્મણ કહે, "હા મહારાજ !" ત્યારે મહારાજ કહે, "એ રૂપિયા ક્યાં છે ?" ત્યારે તે બ્રાહ્મણ કહે, "એ વિસનગરમાં શાહુકારની દુકાને વ્યાજે મૂક્યા છે."

ત્યારે મહારાજ કહે, "અત્યારે ને અત્યારે આંહીંથી ચાલ, તે ક્યાંઈ અટકીશ મા. પાધરો તે શાહુકારની દુકાને જોડાના ખરા ઉતાર્યા વિના (પગરખાં ઉતારવા ખોટી ન થતા) ઊભો રહીને એ રૂપિયા માગજે. ને જો આજકાલ કહે તો કહેજે જે, 'રૂપિયા લીધા વગર મારે ઘેર જાવું નથી.' એમ ઉતાવળથી રૂપિયા લઈને પછી ઘેર જાજે." પછી તે બ્રાહ્મણ તે જ વખત ચાલી નીસર્યો, તે શાહુકારને હાટે જઈને રૂપિયા

માગ્યા. ત્યારે તે શાહુકારે કહ્યું જે, "દીવા સમે રૂપિયા લેવા આવજે." ત્યારે બ્રાહ્મણ કહે, "મારે તો એ રૂપિયા લીધા કેડે પાણી પીવું છે. તે અત્યારે ને અત્યારે મારા રૂપિયા આપ."

પછી એ બ્રાહ્મણની આકરી આંખ જોઈને શાહુકારે જાણ્યું જે, "રૂપિયા નહિ આપીએ તો અત્યારે આપણો ફજેતો થાશે." એવું વિચારીને તે જ વખતે એ બ્રાહ્મણને રૂપિયા આપી દીધા. તે લઈને ઘેરે ગયો ને તે જ રાતે એ શાહુકારે દેવાળું કાઢ્યું, તે સૌના રૂપિયા ખોટા થયા. ને ભક્ત બ્રાહ્મણના રૂપિયા મહારાજે અપાવી દીધા. એવી રીતે રક્ષા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૭૫॥



વાત - ૧૭૬

વડતાલથી રામપ્રતાપભાઈ રિસાઈને અમદાવાદ ગયા

એકવાર શ્રીજીમહારાજે **વરતાલ** સમૈયો કર્યો ને રામપ્રતાપભાઈ પણ ભેગા હતા. તે મહારાજની પૂજા થાય ત્યારે રામપ્રતાપભાઈની આગળ પણ ભેટ આવતી જાય. તે જોઈને ઈચ્છારામના ઘરનાં વરિયાળીબાઈ હતાં, તેમણે ખીજીને રામપ્રતાપભાઈને વઢવા માંડ્યું જે, "અમારા દેશની ભેટ કેમ લેવા માંડી છે ? તમે તમારા દેશમાં જાઓ." તે રામપ્રતાપભાઈ સાંભળીને, અતિ કોપાયમાન થઈને, બે વચન આકરાં કહીને, રિસાઈને ચાલી નીસર્યા. તે બે પોતાના પાળા હતા, તેમને ભેગા લઈને પગપાળા ચાલ્યા. ત્યારે સર્વે સાધુએ મહારાજને કહ્યું જે, "ભાઈને રાખો." ત્યારે મહારાજ કહે, "એ મારું કહેવું માનશે નહિ ને તમે જાઓ."

પછી બ્રહ્માનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી ગયા, ને ભાઈને ઘણું ઘણું કીધું પણ પાછા વળ્યા નહીં. ત્યારે સાધુએ કહ્યું જે, "ભાઈ, આવડો ક્રોધ કેમ રાખો છો ?" ત્યારે ભાઈ કહે, "મારે તો સો ગાડાં ક્રોધનાં છે.

તેમાંથી એક ગાડું આ બ્રહ્માંડમાં વેચ્યું છે. તેમાંથી શિવ, બ્રહ્મા, દેવ ને મનુષ્ય, સર્વેમાં આવ્યો છે. માટે તમારે મને કાંઈ કહેવું નહીં."

પછી સાધુએ તો પાછા આવી મહારાજને સમાચાર કીધા. ને રામપ્રતાપભાઈનાં સ્ત્રી હતાં, તે પણ વાંસે પગપાળા ચાલી નીસર્યાં. પછી મહારાજે એક ગાડી ને બે ડાંગરવાના સ્વારને વાંસે મોકલ્યા ને કહ્યું જે, "ભાઈને ઘોડે બેસારજો ને તેમની સ્ત્રીને ગાડીએ બેસારજો." પછી તેમણે આવીને ભાઈને બહુ બહુ વિનય કરીને ઘોડે બેસાર્યા ને તેમની સ્ત્રીને ગાડીએ બેસાર્યાં.

✳ લૂંટવા આવેલ કોળીઓનો ભાઈએ પરાભવ કર્યો :

પછી ચાલ્યા તે ચાલતે ચાલતે રસ્તામાં કોળી લોક તીરકામઠાંવાળા ચાલીસ-પચાસને આશરે એ ગાડી દેખીને લૂંટવા સારુ આગળ આવ્યા. તેને દેખીને એ ચાર પાળા જે ભાઈ ભેગા હતા, તેમણે ભાઈને કીધું જે, "તમે ને આ ગાડી આંહીં ઊભા રહો ને અમે આગળ ચાલીએ." ત્યારે ભાઈ બોલ્યા જે, "એ અમારા કામ છે, તમથી પાછા હઠશે નહીં."

એમ કહીને ઘોડેથી હેઠા ઊતરીને હાથમાં ઉઘાડી તરવાર લઈને આગળ ચાલ્યા, ત્યાં તો એ કોળી નજીક આવી ગયા. ત્યારે રસ્તામાં એક મહુડાનું મોટું ઝાડ હતું, તેના થડને ભાઈએ પગનું ઠેબું માર્યું, તે ઝાડ મૂળમાંથી નીકળીને ઊડ્યું. તે જ્યાં એ કોળી ઊભા હતા, તેમની ઉપર જઈને પડ્યું. તે કેટલાક કોળી મરી ગયા ને કેટલાકના હાથપગ ભાંગી ગયા. એમ તેનો કચ્ચરઘાણ ઊડી ગયો. પછી ભાઈએ એ કોળીના તીરકામઠાંનો ભારો બંધાવી ગાડીમાં નંખાવીને લઈ ગયા, તે અમદાવાદ ગયા. એવી રીતે પોતાના મહા પ્રતાપથી એ ચોર કોળી લોકોનો પરાભવ કર્યો. એ વાત પૂરી થઈ. ॥૧૭૬॥



વાત - ૧૭૭

અમદાવાદના કોઠારી પર મોટાભાઈનો શાપ તથા આશીર્વાદ

એકવાર **અમદાવાદમાં** તરવાર વેચાવા આવી તે રામપ્રતાપભાઈએ સાડા ત્રણ રૂપિયાની વેચાતી લીધી. તેમાં ત્રણ રૂપિયા પોતાની ગાંઠે બાંધ્યા હતા તે આપ્યા. ને અરધો રૂપિયો ખૂટે તે પોતાના પાળાને કહ્યું જે, "જા કોઠારેથી કોઠારી પાસેથી અરધો રૂપિયો લાવીને આને આપ."

પછી તે પાળે કોઠારી પાસે અરધો રૂપિયો માગ્યો, તે કોઠારીએ આપ્યો નહીં. તે તેણે ભાઈને આવીને કહ્યું જે, "એ તો આપતો નથી." ત્યારે ફેર પાછો તે પાળાને ભાઈએ કોઠારી પાસે મોકલીને મંગાવ્યો, પણ તેને આપ્યો નહીં. ત્યારે ત્રીજી વાર પાછો પાળાને મોકલીને કહેવરાવ્યું જે, "ભાઈ ઊભા થઈ રહ્યા છે ને તરવારવાળો ખોટી થઈ રહ્યો છે, ને ભાઈ ખીજે છે; માટે અરધો રૂપિયો આપ." પણ કોઠારીએ તો આપ્યો નહીં. પછી પાળે આવીને ભાઈને કહ્યું જે, "એ તો આપતો નથી."

પછી ભાઈને રીસ ચડી તે હાથમાં સોટી લઈને એ કોઠારી પાસે ગયા. તે ભાઈને આવતા દેખીને એ કોઠારીએ કોઠારનાં કમાડ વાસી દીધાં. પછી ભાઈ આવીને એમ બોલ્યા જે, "અરે સસુર ! મારા માણસને ત્રણ આંટા ખવરાવ્યા ને એક અરધો રૂપિયો આપ્યો નહીં..! તે તું મરીને ભૂત થા..!" એમ કહીને ભાઈ તો ચાલી નીસર્યા. પછી તરત એ કોઠારી મરીને ભૂત થયો. તે કોઠારમાં દેખાય ને આડો-અવળો એ મંદિરના ઘણા માણસને દેખાય. ને એમ કહે જે, "ભાઈના દ્રોહથી ને ભાઈના શાપથી હું ભૂત થયો છું."

પછી મહાનુભાવાનંદસ્વામીએ ભાઈને ઘણી વિનંતી કરીને કીધું જે, "હે મહારાજ ! એ કોઠારીને ભૂતનો દેહ આવ્યો છે, તે ઘણો દુઃખી

થાય છે. માટે એની ઉપર અનુગ્રહ કરીને એનો ભૂતનો દેહ છોડાવીને એનું સારું કરો..!" ત્યારે ભાઈ રાજી થઈને બોલ્યા જે, "એનો ભૂતનો દેહ છૂટીને એ બદરિકાશ્રમમાં જાઓ !" એવો આશીર્વાદ દીધો, એટલે તરત એનો ભૂતનો દેહ છૂટીને બદરિકાશ્રમમાં ગયો. એ વાત પૂરી થઈ. ॥૧૭૭॥



વાત - ૧૭૮

કચ્છના બે સેવાભાવી સુતાર ભક્તો પર શ્રીજીની કૃપા

ભુજ તરફ **(માંડવી)** ગામના બે સુતાર હરિભક્તો **ગઢડે** મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા હતા. તેને મહારાજે એક ઓરડો માળવા સારુ રાખ્યા. એ સુતાર ખેડવાળા હતા ને વાવણી ટાણું આવી ગયું. ત્યારે મહારાજ કહે, "હવે તમે ઘેર જાઓ." પછી એ બે જણ ઘેર ગયા. ત્યારે તે ગામમાં પ્રથમ વરસાદ થઈ ગયેલ, તેથી સર્વે ગામે હળ જોડીને જમીનને બહુ હળી હળીને ઢીંચણ સમી ખેતરોમાં પાહ(ખેડીને પોચી) કરેલી. ને આ બે જણનાં ખેતર તો ખેડ્યા વિનાનાં પડતર રહી ગયાં.

ત્યારે તે ગામના માણસે આ બે જણને ઠપકો દેવા માંડ્યો જે, "તમે ગઢડે રોકાઈ રહ્યા ને આ અમારાં ખેતર જુઓ, ખેડી ખેડીને કેવાં સારાં કરી મૂક્યાં છે. તમે ઘેર હોત તો તમારાં ખેતર પણ અમારાં જેવાં સારાં ન થાત ? હવે સ્વામિનારાયણ તમારાં ખેતર ખેડી દેશે, તે અમે જોશું, નહિ ?"

પછી થોડોક વરસાદ થયો તે આ બે જણે ખેતરોને ચાહોડી ચાહોડીને(થોડું થોડું ખેડીને) વાવી દીધાં. અને એ ગામવાળા ખેડૂતને ખેતર બહુ હળેલાં તે પલળ્યાં નહીં ને વવાણાં નહીં. પછી વળી થોડોક

વરસાદ થાય ને આ બે જણ ખેતર સમાં કરતા જાય, ને ભગવાનની કૃપાથી મોલ સારો સારો થાતો જાય. અને એ બે જણને તો બહુ પાક્યું ને ગામના માણસને તો ખેતર પડતર રહ્યાં. પછી ગામના માણસે એમ કહ્યું જે, "સારી ખેડવાળાને કાંઈ થયું નહીં, ને આ ખેતર નોતાં ખેડાણાં તેને દાણાનો ઢગલો થઈ ગયો. તે એને તો સ્વામિનારાયણે આપ્યું છે." તે પહેલાં જે વાંકું બોલતો હતો, તેણે પાછું એમ કહેવા માંડ્યું. એ વાત પૂરી થઈ. ॥૧૭૮॥



વાત - ૧૭૯

ગઢડામાં મેમકાના શામા પટેલને ભાતું આપી રોક્યા

એકવાર **મેમકાવાળા** શામો પટેલ મહારાજનાં દર્શન કરવા સારુ ગઢડે ગયા. તે ત્રણ દિવસ રહ્યા પછી ભાતું ખૂટ્યું. તે ઘેરે આવવા તૈયાર થઈને મહારાજનાં દર્શન કરવા ગયા. તે ટાણે મહારાજ સાધુની પંગતમાં લાડવા ફેરવે ને ચાલીસ પચાસ હરિભક્ત ઊભા ઊભા દર્શન કરે. તે ભેગા શામો પટેલ પણ ઊભા રહ્યા.

પછી મહારાજે એ શામાને બોલાવીને કહ્યું જે, "આ લાડવા લ્યો." પછી બે હાથમાં ચાર લાડવા લઈને એ શામાની પછેડીમાં નાંખ્યા. અને વળી ચાર લાડવા લઈને મહારાજે એ શામાને આપ્યા. પછી શામા પટેલે પછેડી લઈ લીધી. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારાં ભાતાં ખૂટ્યાં છે, તે આ લાડવા પહોંચે ત્યાં સુધી આંહીં રહેજો." એમ કહીને બીજા આઠ લાડવા આપ્યા. પછી સોળ લાડવા પૂગ્યા ત્યાં સુધી રહ્યા ને મહારાજનાં દર્શન કર્યાં. એ વાત પૂરી થઈ. ॥૧૭૯॥



વાત - ૧૮૦

ભુજના સુંદરજીભાઈના દાસપણાની પરીક્ષા

એકવાર **ભુજવાળા** સુંદરજીભાઈ ભુજના દરબારનો વિવાહ હતો, તેમનું ખાંડું લઈને જાનમાં જાતા હતા. ને પોતે મુખત્યાર હતા ને ભેગી આરબની બેરખ હતી. ને સિપાઈ, રજપૂત, ભાયાત વિગેરના સો સ્વારો હતા. ને નેજો, નિશાન, ડંકો ને વાજાં તે પણ હતાં. ને ઘોડા, ગાડી, રથ, વેલો વિગેરે બહુ ભારે સામાન હતો. એવા આડંબરથી એ સુંદરજીભાઈ જાન લઈને જાતા હતા.

તે માર્ગમાં **સરધાર** ગામ આવ્યું. તે ગામમાં મહારાજ બિરાજતા હતા. તેમનાં દર્શન કરવા સારુ એ સુંદરજીભાઈએ પોતાના સર્વે માણસને ગામને ઝાંપે રાખીને એકલા મહારાજ પાસે આવીને દર્શન કર્યાં. ત્યારે મહારાજે ગાદલું નંખાવીને કહ્યું જે, “આ ગાદલા ઉપર બેસો.” ત્યારે સુંદરજીભાઈ બોલ્યા જે, “હે મહારાજ ! હું તો તમારો દાસ છું, તે મારાથી ગાદલે કેમ બેસાય ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “દાસપણું આવવું તે તો ઘણું કઠણ છે.”

ત્યારે સુંદરજીભાઈ બોલ્યા જે, “હે મહારાજ ! દાસપણું આવવું કાંઈ કઠણ નથી.” ત્યારે મહારાજ ફેર બોલ્યા જે, “એ તો કહેવાનું છે, પણ દાસપણું આવવું બહુ કઠણ છે.” ત્યારે સુંદરજીભાઈ કહે, “એ કાંઈ કઠણ નથી.” તે મહારાજે ચાર વાર કહ્યું જે, “દાસપણું આવવું કઠણ છે.” ને સુંદરજીભાઈએ પણ ચાર વાર કહ્યું જે, “દાસપણું આવવું કાંઈ કઠણ નથી.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “જો તમે અમારા દાસ હો તો જેમ અમે કહીએ તેમ તમે કરશો ?” ત્યારે સુંદરજીભાઈ કહે, “હા મહારાજ ! જેમ તમે કહેશો તેમ હું કરીશ.” ત્યારે મહારાજ કહે, “આ તમારા થોભા ને મૂછો પડાવી નાંખો.” ત્યારે તે વખતે ગાંયજાને બોલાવીને

થોભ્મા ને મૂછો પડાવી નાખ્યાં. પછી મહારાજ કહે, "આ તમારાં લૂગડાં ને ઘરેણાં કાઢી નાંખો ને આ અલફી પહેરીને કાશીએ જાઓ. તે દેહ પ્રજંત(પર્યંત) ત્યાં રહેવું, પાછું આવવું નહીં. અમે પાછા બોલાવીએ તોપણ પાછા વળશો નહીં. ને ઝાંપે તો તમારા માણસ બેઠા છે, તેથી આ બારીએ થઈને આ રસ્તે થઈને ચાલ્યા જાઓ.

પછી સુંદરજીભાઈએ જેમ મહારાજે કહ્યું, તેવો વેશ કરીને બારીએ થઈને કાશીને રસ્તે ચાલી નીસર્યા. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આ સુંદરજીને અમે આમ કર્યું તેમાં તમને કેમ લાગે છે?" ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આ કાઠિયાવાડ ને ઝાલાવાડમાં તો અમારાથી જવાતું નથી. જ્યાં જાઈએ ત્યાં મારવા માંડે છે. એક કચ્છ દેશમાં જઈને ઊભા રહીએ તેમ હતું, પણ તમે સુંદરજીનું આમ કર્યું, તેથી હવે કચ્છ દેશમાં પણ નભાવ થાય તેમ રહ્યું નહીં. તે મને તો એ વાત સવળી ન સૂઝી."

ત્યારે મહારાજ કહે, "અમો તો ભૂલી ગયા, પણ તમે કેમ ના પાડી નહીં?" ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "હે મહારાજ ! અમથી તમને કેમ ના પડાય?" ત્યારે મહારાજ કહે, "એને પાછો બોલાવીએ." એમ કહીને સુંદરજીને તેડવા માણસ મોકલ્યું. ત્યારે સુંદરજી કહે, "હવે હું પાછો નહિ વળું. મહારાજે મને કહ્યું છે જે, 'અમે પાછો વાળીએ તોય વળીશ મા." ત્યારે તે માણસ પાછું આવ્યું.

ત્યારે મહારાજે મૂળજી બ્રહ્મચારીને મોકલ્યા. તે બહુ રીતે સમજાવીને પાછા તેડી લાવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "હવે તમારાં ઘરેણાં, લૂગડાં પહેરો." ત્યારે સુંદરજીભાઈ કહે, "હે મહારાજ ! મને દયા કરીને તમે આવી દશા દીધી છે, તે હવે હું એ લૂગડાં નહિ પહેરું." ત્યારે મહારાજ કહે, "તમે અમારા દાસ હો તો મારે કીધે કરીને પહેરો."

પછી લૂગડાં પહેરીને બહાર નીસર્યા તે પોતાના માણસ પાસે આવ્યા. ત્યારે એ સર્વે માણસે કહ્યું જે, "આ થોભા, મૂછો કેમ પડાવી નાંખી ?" ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "મારે માનતા હતી જે, 'જ્યારે એ દેવનાં દર્શન કરીએ ત્યારે તે જ વખત થોભા ને મૂછો પડાવી નાખવાં.' તે આજ માનતા પૂરી થઈ." એ વાત પૂરી થઈ. ॥૧૮૦॥



વાત - ૧૮૧

સુરતના સંઘની દર્શનાતુર ડોસીને શ્રીહરિનાં દર્શન

એકવાર શ્રીજીમહારાજ **વરતાલે** સમૈયો કરવા સારુ પધાર્યા હતા. તે સમૈયો પૂરો કરીને ચાલવા સારુ તૈયાર થઈ ઘોડેસ્વાર થઈને બારા નીકળ્યા. ત્યાં તો **સુરતનો** સંઘ વરતાલ આવી પહોંચ્યો. એ સર્વે સંઘે મહારાજનાં દર્શન કર્યાં. ને તે સંઘ સર્વેને મહારાજે કહ્યું જે, "હવે અમે ચાલશું ને તમે સૌ ગઢડે આવજો." એમ કહીને મહારાજ તો સર્વે સ્વારે સહિત ચાલી નીસર્યા. તે બે ગાઉ પહોંચ્યા ત્યારે સુરતની એક ડોસી વાંસે રહી ગયેલી, તે વરતાલ આવી.

ત્યારે તે ડોસીને સંઘવાળે કહ્યું જે, "અરે ડોસી ! આંહીં તો મહારાજ હતા ને અમારે સૌને દર્શન થયાં ને તું વાંસે કેમ રહી ગઈ ?" એવું સાંભળીને ડોસીએ તો રોવા માંડ્યું ને મહારાજ વાંસે દોડી. તે દોડતી જાય ને રોતી જાય ને એમ કહેતી જાય જે, "અરે દયાળુ ! હું અભાગણીને દર્શન દીધાં વગર તમે જાતા રહ્યા !" તે ડોસી ઘડપણમાં દોડી શકે નહીં, તેથી ખેતરમાં ગોથાં મારે ને વિલાપ કરે. ત્યારે મહારાજે પોતાના સ્વારોને કહ્યું જે, "તમે સૌ આંહીં ઊભા રહો, મારે પાછું જાવું પડશે. તે જઈને હમણાં પાછો આવીશ."

એમ કહીને માણકી ઘોડીને દોડાવી, તે જ્યાં એ ડોસી ગોથાં મારતી હતી, તેની પાસે આવીને ઊભા રહ્યા. ને એ ડોસીને કહ્યું જે, "હવે તું રો મા ને વિલાપ કર મા. આ હું તને દર્શન દેવા બે ગાઉથી પાછો આવ્યો. માટે હવે મારાં દર્શન કર."

પછી તો એ ડોસી પગમાં માથું મેલીને વારંવાર પગે લાગે. પછી મહારાજે હાર પહેર્યા હતા, તે સર્વે એ ડોસીને આપીને કહ્યું જે, "હવે અમને રજા આપો તો ચાલીએ." ત્યારે ડોસી કહે, "મારા વિહામા ! હવે પધારો !" પછી મહારાજે દોડ કરીને પોતાના સ્વારો ભેગા થયા. એવી રીતે એ ડોસીને દર્શન દીધાં. એ વાત પૂરી થઈ. **॥૧૮૧॥**



વાત - ૧૮૨

વઢવાણના જાલમસિંહજીએ સંતોનો પક્ષ રાખ્યો

વઢવાણ શહેરના જાલમસિંહજી એવે નામે દરબાર હતા. તે પોતે એકલા જ ઘોડેસ્વાર થઈને ફાટસર તળાવમાં પોતાનું બીડ હતું, ત્યાં જાતા હતા. તે રસ્તામાં ધર્મ તળાવ છે, ત્યાં પોતે ઘોડાને પાણી પાવા સારુ આવ્યા. ત્યારે તે વખત સ્વામિનારાયણના સાધુ એ તળાવે નાતા હતા. તેમને દેખીને બોલ્યા જે, "તમારા મંદિરથી નદી તો નજીક છે, તો આટલે છેટે તમે નાવા કેમ આવો છો ?"

ત્યારે તે સાધુએ કહ્યું જે, "નદીએ નાવા જાતાં રસ્તામાં રામમોલ આવે છે. તેમાં બાવો છે તે અમને ગાળો દઈને એમ કહે છે જે, 'સ્વામિનારાયણના મુંડીયા ! જો આણીકોર થઈને નીકળશો, તો તમારા પગ ભાંગી નાંખશું ને તમને મારશું.' એમ અમને કહે છે, તે સારુ અમે નદીએ જાતા નથી." એવું સાધુનું વચન સાંભળીને દરબાર બોલ્યો જે, "તમે સૌ મારી વાંસે આવો, હું એ બાવા પાસે જઉં છું."

પછી સાધુને ભેગા લઈને દરબાર એ રામમોલની ખડકીએ આવીને, ઘોડે ચડી ઊભા રહીને એ બાવાને ગાળો દઈને બોલાવ્યો. તે બાવો આવીને ઊભો રહ્યો ત્યારે ઠાકોરે એ બાવાને કહ્યું જે, "અરે દુષ્ટ પાપિયા ! તારા કરમને હું જાણું છું. વળી બાઈસાહેબનો તું ગુરુ છો, તેથી ફાટ્યો(છક્યો) છો. તે આવા ધરમવાળા સાધુને ગાળો દઈને આંહીંથી નીકળવા દેતો નથી. માટે હવેથી જો આ સાધુનું નામ લીધું છે, તો હું હાથી પાસે તને ચિરાવી નાખીશ !"

એમ બાવાને કહીને પછી સાધુને કહ્યું જે, "તમે આ રામમોલના બારણા પાસેથી ઊંચે સાદે 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' એમ કહેતાં કહેતાં નદીએ નાવા જાજો. ને જો એ કાંઈ તમને બોલે તો મને આવીને કહેજો, નહિ તો તમને સ્વામિનારાયણના સમ છે." એમ દરબાર કહીને ગયા.

પછી સાધુ તો રહ્યા ત્યાં સુધી એ પ્રમાણે કર્યું. પછી સાધુ ગઢડે ગયા ત્યારે એ સર્વે વાત મહારાજને કીધી. તે સાંભળીને મહારાજે મુક્તાનંદસ્વામીને બોલાવ્યા ને એ વાત કરી. અને વળી મહારાજ બોલ્યા જે, "જુઓ સ્વામી, એ દરબારે આપણો કેવો પક્ષ રાખ્યો !" ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે રાજી થયા તે દરબારે પોતાનું કામ કર્યું." એ વાત પૂરી થઈ. ॥૧૮૨॥



વાત - ૧૮૩

શ્રીહરિના દ્રોહી બરવાળાના કામદાર વાણિયાની દુર્દશા

એકવાર શ્રીજીમહારાજ સર્વે સંતમંડળને લઈને **વરતાલ** જાતા હતા. તે **બરવાળે** આવ્યા ત્યારે ગામના હરિભક્તે દરબારનો ઉતારો (ઊતરવાની ધર્મશાળા) હતો, તે એક સિપાઈ પાસે માગી લઈને જમવા

સારુ રાખ્યો અને એ સર્વે સંતને એમાં ઉતાર્યા. ને મહારાજ પણ વાંસેથી આવ્યા, તે પણ એમાં ઊતર્યા. ને ગામના હરિભક્તે રસોઈનો સામાન, સીધું, પાણી, વાસણ વિગેરે લાવીને એ ઉતારામાં મૂક્યું.

ત્યારે એ ગામનો કામદાર વાણિયો ઈર્ષાવાન હતો. તે હાથમાં હોકો લઈને પીતો પીતો એ ઉતારા પાસે આવીને બોલ્યો જે, "આ ઉતારામાં કોણ ઊતર્યું છે ?" ત્યારે ગામના હરિભક્તે કહ્યું જે, "આ તો સ્વામિનારાયણ ઊતર્યા છે." ત્યારે કામદાર બોલ્યો જે, "સર્વે બારા નીકળો, ઉતારો ખાલી કરો." ત્યારે ગામના હરિભક્તે કહ્યું જે, "તમારા સિપાઈની રજા લઈને ઉતારો કર્યો છે." ત્યારે કામદાર કહે, "એ સિપાઈ શું જાણે ? ઝટ સરીખા બારા નીકળો." ત્યારે મહારાજે એમના(પોતાના) સાધુને કહ્યું જે, "આંહીં ઊભા રહેશો નહીં."

પછી એ સર્વે બારા નીકળ્યા. ત્યારે ગામના હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! આ સીધું સામાન લાવ્યા છે, તે બીજે ઠેકાણે રસોઈ કરાવીએ ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે તો આ ગામનાં પાણી હરામ છે." એમ કહીને મહારાજ તથા સંતમંડળ સર્વે ચાલી નીસર્યા. તે આગળ (નાવડા) ગામ આવ્યા ત્યાં પણ રસોઈ કરવા દીધી નહીં. ને જ્યારે રાત્રી પડી ને જે ગામ (પચ્છમ) રાત રહ્યા ત્યાં ખીચડી કરાવીને સાધુને ખવરાવી.

એવી રીતે એ કામદારે મહારાજનો દ્રોહ કર્યો. તે એ કામદાર પણ ઘણો કારણદાર હતો ને ગામનો રણીધણી હતો, પણ થોડાક દિવસમાં એની લાજ-આબરૂ ને કારભાર તેનો નાશ થઈ ગયો ને બંધીખાને પડ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૮૩॥



વાત - ૧૮૪

શ્રીહરિ લીંબલીમાં સગરામને ત્યાં છાના રહ્યા

એકવાર શ્રીજીમહારાજ **ગામ** લોયામાં હતા. ત્યાંથી સમી સાંજમાં રિસાઈને ચાલી નીસર્યા, તે અરધી રાતે ગામ **લીંબલીએ** આવ્યા. તે લીંબલીના ઝાંપા પાસે સગરામનો કૂબો હતો, ત્યાં આવીને સગરામને બોલાવ્યો. ત્યારે સગરામ ઊઠીને મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજ કહે, “મારે સૂઈ રહેવું છે.”

ત્યારે એ સગરામ સાંખ્યજોગી(ના નિયમ પાળતો) હતો. અને તેની બાયડીનો કૂબો જુદો હતો ને તેનો કૂબો પણ જુદો હતો. તે એના કૂબામાં કાંબળી પાથરી દીધી, તે ઉપર મહારાજ સૂઈ ગયા. ને સગરામને કહ્યું જે, “મૂળજી શેઠને ખબર કરી આવ, બીજા કોઈને વાત કરીશ મા. અમારે છાના રહેવા છે.”

પછી સગરામ તો મૂળજી શેઠની ખડકીએ આવીને મૂળજી શેઠને જગાડીને કહ્યું જે, “મારા કૂબામાં તો હાથી બાંધ્યો છે.” ત્યારે મૂળજી શેઠ કહે, “કેમ હાથી ?” ત્યારે સગરામ કહે, “મહારાજ મારે ઘેર આવ્યા છે ને કૂબામાં સૂતા છે. અને તમને ખબર કરવા મને મોકલ્યો છે; તે છાના આવજો, કોઈને જાણવા દેશો નહીં.” એમ કહીને સગરામ તો આવ્યો. અને મૂળજી શેઠ તો ઉતાવળા લૂગડાં પહેરીને હાથમાં લાકડી લઈને સગરામના કૂબા પાસે જાતા હતા.

અને મહારાજ જ્યારે રિસાઈને ચાલી નીસર્યા, ત્યારે તેમની વાંસે બ્રહ્માનંદસ્વામી ને સ્વયંપ્રકાશાનંદસ્વામી પણ વીસ સાધુ ભેગા લઈને પગેરે પગેરે વાંસોવાંસ ચાલેલા. તે પણ લીંબલીએ આવીને ઊંચો ચોરો હતો, તેમાં બેઠેલા હતા. તેમને દેખીને મૂળજી શેઠ બોલ્યા જે, “આ ચોરામાં કોણ બેઠા છે ?” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “વાણિયા, નથી ઓળખતો ? અમે સાધુ છીએ.”

પછી મૂળજી શેઠ તો ચોરા ઉપર ચડીને એ સર્વે સાધુને પગે લાગીને બોલ્યા જે, "રાતે તમે ક્યાંથી આવ્યા ? ને ક્યાં જાઓ છો ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ લોયેથી રિસાઈને ચાલી નીસર્યા છે. તેથી તેમની મોજડીને સગડે સગડે આંહીં આવીને હમણાં બેઠા છીએ. અને વળી તારો ભરોસો છે જે, મૂળજીભાઈ ક્યાંઈક વાવડ દેશે ખરા. માટે તમને કાંઈ ખબર હોય અથવા તમારે ઘેર આવ્યા હોય તો અમને ખબર આપો." ત્યારે મૂળજી શેઠ કહે, "મારે ઘેર તો આવ્યા નથી. તમે આંહીં બેસો હું ગામમાં જઉં છું, તે પાછો હમણાં તમારી પાસે આવું છું."

એમ કહીને મૂળજી શેઠ તો એ સગરામના કૂબામાં જઈને મહારાજને દંડવત કરીને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! બ્રહ્માનંદસ્વામી વીસ સાધુ લઈને આંહીં તમારી વાંસોવાંસ આવ્યા છે ને ચોરામાં બેઠા છે. તેમણે મને મળીને કહ્યું જે, 'મહારાજ રિસાઈને ચાલી નીસર્યા છે, તેમને ગોતવા સારુ અમે સગડે સગડે આંહીં આવ્યા છીએ. તે ક્યાંઈ મહારાજની ખબર છે ?' એમ મને પૂછ્યું. તે મેં તો કાંઈ જવાબ દીધો નથી, પણ મને પાછા પૂછવા આવશે. ત્યારે મારે એમને શું કેવું ? ને એ ચાલી ચાલીને દોડાદોડ આવ્યા છે, તે થાકી પણ રહ્યા છે."

✳ શ્રીહરિ મૂળજી શેઠના ઘેર તલ, ગોળ અને થાળ જમ્યા :

ત્યારે મહારાજ કહે, "હવે અમને છતું થયા વગર છૂટકો નથી. તેથી અમે તારે ઘેર આવશું ને એ સાધુને પણ ખબર દઈને તારે ઘેર તેડી આવ." પછી મૂળજી શેઠ ઘેર આવ્યા ને સાધુને પણ મૂળજી શેઠે ખબર દઈને પોતાને ઘેરે તેડી લાવ્યા. પછી મહારાજને પગે લાગીને સહુ સાધુ બેઠા. ત્યારે મહારાજ કહે, "મૂળજી, આ સાધુ ખાય એવું અત્યારે કંઈ મળે ?" ત્યારે મૂળજી શેઠ કહે, "અત્યારે

તો તલ ને ગોળ છે, તે લાવું." પછી મહારાજે તલ-ગોળ મંગાવીને એ સાધુને ખવરાવ્યો.

પછી તો સવાર થયું ત્યારે મૂળજી શેઠને ઘેર રસોઈ થાવા માંડી, ને ગામમાંથી પણ ચારપાંચ રસોઈઓ આવી. તે સમે નાજા જોગિયા આવીને મહારાજને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! ડોસીઓએ તો અન્ન ને જળનાં નીમ લીધાં છે જે, 'મહારાજનાં દર્શન કર્યા પછી અન્ન ને પાણી લેવું.' માટે તમે તો આંહીં રસોઈઓ માની બેઠા છો, પણ ડોસીઓ તો એકેય નહિ જીવે." એવું સાંભળીને મહારાજ મૂળજી શેઠની રસોઈ જમીને તરત ચાલી નીસર્યા. તે જ્યારે મહારાજનાં દર્શન કર્યાં ત્યારે ડોસીઓએ અન્નજળ લીધું. ને સૌને શોક મટી ગયો. એ વાત પૂરી થઈ. ॥૧૮૪॥



વાત - ૧૮૫

સંતોએ મૂઠી પોંકમાં છોકરાને કલ્યાણ દીધું

એકવાર મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી એ બેય સાધુ (ભાલપ્રદેશમાં) રસ્તામાં ચાલ્યા જાતા હતા. અને તેમની આગળ એક કબણીનો છોકરો ઘઉંનો પોંક ખાતો ખાતો ચાલ્યો જાતો હતો. તે છોકરાને દેખીને બ્રહ્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી ! આ છોકરાનું કલ્યાણ કરશું ?" ત્યારે સ્વામી કહે, "બહુ સારું."

પછી બ્રહ્માનંદસ્વામીએ એ છોકરાને કહ્યું જે, "તું શું ખાય છે ?" ત્યારે છોકરો કહે, "ઘઉંનો પોંક ખાઉં છું." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, "પોંક અમને આપીશ ?" ત્યારે છોકરે લૂગડામાં બીજો ચોખો પોંક બાંધ્યો હતો તે આપવા માંડ્યો. ત્યારે સાધુ કહે, "અમારે ઝાઝો જોઈતો નથી." એમ કહીને બેય જણે અકેકી મૂઠી ભરી લીધી. તે જમીને બોલ્યા

જે, "છોકરા, તારું કલ્યાણ અમે કરશું." એમ એનું કલ્યાણ કર્યું. એ વાત પૂરી થઈ. ॥૧૮૫॥



વાત - ૧૮૬

કારિયાણીમાં પટેલિયાઓ સાથે કૂવામાં સ્નાનલીલા

મહારાજ **કારિયાણીમાં** બિરાજતા હતા. એક દિવસ ગામના પટેલિયાને તથા દરબારોને ભેગા લઈને કૂવે નાવા સારુ ગયા. તે સર્વે સાથે એવો ઠેરાવ કર્યો જે, "આ કૂવામાં માથે ફેંટા બાંધીને ઉપરથી ધૂબકા મારવા, ને માથાના ફેંટા પલળવા દેવા નહીં." પછી સર્વે ફેંટા માથે બાંધી બાંધીને ધૂબકા મારે, તે ઊંડા ગરી જાય ને ફેંટા બોળાઈ જાય, પણ કોઈનો ફેંટો કોરો રહે નહીં. અને મહારાજ ધૂબકો મારે ત્યારે છાતી સુધી બારા રહે ને ફેંટો તો શેનો પલળે !

પછી તો એ પટેલિયા તથા દરબારો ઘણું ઘણું જતન કરીને ધૂબકા મારવા માંડ્યા, પણ કોઈના ફેંટા કોરા રહ્યા નહીં. ને મહારાજનો ફેંટો તો એકેય વાર પલળ્યો નહીં. તે જોઈને એ સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો, તે તમારો વાદ અમારે હોય નહીં." એમ કહીને સર્વે મહા આશ્ચર્ય પામતા હવા. એ વાત પૂરી થઈ. ॥૧૮૬॥



વાત - ૧૮૭

લોયામાં માર્ગીપંથના વૈરાગી મા-દીકરાનું કલ્યાણ કર્યું

એકવાર શ્રીજીમહારાજ **લોયામાં** સુરા ખાચરને ઘેર વિરાજમાન હતા ને સુરા ખાચર, સોમલા ખાચર આદિ મોટા મોટા હરિભક્ત પણ પોતાની પાસે બેઠા હતા. તે સમે એક વેરાગણ માર્ગી બાઈ અને

તેનો દીકરો એ બેય જણ ગામને ચોરે બેસીને ઊંચે સાદે સાવળ્યુંનાં(તે પ્રકારનાં) ભજન બોલતાં હતાં. તેનો સાદ સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ કોણ ગાય છે ?" ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "એ તો એક માર્ગી વેરાગણ ને તેનો દીકરો ચોરે ઊતર્યાં છે, તે ગાય છે."

ત્યારે મહારાજ કહે, "અમે તો એ ભજન સાંભળવા એની પાસે જાશું." ત્યારે સુરા ખાચર કહે, "અરે મહારાજ ! એ તો માર્ગી સાધુ છે તે અધર્મી કહેવાય. તે એની પાસે તમારાથી જવાય નહીં." ત્યારે મહારાજ તો ઊભા થયા ને બોલ્યા જે, "અમે તો ત્યાં જાશું. તમે ન આવો તો અમે એકલા જાશું." ત્યારે સુરા ખાચરે જાણ્યું જે, 'મહારાજ ત્યાં ગયા વિના રહેશે નહીં.' ત્યારે સુરા ખાચર કહે, "હે મહારાજ ! તમે કહો તો એ બાવાને આંહીં બોલાવીએ." ત્યારે મહારાજે કહે, "બોલાવો."

પછી સુરા ખાચર જઈને એ બેયને બોલાવી લાવ્યા. પછી એ મહારાજ પાસે આવ્યાં, ત્યારે મહારાજ કહે, "તમે જે સાવળ્યું બોલતાં હતાં તે ને તે બોલો." પછી એ બેય મા-દીકરો ઊંચે સાદે કરીને મહારાજ પાસે સારી પેઠે સાવળાં ગાયાં. તે સાંભળીને મહારાજ ઘણા રાજી થઈને બોલ્યા જે, "તમે માંગો, જે માંગો તે તમને આપું." ત્યારે એ બોલ્યાં જે, "હે મહારાજ ! અમે તો પાપિયાં છીએ, તે શું માગીએ ? પણ તમે ભગવાન કહેવાઓ છો, તે અમારું સારું કરજો !" ત્યારે મહારાજ કહે, "તમારું સારું કરશું."

પછી તે તો બેય ઊઠી ગયાં. પછી સુરા ખાચરે મહારાજને કહ્યું જે, "એ માર્ગી છે, તેનું તમે શું સારું કરશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તારી બરોબર એનું સારું કરીશ." એવું સાંભળીને ત્યાં જે બેઠા હતા, તે સર્વે મહા આશ્ચર્ય પામતા હવા. એ વાત પૂરી થઈ. ॥૧૮૭॥



વાત - ૧૮૮

કરોલીમાં સિપાયણોનું ગોપીઓના જેવું કલ્યાણ કર્યું

એકવાર શ્રીજીમહારાજ **વરતાલનો** સમૈયો કરીને **ગઢડે** આવવા તૈયાર થયા. તે ગામ **કરોલીએ** આવ્યા, ત્યારે એ કરોલીની ચારપાંચ સિપાયણું આવીને મહારાજ આડી માર્ગમાં ઊભી રહી. ત્યારે મહારાજ સર્વે કાઠી લોકનાં ઘોડાં સહિત ઊભા રહ્યા. પછી એ સિપાયણું બોલી જે, "હે મહારાજ ! હવે તો પાછો સમૈયો આવશે ત્યારે તમે તો આવશો, તે ઘણી વાર લાગશે. તે તેટલા દિવસ આ મોઢું અમે ક્યાંથી ભાળશું ? માટે વહેલા વહેલા આવજો !"

એમ કહીને એ સર્વની આંખોમાં આંસુ આવી ગયાં. તે જોઈને મહારાજ તો ઘડીકવાર તેમની સામું જોઈ રહ્યા. પછી બોલ્યા જે, "હવે તમે ઘેરે જાઓ, અમે વહેલા વહેલા આવશું." પછી એ સર્વે મારગ મૂકીને કોરે ઊભી રહી ને મહારાજ સર્વે સ્વારે સહિત ચાલ્યા. તે ચાલતે ચાલતે એ સુરા ખાચર ને સોમલા ખાચર પાસે એમ બોલ્યા જે, "એ બાઈઓનું કલ્યાણ હું ગોપીઓના જેવું કરીશ." એવું મહારાજનું વચન સાંભળીને એ સર્વે સ્વારો બોલ્યા જે, "એ સિપાયણુંનાં મોટાં ભાગ્ય જે તમે આવા રાજી થયા." એ વાત પૂરી થઈ. **॥૧૮૮॥**



વાત - ૧૮૯

ઝીંઝાવદરમાં શ્રીહરિએ નાજા જોગિયાને ઉછાળી કુસ્તી કરી

એકવાર શ્રીજીમહારાજ **ઝીંઝાવદરમાં** અલૈયા ખાચરને ઘેર છાના રહેતા હતા ને નાજા જોગિયા પાસે હતા. એક દિવસ નાજા જોગિયા સાથે કુસ્તી રમવા માંડી, તે રમતે રમતે નાજા જોગિયાને મોભારા સુધી ઊંચો ઉછાળી ઉછાળીને હેઠો પાડ્યો, પણ નાજા જોગિયાને

કાંઈ પણ વાગ્યું નહીં. ત્યારે નાજે કહ્યું જે, "હે મહારાજ ! આ ચાર વાર હું મોભારા સુધી ઊછળી ઊછળીને હેઠો પડ્યો ને પૃથ્વી ઉપર બહુ પડછંદા વાગ્યા, પણ મને તો એક ફૂલ વાગે એટલું પણ એકેય વેરા વાગ્યું નહીં; તે એમ કેમ થયું ?" ત્યારે મહારાજ કહે, "તને વાગે ને તારાં હાડકાં ભાંગી જાય, તો તું મારી સાથે ફરીને કેમ રમે ? તે સારુ તને વાગવા દીધું નથી ને તારી રક્ષા કરી છે." એ વાત પૂરી થઈ. ॥૧૮૯॥



વાત - ૧૯૦

ગઢડામાં મહારાજે છોકરાને પોતાની શિખા કાપીને આપી

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે ગાંયજા પાસે હજામત કરાવતા હતા. ને એક હરિભક્તના છોકરે એ ગાંયજાને કીધું જે, "મહારાજની હજામત કરીને મહારાજના કેશ મને આપીશ ?" ત્યારે તે ગાંયજે કેશ આપવાની હા પાડેલી. પછી જ્યાં સુધી હજામત કરી ત્યાં સુધી એ છોકરો કેશની આશાએ બેસી રહ્યો.

પછી હજામત કરીને એ ગાંયજો ચાલી નીસર્યો ને છોકરે કેશ માગ્યા, પણ આપ્યા નહીં. પછી છોકરે રોવા માંડ્યું, ત્યારે તે છોકરાને રોતો દેખીને મહારાજે પૂછ્યું જે, "તું કેમ રોવે છે ?" ત્યારે એ છોકરો કહે, "એ ગાંયજે મને તમારા કેશ આપવાની હા પાડીને આંહીં બેસાર્યો હતો. તે તો ગયો ને મેં કેશ માગ્યા પણ મને આપ્યા નહીં. તે મને ખોટું લાગ્યું, તે સારુ રોઉં છું."

ત્યારે મહારાજ બોલ્યા જે, "છોકરા, તું રોઈશ નહીં. ઓરો આવીને આ મારી ચોટલી કાપી લે." ત્યારે છોકરો કહે, "ના મહારાજ, તમારી ચોટલી કપાય નહીં. હું નહિ કાપું." પછી મહારાજે પોતાના

હાથમાં કાતર લઈને પોતાની ચોટલી કાપીને એ છોકરાને આપી. પછી છોકરાને રોતો હતો, તે છાનો રાખ્યો. એવી એની ઉપર દયા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૯૦॥



વાત - ૧૯૧

ઓસરીએથી પડતાં મૂળજી શેઠની રક્ષા કરી

એકવાર શ્રીજીમહારાજ સાધુની પંગતમાં લાડવા પીરસતા હતા. તે લાડવાની કુંડી(તાંબા કુંડી) મૂળજી શેઠના હાથમાં હતી ને પાછા પગે હાલતા હતા. તે પાછી મૂળજી શેઠની નજર નહિ ને ઓસરી આવી રહી. તે ઓસરી ઊંચી હતી. તે મૂળજી શેઠનો એક પગ ઓસરીથી હેઠે આવી ગયો, તે લથડ્યા ને પડવાનો ઉપાય થયો. ત્યારે મહારાજે પોતાના બે હાથ વધારીને મૂળજી શેઠના બે હાથ ઝાલીને પાછા ઓસરી ઉપર તાણી લીધા. ને લાડવાની કુંડી પણ હાથમાંથી ખસી હતી, તે ઝાલી લીધી. ને એમ બોલ્યા જે, “મૂળજી, અમે તારા હાથ ઝાલી લીધા ના હોત તો તારા ભૂકા નીકળી જાત.”

ત્યારે મૂળજી શેઠ કહે, “મહારાજ, હું તો ભવસાગરમાં પડ્યો હતો, તે તમે જ હાથે ઝાલીને કાઢ્યો છે, તે નીકળ્યો છું. નહિ તો મારું ઠેકાણું ક્યાં રહે એવું હતું ?” એવી રીતે બે ભુજા વધારીને મૂળજી શેઠને ઝાલ્યા. તે ભુજાઓ મૂળજી શેઠે નજરે દેખી ને સાધુએ પણ દેખી. એવી રીતે શ્રીજીમહારાજનો પ્રતાપ સૌએ દેખ્યો. એ વાત પૂરી થઈ. ॥૧૯૧॥



વાત - ૧૯૨

કારિયાણીમાં અંતર્યામી શ્રીહરિ બધાના સંકલ્પ કહેવા માંડ્યા

એકવાર શ્રીજીમહારાજ **કારિયાણી** મધ્યે બિરાજમાન હતા, ને સુરા ખાચર, સોમલા ખાચર આદિક સર્વે પોતા પાસે બેઠા હતા, ને બીજા હરિભક્તો પણ બેઠા હતા. એવા સમામાં એક કણબી મહારાજ પાસે આવીને બેઠો. ત્યારે તે કણબી સામું જોઈને મહારાજ બોલ્યા જે, “અરે દુષ્ટ ! વ્યભિચાર કરમ કરીને કેમ આવ્યો ?” પછી બીજા જે આગળ બેઠા હતા, તેમના સંકલ્પ તથા તેની જે ક્રિયા તેને કહેવા માંડી.

ત્યારે તેને સાંભળીને સુરા ખાચર, સોમલા ખાચર તથા અલૈયા ખાચર વિગેરે જે બેઠા હતા તેમણે કહ્યું જે, “આ તમણા બાપની આંખ આજ ફરી છે, તે કોકનું કામ કાઢી નાંખશે, ને આપણી પણ આબરૂ લેશે. માટે આંહીંથી ઊઠો.”

પછી એ સર્વે ઊઠીને આઘા જઈને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, “સુરા ખાચર, કેમ આઘા જઈને બેઠા ?” ત્યારે સુરા ખાચરે કહ્યું જે, “હે મહારાજ ! જે દિવસથી તમે મળ્યા છો તે દિવસથી તો અમારામાં કાંઈ ફેરફાર થયો નથી, પણ આગળ તો અમે ક્યાંથી ધરમવાળા હશું ? ને અમારાં આગલાં છિદ્ર જ્યારે તમે કહેવા માંડો ત્યારે અમારી આબરૂ જાય. તે સારુ આંહીં કોરે આવીને બેઠા છીએ.”

પછી મહારાજ હસીને બોલ્યા જે, “એની તો અમને કાંઈ ખબર પડતી નથી. એ તો એ વખતે જ અમને કાંઈક થઈ ગયું હતું. તમે હવે સૌ આંહીં આવીને બેસો.” પછી એ સર્વે મહારાજ પાસે હસતાં હસતાં આવીને બેઠા. એ વાત પૂરી થઈ. **॥૧૯૨॥**



વાત - ૧૯૩

રૂપિયા ચોરનાર ડોસીનો દાદાએ દોષ નહિ, ગુણ લીધો

એકવાર **ગઢડામાંથી** દાદા ખાચરના ચારસેં રૂપિયા લઈને એક ડોશી ભાગી. તેની દરબારમાં સહુને ખબર પડી ને એ ડોસીને ગોતવા માંડી, પણ ક્યાંઈ જડી નહીં. એ ડોશી ગઢડાના સીમાડા સુધી ગઈ, ને પછી તો એકે દિશ દેખે નહિ ને એક ગઢડું દેખે. પછી તો એ ડોશીને ક્યાંઈ જાવા દિશ સૂઝી નહીં, તે પાછી ગઢડે આવીને દાદા ખાચરના દરબારમાં રૂપિયાની પોટલી હેઠી મૂકીને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એમ ભજન કરવા માંડ્યું.

ત્યારે એ ડોશીને દેખીને મહારાજે દાદા ખાચરને કહ્યું જે, "આ ડોશીએ બહુ ભૂંડું ચોરીનું કામ કર્યું, તે એને મારો." ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "અરે મહારાજ ! આ ડોશી તો 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એવું તમારું ભજન કરે છે, તે મારાથી એને કેમ મરાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે તો મૂરખ દેખાઓ છો. તમારા દરબારમાં તો આવાં ઘણાં માણસ ભેગાં થયાં છે. તે આને શિક્ષા નહિ કરો તો તમારું કાંઈ રહેવા દેશે નહીં. માટે અમારું વચન માનીને આને પાંચસાત કોરડા(ચાબકા) મારો."

ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "આ ડોશીએ તો રૂપિયા જ લીધા છે, પણ મારો દીકરો માર્યો હોય કે મારું માથું કાપવા માંડ્યું હોય, ને એ જો તમારા નામનું ઉચ્ચારણ કરતો હોય, તો તેને પણ મારે મારવાનો સંકલ્પ થાય નહીં, તો આ ડોશી તમારું ભજન કરે છે, તે મારો હાથ એને મારવા સારુ ઊંચો થાય જ નહીં. હું તો એને પગે લાગીશ." એવું દાદા ખાચરનું વચન સાંભળીને પોતાની કોટમાં પુષ્પનો હાર હતો, તે દાદા ખાચરની કોટમાં નાંખ્યો. ને બહુ રાજી થઈને ઘણી પ્રશંસા કરી. એ વાત પૂરી થઈ. ॥૧૯૩॥

વાત - ૧૯૪

શ્રીહરિનાં દિવ્યદર્શન બાદ રામજી શેઠની હરિમય સ્થિતિ

એકવાર ગામ **મેમકાવાળા** રામજી શેઠ પોતાની મેડીમાં સંવત્ ૧૯૪૫ની સાલમાં ત્રીજો પહોર ને દિવસને ટાણે બેસીને એમ વિચાર કરતા હતા જે, ‘હવે આ કોઈ જાતનો વહેવાર મેં મારે માથે રાખ્યો નથી ને કાંઈ પ્રવૃત્તિ પણ નથી, કેવળ નિવૃત્તિ પારાયણ થયો છું. માટે શ્રીજીમહારાજનાં દર્શન પ્રથમ મેં ચાર વખત કર્યાં છે, તે મૂર્તિને ઘડીએ ઘડીએ ધ્યાનમાં લાવીને સંભારવી છે.’ એવો બેઠા બેઠા વિચાર કરતા હતા. તે જ વખત શ્રીજીમહારાજ પ્રગટ મૂર્તિમાન થઈને રામજી શેઠની આગળ ત્રણ હાથને છેટે આવીને ઊભા રહ્યા.

તે એક ધોળી ધોતી ઢીંચણથી ચાર તસુ હેઠે કોર લાવી કછોટો વાળીને પહેરેલી, બીજું કાંઈ વસ્ત્ર નહીં. એવી ઉઘાડે શરીરે મહા રૂપાળી મૂર્તિ પંચવીશ વરસની ઉંમરના આસરાની દેખીને રામજી શેઠે તો પ્રથમ મહારાજનાં ઘણીવાર દર્શન કરેલ, તેથી એ મૂર્તિના મુખારવિંદનો એવો ને એવો બરોબર ચહેરો દેખીને તરત ઓળખ્યા જે, ‘આ તો મહારાજ પધાર્યા.’ તે મહારાજની મૂર્તિનાં પ્રથમ તો સમગ્ર દર્શન થયાં. પછી બે પગના ફણા લાલ નખાળી આંગળીઓ સહિત, ને બે ગોળ ઘૂંટીઓ, ને બે પિંડીઓ ધીંગી, ને ત્રિવળી સહિત ફાંદાળું ઉદર, ને ઊંડી નાભી, ને ગોળ ને લાંબી બે ભુજાઓ, ને ધીંગો કંઠ, એવા નોખા-નોખા અંગનું એક વાર દર્શન થઈ ગયું.

પછી તો મહારાજના મુખારવિંદ સામી રામજી શેઠની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. ને આંખનું પલ પણ મરાય નહીં, ને દૃષ્ટિ ફરીને બીજાં અંગ સામી જાય પણ નહીં. ને કાંઈ બોલાય પણ નહિ ને દેહનું ભાન પણ કંઈ રહ્યું નહીં. ને મહારાજ થોડું થોડું હસતા ને આંખનાં મટકાં

ભરતા ને રામજી સામી દૃષ્ટિ કરીને જોઈ રહેલા. એવા મહારાજના મુખારવિંદ સામું એક નજરે રામજી જોઈ રહ્યા.

પછી એમ સૂઝ્યું જે, 'હું ઊભો થઈને મહારાજના પગમાં પડીને પગે લાગું.' તે ઊભા થવા ગયા ત્યાં તો એ મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ. પછી તો અતિ ઉદ્વેગ થઈ ગયો ને આંખોમાંથી આંસુની ધારો થઈ ગઈ, પણ એ મૂર્તિ ક્યાંથી દેખાય ? રામજી શેઠ તો પ્રથમથી જ શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને ભજન કરતા હતા, પણ જે દિવસથી શ્રીજીમહારાજ પ્રગટ થઈને દર્શન દઈ ગયા, તે દિવસથી રામજી શેઠનું ચાર પ્રકારનું અંગ કરતા ગયા છે.

ते मां एक तो ए महाराजनी मुरती अखंड जीवमां देखाया करे छे ने
बीजुं स्वामीनारायण एवा नाम उचारण विना एक स्वास उस्वास
मीथ्या जातो नथी ने त्रीजुं कोई स्त्री सामी द्रष्टी तो जाती ज नथी तेणे
करीने स्त्रीनी वय के वान के वेश तेनी खबर ज पडती नथी ने चोथुं स्त्रिने
विषे भोगबुद्धिनो अंकुर अंतरमांथी उखडी गयो छे ते स्वप्नमां पण थातो
नथी ए चार प्रकारनुं अंग मुरतीनां दर्शन थया पछी थई गयुं छे

તેમાં **એક** તો એ મહારાજની મૂર્તિ અખંડ જીવમાં દેખાયા કરે છે. ને **બીજું** સ્વામિનારાયણ એવા નામઉચ્ચારણ વિના એક શ્વાસઉચ્છ્વાસ મિથ્યા જાતો નથી. ને **ત્રીજું** કોઈ સ્ત્રી સામી દૃષ્ટિ તો જાતી જ નથી. તેણે કરીને સ્ત્રીની વય કે વાન કે વેશ તેની ખબર જ પડતી નથી. ને **ચોથું** સ્ત્રીને વિષે ભોગબુદ્ધિનો અંકૂર અંતરમાંથી ઊખડી ગયો છે, તે સ્વપ્નમાં પણ થાતો નથી. એ ચાર પ્રકારનું અંગ મૂર્તિનાં દર્શન થયાં પછી થઈ ગયું છે.

આ વાત લખવી તો નહોતી, પણ શ્રીજીમહારાજ સર્વોપરી પુરુષોત્તમનારાયણનો અદ્‌ભુત પ્રતાપ સૌને જાણવામાં આવે તે સારુ લખ્યું છે. વગર કીધે લખ્યું છે. તે અમથી શી માલમ પડે ? માટે સૌ વાંચનાર સાંભળનાર મારી ઉપર કૃપા રાખજો. આ વાત મારા પેટમાં ન સમાણી માટે લખી. એ વાત પૂરી થઈ. **॥૧૯૪॥**



વાત - ૧૯૫

શ્રીહરિ કહે, પૂજાજી બોલે તો મેહ થાય, પણ તેથી બોલાયું નહીં

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે બિરાજમાન હતા ને સુરા ખાચર, સોમલા ખાચર, પૂજાજી વિગેરે ઘણા હરિજન બેઠા હતા. તેવા સમામાં કાઠી ભક્તે મહારાજને કહ્યું જે, “વરસાદ વિના વગડામાં મોલ સુકાઈ જાય છે, તે વરસાદ વરસાવો તો મોલ સારા થાય.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આ પૂજાજી કહે તો વરસાદ થાય.”

ત્યારે સુરા ખાચર બોલ્યા જે, “પૂજાજી, તમે કહો જે વરસાદ થાય.” પણ પૂજાજી તો કાંઈ બોલ્યા નહીં. ને ફરીને સુરા ખાચરે કહ્યું જે, “પૂજાજી, કેમ બોલતા નથી ? વરસાદ થાય એમ કહો.” તે ચાર-પાંચ વાર સુરા ખાચરે પૂજાજીને કહ્યું, પણ પૂજાજી તો કાંઈ બોલ્યા નહીં. ત્યારે સુરાખાચર કહે, “પૂજાજી ! જા...તને કાળો નાગ ડસે ! વરસાદ થાવાનું કેમ બોલતો નથી ? એક વાર બોલ !” પણ પૂજાજી તો કાંઈ બોલ્યા જ નહીં. ને મહારાજ તો મોઢા આડો રૂમાલ દઈને હસતા જાય.

પછી સુરા ખાચર કહે, “આ માણસમારો બોલનાર નથી.” પછી તો સભા ઊઠી ત્યારે એકાંતે સુરા ખાચરે પૂજાજીને કહ્યું જે, “કેમ બોલ્યો નહીં ? આ સર્વેનું દુઃખ જાત ને તારે બોલતાં શું બળ આવતું

હતું ?" ત્યારે પૂજાજી કહે, "સુરા ખાચર, હું તો ઘણુંય બોલવા સારુ બળ કરતો હતો, પણ મારાથી તો બોલાણું જ નહીં." ત્યારે સુરા ખાચર કહે, "મહારાજને વરસાદ વરસાવવો નહિ હોય, તે તને કેમ બોલવા દિયે !" એ વાત પૂરી થઈ. ॥**૧૯૫**॥



વાત - ૧૯૬

જૂનાગઢ મંદિરની ધજા ચડાવતા ચાર પાળાઓની રક્ષા કરી

એકવાર **જૂનાગઢના** મંદિરનો ધજાગરો ચડાવવો હતો. તે ચાર પાળા મંદિરના શિખર ઉપર જઈને ધજાગરાનું લાકડું બાથમાં લઈને તેના ખાનામાં નાંખતા હતા. હજારો માણસ હેઠે રહ્યા રહ્યા જોતા હતા. તે વાયુની કોક એવી આંટી આવી ગઈ તે ધજાગરાનું લાકડું નમી ગયું. ને તે ચાર પાળા પણ નમીને પડે એમ થઈ ગયા. ને હેઠે માણસ ઊભું હતું, તેમણે પણ જાણ્યું જે, 'આ ચાર જણ હમણાં જ પડશે ને ભૂકા નીકળી જાશે.' એવો સૌને ત્રાસ થઈ ગયો. ત્યારે મહારાજે આવીને એ ચાર જણને બાથમાં ઘાલ્યા, ને ધજાગરાનું લાકડું તેના ખાનામાં નાંખી દીધું ને મહારક્ષા કરી. ને હેઠે માણસ ઊભા હતા તેમને પણ મહારાજનાં દર્શન થયાં. ને એ ચાર જણ ઉપર હતા તેમને પણ મહારાજનાં દર્શન થયાં. એ વાત પૂરી થઈ. ॥**૧૯૬**॥

વાત - ૧૯૭

ઝાલાવાડી સંઘની પરીક્ષા ને ડોસીનો પ્રભુ પ્રત્યે પ્રેમ

એકવાર શ્રીજીમહારાજ **વરતાલમાં** વિરાજમાન હતા. તેમનાં દર્શન કરવા સારુ **ઝાલાવાડી** સંઘ વરતાલ જાતો હતો. તે સંઘ નડિયાદ પહોંચ્યો ત્યારે તેમની ખબર મહારાજને પડી જે, 'ઝાલાવાડી સંઘ આંહીં આવે છે. તે વરતાલ આજ આવશે તો અસુર(રાત;મોડું) થાશે.' માટે

એક અસ્વાર મોકલીને નડિયાદ રોકાવીએ તો ઠીક. પછી સુરા ખાચરને મહારાજે આજ્ઞા કરી તે અસ્વાર મૂકી નડિયાદ એ સંઘને રોકાવ્યો.

પછી વળી મહારાજે સુરા ખાચરને કહ્યું જે, "આ તો ઘણી વેળા છે, તે સંઘ તો આંહીં પહોંચી જાત, પણ આપણે ના પાડી તે આજ આંહીં નહીં આવે, ને પારકે પાદર રાતના હેરાન થાશે. માટે બીજો અસ્વાર મૂકીને એમને આંહીં તેડાવો." પછી બીજો સ્વાર મૂકીને એ સંઘને વરતાલ તેડાવ્યો.

પછી વળી મહારાજ બોલ્યા જે, "સુરા ખાચર, આપણે એ સંઘને આજ આંહીં તેડાવ્યો તે આવ્યા વગર રહેશે નહીં, ને અસુર થાશે તોપણ આવશે. માટે ત્રીજો સ્વાર મૂકીને એ સંઘ નડિયાદ રહીને સવારે આવે એમ કરો." પછી વળી ત્રીજો સ્વાર મૂકીને એ સંઘને નડિયાદ રખાવ્યો.

પછી સવારમાં એ સંઘ વરતાલ આવ્યો. ત્યારે એ સંઘમાં એક ડોસી બહુ આકરું માણસ હતી. તે મહારાજ ગોમતી કાંઠા ઉપર સભા કરીને બેઠા હતા, ત્યાં એ ડોસીએ જઈને મહારાજને વઢવા માંડ્યું જે, "કાલ દિવસે અમને હેરાન કરી નાંખ્યા. તે ઘડીકમાં વેલડાં જોડાવ્યાં ને વળી ઘડીકમાં છોડાવ્યાં. ને વળી આવશો તો બીક લાગશે એવું તોફાન લઈને બેઠા છો. તે બીક કેની લગાડી લાગે છે ? ને કેની મટાડી મટે છે ? એ બીજા કેના હાથમાં છે ? માટે અમને તો એવી રીસ ચડી છે, તે જાણીએ મોઢું જ ન જોઈએ, પણ શું કરીએ ? બીજો જો નાનો મોટો ભગવાન હોત તો રાવ કરત, પણ બીજો કોઈ ભગવાન ન મળે તે ક્યાં જઈએ !" એમ ડોસી વઢતી જાય ને મહારાજ પોતાના મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતા જાય.

પછી મહારાજ બોલ્યા જે, "ડોસી ! તમ જેવી ડોસી સોનામહોરની થાળી ભરીને કાશી સુધી ચાલી જાય તોય કોઈ લૂંટે નહીં, ને માર્ગ પણ કોઈને પૂછવા પડે નહીં, ને પહોંચતાં વાર પણ લાગે નહીં; એવો રાજા

તમારી રક્ષા કરવા નરનારાયણ હમણાં જ લાવે છે." એમ કહીને ચપટી વગાડી જે, "હવે વાર નથી." એવું સાંભળીને સર્વે સભાને એમ થયું જે, 'એવો રાજા કોણ આવશે ? ને ક્યારે આવશે ?' પછી તો તત્કાળ ટોપીવાળો આવ્યો ને મહારાજ બોલ્યા હતા, તેવો જ બંદોબસ્ત રાજાએ કર્યો. તે સૌએ નજરે દીઠો. એ વાત પૂરી થઈ. ॥૧૯૭॥



વાત - ૧૯૮

ગઢડે પૂનમિયા કૂવામાં સાક્ષાત્ ગંગાજી આવ્યાં

શ્રીજીમહારાજે **ગઢડા** મધ્યે દાદા ખાચરના આથમણા બારના ઓરડાની વાંસે એક કૂવો ગળાવ્યો. તે કૂવામાં પૂનમને દિવસ પાણી આવ્યું, તેથી એ કૂવાનું નામ પુનમિયો પાડ્યું. પછી મહારાજે બ્રાહ્મણ જમાડ્યા. તેમાં ચાર બ્રાહ્મણ વિદ્વાન હતા, તેમને મહારાજે કહ્યું જે, "આ કૂવામાં ગંગાજી આવ્યાં છે." ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, "હે મહારાજ ! ગંગાજી આંહીં આવે નહીં." ત્યારે મહારાજ કહે, "તમે એ કૂવામાં જુઓ, ગંગાજી છે કે નથી ?" પછી એ ચાર જણે કૂવામાં જોયું ત્યાં તો ગંગાજી મૂર્તિમાન સ્ત્રી રૂપે દેખ્યાં. પછી એ બ્રાહ્મણે મહારાજને કહ્યું જે, "હા મહારાજ ! ગંગાજી છે." એવું અદ્ભુત આશ્ચર્ય એ બ્રાહ્મણે દીઠું. એ વાત પૂરી થઈ. ॥૧૯૮॥



વાત - ૧૯૯

પર્વતભાઈનો દીકરો ધામમાં ગયો તથા તેમની અલૌકિક સમજણ

ગામ **અગત્રાઈમાં** પર્વતભાઈ રહેતા હતા. એમના દીકરાને બહુ મંદવાડ થયો, તે દેહ ન રહે એવો અવસર થયો. ને ગામનું માણસ

સહુ આવીને બેઠું હતું. તે ટાણે શ્રીજીમહારાજનો કાગળ પર્વતભાઈ ઉપર આવ્યો. તેમાં લખેલું જે, "કાગળ વાંચીને તે જ ઘડીએ અમારી પાસે આવજો, ઘડિયે ખોટી થાશો નહીં."

તે કાગળ વાંચીને પર્વતભાઈ તરત ઊભા થયા ને ચાલવાનું કર્યું. ત્યારે ગામના માણસ જે બેઠા હતા તેમણે કહ્યું જે, "આ દીકરો ઘડી સાત(મરવાની અણી પર) છે, તે આમ મૂકીને જવાય નહીં." ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, "દીકરો દેહ મૂકે તો તમે બાળી આવજો, પણ મહારાજે મારી ઉપર લખ્યું છે જે, 'કાગળ વાંચીને ઘડિએ ખોટી થાશો નહીં.' તે હું તો જઈશ." એમ કહીને પર્વતભાઈ ચાલી નીસર્યા.

તે તળાવ જેટલે પહોંચ્યા ત્યાં તો દીકરે દેહ મૂક્યો. ત્યારે દોડતું માણસ પર્વતભાઈ પાસે જઈને કહ્યું જે, "દીકરે દેહ મૂક્યો, તમે પાછા ઘેર આવો." ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, "એમાં મારે શો ખોટકો આવ્યો છે ? જો ખાટલાનો પાયો ભાંગ્યો હોય તો તે પાછો ઘડાવીએ ત્યારે ખાટલે સુવાય. ત્રણ પાયાને ખાટલે સુવાય નહીં, એ ખોટ કહેવાય. માટે એવો ખોટકો તો આ નહીં, તે હું પાછો નહિ આવું. તમે એની દેહક્રિયા કરજો." એમ કહી એ તો ચાલી નીસર્યા.

તે આગળ જઈ નાહી ધોઈને મહારાજ પાસે ગયા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમારા દીકરાને કસર હતી તે હવે સુવાણ થઈ ?" ત્યારે પર્વતભાઈ કહે, "હા મહારાજ ! આ સંસારરૂપી મહામોટો રોગ તે એને મટી ગયો, ને મહા સુખરૂપ તમારું ધામ તેમાં ગયો. તે એને સારી પેઠે સુવાણ થઈ." ત્યારે મહારાજ કહે, "તમારા દીકરે દેહ મૂક્યો ત્યારે તમે ઘેર હતા ?" ત્યારે પર્વતભાઈ કહે, "ના મહારાજ. તમારો કાગળ આવ્યો તે હું તો એને માંદો મેલીને ચાલી નીસર્યો હતો. તે બારો આવ્યા કેડે એણે દેહ મૂક્યાની ખબર સાંભળી."

ત્યારે મહારાજ કહે, "તમે એ ગામના પાદરમાં જ હતા તો કેમ પાછા ઘેર ગયા નહીં ?" ત્યારે પર્વતભાઈ કહે, "હે મહારાજ ! તમે લખ્યું હતું જે, 'ઘડીએ ખોટી થાશો નહીં.' તે મારાથી કેમ રહેવાય ?" એવું સાંભળીને શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી પાસે પર્વતભાઈનાં બહુ વખાણ કર્યાં. એ વાત પૂરી થઈ. ॥૧૯૯॥



વાત - ૨૦૦

ગઢડામાં શ્રીહરિનું સામર્થ્ય જોઈ દીવાનજી ભાગી ગયો

એકવાર શ્રીજીમહારાજ **ગઢડામાં** બિરાજમાન હતા. ત્યારે દીવાનજી આવે છે એવી ખબર પડી. આગળ તો જ્યારે દીવાનજી આવતા ત્યારે મહારાજ કાં તો સંતાઈ જાતા ને કાં તો કોઈક ગામ જાતા રહેતા. તે જાણીએ અતિશે બીતા હોય ને શું ! એમ સૌને જણાવતા. અને આ ફેરે તો દીવાનજીની ખબર સાંભળીને મહારાજે સર્વે સાધુને કહ્યું જે, "તમારાં જેટલાં પુસ્તક હોય તે સર્વે લઈને બારા આવો." ને સર્વે કાઠી ને પાળાઓને કહ્યું જે, "તમારાં જેટલાં હથિયાર હોય તે સર્વે લઈને બારા આવો.

પછી એ સર્વે પુસ્તક ને હથિયાર લેવરાવીને જે દિશ દીવાનજીને આવવાની હતી, તે માર્ગ ઉપર ગામની બારલીકોરે સભા કરીને સર્વે પુસ્તક મોટા મોટા બાજોઠ ઉપર મુકાવ્યાં. અને સર્વે હથિયાર બંધાવી બંધાવીને પાળાઓને ઊભા રાખ્યા. તે સર્વે સાધુ ને પાળાની સભા કરીને શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને બિરાજમાન થયા.

તે ટાણે દીવાનજીની ફોજ ગામને નજીક આવી, ને પોતાના બે સ્વારો મહારાજની ખબર કાઢવા સારુ આગળ મોકલ્યા. તે જ્યાં

મહારાજ હતા, ત્યાં આવીને એક નજરે નેત્રના પલ રહિત થઈને એ બેય જણ મહારાજ સામું જોઈ રહ્યા. ત્યારે મહારાજે એ બેય જણને પૂછ્યું જે, “તમે કેના સ્વાર છો ? ને આંહીં કેમ આવ્યા છો ?” ત્યારે એ બેય બોલ્યા જે, “અમે દીવાનજીના સ્વાર છીએ ને આંહીં અમને તમારી ખબર કાઢવા સારુ મૂક્યા છે.”

ત્યારે મહારાજ કહે, “તમારા દીવાનજીને કહેજો જે, ‘શાસ્ત્રે કરીને સભા કરવી હોય તો આ શાસ્ત્ર તૈયાર કરી રાખ્યાં છે, ને શસ્ત્રે કરીને સભા કરવી હોય તો શસ્ત્ર પણ તૈયાર કરી રાખ્યાં છે. એ બેમાં જેમ તમારી મરજી હોય તેમ અમે તૈયાર છીએ.” એવું મહારાજનું વચન સાંભળીને તે સ્વારે દીવાનજીને જઈને એ સર્વે વાત કરી.

પછી એ સ્વારે દીવાનજીને કહ્યું જે, “એ સ્વામિનારાયણ પાસે તો હજારો માણસ મહા કરડા હથિયારબંધ ઊભા છે. જો એનું કોઈ નામ લેશો તો તમારા પંડ સહિત આ લશ્કરમાં કોઈ કુશળ રહેવા પામશે નહીં. એવું અમે એનું મહા ભયંકર સૈન્ય દેખ્યું છે. તે તમારે એની પાસે જાવું જ નહીં, જો તમારું કુશળ ઇચ્છો તો.” એવું એ બેય સ્વારનું વચન સાંભળીને એ દીવાનજી મહા ભય પામી ગયો, તે ગઢડા પાસેથી નીકળી શક્યો નહીં. તે ફેર ખાઈને ઘેલાને બહારલે કાંઠે પડાવ કર્યો.

અને શ્રીજીમહારાજે એ બેય સ્વાર ગયા પછી સભામાં કીધું જે, “એ બેય જણાના જીવમાં મારી મૂર્તિ ગરી ગઈ છે. માટે એ બેય ઇન્દ્ર થાશે.” પછી બીજે દિવસ મહારાજે પોતાના દંડી(સંન્યાસી) વીસપચીસ હતા, તેમને એ દીવાનજી ઊતર્યો હતો, એ આરે સવારમાં નાવા મોકલ્યા. તે દીવાનજીએ પોતાના ડેરા બાર નીસરીને જોયું, ત્યાં એ દંડીને દેખીને બોલ્યો જે, “આ દંડી કેના છે ?” ત્યારે કોઈકે કહ્યું

જે, "એ તો સ્વામિનારાયણના દંડી છે." ત્યારે દીવાનજી એમ બોલ્યો જે, "આ પાંચ છો હજાર તો બ્રાહ્મણને મૂંડી મૂંડીને એણે દંડી કર્યા છે, એવા એ સમર્થ છે ! માટે હવે આપણે એનું કોઈ દિવસ નામ લેવું નહીં." એવો ભય પામી ગયો. એ વાત પૂરી થઈ. **॥૨૦૦॥**



વાત - ૨૦૧

અમદાવાદમાં સંતો દ્વારા ખાખી બાવાઓને પરચો

એકવાર શ્રીજીમહારાજ **અમદાવાદમાં** સભા કરીને બેઠા હતા. તે ટાણે બે ખાખી મહા જબરા ને અતિ ઉન્મત્ત જેવા મહારાજ પાસે આવીને બેઠા. તેમાં એકના હાથમાં કાળિયાર મૃગનાં બે શિંગડાં લાંબાં, અણિયાળાં, સામસામાં લોઢાથી જડેલાં, એવા તે બેસીને એક જણો બોલ્યો જે, "અરે મહંતજી ! એ જીવનમુક્તાકું ક્યા કરેંગે ?" ત્યારે બીજો બોલ્યો જે, "ઈનકું લે ચલો." એમ એ બે જણ પરસ્પર બોલતા હતા.

ત્યારે સભામાંથી એક સમાધિનિષ્ઠ સાધુએ આવીને એના બે હાથ ઝાલીને સમાધિમાં જતા રહ્યા. તેથી એ ખાખીના બે હાથ ભીંસાવા માંડ્યા, તે જાણે છૂંદો થઈ જાશે ! ને ખાખીએ તો બરકેબરકા પાડવા માંડ્યા ને આંખમાંથી આંસુની ધારો થાવા માંડી. તે રોતો જાય ને કહેતો જાય જે, "મેલ રે બાબુ મેલ રે બાબુ, મેં મર જાતા હું, મેરા પ્રાણ નીકલ જાતા હે." ને બીજા બાવાને કહેતો જાય જે, "ઈનકા હાથ છોડાઈ દે, હાથ છોડાઈ દે."

અને બીજો બાવો બે હાથે કરીને એ સાધુના હાથ છોડાવવા વળગી પડેલો. તે ઘણું જોર કરે પણ વજ્ર તૂટે તો એ હાથ છૂટે એવા થયેલા. તે બેય બાવાનો તો કાંઈ ઉપાય રહ્યો નહીં. પછી મહારાજે દૃષ્ટિ કરી

તે હાથ છૂટ્યા. તે છૂટતાં જ એ બે જણા નાઠા, તે પાછું વાળીને જોવા જ ઊભા રહ્યા નહીં. જાણે ઊભા રહેશું કે કંઈક કહેશું ને પાછા જો હાથ પકડશે તો હવે જીવશું નહીં. એવો ભય પામીને નાસી ગયા. એ વાત પૂરી થઈ. ॥૨૦૧॥



વાત - ૨૦૨

શ્રીહરિએ મરતા સસલાને વર્તમાન ધરાવી કલ્યાણ કર્યું

એકવાર શ્રીજીમહારાજ સુરા ખાચર, સોમલા ખાચર વિગેરે ઘણા સ્વારે સહિત **ગુજરાતમાં** જાતા હતા. તે રસ્તામાં એક સસલાને કૂતરો તગડતો આવે. તે ઘણે છેટેથી દોડેલો ને થાકી ગયેલો. તે મહારાજની ઘોડી આગળ સસલો આવીને ઊભો રહ્યો ને વાંસે કૂતરો દોડ્યો આવે. તેને સર્વે સ્વારે ઘણા હડકારા કર્યા, પણ કૂતરે તો એ સસલાને ઝાલ્યો. ત્યારે મહારાજ ઘોડા ઉપરથી હેઠા ઊતરી પડ્યા ને સર્વે સ્વારો પણ હેઠા ઊતર્યા. તે કૂતરો તો સસલાને મૂકીને ભાગી ગયો ને સસલો તો થોડો થોડો જીવતો હતો ને મહારાજ સામી દૃષ્ટિ કરીને પડ્યો હતો.

પછી મહારાજે પોતાને હાથે એ સસલા ઉપર પાણી રેડ્યું ને વર્તમાન ધરાવ્યાં. પછી સર્વેને કહ્યું જે, “હવે ધૂન કરો.” તે ધૂન કરાવી ત્યાં તો એ સસલો મરી ગયો. પછી મહારાજ ને એ સ્વારો સર્વે ચાલ્યા તે એક સારો આંબો જોઈને ત્યાં ઊતરવા ગયા, ત્યાં તો એ આંબા હેઠે કોઈક દિશા ગયેલ. તે જોઈને ત્યાંથી ચાલી નીસર્યા તે બીજા ઝાડ હેઠે જઈને ઊતર્યા.

ત્યારે સુરા ખાચરે મહારાજને પૂછ્યું જે, “હે મહારાજ ! એ સસલાને તો ભિષ્મપિતાના જેવો જોગ થયો. તમે હાથે પાણી રેડ્યું,

ધૂન કરી વર્તમાન ધરાવ્યાં, તમારાં દર્શન થયાં, એવો મહાભાગ્યશાળી. તેને કૂતરે કેમ માર્યો ? ને આંબા હેઠે તમે ઊતરવા પધાર્યા હતા ત્યાં દિશા ફરેલ, એ આંબાનું બગાડ્યું તે એ કોણ ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "એ કૂતરો એ સસલાનો ઘણા દિવસનો હેતુ(મિત્ર) હતો, તેથી બરાબર જોગ સાચવી દીધો. ને એ દિશા ગયેલ પુરુષ એ આંબાનો ઘણા દિવસનો શત્રુ હતો. તેથી એણે પણ શત્રુતા પૂરી કરીને એ આંબાનું બગાડી દીધું." એ વાત પૂરી થઈ. ॥૨૦૨॥



વાત - ૨૦૩

આત્માનંદસ્વામીની હરિસ્વરૂપના જ્ઞાનની કસર ટળી

ભાઈ આત્માનંદસ્વામી મહામોટા સદ્‌ગુરુ સંત હતા. તે મહારાજની આજ્ઞા અખંડ પાળનારા હતા. પોતાની એકસો ને સત્તર વરસની ઉંમર થઈ હતી ને **વાગડ** ગામનું હળવું પાણી પોતાને ઠીક પડતું. તે ઘણું કરીને તે વાગડમાં રહેતા. પછી એકવાર પોતે જૂનાગઢના મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યારે ત્યાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી હતા. તે પણ મહા મોટા સમર્થ સંત હતા ને મહારાજની મૂર્તિને અખંડ દેખતા. ને મહારાજના સ્વરૂપનો સર્વોપરીપણાનો નિશ્ચય સૌને કરાવતા, એવા હતા.

પછી એ બેય સદ્‌ગુરુ એકબીજાને મળી પરસ્પર દર્શન કરી કુશળતા પૂછી. પછી બેય સદ્‌ગુરુ એકાંતમાં જઈને બેઠા. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે, "હે મહારાજ આત્માનંદજી ! તમારો દેહ ઘણા દિવસ રહ્યો તેનું કારણ તમે કાંઈ જાણો છો ?" ત્યારે આત્માનંદજી કહે, "ના સ્વામી, હું એનું કારણ જાણતો નથી. માટે તમે મને એ વાત કરો."

तारे गुणातितानंदस्वामी बोल्या जे श्रीजीमहाराजने तमे
बहु वाला छो ने महाराजनी आज्ञाना अखंड पालनारा छो ने महारा
ज पण तमने बहु वाला छे ने महा समरथ छो पण महाराजनुं स्वरुप
जेवुं छे तेम जथार्थ जाणवामां तमारे कंईक फेर छे माटे महाराज
एम जाणे छे जे आ आत्मानंदस्वामी मुने बहु वाला छे ने मारी मुरती
विना रही सके एवा नथी ने झाझा दिवस जीवीने पण मारा स्वरुप
ने जेम छे तेम जाणीने पछे देह मुके तो मारा समीपमां रेवानुं एम ने
सुख आवे एम विचारीने तमारो देह महाराज राखे जाय छे माटे श्री
महाराजना स्वरुपनी कुं तमने वात करुं ते प्रमाणे तमारा अंतरमां
उतारीने जीवमां घेस बेसारी दियो तो पछे तमारो देह तरत महाराज
मुकावि देसे

ત્યારે ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, "શ્રીજીમહારાજને તમે બહુ વાલા છો, ને મહારાજની આજ્ઞાના અખંડ પાળનારા છો, ને મહારાજ પણ તમને બહુ વહાલા છે ને તમે મહા સમર્થ છો, પણ મહારાજનું સ્વરૂપ જેવું છે, તેમ જથાર્થ જાણવામાં તમારે કાંઈક ફેર છે. માટે મહારાજ એમ જાણે છે જે, 'આ આત્માનંદસ્વામી મને બહુ વહાલા છે ને મારી મૂર્તિ વિના રહી શકે એવા નથી. તે ઝાઝા દિવસ જીવીને પણ મારા સ્વરૂપને જેમ છે તેમ જાણીને પછી દેહ મૂકે, તો મારી સમીપમાં રહેવાનું એમને સુખ આવે.'

એમ વિચારીને તમારો દેહ મહારાજ રાખે જાય છે. માટે શ્રીજીમહારાજના સ્વરૂપની હું તમને વાત કરું તે પ્રમાણે તમારા અંતરમાં ઉતારીને જીવમાં ઘેડ બેસારી દિયો, તો પછી તમારો દેહ તરત મહારાજ મુકાવી દેશે."

એવી ગુણાતીતાનંદસ્વામીની વાત સાંભળીને પોતાની જે આંટી હતી તે છૂટી ગઈ. ને મહારાજના સ્વરૂપનું જ્ઞાન જેમ જાણવું હતું તેમ જાણ્યું. પછી આત્માનંદસ્વામીએ ગુણાતીતાનંદસ્વામીને કહ્યું જે, "હે ગુરુ ! આવી વાત તમે મને કેમ ક્યારેય કરી નહોતી ?" ત્યારે ગુણાતીતાનંદસ્વામી કહે, "મેં તો આજ મહારાજની આજ્ઞાથી તમને વાત કરી છે." પછી ભાઈસ્વામી વાગડમાં આવ્યા ને થોડેક દહાડે દેહ મૂકી દીધો. એ વાત પૂરી થઈ. ॥૨૦૩॥



વાત - ૨૦૪

હરબાઈએ વાયુરૂપ થઈ શ્રીહરિને પાછા વાળ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ **(જોડીયા)** મધ્યે હરબાઈને ઘેર ગયા હતા. ત્યારે એ હરબાઈએ મહારાજ સારુ થાળ તૈયાર કર્યો. ત્યારે મહારાજ કહે, "અમે નાહી આવીએ." એમ કહીને નાવા સારુ બારલીકોર ગયા. ત્યાં તો ભુજવાળા સુંદરજીભાઈ ભેગા થયા. ત્યારે સુંદરજીભાઈ કહે, "હે મહારાજ ! ભુજ પધારો." ત્યારે મહારાજ કહે, "ચાલો." પછી મહારાજ ને સુંદરજીભાઈ એ બેય જાવા તૈયાર થયા ને હરબાઈનો થાળ તો પડ્યો રહ્યો.

પછી દરિયાને કાંઠે જઈને વહાણમાં બેસવાનો ઠરાવ વહાણવાળા સાથે કર્યો. પછી મહારાજે એ વહાણવાળાને કહ્યું જે, "આ તારું વહાણ બૂડે તો નહીં કે ?" ત્યારે વહાણવાળો કહે, "ના બાવાજી, વહાણ બૂડે નહીં." ત્યારે મહારાજ કહે, "જોજે ભાઈ, અમને બુડાડતો નહીં." ત્યારે વહાણવાળો કહે, "બાવાજી, શીદ ફિકર રાખો છો ? વહાણ બૂડે નહીં." ત્યારે મહારાજ કહે, "કોઈ આગળ વહાણ બૂડ્યાં હશે ?" ત્યારે વહાણવાળો કહે, "એ તો હજારોમાં કોક બૂડે."

ત્યારે મહારાજ કહે, “આ હજારો માંયલું જ હોય તો શી ખબર પડે ? માટે અમને ન બુડાડ તો વહાણમાં બેસીએ.” ત્યારે વાણવાળો કહે, “નહિ બુડાડું, વહાણમાં બેસો.”

પછી તો મહારાજ ને સુંદરજીભાઈ એ બેય વહાણમાં બેઠા ને બીજું પણ ઘણું માણસ વહાણમાં બેઠું હતું. પછી વહાણ હાંક્યું, તે થોડીકવાર થઈ ત્યાં તો મહા મોટી વાવળ(વાવાઝોડું) આવી, ને વહાણ તો ડોલવા માંડ્યું. ને વહાણમાં બેસનારાને મહા ઉદ્વેગ થઈ ગયો. ને સહુ એમ બોલ્યા જે, “વહાણ બૂડ્યું...બૂડ્યું...” એમ બુબાટ(બૂમાબૂમ) થાવા માંડ્યો.

ત્યારે એ વહાણવાળો બોલ્યો જે, “આ બાવે મારા વહાણને કંઈક કર્યું છે. મને ઘડીએ ઘડીએ કહેતો હતો જે, ‘વહાણ બૂડે તો, વહાણ બૂડે તો !’ એમ મને ખરાવી ખરાવીને(ખૂબ ભલામણ કરીને બહુ ભારપૂર્વક) ઘણીવાર કીધું. માટે આ બાવાનો વાંક છે.” તે વહાણવાળાનું કહેવું સાંભળીને મહારાજ બોલ્યા જે, “અરે ભાઈ ! તારું વહાણ બૂડે તેમાં મારો શો વાંક છે ? ને તને મારો વાંક સૂઝતો હોય તો આ તારું વહાણ પડ્યું રહ્યું.” એમ કહીને મહારાજે દરિયામાં પડતું મેલ્યું.

ત્યારે સુંદરજીભાઈ વહાણમાં બેઠા હતા, તેમણે જાણ્યું જે, ‘આ ભૂંડું થયું. મહારાજ તો દરિયામાં પડ્યા, માટે મારે પણ મહારાજ વાંસે દરિયામાં પડવું.’ એવો વિચાર કરીને સુંદરજીભાઈ પણ દરિયામાં પડ્યા. અને મહારાજ ને સુંદરજીભાઈ એ બેય જ્યારે દરિયામાં પડ્યા ત્યારે તો વાયુ ન મળે, વાવળ ન મળે, કાંઈ તોફાન ન મળે; એટલે વહાણ તો સુખે ચાલ્યું ગયું. અને મહારાજ ને સુંદરજીભાઈ એ બેય તો જે ઠેકાણેથી વહાણમાં બેઠા હતા, તે જ ઠેકાણે બારા નીકળ્યા.

ત્યારે સુંદરજીભાઈએ મહારાજને કહ્યું જે, “આ શું ચરિત્ર કર્યું ?” ત્યારે મહારાજ કહે, “આજ તો હરબાઈએ અમારા સારુ થાળ કર્યો

હતો. તે થાળ પડ્યો મૂકીને અમે તમારી ભેગા આવતા હતા, તેથી એ હરબાઈ વાયુરૂપે થઈને અમને પાછા વાળવા આવ્યાં હતાં. તે અમે જો દરિયામાં ન પડ્યા હોત તો એનું વહાણ બોળાઈ જાત. તે સારુ અમે દરિયામાં પડતું મૂક્યું. હવે ચાલો, હરબાઈનો થાળ જમવા જાવું પડશે." પછી મહારાજ ને સુંદરજીભાઈ હરબાઈને ઘેર ગયા ને મહારાજ થાળ જમ્યા. એ વાત પૂરી થઈ. ॥૨૦૪॥



વાત - ૨૦૫

વસોના ડોસીને મહારાજ અખંડ દેખાવા લાગ્યા પણ પચ્યા નહીં

એકવાર શ્રીજીમહારાજ ગામ **વસોમાં** પધાર્યા. પછી તે ગામના હરિભક્તે મહારાજની ઘરોઘર પધરામણી કરવા માંડી. તે ગાજતે વાજતે એ ગામમાં ફર્યા. ત્યારે એ ગામમાં એક ગોસાઈજીના પંથની ડોસી હતી, તેણે એમ વિચાર કર્યો જે, 'મારે સ્વામિનારાયણનું મોઢું જ જોવું નથી.' એમ ધારીને પોતાના ઘરનાં કમાડ વાસીને ઘરમાં બેઠી. તે જ્યારે મહારાજ ગામમાં ફરીને બારા ગયા ત્યારે એ ડોસીએ ઘરમાં રહીને બીજાને પૂછ્યું જે, "સ્વામિનારાયણ ગયા ?" ત્યારે બીજે કહ્યું જે, "હા, એ તો ગયા."

પછી એ બાઈએ પોતાનું કમાડ ઉઘાડ્યું, ત્યાં તો મહારાજની મૂર્તિ આગળ દેખી એટલે કહે, "અરે ! આ તો આ ઊભા ! ક્યાં ગયા છે ?" એમ કહીને પાછાં કમાડ વાસ્યાં. ત્યારે તો મહારાજની મૂર્તિ ઘરમાં દેખવા માંડી. પછી આંખો મીંચી ગઈ તોય મહારાજની મૂર્તિ દેખવા માંડી. પછી તો આડુંઅવળું, ઊંચુંનીચું જ્યાં જુએ ત્યાં ત્યાં મહારાજની મૂર્તિ દેખવા માંડી. પછી તો બરકે બરકા પાડવા માંડ્યા જે, "આ સ્વામિનારાયણ તો મારા પેટમાં ગરી ગયા છે, તે નીકળતા નથી."

પછી તો ગામનું ઘણું માણસ એ ડોસીને જોવા ઘેર ભેગું થયું. ને ડોશીએ તો બરકે બરકા પાડવા માંડ્યા. પછી સર્વે સત્સંગીને એ વાત માલમ પડી. ત્યારે મહારાજ તળાવની પાળ ઉપર છાંયે બેઠા હતા, ત્યાં સત્સંગીએ એ વાત મહારાજને કરી. ત્યારે મહારાજ કહે, "હવે એ ડોસીને મૂર્તિ નહિ દેખાય." એમ કહ્યું ત્યારે એ ડોસીને મૂર્તિ ન દેખાણી. એ વાત પૂરી થઈ. ॥૨૦૫॥



વાત - ૨૦૬

વઢવાણની વાણિયણ બાઈને જીવુબાએ દીકરો દીધો

એકવાર ગઢડેથી જીવુબાઈ **મેમકે** રામજી શેઠને ઘેર પધાર્યા. ત્યાંથી **વઢવાણમાં** ડોસાભાઈને ઘેર ગયાં. ત્યારે એ વઢવાણમાં એક વાણિયાની સ્ત્રીને દીકરો નહીં. તે એ બાઈ જીવુબા પાસે આવી પગે લાગીને બોલી જે, "બા, મારે દીકરો નથી. તમે જો મને દીકરો થાવાનું વચન દિયો તો મારે દીકરો થાય." ત્યારે જીવુબા કહે જે, "અરે બાઈ ! તું ગાંડી છો. અમારા હાથમાં ક્યાં દીકરો છે ? એ તો ભગવાનના હાથમાં છે. માટે તું ઘેર જા." પણ એ બાઈને તો એવો જ ભરોસો આવેલો જે, 'આ બા કહે તો મારે જરૂર દીકરો થાય.'

પછી એ બાઈ તો બેસી રહી ઘેર ગઈ નહીં. તે ટાણે જીવુબાને ચાલવાનું હતું, તે ચાલ્યાં ને સૌ વળોટાવા ગયાં. એ બાઈ પણ વાંસે વાંસે ગઈ, તે સૌ તો વળોટાવીને પાછાં વળ્યાં ને એ બાઈ તો જીવુબાના રથ વાંસે ચાલી. તેને જીવુબાએ પાછી વાળવા માંડી, પણ પાછી વળી નહીં. તે ત્રણ ગાઉ **ખારવા** ગામ છે, ત્યાં સુધી વાંસે વાંસે ચાલી ગઈ. ત્યારે બીજા ગામને માર્ગે રથ ચાલ્યો ત્યારે એ પણ વાંસે ચાલી. ને જ્યારે જીવુબા એને ઊભી રાખ્યાનું કહે ત્યારે એ બાને કરગરી પગે

લાગીને બોલે જે, “બા, તમે તો મહા સમર્થ છો, તે તમે મને રાજી થઈને વચન આપો તો મારે દીકરો થાય. મારો વંશ જાય છે !”

પછી વળી જીવુબાઈનો રથ ચાલ્યો ને એ વાંસે વાંસે ચાલી જાય, તે સાત ગાઉ ગામ થાય ત્યાં રથ પૂગ્યો, પણ બાઈ તો પાછી વળી નહીં. ત્યારે જીવુબા બોલ્યાં જે, “અરે બાઈ ! ઊભી રહે. તને ગોપીનાથજી દીકરો આપશે, પણ સવા વરસનો દીકરો થાય ત્યારે પાંચ રૂપિયા લઈ એ દીકરાને ભેગો લઈને ગઢડે ગોપીનાથજીનાં દર્શન કરવા આવજે. હવે પાછી વળ.”

પછી એ બાઈ જીવુબાને ઘણું ઘણું પગે લાગીને સાત ગાઉથી પાછી વળી. પછી એને દીકરો થયો ને ગઢડે જઈને ઠાકોરજીને પગે લગાડી આવી ને એનો વંશ રહ્યો. એ વાત પૂરી થઈ. **॥૨૦૬॥**



વાત - ૨૦૭

રામાનંદસ્વામીની આજ્ઞામાં ડા’પણથી બાઈને જમપુરીનું દુઃખ

એકવાર શ્રીમહારાજ **ગઢડા** મધ્યે સભા કરીને બિરાજમાન હતા. ને **ભગવાનની આજ્ઞા અખંડ પાળવી, જરા પણ લોપવી નહીં, ને આજ્ઞાના ભંગથી મહા મોટું દુઃખ થાય છે;** એ અંગેની વાત કરતા હતા. તે ટાણે એક હરિભક્તને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલ્યો. તે જમપુરીમાં નરકના કુંડમાં એક પોતાની ઓળખીતી ડોસી દેખી. ત્યારે તે ડોસીને તેણે કહ્યું જે, “અરે ડોસી ! તું તો રામાનંદસ્વામીની સત્સંગી હતી ને આ નરકના કુંડમાં કેમ પડી છો ?”

ત્યારે ડોસી બોલી જે, “એકવાર રામાનંદસ્વામીના સાધુનો (બાઈનો?) વાંક આવ્યો હતો, તે રામાનંદસ્વામીએ મને આજ્ઞા કરી જે,

'એ સાધુને પાંચ ખાસડાં માર.' ત્યારે મેં એ સાધુને પાંચ ખાસડાં મારીને એક છઠ્ઠું ખાસડું માર્યું. ને કહ્યું જે, આ એક મારી વતી ખાસડું તને મારું છું.

ત્યારે રામાનંદસ્વામી બોલ્યા જે, 'અરે ડોસી ! એ પાંચ ખાસડાં તો મારી આજ્ઞાથી તેં એ સાધુને માર્યાં, તેનો તો તને દોષ નહીં લાગે, પણ આ છઠ્ઠું ખાસડું તારી વતી એ સાધુને તેં માર્યું તેનો તો તને દોષ લાગ્યો.' એમ રામાનંદસ્વામી બોલ્યા. એ દોષે કરીને હું નરકમાં પડી છું." એમ ડોસીએ કીધું.

✳ મહારાજે ગાદીએ બેસતાં જમપુરી ખાલી કરાવી :

ત્યારે એ હરિભક્ત સમાધિમાંથી બારો આવ્યો ને વાત સર્વે સભાને સાંભળતાં મહારાજ પાસે કરી. તે ટાણે સ્વરૂપાનંદસ્વામી સભામાં બેઠા હતા. તેમને મહારાજે આજ્ઞા કરી જે, "તમે જમપુરીમાં જઈને એ ડોસીને બહાર કાઢો. પછી જમપુરીમાં નરકનાં કુંડ છે તે ઉપર જઈને ઊંચે સાદે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ ત્રણ વાર મારું નામ લઈ તાળી પાડીને ઉચ્ચારણ કરો."

પછી સ્વરૂપાનંદસ્વામી સમાધિ કરીને જમપુરીમાં ગયા ને પ્રથમ એ ડોસીને નરકના કુંડમાંથી બારી કાઢીને ધામમાં મોકલી. પછી એ નરકના કુંડ ઉપર જઈ તાળી પાડીને ઊંચે સાદે સ્વામિનારાયણના નામનું ત્રણ વાર ઉચ્ચારણ કર્યું.

ત્યારે આકાશમાં વિમાનનો ઠઠ થઈ ગયો ને છ લાખ ચોરાસી હજાર નરકના કુંડમાં જેટલા પાપિષ્ઠ જીવ હતા તે સર્વે બહાર નીકળ્યા. તેઓ સ્વરૂપાનંદસ્વામીને પગે લાગી વિમાનમાં બેસીને દેવલોકમાં ગયા. પછી સ્વરૂપાનંદસ્વામીએ સમાધિમાંથી બહાર આવીને એ સર્વે વાત સભા સાંભળતા મહારાજને કીધી.

तारेमहाराजबोल्याजे ज्यारे राजा गादीयेबेसे छेतारेबंधीखानामांथी
सर्वेबंधीवाननेछोडिदेछेतेअमेपणजमपुरीनाबंधीवाननेछोडा
वीदीधा एविमहाराजनीवात सांभळीनेसर्वेसभामहाआश्चर्यपाम
तीहवानेकोईअवतारेकोईभगवानेकोईवखतनरकमांथीपापीष्ट
जीवनेबारा काढेला नहीनेआअवतारे नरकनासर्वेजीवनो उधा
रकर्योतेथीआअवतारनेसरवोपरीपुरुषोतमपणानोसउनि
श्चेकरताहवा॥

ત્યારે મહારાજ બોલ્યા જે, "જ્યારે રાજા ગાદીએ બેસે છે, ત્યારે બંદીખાનામાંથી સર્વે બંદીવાનને છોડી દે છે. તે અમે પણ જમપુરીના બંદીવાનને છોડાવી દીધા." એવી મહારાજની વાત સાંભળીને સર્વે સભા મહા આશ્ચર્ય પામતી હવી. ને કોઈ અવતારે કોઈ ભગવાને કોઈ વખત નરકમાંથી પાપિષ્ટ જીવને બારા કાઢેલા નહીં. આ અવતારે નરકના સર્વે જીવનો ઉદ્ધાર કર્યો, તેથી આ અવતારને સર્વોપરી પુરુષોત્તમપણાનો સૌ નિશ્ચય કરતા હવા. એ વાત પૂરી થઈ. ॥૨૦૭॥



વાત - ૨૦૮

અમદાવાદમાં શ્રીહરિએ બાવાઓ અને સૂબાનો પરાભવ કર્યો

એકવાર શ્રીજીમહારાજ **ખોખરા મેમદાવાદમાં** વિરાજમાન હતા, ને પોતાને દર્શને ઘણાં હરિજન બાઈભાઈ આવેલ હતાં તેમને તો આગલે દહાડે રજા દીધી હતી, તે સૌ ગયાં હતાં. અને પોતે થોડાક પાળા ને હરિજન રાખ્યા હતા. અને કાંકરીએ તળાવે ઘણા માણસો ને ઘણા હથિયારવાળા એવી લોલંગરબાવાની જમાત હતી. ને તે બાવે અમદાવાદના સૂબા સાથે વાત બાંધેલી જે, 'સ્વામિનારાયણને મારવા.'

પછી એ બાવાના આશરે બસેં માણસોએ બંધૂકોમાં ગોળી ભરીને મહારાજ ખોખરામાં પાટીદારને ઘેર વિરાજતા હતા, ત્યાં આવીને એ સર્વે હરિજન પાળા બેઠા હતા, તે સામી એક હારે સર્વે બંધૂકો છોડી. તે એ ગોળીઓ સામી ભીંતમાં લાગી, તે ભીંતને કાણેકાણાં પડી ગયાં. ને જે માણસ બેઠાં હતાં, તેને તો કાંઈ પણ લાગ્યું નહીં.

પછી મહારાજે પોતાના પાળાને આજ્ઞા કરી જે, “સહુ ઊઠો ને એમને મારો.” પછી પાળા ઊઠ્યા તે હાથમાં તલવારો લઈને એ બાવાને મારવા માંડ્યા. તેમાં કેટલાક મુખિયા હતા, તેમને તો એ ચોકમાં ઢાળી દીધા ને કેટલાકને ઘવરાવ્યા. પછી એ સર્વે ભાગ્યા તે એમને ઘણી ભૂ(જગ્યા/દૂર) સુધી તગડીને એ સર્વે પાળા મહારાજ પાસે આવ્યા. પછી મહારાજ બોલ્યા જે, “હવે આપણે આંહીં રહેવું નથી.” પછી ગામની વાંસે એક શેર(છીંડું-માર્ગ) હતો, ત્યાં થઈને ચાલી નીસર્યા.

તે એક ગાઉને આશરે ગયા ત્યારે મહારાજ બોલ્યા જે, “આ વેરાભાઈ તો સાધુ હતા, પણ તરવાર ઝાલીને લડાઈ કરવા ગયા, તેથી એમના કાન કપાણા છે, તે એ કાનની પીડા થાય છે. માટે આ ઝાડ હેઠે ઘડીકવાર સહુ સૂઈ જાઓ.” પછી સહુ સૂઈ ગયા.

અને મૂળજી શેઠ પણ ભેગા હતા. તે થોડીવાર સહુ સૂઈને ઊઠ્યા, ત્યાં તો એ જ્યાં સૂતા હતા એ ઠેકાણું નહીં ને **સલકી** ગામ આવ્યું. ત્યારે મહારાજે એ ગામના દયાળજીભાઈને તેડાવીને કહ્યું જે, “અમારી વાંસે અમદાવાદના સૂબાની ફોજ આવે છે, તે તમથી અમારી રક્ષા થાશે ?” ત્યારે દયાળજી બોલ્યા જે, “હે મહારાજ ! મારે તો દશ હજાર કામઠી છે. માટે એ સૂબાનો કાંઈ ભાર નથી.” ત્યારે મહારાજ કહે, “પંચવીસ કામઠીવાળા આ માર્ગમાં ઊભા રાખો.” પછી તેટલા ઊભા રાખ્યા ને મહારાજ ગામમાં પધાર્યા.

અને જે બાવા મરાણા હતા ને ઘવરાણા હતા, તેમણે અમદાવાદના સૂબા પાસે ફરિયાદ કરી. ત્યારે દોઢસો ઘોડાની ફોજ એ સૂબે મહારાજને ઝાલવા સારુ વાંસે ચડાવી. તે ખોખરે આવી ત્યાં તો મહારાજ નહીં. પછી વાંસે વાંસે સલકીએ આવ્યા. ત્યાં તો એ પંચવીસ કામઠીવાળા ઊભેલા તેમણે એ સ્વારોને પૂછ્યું જે, "તમે કેના ઘોડા છો ? ને ક્યાં જાઓ છો ?" ત્યારે એ સ્વારે કહ્યું જે, "અમે અમદાવાદ સરકારના સ્વાર છીએ ને એક કામ છે, તે સારુ જઈએ છીએ."

ત્યારે એ કામઠીવાળા બોલ્યા જે, "તમે સ્વામિનારાયણ સારુ જાઓ છો, અમે જાણીએ છીએ; તેથી પાછા વળો, નહિ તો અમે તમને મારશું." ત્યારે આ તો પંચવીસ માણસ હતું ને એ સ્વારોને તો હજારો માણસ લાગ્યું. તેથી એ સ્વારે જાણ્યું જે, 'આ તો આપણ એકેયને જીવવા નહિ દિયે.' એવો ભય લાગ્યો તેથી પાછા વળી નીકળ્યા. એ સમાચાર મહારાજ સાંભળીને તરત ગામ **વહેલાલે** ગયા. એવો મહારાજે અતિ પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૨૦૮॥



વાત - ૨૦૯
પર્વતભાઈ મહારાજને જ ઘરના ધણી માનતા

શ્રીજીમહારાજ પર્વતભાઈનાં જ્યારે ત્યારે બહુ વખાણ કરે. તે સાંભળી સાંભળીને સુરા ખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર વિગેરે મોટા મોટા કાઠી લોકોને એમ થાય જે, 'આપણે મહારાજની બહુ બહુ સેવા કરીએ છીએ, તોપણ પર્વતભાઈની બરોબર આપણાં વખાણ કોઈ વાર કરતા નથી. તે એવડો બહુ ગુણ પર્વતભાઈમાં શો હશે ?'એમ સંકલ્પ કરતા.

પછી એકવાર શ્રીજીમહારાજ **જૂનાગઢથી** આવતા ને એ સર્વે કાઠિયોના સ્વાર ભેગા હતા. ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "હે મહારાજ !

આજ તો **અગત્રાઈ** જાઈએ ને પર્વતભાઈનાં દર્શન કરીએ. એવો આ સર્વેનો અભિપ્રાય છે, જો તમારો રાજીપો હોય તો." ત્યારે મહારાજ કહે, "ચાલો જાઈએ."

પછી એ સર્વે પર્વતભાઈને ઘેરે આવ્યા. ત્યારે મહારાજને દંડવત કરીને પર્વતભાઈ પગે લાગ્યા. ને એ સર્વેને મળીને મહારાજને ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા હતા ત્યાં આવીને બેઠા. ને ઘોડા ખીલે બાંધી બાંધીને એ કાઠીલોક પણ સર્વે મહારાજ પાસે આવીને બેઠા. ને એ ઘોડા ખડ વિનાના જોઈને સુરા ખાચર બોલ્યા જે, "પર્વતભાઈ, આ ઘોડાને ખડ જોશે, જોગાણ જોશે. અમારે ખાવાનું જોશે, પાગરણ જોશે. અમે તો તમારા મહેમાન છીએ. માટે તમારે નિવૃત્તિ લાવીને મહારાજ પાસે બેસવું કેમ પાલવશે ? ઊઠીને એ સર્વે કામની સરભરા કરો."

ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, "સુરા ખાચર ! પારકે ઘેર પનોતું(ઘરધણીપણું) મારાથી કેમ થવાય ? આ ઘરના ધણી આવ્યા છે તેમને કહો. મને કહેશે તે હું કરીશ." પછી મહારાજ મોઢા આડો રૂમાલ દઈને બહુ હસ્યા. પછી બોલ્યા જે, "સુરા ખાચર, આ તો પર્વતભાઈનું ઘર જ નથી. એ તો મારે ઘેર આવીને રહ્યા છે. તેથી તમે તો સૌ મારા મહેમાન છો." એમ કહીને પછી પર્વતભાઈને મહારાજે આજ્ઞા કરી જે, "આ સર્વેને ખડ-જોગાણ ને ખાધાનું આપો." પછી ખડનાં મોટાં કૂંદવાં(ઘાસની ગંજીઓ) બતાવી દીધાં ને બાજરાની કોઠીઓનાં સાણાં ઉઘાડાં કરી દીધાં. ને કંસાર કરાવ્યો ને મહારાજે ઘી ફેરવ્યું ને બહુ બહુ જમાડ્યા.

પછી તે રાત રહીને સવારમાં મહારાજ ચાલ્યા, ત્યારે પર્વતભાઈએ મહારાજને હાથ જોડીને કહ્યું જે, "મને શી આજ્ઞા છે ?" ત્યારે મહારાજ

કહે, "પ્રથમ જેમ તમને આજ્ઞા કરી છે તેમ ને તેમ રહો." પછી મહારાજ ચાલી નીસર્યા. પછી એ કાઠી લોકે એમ જાણ્યું જે, 'આ પર્વતભાઈએ તો પોતાનું ઘર જ જાણ્યું નથી. એ તો મહારાજનું ઘર છે ને 'મને ઘર જાળવવા રાખ્યો છે' એમ જ સમજે છે. માટે આપણે ક્યાં ને પર્વતભાઈ ક્યાં ?' એમ સમજતા હવા. એ વાત પૂરી થઈ. ॥૨૦૯॥



વાત - ૨૧૦

વરસાદમાં સંતો-ભક્તોની સભા પર પાણી ન પડ્યું

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે સાંજ વખતના દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન હતા. ને સર્વે સાધુ, હરિજન, પાળાની સભા હેઠે ફળીમાં બેઠી હતી ને મહારાજ વાતો કરતા હતા. તે ટાણે વરસાદનાં મોટાં મોટાં ફોરાં પડવા માંડ્યાં. ત્યારે સર્વે સભાએ ઊઠવા માંડ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "કોઈ ઊઠશો નહીં. એ વરસાદ હમણાં જ રહી જાશે."

પછી તો કોઈ ઊઠ્યા નહીં ને વરસાદ તો બહુ વરસવા માંડ્યો. તે જેટલી જગ્યામાં સભા બેઠી હતી, ત્યાં પાણીનું એક બુંદ પણ પડ્યું નહીં. ને એ ઓરડાનાં વાંસલાં નેવાં, બીજાં સર્વે નેવાં, તેમાં પાણી માય નહીં, ને ફળીમાં એ સભાની કોરે કોરે પાણી ચાલ્યું જાય. તે જોઈને એ સર્વે સભા મહા આશ્ચર્યકારી થઈ ગઈ. ને મહારાજનો મોટો પ્રતાપ જાણતા હવા. એ વાત પૂરી થઈ. ॥૨૧૦॥



વાત - ૨૧૧

મુક્તમુનિને શાંતિનો ઉપાય બતાવ્યો - હરિચરિત્રમાં જ શાંતિ

એકવાર શ્રીજીમહારાજ **ગઢડા** મધ્યે અક્ષરઓરડીમાં વિરાજમાન હતા ને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી આદિક થોડાક સદ્‌ગુરુ બેઠા હતા. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, “હે મહારાજ ! મારા અંતરમાં ઉદ્વેગ થયો છે, તે કેમ મટે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “હું ઘરમાં જ હતો ને મારાં માતાપિતા દેહ મૂકી ગયાં. પછી હું ચાલી નીસર્યો તે ઉત્તર દિશામાં મહા મોટાં મોટાં વન, પર્વતો ને નદીઓ ત્યાં ફર્યો. પછી સર્વે તીર્થમાં ફરતાં ફરતાં લોજમાં આવીને રામાનંદસ્વામી પાસે રહ્યો.” એટલી વાત કરીને ન બોલ્યા.

ત્યારે વળી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, “મારે ઉદ્વેગ છે તે કેમ મટે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે રામાનંદસ્વામી પાસે આવ્યા પછી સત્સંગમાં બહુ ફર્યા. મોટા મોટા વિષ્ણુયાગ કર્યા ને સમાધિઓ કરાવી. ઘણા સાધુ કર્યા ને તેમને આકરાં આકરાં વર્તમાન પળાવ્યાં. મોટાં મોટાં મંદિર કર્યાં ને મૂર્તિઓ પધરાવી. મોટા મોટા ગ્રંથ કરાવ્યા ને તેની કથાઓ હંમેશ કરાવીએ છીએ.” એટલી વાત કરીને મહારાજ ન બોલ્યા.

ત્યારે વળી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! મારે ઉદ્વેગ છે તે કેમ મટે ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “કારિયાણીથી વસ્તા ખાચરે કહાવ્યું છે જે, ‘અમારે હમણાં કોઈ સાધુ આવ્યા નથી, તે મોકલજો.’ માટે સ્વામી એક તમે ને બ્રહ્માનંદસ્વામી કારિયાણીએ જાઓ. એક મહિના સુધી રહીને આવજો.” પછી એ તો ચાલી નીસર્યા, તે સીમાડે જઈને બેસીને વિચાર કરવા લાગ્યા જે, ‘આપણે શા વાંકમાં આવ્યા જે, આપણને એક મહિના સુધીનો વિજોગ કરાવ્યો ?’

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “હા સ્વામી, વાંક તો આવ્યો ખરો.” ત્યારે સ્વામી કહે, “શો વાંક.” ત્યારે બ્રહ્માનંદસ્વામી (નિત્યાનંદસ્વામી ?) બોલ્યા જે, “તમે મહારાજને ઉદ્વેગ મટવાનું ત્રણ વાર પૂછ્યું, ત્યારે મહારાજે પ્રથમથી તે છેલ્લા સુધી પોતાની લીલાચરિત્રની વાત કરી. તે એમ કીધું જે, ‘મારી લીલા ને ચરિત્ર સંભારો તો તમારો ઉદ્વેગ મટશે.’ તે તો કાંઈ આપણા સમજવામાં આવ્યું નહીં, તે વાંકમાં વિજોગ કરાવ્યો. માટે તમે આંહીં બેસો હું પાછો મહારાજ પાસે જઈ આવું.”

પછી મુક્તાનંદસ્વામી બેઠા ને બ્રહ્માનંદસ્વામી મહારાજ પાસે આવ્યા. તે આવતા દેખીને મહારાજ મંદમંદ હસવા માંડ્યું ને પૂછ્યું જે, “સ્વામી, કેમ પાછા આવ્યા ?” ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, “અમે તમારા વાંકમાં આવ્યા તે જણાવવા સારુ આવ્યો છું. પછી જઉં છું.” પછી એ સર્વે વાત મહારાજને કરી. પછી મુક્તાનંદસ્વામી આદિક સૌને પાછા તેડાવી લીધા. એ વાત પૂરી થઈ. ॥૨૧૧॥



વાત - ૨૧૨

મૂળી પ્રતિષ્ઠા-ઉત્સવમાં શ્રીહરિનો ઐશ્વર્ય-પ્રતાપ

મૂળી ગામમાં બ્રહ્માનંદસ્વામીએ મહા મોટું મંદિર કરાવ્યું. તે મંદિરમાં શ્રીરાધાકૃષ્ણદેવ ને હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત જોવરાવ્યું ને દેશોદેશમાં કંકોત્રીઓ લખીને સર્વે હરિભક્તને તેડાવ્યા. મોટા મોટા રાજાને તેડાવ્યા. શેઠ, પટેલ, દીવાન આદિ સૌને કંકોતરી લખી ને ઘણી ખચિત(તાણ) કરી કરીને તેડાવ્યા. વરતાલથી રઘુવીરજી મહારાજને સર્વે સંત હરિભક્તને લઈને આવવું, એવું લખીને માણસ તેડવા મોકલ્યા. તેથી એ સર્વે મૂળીએ આવ્યા ને હજારે હજારો બ્રાહ્મણ આવ્યા. ત્યારે તેમની સારુ અરધોઅરધ ઘીની સુખડી કરાવી

ને બ્રાહ્મણ સારુ ચૂરમાના લાડુ કરાવ્યા. ને માણસ તો ન ગણાય એવા અગણિત થયા. ત્યારે ગોપાળસ્વામીએ મંદિરના ઓટા ઉપર ચડીને ચારેકોર જોઈને બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "આ માણસ તો જોઈ શકાય નહિ તેટલું છે. ને વળી મારગોમારગ ઘણું ચાલ્યું આવે છે. ને મૂળીના ગામોનાં માણસ તો તમે ઝાંપાબંધ(ગામધુમાડે) તેડાવ્યાં છે. માટે જ્યાં પકવાન છે ત્યાં ચાલો મને દેખાડો."

પછી ગોપાળસ્વામી ને બ્રહ્માનંદસ્વામી બેય બેલડીએ વળગીને(એકબીજાના હાથ પકડીને) પાકશાળામાં ગયા. ત્યાં તો શ્રીજીમહારાજ ઊભેલા દેખ્યા. તે ઘીથી ચીકણાં લૂગડાં થયેલાં ને હાથમાં સોટી ને હરતા ફરતા ને મંદ મંદ હસતા, એવાં એ બેયને દર્શન થયાં. ત્યારે ગોપાળસ્વામી બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી, આ તો માલધણી આવીને આગળથી જ ઊભા છે, હવે જેમ વાવરવું હોય તેમ વાવરો. આપણે શીદ ફિકર રાખવી જોઈએ ?" એમ બેય જણ તાળી દઈને હસ્યા. પછી એ સર્વે માણસોને જમતાં માલ વધ્યો તે ગામોમાં ઘરોઘર વહેંચ્યો, ને બળદ, ઘોડા, ભેંસો ને ગાયોને ખવરાવ્યો. એવો મહા પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. ॥૨૧૨॥

:: સમાપ્ત ::





॥ श्रीस्वामिनारायणाय नमो नमः ॥

स्नेहबावनी

॥ अथ स्नेहबावनी लिख्यते ॥

छंद : कवित (मनहर)

धर्महुं के लाल बाल भक्ति के दयाल दीन,
कालन के काल प्रतिपाल सो प्रपन्न के;
आपके प्रताप कुं लुकायके नृदेह धर्यो,
पाप के संताप कुं मिटाये कोटि जनके।
सेजानंद स्वामी छबी जीय में वसी हे मेरे,
याहिसे सनेह सो न छोडुं पल छिनके;
वारवार हाथ जोर माथ धरी पाहुन में,
वंदन करुं में मेहरम मेरे मन के...०१

ધર્મદેવના લાલ, ભક્તિમાતાના બાલ, દીનદયાળ, કાળના પણ કાળ અને શરણાગતોના પ્રતિપાલક એવા ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના અસીમ ઐશ્વર્ય પ્રતાપને છુપાવીને મનુષ્યશરીર ધારણ કર્યું. અને કોટી મનુષ્યોના પાપના સંતાપને નાશ કર્યો. એવા શ્રીસહજાનંદસ્વામીની છબી મારા જીવમાં વસી છે. હવે હું તેમનામાંથી પળવાર પણ સ્નેહ નહિ છોડું. હું મારા મનમાં વસેલા પ્રિયતમ પ્રભુજીનાં ચરણોમાં વારંવાર માથું ધરીને અને હાથ જોડીને વંદન કરું છું. ॥૧॥

पंच रेख भाल भ्रौंह बंक नील गालन में,
अंभोजसी आंख मांहि रेख जिन राति हे;
वाम श्रुति श्याम चिन ओष्ठ सो विद्रुम,
जिन नासा तिलफूल कंबु कंठ प्रौढ छाति हे।
दोनु भुजदंड सो प्रचंड करिसुंढ जेसे,
अंगुरि के नखमणि कणी जेसी कांति हे;
उरमें श्रीवत्स नाभि गंभीर त्रिरेख दुंद,
नखशिख नाथ देख आंख न अघाति हे...०२

તે ભગવાન શ્રીસ્વામિનારાયણની મૂર્તિ કેવી છે ? તો, તેમના કપાળમાં પાંચ રેખા શોભી રહી છે. તેમની ભ્રકુટી વાંકી છે અને જમણા ગાલમાં શ્યામ બિંદુ છે. જેમની કમળની પાંખડી જેવી આંખોમાં રાતી રેખાઓ છે. ડાબા કાનમાં શ્યામ ચિહ્ન છે. વિદ્રુમ મણિ જેવા લાલ હોઠ છે. જેમની નાસિકા તલના ફૂલ જેવી નમણી છે. શંખ જેવો સુંદર કંઠ છે. છાતિ વિશાળ અને ઊપડતી છે. બંને ભુજાઓ હાથીની સૂંઢ જેવી લાંબી છે. આંગળીઓ સુંદર છે અને નખમણિઓની કાંતિ હીરા જેવી ચમકદાર છે. હૃદયમાં શ્રીવત્સનું ચિહ્ન છે. નાભી ઊંડી, ગોળ અને ગંભીર છે. પેટ ઉપર ત્રણ રેખાઓ છે. આવી મારા નાથની નખશિખ મનોહર મૂર્તિ જોઈ જોઈને મારી આંખો તૃપ્ત નથી થાતી. ॥૨॥

बांधनि रु बोलनी बोलावनी बहार जाकी,
चुंप से चलनी गति गेंद की लजावरी;
फेर में फीरावनी दोरावनी तुरंगन की,
हाथ की लटक रु चटक पद पावरी।
बंकीरि विलोकनी जनाय नेह नेनन में,
मंदहास आस तें मधुर गेर गावरी;
जग से जुदाई रीत देख के दयालन की,
हेत से भराय हिय बने बुध बावरी...०३

ભગવાન શ્રીસ્વામિનારાયણની મૂર્તિનો બાંધો, તેમનું બોલવું, બોલાવવું વગેરે અવર્ણનીય છે. તેમની ચાલવાની ઉતાવળી ગતિને જોઈ દડો પણ લજાઈ જાય છે. શ્રીહરિ અશ્વને કુંડાળે ફેરવે છે, અશ્વને દોડાવે છે, તે અદ્‌ભુત છે. તેમના હાથના લટકા, ચાલતી વેળાએ પગમાં પહેરેલી ચાંખડીના ચટકા મનને હરી લે છે. વક્રદૃષ્ટિ કરનારા અણિયાળા નેત્રોમાં સ્નેહ નીતરતો જણાય છે. મંદ હાસ્ય યુક્ત મુખથી મધુર અને ઘેરે સાદે ગાય છે. આવી દયાળુ શ્રીહરિજીની જગતથી વિલક્ષણ રીત જોઈને જ્ઞાનીજનો પણ મંત્રમુગ્ધ થઈ જાય છે અને તેમના હૈયામાં અતિશય હેત ઊભરાય છે. ॥૩॥

कमलवदन मंदहास से मधुर बेन,
मेन नेंन दोनहुं से देखनी रसीली हे;
केशर तिलक भाल बीच कंकु ईंदु लाल,
लाल पाग पेच वाम भाग में खसीली हे।
सुंथणी सुरंग जरी जामो रु रुमाल शाल,
गुढे रंग अमर तें कमर कसीली हे;
सुमन सुगंध हार तोरे धरे सेजानंद,
माधुरी मुर्ति मेरे उर में वसीली हे...०४

શ્રીહરિના મુખારવિંદમાંથી મંદ હાસ્ય સાથે મધુર વચનો નીકળી રહ્યાં છે. પોતાની બંનો આંખો વડે શ્રીહરિનું જોવું તે તો કામદેવની દૃષ્ટિ કરતાં પણ અપાર રસીલું છે. શ્રીહરિના કપાળમાં કેસરચંદનનું તિલક શોભી રહ્યું છે અને તેની મધ્યે કુંકુમનો લાલચટક ચાંદલો સોહામણો લાગે છે. મસ્તક ઉપર લાલ પાઘ પહેરી છે. તેના ડાબા ભાગમાં સુંદર શિરપેચ ખોસ્યો છે. સારા રંગવાળી સુંથણલી પહેરી છે. તેના ઉપર જરિયાની જામો ધારણ કર્યો છે. હાથમાં જરિયાની રૂમાલ લીધો છે. ગૂઢા રંગની શાલ ઓઢી છે. જરીમય કસુંબી રેંટો કમર ઉપર કસીને

બાંધ્યો છે. સુગંધી પુષ્પના હાર અને તોરા ધારણ કર્યા છે. આવી શ્રીસહજાનંદસ્વામીની માધુરી મૂર્તિ મારા ઉરમાં વસી છે. ॥૪॥

अजामेल पापी बिन ज्ञान तें पोकार्यो पुत्र,
आप नाम सुनी एहि अधम उधार्यो हे;
गज जब ग्रह्यो ग्राह, आध नाम टेर्यो हरि,
आतुर दोरीके एहि ग्राहन कुं मार्यो हे।
मार्यो हे जवनसुर 'हन्यो हे हराम' एसो,
जीह से उचारे तें तरत वाकुं तार्यो हे;
अध्रमी उधारे तब में गुलाम आपन को,
ग्राही कुं उधारो वामे नाही शंक धार्यो हे...०५

હે અધમ ઉદ્ધારણ ! અજામેલ પાપી હતો. તેણે અંતકાળે અજાણ્યે પોતાના નારાયણ નામના પુત્રને પોકાર્યો. ત્યારે આપે **'નારાયણ'** એવું પોતાનું નામ સાંભળી, તે અધમને ઉદ્ધાર્યો હતો. જ્યારે ગજેન્દ્રને ઊંડા પાણીમાં મગરમચ્છે-ઝૂડે પકડ્યો, ત્યારે તેણે આપના **'હરિ'** નામમાંથી 'હ' એવા અડધા નામથી જ આપને પુકાર્યા. તે સાંભળી તેની રક્ષા કરવા આતુરતાથી દોડીને ત્યાં આવી પહોંચ્યા અને મગરમચ્છને મારી ગજેન્દ્રને ઉગાર્યો. અને યવનાસુરને આપે માર્યો ત્યારે તે એવું બોલ્યો કે, 'તમે મને હરામનો માર્યો અર્થાત્ ખોટો માર્યો.' એ વાક્યમાં જીભથી જ્યાં હરામ શબ્દમાં રહેલો **'રામ'** શબ્દ ઉચ્ચાર્યો કે, તરત તેને તમે તાર્યો છે. હે નાથ ! આપે આવા અધર્મીઓને ઉદ્ધાર્યા છે ત્યારે મારી જેવા આપના ગુલામનો હાથ ઝાલીને આપ ઉદ્ધાર કરો, તેમાં મેં કોઈ શંકા જ રાખી નથી. ॥૫॥

अभिप्राय अंतर को दाखुं में दयालहुं ये,
मन कर्म बानी सत्य जानी सुनी लीजिये;
चाओ तो चढायो गज रज से निकारो करो,

चाओ ठाडो राखो तहां एक पाओ रीजिये।
चाओ तो जियाओ मारो रंक वा बनाओ राओ,
मायिक के काज मन कायर न कीजिये;
जेसे रहो राजी राज तेसे राजी में हुं आज,
हानि लाभ शोच रोच कायकु रखीजिये...०६

હે દયાળુ ! હું આપની આગળ મારા અંતરનો આ અભિપ્રાય કહું છું. તેને મન, કર્મ, વચને સત્ય જાણીને આપ સાંભળજો. આપ ચાહે મને હાથીના હોદ્દે બેસારો કે રજ કરતા પણ વધારે તિરસ્કૃત કરો. આપ ચાહો તો જ્યાં ઊભો રાખો ત્યાં એક પગે આપને રાજી કરવા ઊભો રહું. આપ ચાહે જિવાડો યા મારો, રંક બનાવો કે રાજા બનાવો. આવી કોઈ માયિક બાબતોને કારણે મનને કાયર થવા નહિ દઉં. આ લોકની હાણ-વૃદ્ધિનો હર્ષ-શોક હું શા માટે રાખું ? હે રાજાધિરાજ ! આપ જેમ રાજી રહો તેમાં જ હું આજે રાજી છું. ॥૬॥

चाहुं नहि रिंधि सिंधि राजपाट गाम ग्रास,
विधि हरि हर रु बिराज चित नहि हे;
सुख के समाज काज मुक्ति सो न मागुं चहु,
मन कर्म बानीहुं तें एहि रुचि बही हे।
धाम सो गोलोक भोगनिधि सिधि सामृथता,
याहि की न चाह मोरे रतिभर रही हे;
प्रगट प्रमाण प्रभु सेजानंद अंघ्रिसेवा,
याहि में निवास आश एसी उर गेही हे...०७

હે નાથ ! આપને મૂકીને હું રિદ્ધિ-સિદ્ધિ, ગામ-ગરાસ, રાજપાટ આદિક ચાહતો નથી; ભવ, બ્રહ્મા, વિષ્ણુ કે વૈરાટાદિ ઈશ્વરોમાં મારું ચિત્ત ચોંટતું નથી; વળી, સુખનો સમાજ પ્રાપ્ત કરવા માટે હું આપની

પાસે ચાર પ્રકારની મુક્તિ પણ માગતો નથી. મન, કર્મ અને વચનથી મારી આવી રુચિ થઈ છે અને ગોલોકધામ, ભોગનિધિઓ, સિદ્ધિઓ, સામર્થીઓની મને રતિભાર પણ ચાહના રહી નથી. હે પ્રગટ પ્રમાણ પ્રભુ સહજાનંદસ્વામી ! આપના ચરણકમળની સેવામાં મારો નિવાસ થાઓ. એવી મારા ઉરમાં ઊંડી આશા રહી છે. ॥૭॥

हाथ जोरी पाहुन में माथ धरी नाथ मागुं,
हेत से हजुर सेवा दास जानी दीजिये;
फुलेल सुगंध अत्र चोलीकें नवाउं नित्य,
भूसन वसन पहीराहुं सो पेरीजिए।
भावते भोजन रोज पांच बेर प्रीत करी,
खांत से खवाउं ताजे जीवन जमीजिये;
शीतल मधुर जल कनक कटोरी भरी,
बेर बेर पाउं पिया प्रीत करी पीजिए...०८

હે નાથ ! બે હાથ જોડી આપના ચરણકમળમાં માથુ ધરીને હું આપની પાસે માગું છું કે, મને આપનો દાસ જાણીને પ્રેમથી આપની હજુરની સેવા આપજો. હું આપને નિત્ય સુગંધી ફૂલેલ અત્તર ચોળીને સ્નાન કરાવીશ. આપને સ્નેહથી વસ્ત્રાભૂષણો ધરાવું તેને આપ પહેરજો. હે મારા જીવના જીવન ! આપને ભાવતાં એવાં તાજાં ભોજન પાંચ વાર પ્રેમે કરીને ખાંતથી નિત્ય જમાડું, તેને આપ જમજો. હે પિયુજી ! આપને સોનાની કટોરીમાં શીતળ મધુર જળ ભરીને વારંવાર પિવરાવું, તેને આપ પ્રેમથી પીજો. ॥૮॥

खांत करी खाट पर सेज सो समारुं श्वेत,
सुगंध सुमन कली अत्र भरपूर में;
पधराउं ताहि पर प्राणपति प्रीतम कुं,
हाथ साइ हिरदोर खेंचुं खाट सुर में।

चांपहुं चरन पानी पौन ढोरुं पंखन तें,
पिय कुं पोढाई रहुं हाजर हजूर में;
शामरो सनेही मेरो सेजको शिंगार सोई,
नाथ साथ छोडी कें न रहुं पल दूर में...०९

હે પ્રાણપતિ પ્રિતમજી ! ખાંતે કરીને હિંડોળાખાટ ઉપર શ્વેત અને સુગંધી પુષ્પોની કળીઓ તથા અત્તરથી ભરપૂર સેજ સજાવીને તેના ઉપર આપને હાથ પકડીને પધરાવું. પછી હિંડોળાખાટની હીરની દોરી સરસ રીતે ખેંચીને આપને ઝુલાવું. વળી આપના ચરણકમળ તથા હાથની ચંપી કરી દઉં. વીંઝણો લઈ આપના ઉપર પવન ઢોળું. પ્રિયતમ ! આપને પોઢાડીને આપની હજૂરમાં હાજર રહું. પરમસ્નેહી હે મારા શ્યામસુંદર ! આપ મારી સેજનો શણગાર છો. માટે હે નાથ ! આપનો સાથ છોડી પળભર પણ હું દૂર નહિ રહું. ॥૯॥

स्वामी सहजानंद आधार एक आप मेरे,
खारे जलनिधि मांहि पंखी जुं जहाज को;
छोडी ओर आश भयो दास में दयालन को,
बिना मुल बेकाई बन्यो गुलाम राज को।
औगुन अनेक मेरे छिन में छुपाये तुम,
याहि से अधिक मेरे दुजो कोन काज को;
रावरो मुखारविंद देखुं तो आनंद रहे,
बिना देखे होवत समूह दुःख दाज को...१०

હે સ્વામી શ્રીસહજાનંદજી ! જેમ ખારા દરિયામાં જહાજ ઉપર બેઠેલા પંખીને જહાજ સિવાય બીજો કોઈ આધાર નથી હોતો, તેમ આપ એક જ મારા આધાર છો. હે દયાળુ ! હું આપના સિવાયની બધી આશા છોડીને આપનો દાસ થયો છું. હે રાજાધિરાજ ! હું આપનો દામ વિનાનો

વેચાણ બનીને ગુલામ થયો છું. આપે મારા અનેક અવગુણોને ક્ષણમાં છૂપાડી દીધા છે અર્થાત્ મારા દોષોને જરાય જોયા નથી. માટે આપનાથી અધિક મારા માટે બીજું કોણ કામનું ? હું આપનો દીન દાસ છું. આપનું મુખારવિંદ જોઈને મને આનંદ રહે છે. અને આપનું મુખડું જોયા વિના તો બધું પીડા પમાડનારા દુઃખના સમૂહ જેવું લાગે છે. ॥૧૦॥

अंबु के अगाध विन मीन दीन खीन होत,
तोय के बिछोह भये प्रान कुं गमात हे;
पानीहुं से प्रीत वाके जीय में जडाई गई,
पय घृत पुनित यातें शांति वे न पात हे।
तेसे प्रेतो सेजानंदस्वामी संग प्रीत करी,
हरत फरत मेरे द्रग में देखात हे;
छिनक बिजोग जो होवत एहि छबीनको,
तोहु मेरे अंतर में अग्नि जरात हे...११

અગાધ પાણી વિના માછલી દીન અને દુઃખી થઈ જાય છે, માછલી પાણીનો વિયોગ થતાં પોતાના પ્રાણોને ગુમાવી દે છે. કેમ જે, તેની પાણી સાથેની પ્રીત જીવમાં જડાઈ ગઈ છે. તેથી તેને પવિત્ર દૂધ કે ઘીમાં રાખવામાં આવે તોપણ તેમાં શાંતિ ન પામે, પણ મરી જાય. તેવી પ્રીત મેં પ્રિયતમ શ્રીસહજાનંદસ્વામી સાથે કરી છે. તેથી હરતાં-ફરતાં મારી આંખોમાં શ્રીસહજાનંદસ્વામી જ દેખાય છે. એમની જીવનરૂપ છબીનો જો એક ક્ષણવાર પણ વિયોગ થાય તોપણ મારા અંતરમાં વિરહાગ્નિ થવા લાગે છે. ॥૧૧॥

बहत सरित सर शीतल मधुर जल,
चातुक न चंच भरे स्वांत को पियासी हे;
भानु को प्रकाश सब जग कुं हुलास करे,
चकोर न रुचे ओ तो चंद को अध्यासी हे।

भूखे कुं भोजन अन्न प्यासे कुं पानी में प्रीत,
हिरा मणी माणक तें याहि तें उदासी हे;
संसार को सुख मेरे अंतर अंजिठी जेसो,
मेरे स्वामिनारायण एक सुखराशी हे...१२

ઠંડું મધુરુ જળ નદીમાં વહેતું હોય કે સરોવરોમાં ભર્યું હોય, તોપણ ચાતક પક્ષી તે પાણી પીવા તેમાં ક્યારેય પોતાની ચાંચ નાખતું નથી, કારણ કે એ તો કેવળ સ્વાતિ નક્ષત્રમાં વરસતા જળબિંદુનું જ પ્યાસી હોય છે. સૂર્યનો પ્રકાશ સમસ્ત જગતને આનંદ પહોંચાડે છે, છતાં ચકોર પક્ષીને તે રુચતો નથી, તે તો કેવળ ચંદ્રનો જ અધ્યાસી-ચાહક બનીને રહે છે. ખૂબ ભૂખ્યા માણસને ભોજનમાં અને ખૂબ તરસ્યાને પાણીમાં પ્રીત હોય છે, અને તે વખતે તેને હીરા, મણિ, માણેક વગેરે આપો તોપણ તે તેનાથી ઉદાસ રહે છે. તેમ શ્રીસહજાનંદસ્વામી સિવાયના સંસારના સુખો મારા અંતરમાં અગ્નિની ઝાળ જેવા લાગે છે. મારા માટે શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ એ એક જ સુખરાશી છે. ॥૧૨॥

अंध जग समंध को गंध न गमत घ्रान,
जगरूप द्रग मोय सब सम भासी हे;
संसार को शब्द सो तो श्रवण कुं शूली सम,
सरस परस त्वच ज्वर की विथासी हे।
मानु सनेपात से बकात एसी बोली जग,
मायिक को घाट मन लग्यो तीर घासी हे;
इंद्रिया के विषय नें जोर तें हटाई खट,
सोई स्वामिनारायण संग में तो वासी हे...१३

હવે હું જગતસંબંધી બાબતોમાં અંધ થયો છું. મને જગતસંબંધી ગંધ ગમતો નથી. મારી આંખોમાં સમગ્ર જગતનું રૂપ એકસરખું ભાસે છે, અર્થાત્ તેમાં કાંઈ સારું-નરસું નથી ભાસતું. સાંસારિક શબ્દો તો

મને કાનોમાં શૂળીની જેમ વાગે છે. ત્વચાનો સરસ સ્પર્શ મને જ્વરની વ્યથા જેવો લાગે છે. જગતસંબંધી વાતો તો જાણે કોઈ સનેપાતનો રોગી બકવાસ કરતો હોય તેવી લાગે છે. માયિક સંકલ્પ-વિકલ્પો મનમાં તીરની જેમ ખૂંચે છે. મારી પાંચેય ઈન્દ્રિયોને અને છઠ્ઠા મનને તેના-તેના માયિક વિષયોમાંથી બળજબરીથી હઠાવી લીધાં છે અને તેમને ભગવાન શ્રીસ્વામિનારાયણની મૂર્તિ સંગે મેં નિવાસ દીધો છે. ॥૧૩॥

अक्षर के अधिपति संग में संमध कीनो,
अक्षर तें ओरे में तो तुछ करी टेवे हे;
जाके शिर काल झाल वामें कहो कहा माल,
आयुष अवधि विते रंच नहि रेवे हे।
तेसे जानी प्रीत तोडी जीवन संगात जोडी,
चडी हे खुमारी बडी लेरी याकी लेवे हे;
मेरी मनवृत्ति प्रभुरूप में प्रोवाई गई,
ध्यान धरे बिनु दृग आगे हरि रेवे हे...१४

મેં તો અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમનારાયણ સાથે સંબંધ કર્યો છે. તેથી અક્ષરથી ઓરા પ્રકૃતિપુરુષાદિકના ભોગ-વૈભવો ઈત્યાદિકને તુચ્છ કરીને જાણ્યા છે. જેના માથે કાળની જાળ હોય તેમાં શું માલ માનવો ? કેમ જે, તેની આયુષ્યનો અવધિ પૂરો થતાં તે બધા ભોગ-વૈભવો વગેરે રંચમાત્ર રહેતા નથી. તેવું જાણીને તે બધામાંથી પ્રીત તોડીને જીવના જીવન શ્રીજીમહારાજ સાથે પ્રીત જોડી છે. મને પુરુષોત્તમનારાયણની જબરી ખુમારી ચડી છે. મારા અંતરમાં ખુમારીની લહેરો હિલોળા લે છે. મારી મનોવૃત્તિ ઘનશ્યામપ્રભુના રૂપમાં પરોવાઈ ગઈ છે. તેથી વગર ધ્યાન ધર્યે શ્રીહરિ મારી આંખોની આગળ જ રહે છે. ॥૧૪॥

संसार को सुख दुःख सारप मोटाई मान,
ओ तो मेरे आतम में रंच नहि रही हे;
जेसे सरी प्रबल प्रवाह पानी पुर मांहि,
टकी न सकत त्रन वेसे वे तो बही हे।
अनेक ब्रह्मांड पति नाथ नरदेह धर्यो,
प्रगट प्रमाण याकी भेट मोई भई हे;
अक्षर के तुल्य ताके संत के समागम तें,
वासना विनासी मेरी एसी रुचि अही हे...१५

મારે શ્રીસહજાનંદસ્વામી સાથે પ્રગાઢ પ્રીત બંધાણી છે. માટે સંસારના સુખ-દુઃખ, માન-મોટાઈ વગેરે મારા આત્મામાં રંચમાત્ર પણ રહ્યાં નથી. જેમ નદીના પ્રબળ પાણીના પૂરમાં તણખલું ટકી શકતું નથી, તેમ પ્રભુપ્રેમના પ્રબળ પ્રવાહમાં તે સર્વે તણાઈ ગયાં છે. અનંતકોટી બ્રહ્માંડના રાજાધિરાજ એવા શ્રીહરિએ નરદેહ ધારણ કર્યો છે. તેવા સર્વેના નાથ સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની મને પ્રગટપ્રમાણ ભેટ થઈ છે. વળી, અક્ષરતુલ્ય તેમના સંતોના સમાગમથી મારી વાસના ટળી ગઈ છે અને મારી આવી રુચિ થઈ છે. ॥૧૫॥

अणु हरि आगन्या में लेशभर लोपुं नहीं,
मेरु तें महत मेरे जीव मही जानी हे;
आज्ञा कुं अनुसरे जाओ चाओ रहो जीव,
लाज रहो जाओ तामें कहा लाभ हानि हे।
आगे हरि आगन्यामां जेहि अनुसरी रहे,
ताहिकी बडाई वेद पुराने बखानी हे;
वचनविमुख सुख शांति न सपन लहे,
मेरे अनुभवे उर एसी में तो आनी हे...१६

હવે હું શ્રીહરિની અણું સરખી આજ્ઞા પણ લેશમાત્ર નહિ લોપું. કારણ કે, શ્રીહરિની આજ્ઞાઓને મેં મારા જીવમાં મેરુ કરતાં પણ મોટી માની છે. આજ્ઞા પ્રમાણે અનુસરવામાં ચાહે પ્રાણ રહો કે ન રહો, લાજ રહો કે જાઓ, તેમાં શું લાભ કે હાનિ છે ? આગળ જે જે શ્રીહરિની આજ્ઞાને અનુસરીને રહ્યા છે, તેમની મોટાઈ વેદ-પુરાણોએ વખાણી છે. જે શ્રીહરિના વચનોથી વિરુદ્ધ વર્તે છે, તેને સ્વપ્નમાં પણ સુખ-શાંતિ મળતાં નથી. આવી વાત મેં મારા અનુભવે કરીને અંતરમાં દઢ કરી છે. ॥૧૬॥

प्रकृतिपुरुष पर अक्षर अनादि अहे,
ताहिके नियंता एक सेजानंदस्वामी हे;
सबे धाम धामी ओर नामी सब नामन के,
याहि तें अधिक दुजो नाहि ताकी दामी हे।
आगे हरि अवतार अनेक भये हे ओर,
होवहि होवत ओ तो याके अनुगामी हे;
एहि हरि एक वेर आये अज आयुष में,
ताहिकी उपास मेरे जीव महिं जामी हे...१७

પ્રકૃત્તિપુરુષથી પર અનાદિ અક્ષર છે, એ અક્ષરના પણ નિયંતા એક પરાત્પર મારા શ્રીસહજાનંદસ્વામી છે. એ સર્વે ધામના ધામી છે, સર્વે નામના નામી છે. તેમની બરોબરી કરી શકે એવો કોઈ નથી, તો તેમનાથી અધિક તો બીજો ક્યાંથી હોય ? પૂર્વે ભગવાનના બીજા ઘણા અવતારો થયા છે અને થશે, પરંતુ જે જે અવતારો થયા છે અને થાશે, તે બધા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણને અનુસરનારા છે. આ ભગવાન શ્રીસ્વામિનારાયણ બ્રહ્માના આયુષ્ય દરમ્યાન એક જ વખત પધાર્યા છે. એવા અવતારી પુરુષોત્તમનારાયણની ઉપાસના મારા જીવમાં જામી છે. ॥૧૭॥

नखशिख स्वामिनारायण में निहारे नेंन,
बेन मधुरे से बात श्रवन सुनाई हे;
नाथ की जीमेल चींज हाथ से दयेल जमी,
माथ कुं नमाई पाव हाथ से दबाई हे।
घोडे की घुंमरें हरि दोडते में देख लीये,
सूते बेठे ऊठे शाम शरीरे सुहाई हे;
चूंप से चटक चाल हाथ की लटक लखी,
माधुरी मूरति मेरे रदे में रहाई हे...१८

ભગવાન શ્રીસ્વામિનારાયણની નખશિખ મૂર્તિ મેં મારી આંખે નિહાળી છે. તેમની મધુર અમૃતવાણી દ્વારા થયેલી વાતો મારા કાને સાંભળી છે. મારા નાથની જમેલી પ્રસાદીની વસ્તુ, જે એમણે મને પોતાના હાથે આપેલી તે હું જમ્યો છું. શ્રીહરિને મસ્તક નમાવી દાસભાવે વંદન કરી મારા હાથે શ્રીહરિના પગને દબાવ્યા છે. ઘોડાને ઘૂમરીએ દોડાવતા શ્રીહરિનાં મેં દર્શન કર્યાં છે. સૂતા, બેસતા, ઊઠતા શ્રીહરિ શ્યામશરીરે શોભે છે. શ્રીહરિની ઉતાવળી અને ચટકીલી ચાલ તથા તેમના હાથના લટકાં જોઈને તેમની માધુરી મૂર્તિ મારા હૃદયમાં વસી ગઈ છે. ॥૧૮॥

सेजानंदस्वामी को स्वरूप में संभारुं,
जब तब मन प्रेम में मगन होई जात हे;
नेन जलधार बहे कंठ सो रुंधाई रहे,
रोम सो ऊँचाई अहे चित्त अति चात हे।
आंख ओरकुं न जोत तन सो शीतल होत,
नाथ कुं निहार भान दूसरो भुलात हे;
अंग अंग प्रति रति बढत उमंग छती,
अति हेतहुं तें मेरो हियो हुलसात हे...१९

જ્યારે હું શ્રીસહજાનંદસ્વામીનું સ્વરૂપ સંભારું છું ત્યારે મારું મન તેમના પ્રેમમાં નિમગ્ન થઈ જાય છે. તેમને સંભારતા આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગે છે, કંઠ રુંધાઈ જાય છે, રોમાવલી ઊભી થઈ જાય છે અને ચિત્ત તેમની મૂર્તિને અતિશય ચાહવા લાગે છે. ત્યારે આંખો અન્ય કોઈને જોતી નથી, શરીર ઠંડું પડી જાય છે. જ્યારે નાથનાં દર્શન થાય છે ત્યારે બીજું બધું ભાન ભુલાઈ જાય છે, અંગોઅંગમાં અતિશય પ્રેમ વૃદ્ધિ પામે છે, છાતિ ઉમંગથી ભરાઈ જાય છે અને અતિશય સ્નેહને કારણે મારું હૈયું આનંદિત થઈ જાય છે. ॥૧૯॥

बेठुं तब बेठे उठ चलुं तो चलत आगे,
खाउं तब खाय पानी पियुं तब पीते हे;
आंखे कुं उघेरुं तब आगे हरि ऊभे आय,
मिचे दृग मांई भासे सदा एसी रीत हे।
नींद के सपन मांहि नाथ साथ गाथ गुंज,
आठुं जाम याहि को निवास मेरे चित्ते हे;
सासुसास सेजानंदस्वामी नाम जपुं नित्य,
याहि के प्रताप तें संताप सब बीते हे...२०

હું જ્યારે બેસું ત્યારે શ્રીસહજાનંદસ્વામીની મૂર્તિ બેસે છે, હું ઊઠીને ચાલું તો મારી આગળ ચાલે છે, હું જમું ત્યારે જમે છે, હું પાણી પીવું ત્યારે પાણી પીવે છે, હું મારી આંખોને ઉઘાડું ત્યારે શ્રીહરિ આંખોની સામે આવીને ઊભા રહે છે, આંખો બંધ કરું તો મૂર્તિ અંદર દેખાય છે. આવી રીત સદાને માટે થઈ છે. નિદ્રાવસ્થા અને સ્વપ્નાવસ્થામાં પણ મારા નાથ મારી સાથે હોય છે અને એમની ચરિત્રગાથાઓ ત્યાં પણ ગૂંજતી રહે છે. ભગવાન શ્રીસ્વામિનારાયણનો મારા ચિત્તમાં આઠે પહોર નિવાસ રહ્યો છે. શ્રીસહજાનંદસ્વામીનું નામ નિત્યપ્રત્યે શ્વાસોચ્છ્વાસે જપું છું. એમના પ્રતાપથી મારા સમસ્ત સંતાપો નાશ પામ્યા છે. ॥૨૦॥

हजारु हजार वर्ष बन में विरागी होई,
तप तें तपावी तन मन वस लात हे;
तोहु पुरुषोत्तम को पल न मिलाप होत,
एसे हरि अगम अगोचर अघात हे;
सो हरि प्रगट होई बिनु श्रम मिले मोई,
समुझी समुझी मेरो हियो हरखात हे;
बनी ए अगाध बात कोहिसे न कही जात,
मूंगे को सपन जेसे मन में समात हे...२१

હજારો હજાર વર્ષ સુધી વનમાં વૈરાગી બનીને તન-મનને તપથી તપાવીને વશ કરે તોપણ એક પળવાર પણ પુરુષોત્તમનારાયણનો મેળાપ થતો નથી. આવા શ્રીહરિ અગમ, અગોચર અને અગાધ છે. અહો..!! એવા શ્રીહરિજી મહારાજ પ્રગટ થઈને વિના કોઈ શ્રમે મને મળ્યા છે. આવું સમજી સમજીને મારું હૈયું હરખાય છે. આવી આ અગાધ વાત બની છે, જે કોઈને યથાર્થ કહી શકાતી નથી. જેમ મૂંગાને કોઈ સારું સ્વપ્નું આવે તો તે તેના મનમાં જ સમાઈ રહે છે, પણ કોઈને કહી શકતો નથી, તેમ મને મળેલી આ અસીમ પ્રાપ્તિને હું વર્ણવી શકતો નથી.॥૨૧॥

नेनन के तारे मेरे प्राण तें पियारे हरि,
दाम दिन दोयले के शाम सुखकारी हों;
माठे दि की मूडी बडी हुडी भव सिंधुन की,
ठरवे को ठाम काम क्रोध की कटारी हों।
जनम मरण ग्रभ नरक चोरासी टारी,
एसे उपकारी दोरी जीवन हमारी हों;
वारवार वारी फेरी जाउं में जीवन पर,
तुम तो अधिक तें अधिक हितकारी हों...२२

હે મહાત્મા શ્રીહરિ ! આપ મારી આંખોના તારા છો, મને પ્રાણથી પણ પ્યારા છો. હે શ્યામસુંદર ! આપ મારું દોયલી વેળાનું દામ છો. આપ સુખ કરનારા છો. મારા માઠા દિવસોની ભારે મોટી મૂડી છો. ભવસાગર તરવાની નાવ છો. મારું ઠરવાનું ઠામ છો. કામ-ક્રોધાદિકને મારવાની કટારી છો. આપે મારાં જન્મ-મરણ, ગર્ભવાસ, નરક અને લખચોરાશી ટાળી નાખ્યાં છે, એવા આપ પરમ ઉપકારી છો. અમારી જીવનદોરી છો. માટે હે મારા જીવન ! હું આપની ઉપર વારંવાર વારી જાઉં ! આપ તો મારા અધિકાધિક હિતકારી છો. ॥૨૨॥

जठर की झाल बिकराल से बचाई लियो,
आंख मुख पाहु पानी श्रवन सुधार्यो हे;
खानपान वसन वखत से मिलाई देत,
आदिहुं तें अंत लगी कदि न विसार्यो हे।
आप को मिलाप करी पाप को संताप टार्यो,
उखेरी अज्ञान मूर ज्ञान कुं वधार्यो हे;
कोटिक जनम लगी ऊंधे शिर झूलूं तोहुं,
एहि उपकार को बदल न विचार्यो हे...२३

હે નાથ ! આપે મને જઠરાગ્નિની વિકરાળ ઝાળમાંથી બચાવી લીધો છે, ગર્ભવાસનું દુઃખ ટાળ્યું છે. વળી, આપે આંખ, કાન, હાથ-પગ વગેરે સર્વે અંગોથી સંપૂર્ણ સારું મનુષ્યશરીર આપ્યું છે. જન્મ્યો ત્યારથી સમયે સમયે ખાન-પાન તથા વસ્ત્રાદિક મેળવી આપીને મારી ખૂબ ખબર રાખી છે. આપે આદિથી અંત સુધી અર્થાત્ જન્મથી તે અત્યાર સુધી મને ક્યારેય વિસાર્યો નથી. અકારણ કૃપા કરી પોતાનો મેળાપ કરાવી મારા પાપનો સંતાપ નાશ કર્યો છે. મારામાં રહેલા અજ્ઞાનનું મૂળ ઉખાડી શુદ્ધ જ્ઞાનને વધાર્યું છે. તેથી હે કરુણાનિધિ ! કરોડો જન્મો સુધી ઊંધે માથે ઝુલું તોપણ આપે કરેલા ઉપકારોનો બદલો હું વાળી શકું તેમ નથી. ॥૨૩॥

देखी स्वामिनारायण दिल में विचारी देख्यो,
ठीक ए ठीकानो मेरे ठरवे के ठाम को;
समृथ समुझी स्वामी शीश याकुं सुंप दियो,
मन क्रम बन्यो में गुलाम याके धामको।
आज्ञा उपासना भजन ध्यान स्वामीन को,
पतिव्रत सति ज्युं न तजुं संग शामको;
मन बुद्धि चित्त अहंकार से अचल कियो,
स्वामिनारायण बिन कछु नहि काम को...२४

ભગવાન શ્રીસ્વામિનારાયણને જોઈને દિલમાં વિચાર્યું તો એક શ્રીહરિ જ મારે યથાર્થપણે ઠરવાનું ઠેકાણું લાગ્યા. શ્રીસહજાનંદસ્વામીને સર્વથી સમર્થ જાણીને મેં મારું શીશ તેમને સોંપી દીધું છે અને મન, કર્મ ને વચને હું એમના ધામનો ગુલામ-સેવક બન્યો છું. હું મારા સ્વામી શ્રીહરિજીની આજ્ઞા, ઉપાસના, ધ્યાન અને ભજનને નહિ છોડું. જેમ પતિવ્રતા નારી પોતાના પતિનો સંગ ન છોડે તેમ હે શ્યામસુંદર ! હું આપનો સંગ નહિ છોડું. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારથી મેં અચળ નિશ્ચય કર્યો છે કે, ભગવાન શ્રીસ્વામિનારાયણ સિવાય મારે બીજું કાંઈ પણ કામનું નથી. ॥૨૪॥

उपज्यो अनुप ज्ञान अनुभव अंग मेरे,
दुःख को प्रवाह तब दूर में बहायो हे;
पिंड तें प्रकर्ति लगी पानी को पतास पेखुं,
मोदक मसान के में गंध ज्युं न सायो हे।
मृद गज तुरंग में रहत मगन बाल,
समजु सयाने वाके भीतर न भायो हे;
सेजानंदस्वामी बिन ओर मोय एसो लगे,
मानहुं भोयंग भांम खीज खीज खायो हे...२५

જ્યારે મારા અંગમાં શ્રીહરિનું અનુપમ અનુભવજ્ઞાન ઉપજ્યું ત્યારે દુઃખનો બધો પ્રવાહ મારાથી દૂર વહી ગયો છે. તેથી હું આ પિંડથી પ્રકૃતિ સુધીનું બધું પાણીના પરપોટા જેવું દેખું છું. જેમ મસાણિયા લાડુમાં ઘી કે એલચીની સુગંધ આવતી નથી અને જેમ માટીના હાથી અને ઘોડા બનાવીને તેમાં બાળકો સુખ માને છે, પણ સમજું ડાહ્યા માણસને તો તે કાંઈ ગમતાં નથી. તેમ શ્રીસહજાનંદસ્વામી વિના બીજું બધું તો મને મસાણિયા લાડુ અને બાળકોને રમવાના માટીનાં રમકડા જેવું લાગે છે અને સ્ત્રીને તો ફૂંફાડા મારીને ખાનારી નાગણી જેવી માનું છું. ॥૨૫॥

संसार के सनमुख दृग भरी देखुं तहां,
आग की अंजीठी भेख भुपत भिखारी में;
व्याप रह्यो ताप तीन यामें दुःखी रातदिन,
सुख को संमध नाहि देख्यो ए विचारी में।
एसो दुःख देखी यामें मन नहि मान्यो तामें,
उलटे अन्न से करी छोरी वाकी यारी में;
सुख को समूह प्रभु पास में विचारी करी,
प्रगट प्रमाण हरि छबी उर धारी में...२६

હું સંસારની સન્મુખ જ્યાં આંખ ભરીને દેખું છું, ત્યાં આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ અગ્નિની જ્વાળાઓ ભડકે બળે છે, પછી તે ભેખધારી હોય, રાજા હોય કે ભીખારી હોય ! સમગ્ર સંસારમાં ત્રિવિધ તાપ વ્યાપી ગયો છે. ને તેમાં બધા જ રાત-દિવસ દુઃખ પામે છે. મેં એ બધું વિચારીને જોયું તો ભગવાન સિવાય બીજે ક્યાંય સુખનો સંબંધ દેખાયો નહિ. ભગવાન સિવાયની બાબતોમાં દુઃખ દેખીને તેમાં મારું મન માન્યું નહિ. તેથી ઊલ્ટા અન્નની પેઠે મેં તે માયિક બાબતોનો સંબંધ છોડી દીધો છે. સમગ્ર સુખનો સમુદાય એક મારા પ્રભુ પાસે જ

છે, એમ વિચાર કરીને પ્રગટ પ્રમાણ શ્રીહરિજી મહારાજની મૂર્તિને મેં મારા ઉરમાં ધારી લીધી છે. ॥૨૬॥

पूरव जनमहुं की प्रीति पहिचानी प्रभु,
दयानिधि आप के सरूप कुं देखायो हे;
मातम सहित ज्ञान भक्ति रु वैराग धर्म,
मोयकुं दईके सत्य आतम लखायो हे।
अनेक जनम अघ संचित छीनक मांही,
आकतुर तुहिन ज्युं तुरत जरायो हे;
भाग गई भीति भवसागर भ्रमणहुं की,
प्रभुपद पाये को प्रतीत उर आयो हे...२७

હે દયાનિધિ પ્રભુ ! આપે મારી પૂર્વજન્મની પ્રીત ઓળખીને મને આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો છે. મને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત આપની ભક્તિ આપીને સત્યસ્વરૂપ પરમાત્મા એવા આપની ઓળખાણ કરાવી છે. વળી, અનેક જન્મના સંચિત પાપપુંજને ક્ષણવારમાં આંકડાના તૂર અને ઝાકળબિંદુની જેમ બાળી નાખ્યા છે. તેથી ભવસાગરના ભટકણની ભીતિ ભાંગી ગઈ છે અને પ્રભુપદ પામ્યાની પ્રતીતિ ઉરમાં આવી છે. ॥૨૭॥

उपरी अनेक धामहुं के एक शाम सोई,
जाकी अनुशासन सबे शिर धरत हे;
ओर अवतार जामें होवत प्रगट लीन,
एसे ए जानी में याकी उपास करत हे।
अशनि अवनी मांही खील जुं अशनिहुं की,
जोर से न तोरे फोरे शूरे न टरत हे;
तेसे ए प्रगट सेजानंद को में निश्चे कियो,
अद्रि जुं अचल कोसे फेरो न फरत हे...२८

અનેક ધામોના ઉપરી એક શ્યામસુંદર શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ છે. જેમનું અનુશાસન સહુ કોઈ માથે ધરે છે, અર્થાત્ મનુષ્ય, દેવો, ઈશ્વરો વગેરે સર્વે જેમની આજ્ઞા મસ્તકે ચઢાવે છે. બીજા સર્વે અવતારો તે સર્વાવતારી શ્રીહરિમાંથી પ્રગટ થાય છે અને તેમાં જ લીન થાય છે. શ્રીહરિને આવા જાણીને હું એમની ઉપાસના સદા કરું છું. જેમ વજ્રની ભૂમિમાં વજ્રની ખીલી જડી હોય તેને ગમે તેવો શૂરવીર હોય તે ચાહે તેટલું જોર કરી કાઢવા કે તોડવા-ફોડવા પ્રયત્ન કરે, છતાં તે નીકળતી કે તૂટતી નથી, તેમ આ પ્રગટ સહજાનંદસ્વામીનો જે મેં નિશ્ચય કર્યો છે, તે પર્વત જેવો અચળ છે, કોઈનો ફેરવ્યો ફરી જાય એવો નથી. ॥૨૮॥

पतिव्रत त्रीय पति संमधि सुह्रद जानी,
याहि को आदर अति हेत से करत हे;
पति तुल्य भुल्यहुं तें दुसरो न देखी द्रगे,
पति सम पेखे ओ तो ठोबरी ठरत हे।
जीय के जीवन मेरे सेजानंदस्वामी पति,
जियाए जीयुं में वाके मारे तें मरत हे;
ताकी मरजी से याके ओर अवतारन कुं,
प्रेमे शिर नामी हिये हेत में धरत हे...२९

પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને જ ચાહે છે, છતાં પોતાના પતિના સંબંધીઓને સુહ્રદ જાણીને એમનો અતિ પ્રેમથી આદર કરે છે, પરંતુ પોતાના પતિને તુલ્ય બીજા કોઈને ભૂલે પણ દેખતી નથી અને જે પોતાના પતિના સમાન બીજાને દેખે તે તો મૂર્ખ ઠરે છે. જીવના જીવન એવા શ્રીસહજાનંદસ્વામી મારા પતિ છે. એમનો જિવાડ્યો હું જીવું છું અને માર્યો મરું છું. તેમની મરજીથી તેમના બીજા જે અવતારો છે, તેમના પ્રત્યે હૈયામાં હેત રાખીને પ્રેમથી માથું નમાવું છું. ॥૨૯॥

सफरी सलील में दिवस निशि वसी रहे,
खानपान आदि क्रिया आप में करत हे;
छीनुं जल तजत न जीवन आधार जानी,
मन में जानत याके मूके तें मरत हे।
तेसे मेरो जीय हरि आप में जडाई रह्यो,
बाह्यर बनावट में तन सो फिरत हे;
मुरति संमृति बीच ओर घाट ओट करे,
रोमरोम मोर जोर बहनी बरत हे...३०

માછલી જેમ દિવસ અને રાત પાણીમાં જ રહે છે અને પાણીમાં રહીને જ ખાનપાનાદિક તમામ ક્રિયાઓ કરે છે. તેમ હે આત્મન્ ! હું આપમાં રહીને જ બધી ક્રિયા કરું છું. માછલી પાણીને પોતાનું જીવન અને આધાર જાણીને એક ક્ષણભર માટે પણ તેને તજતી નથી. કેમ જે, તે મનમાં એવું જાણે છે કે, એને મૂકવાથી હું તરત મરી જઈશ. તેમ હે હરિ ! વાસ્તવમાં તો મારો જીવ આપની મૂર્તિમાં જડાઈ રહ્યો છે, પરંતુ બાહ્ય દૃષ્ટિએ ફક્ત દેખાવ પૂરતો આ શરીર સાથે હરે-ફરે છે. **મૂર્તિની અખંડસ્મૃતિમાં બીજો ઘાટ અંતરાય કરે છે, ત્યારે મારા રોમેરોમમાં અતિશય અગ્નિ બળે છે.** ॥૩૦॥

मन बुद्धि चित्त मेरो प्राण प्रभु पास रहे,
क्षण न स्मृति हरि बिन बह्यो जात हे;
सास रु उसास स्वामिनारायण नाम जपुं,
शाम को सरूप सेज दृग में देखात हे।
कामकाज गाम दाम धाम को घटीत होत,
याहि तें मुझाई मन तुरत वे तजात हे;
मन तो मगन हरिरूप में रहत मेरो,
तनबंधीवान जेसे जग में जोडात हे...३१

મારાં મન, બુદ્ધિ અને ચિત્ત તથા પ્રાણ પ્રભુ પાસે જ રહે છે. મારી એક ક્ષણ પણ શ્રીહરિજી મહારાજની સ્મૃતિ વિના જતી નથી. હું શ્વાસોચ્છ્વાસ 'શ્રીસ્વામિનારાયણ' નામ જપું છું. શ્યામસુંદર શ્રીહરિનું સ્વરૂપ સહેજે મારી આંખોમાં દેખાયા કરે છે. ગામ, ધન, ઘર-સંસારનું લૌકિક કામકાજ યોગ્ય હોય એટલું જ થાય છે, પરંતુ પછી એમાંથી મન મૂંઝાઈને તરત તેને છોડી દે છે. જેમ શરીરમાં બંધાયેલો દેહાભિમાની જીવ જગતમાં જ જોડાઈને ઓતપ્રોત રહે છે, તેમ મારો જીવ તો સતત મારા આત્મા એવા શ્રીસહજાનંદસ્વામીના સ્વરૂપમાં જ જોડાઈને અલમસ્ત રહે છે. ॥૩૧॥

जेहि जन जीहे जपे नाम स्वामिनारायण को,
हरिहुं से हेत हिये नित नित नयो हे;
अंतर तें ओर ही उपासना उठाय दई,
आशरो अविचल प्रगटहुं को कियो हे।
लोकलाज त्यागी के तिलक छाप कंठी धरी,
अणु हरिआज्ञा महत मानी लियो हे;
बेर बेर ताहि पदधुर मेरे शिर धरी,
हाथ जोरी माथ मेरो योहि पाव दियो हे...३२

જે ભક્તજન જીભે કરીને 'શ્રીસ્વામિનારાયણ' એવું નામ જપે છે. જેના હૈયામાં શ્રીહરિ પ્રત્યે નિત્ય-નિત્ય નવું હેત રહે છે. જેણે અંતરમાંથી બીજી ઉપાસના કાઢી નાખીને પ્રગટ શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુનો અવિચળ આશરો કર્યો છે. જેણે લોકલાજ ત્યાગીને શ્રીસ્વામિનારાયણનાં તિલક-ચાંદલો, છાપો અને કંઠી ધારણ કર્યાં છે. જે શ્રીહરિની અણુ જેવી નાની આજ્ઞાને પણ ઘણી મોટી માને છે. એવા ભક્તના ચરણોની ધૂળ તો હું વારંવાર મારા મસ્તકે ચડાવું છું અને હાથ જોડી મારું માથું તેમનાં ચરણોમાં મૂકું છું. ॥૩૨॥

एसे हरिजन कुं देखत हित बोत होत,
मात तात भ्रात तें अधिक उर आत हे;
जक्त को समंध झूठ फाटफूट रुठ त्रूठ,
पानी पतास ज्युं देखात ते विलात हे।
भक्त भगवान के सो जक्त में जनावे हेत,
जन्म कु सुधार देत प्रभु पे पोचात हे;
काम क्रोध लोभ जाके संग तें समूल जात,
ताहिको में संग नित्य नित्य चित्त चात हे...३३

એવા હરિભક્તોને જોઈને તો તેમના પ્રત્યે મારા હૈયામાં માતા-પિતા, ભાઈ વગેરેથી ઘણું અધિક હેત ઊભરાય છે. કેમ જે, તે જગતના સંબંધો તો જૂઠા છે તથા ફાટફૂટ, રાગ-દ્વેષાદિથી ભરેલા છે. વળી, પાણીના પરપોટાની જેમ ટળી જતા દેખાય છે. તે ભગવાનના એકાંતિક ભક્ત જો જગતના જીવ ઉપર હેત જણાવે તો તે સાંસારિક જીવનો જન્મ સુધારી દે છે અને તેને પ્રભુની પાસે પહોંચાડી દે છે. માટે જેના સંગથી કામ, ક્રોધ, લોભાદિક દોષો સમૂળગા નાશ પામે છે, તેવા ભક્તોનો સંગ હું નિત્યપ્રત્યે ચિત્તમાં ચાહું છું. ॥૩૩॥

अष्टविधि अस्त्रिन को सुपने समंध नाई,
धन धाम धातु पात्र रती न रखाई हे;
हिरजरी बौमूली अति न वास पास पानी,
तीन पोश मेली भेली चोली अन्न खाई हे;
नवधा भजन बिन निवृत्ति निमेष नाई,
कहनी सुननी ग्रामगोष्ठि कुं गवाई हे;
ताकी दामी दुजो संत दुनी में देखा नाई,
सेजानंदे एसे संत बहुत बनाई हे...३४

શ્રીસહજાનંદસ્વામીના સંતોએ અષ્ટ પ્રકારે સ્ત્રીનો સંબંધ સ્વપ્નમાં પણ છોડી દીધો છે. ધન-સંપત્તિ, ઘર, ધાતુપાત્ર વગેરે રતીભાર પણ રાખતા નથી. હીરાગળ અને બહુ મૂલ્યવાન વસ્ત્રો પોતા પાસે રાખતા નથી. અને જમવાના અન્નને ભેળું કરીને તેમાં ત્રણ પોશ પાણી નાખીને ચોળીને સ્વાદરહિત કરી જમે છે. નવ પ્રકારે ભજન-ભક્તિ કર્યા વિના નિમિષમાત્ર વ્યર્થ સમય જવા દેતા નથી. સંસાર સંબંધી ગ્રામ્યવાર્તાઓ કહેવા-સાંભળવાનું છોડી દીધું છે. તેવા સંતોની બરાબરી કરી શકે એવા બીજા સંતો દુનિયામાં દેખાતા નથી. શ્રીસહજાનંદસ્વામીએ આવા તો ઘણા સંતો બનાવ્યા છે. ॥૩૪॥

कोई दिन आर मिले आध रु उपास होत,
रान में अकेल रात ध्यान कुं धरत हे;
पिंड तें प्रकृति लगी प्रीत कु पलाई दीन,
उर में अखंड जाकी शाम पे सरत हे;
खारी नर गारी देई गाऊं से निकारी देत,
डारी शिर धूर तन ताडन करत हे;
रदे में न रंच रोस इछे न अहित याको,
एसे संत एक ओर दृग न परत हे...३५

તે સંતોને કોઈ દિવસ આહાર મળે છે, ક્યારેક અડધો આહાર મળે છે અને ક્યારેક તો ઉપવાસ પણ થાય છે. રાત્રીના સમયે જંગલમાં એકલા રહીને શ્રીહરિનું ધ્યાન ધરે છે. તે સંતોએ પિંડથી પ્રકૃત્તિ સુધી બધામાંથી પ્રીત છોડી દીધી છે. તેમને હૃદયમાં અખંડ સુંદરશ્યામ શ્રીહરિનું જ ધ્યાન રહે છે. દ્વેષી લોકો તેમને ગાળો દઈને ગામમાંથી બહાર કાઢી મૂકે, માથે ધૂળ નાખે, માર મારે છતાં તે સંતો હૃદયમાં તેમના પ્રત્યે રંચમાત્ર રોષ લાવતા નથી, કે તે મારનારાનું અહિત પણ ઈચ્છતા નથી, ઉલ્ટાનું તેમનું હિત થાય એવું ચિંતવન કરે છે. શ્રીસહજાનંદસ્વામીના સંતો સિવાય બીજા એક પણ આવા દેખાતા નથી. ॥૩૫॥

सिंह रीपु सर्पन की शंक कु समाई दीन,
ग्रिषम की ताप आप वृषा शित सही हे;
सुखहुं के संगन तें अंग कुं अलग कियो,
ओरहुं की आश जाकु रंच नहीं रही हे;
पेखत प्रगट हरि चडत खुमारी बडी,
विपति विलानि जात लाभ मानी लही हे;
सेजानंदस्वामीहुं की आज्ञा कुं अनुसरी,
देह कुं भुलाई अलमस्तता कु ग्रही हे...३६

તે સંતોએ શત્રુઓ, સિંહ, સર્પ વગેરેનો ભય સમાવી દીધો છે. સંતો ઉનાળાનો તાપ, વરસાદની ધારાઓ અને ઠંડીને સહન કરે છે. તે સંતોએ પોતાને દૈહિક સુખોના સંગથી અલગ કરી દીધા છે. તેમને ભગવાન સિવાય બીજા કોઈની રંચમાત્ર પણ આશા રહી નથી. પ્રગટ શ્રીહરિને દેખીને તેમને અતિશય ખુમારી ચડે છે. અને તેને લીધે સર્વે વિપત્તિઓ વિલાઈ જાય છે, અર્થાત્ તેમને વિપત્તિ વિપત્તિ જ નથી લાગતી. તેથી આવનાર વિપત્તિઓને પ્રભુપ્રસન્નતારૂપી લાભ માનીને સહી લે છે. સંતોએ શ્રીસહજાનંદસ્વામીની આજ્ઞાનું સતત અનુસરણ કરીને દેહને ભુલાડી દઈને અલમસ્તાઈ ગ્રહણ કરી છે. ॥૩૬॥

धन जाकु धूर मार मूर तें उखेर दियो,
मान कुं मरोर स्वाद सपन न आयो हे;
एकादश इंद्रिन को नीम तें निग्रह कियो,
प्रभु बिनु आध पल व्रथा न बहायो हे;
नारदादि नारी देख भेख भाम भूल गये,
क्रोध तें कुमार द्वारपाल कुं डगायो हे;
आज रु अगाडीहुं के संत को सुमार कह्ये,
बिन सेजानंद कौन एसो हि बनायो हे...३७

શ્રીસહજાનંદસ્વામીના સંતોને ધન-સંપત્તિ ધૂળ સમાન છે. સંતોએ કામને મૂળમાંથી ઉખેડી નાખ્યો છે. માનને તો મરોડી નાખ્યો છે અને રસાસ્વાદરૂપી શત્રુ તો સ્વપ્નમાં પણ આવતો નથી. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને મન એ અગિયારેય ઈન્દ્રિયોને નિયમે કરીને વશ કરી છે. પ્રભુના સ્મરણ વિના અડધી પળ પણ વ્યર્થ ગુમાવતા નથી. પૂર્વે નારદાદિક ઋષિઓ નારીને દેખીને ભાન ભૂલ્યા હતા. ક્રોધે સનકાદિક તથા વૈકુંઠના દ્વારપાલ જય-વિજયને ડગાવ્યા છે. આ રીતે આજના અને પૂર્વેના સંતો વચ્ચેનો ફરક કહ્યો. શ્રીસહજાનંદસ્વામી સિવાય બીજા કોણે આવા સંતો બનાવ્યા છે ?! ॥૩૭॥

अति उतकृष्टता समुझी सतसंगन की,
बुध युं विचारे और एसो धर्म नाई हे;
तोहुं आप पिंजर कुपंथ के पुराई रहे,
वापन के कूप बूडी मूरख मराई हे;
ज्युं पट पावक लगे पेरे प्रजलात पंड्य,
कानी मेली काढे पट कुशल रहाई हे;
त्युं मत असत्य आग्य जरे जीय वेग त्याग,
सेजानंद शरन लाग संकट सिराई हे...३८

સત્સંગની અતિશય ઉત્કૃષ્ટતા જાણીને સમજુ લોકોએ એવું વિચાર્યું કે, 'આવો ધર્મ બીજો કોઈ નથી.' પણ અન્ય લોકો તો જેમ મૂરખાઓ પાળ બાંધ્યા વગરના કૂવામાં પડી મરે છે, તેમ કુપંથના પિંજરામાં પોતે પૂરાઈ રહ્યા છે. જેમ આગ લાગેલા કપડાંને કોઈ પહેરે તો તે તેના શરીરને દઝાડે છે, પણ જો તે સળગતા કપડાંને એક કોરે કાઢીને મૂકી દે તો પોતે કુશળ રહે; તેમ જેમાં અધર્મરૂપી આગ લાગી છે, એવા અસત્ય મતનો જીવ તત્કાળ ત્યાગ કરી દે તો જ તે ઉગરે. શ્રીસહજાનંદસ્વામીનું શરણું સંકટ વેળાનું સુયોગ્ય આશ્રયસ્થાન છે.॥૩૮॥

अक्षर को द्वार सो उघार दियो आहि बेर,
जात को रोकात नाहि सुखे चले जाओ रे;
अढारु वरन द्विज सपच तें आदि सब,
स्वामिनारायण के शरन चली आओ रे;
प्रभु की प्रगटता में आपको मनुषदेह,
देखरी विचारी केसो बन्यो हद्य दाओ रे;
मेल मतपंथ जगलाज को लंगुर छोड,
आयु वित जात ते विचारी रह्यो काओ रे...३९

આ વખતે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાને આવીને અક્ષરધામનું દ્વાર ઉઘાડી દીધું છે. તેમાં સર્વ જાતિના મનુષ્યને જતાં કોઈ રોકનાર નથી. સુખે ચાલ્યા જાઓ. માટે દ્વિજ, શ્વપચ આદિ અઢારેય વર્ણના હે સર્વે જનો ! તમે સ્વામિનારાયણના શરણે ચાલ્યા આવો.

અહો..! અહો..! પ્રગટ પ્રભુના કાળમાં આપણને આ મનુષ્યદેહ મળ્યો, તે જુઓ-વિચારો કેવો સુઅવસર પ્રાપ્ત થયો છે ?! અર્થાત્ હરિએ કૃપાની હદવાળી છે. માટે અન્ય મતપંથને છોડી તથા મિથ્યા જગતની લાજનું પૂંછડું છોડીને શ્રીહરિના શરણે આવો. આયુષ્ય વીતી રહ્યું છે, માટે હવે શું વિચારી રહ્યા છો ? ॥૩૯॥

स्वाद स्नेह मान मार लोभ से लुटाये आगे,
वाहि की विख्यात बात पुराने बंचात हे;
एसे ए अटारे अरि कोई से न कम होत,
सोई स्वामिनारायण जन पे न जात हे;
अंत बेर संत सोत भक्त लेन आवे आप,
बहु नरनारीन के दृग से देखात हे;
समझु सुघड नर दिल में विचारी देखो,
ओर जेसे एहि हरि किमी कहो जात हे...४०

સ્વાદ, સ્નેહ, માન, કામ, લોભાદિક અંતઃશત્રુ વડે પૂર્વે પણ ઘણા લૂંટાયા છે. એમની પ્રસિદ્ધ વાત પુરાણોમાં વંચાય છે. તે કામાદિક અંતઃશત્રુઓ એવા આળવીતરા છે કે, કોઈથી પાછા પડે તેમ નથી. પરંતુ એવા તે દોષો શ્રીસ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોની પાસે જઈ શકતા નથી. ભક્તવત્સલ શ્રીસહજાનંદસ્વામી પોતાના ભક્તના અંતકાળે સંતોએ સહિત પોતે તે ભક્તને તેડવા પધારે છે અને ત્યારે ઘણા નરનારીઓને આંખોથી તેમનાં દર્શન થાય છે. માટે હે સમજુ માણસો ! દિલમાં સ્પષ્ટપણે વિચારીને જુઓ. આ શ્રીસ્વામિનારાયણને બીજા અવતાર જેવા કઈ રીતે કહી શકાય ? ॥૪૦॥

हजारु हजार नरनारी गुन जाति हीन,
पशु पंखी पामर अवरगुन राशी कुं;
नाडीप्राण संकेली समाधि सो करावे वाकुं,
ताहिमें देखावे हरि याहि के उपासी कुं;
अजीत अनंगे आगे बडे कु बिहाल किये,
तेहि काम शिर धरी जूती दियो ढासी कुं;
आगे एसी वात भनी सुनी न आगम मांई,
ओर अवतार सम किमी कैये तासीकु...४१

જાતિ અને ગુણથી હીન એવા હજારો હજાર નરનારીઓ તથા પશુ, પંખી વગેરે અવગુણોથી ભરેલા જીવોનાં પણ નાડીપ્રાણ સંકેલીને શ્રીસહજાનંદસ્વામી સમાધિ કરાવે છે. વળી, શ્રીહરિ સમાધિમાં ગયેલા તે જીવોને પોતપોતાનાં ઈષ્ટદેવનાં દર્શન કરાવે છે. અજીત ગણાતા કામદેવે પૂર્વે મોટા મોટાને બેહાલ કર્યા છે. એવા ઠગારા કામના માથા ઉપર પોતાની જૂતી-પગરખું દઈને તેને નિર્બળ કરી બેહાલ કરી દીધો છે. પૂર્વે શાસ્ત્રોમાં આવી વાત ક્યાંય કહી-સાંભળી નથી. માટે આ શ્રીસહજાનંદસ્વામીને બીજા અવતાર જેવા કેમ કહેવાય..?! ॥૪૧॥

कोईको कुटुंब कुल धाम गाम को समूल,
होई के प्रशन हरिपुर में पोचात हे;
कोईको नवान निको प्रेम से बनायो पेखी,
याके उपयोगी शाम धाम में धरात हे;
पापी पशु पक्षी जड जंतु वृक्ष वेली कछु,
आये हरिकाम में सो धाम में ले जात हे;
अक्षर अधीश सेजानंद बिन औरन से,
बात ए अमाप कोसे नाहि बनी जात हे...४२

શ્રીહરિ ક્યારેક પ્રસન્ન થઈને કોઈને કુટુંબે સહિત, કોઈકને કુળ-પરિવારે સહિત, કોઈકને આખા ઘરને કે આખા ગામને પોતાના અક્ષરધામમાં લઈ જાય છે. કોઈએ અતિશય પ્રેમાતુર થઈને શ્રીહરિ માટે સરસ થાળ બનાવ્યો હોય, તો શ્રીહરિ તે ભક્તજનના ઘરે પ્રગટ થઈને ધરાઈને જમે છે. પાપી મનુષ્ય, પશુ, પક્ષી, પર્વત જેવી જડ વસ્તુ, જીવજંતુ, વૃક્ષ, વેલી વગેરે શ્રીહરિના કામમાં થોડાક પણ આવ્યા હોય તો શ્રીહરિ તેમને ધામમાં લઈ જાય છે. અક્ષરાધીશ સહજાનંદસ્વામી વિના બીજા કોઈથી આવી અમાપ વાત થઈ શકે નહિ. ॥૪૨॥

कोईनके भाजन अनाज के अखूट रखे,
कोईनके एक खेत वारिद वसायो हे;
रंक आदि अंकभाल भावी कु लिखेल भेदी,
आपन के आश्रित को संकट समायो हे;
मूढ रुढ मूक मुख बेद कुं बंचाई लियो,
अंध कुं दे आंख मृत बोत कुं जिआयो हे;
एसी तो अनेक बात फैल रै खलक ख्यात,
देख सेजानंद केसो सामृथ द्रशायो हे...४३

શ્રીસહજાનંદસ્વામીએ અપાર ઐશ્વર્યપ્રતાપ વહાવ્યો છે. એમણે કોઈકની અનાજની કોઠીઓ અખૂટ રાખી છે. કોઈક એકના જ ખેતરમાં વરસાદ વરસાવ્યો છે. કોઈકના ભાગ્યમાં વિધાતાએ રંક થાવું આદિક લખ્યું હોય, તોપણ શ્રીસહજાનંદસ્વામીએ પોતાના પ્રતાપે ભાગ્યના લેખ પર મેખ મારીને નિજાશ્રિતોનાં સંકટોને સમાવી દીધાં છે. વળી, પ્રસિદ્ધપણે મૂઢ અને મૂંગા માણસના મોઢે વેદ બોલાવરાવ્યા છે. આંધળાને દેખતા કર્યા છે, ઘણાય મરેલાને જીવતા કર્યા છે. આવી તો અનેકાનેક વાતો વિશ્વમાં પ્રસિદ્ધ થઈને ફેલાયેલી છે. જુઓ તો ખરા ! શ્રીસહજાનંદસ્વામીએ કેવું સામર્થ્ય દેખાડ્યું છે..?! ॥૪૩॥

नरकन के कुंड तें निकारे सब पापीन कुं,
दुःखी देख दीन के दयाल दया कियो हे;
धारणा धरात रु विलात उभे अंग ओर,
काट की लकुटी कुं प्रताप केसो दियो हे;
जन्म मर्ण नर्क नोर कर्म के कटाई दिये,
सबे हरिजन कु सुखे निभाय लियो हे;
एहि हे असाधारण लछन प्रषोतम के,
एसे तो अनेक सेजानंद काम कियो हे...४४

વળી, શ્રીસહજાનંદસ્વામીએ નરકના કુંડોમાંથી બધા પાપી જીવોને બહાર કાઢી યમપુરી દૂધે ધોઈ છે. દીનદયાળુ શ્રીહરિએ દુઃખિયોનાં દુઃખ જોઈને તેમની પર અપાર દયા કરી છે. અહો..! ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના સંબંધવાળી કાષ્ઠની સોટીમાં પણ કેવો પ્રતાપ મૂક્યો ?! કે તે સોટીનું એક ઠેબુ કોઈને અડાડે તો તેને સમાધિ થતી અને બીજું ઠેબુ અડાડે તો સમાધિ ઉતરી જતી ! પોતાના આશ્રિત સર્વ હરિભક્તોનાં જન્મ-મરણ અને નરકયાતનાં

કરાવનારાં કર્મોને કાપી નાખ્યાં છે અને તેમને સુખેથી નિભાવી લીધા છે. આ પુરુષોત્તમનારાયણનું અસાધારણ લક્ષણ છે. અને આવાં તો શ્રીસહજાનંદસ્વામીએ અનેક કાર્યો કર્યાં છે. ॥૪૪॥

मूरति कु देखवे में खेंच जात प्राण मन,
होत हे समाधि दिव्य धाम सो द्रशात हे;
पुष्प रु पटादि आप अंग को संमध पायो,
ताहिको परस पापपुंज कु जरात हे;
जाहि के वचनबल धर्म सो रहे अदल,
काम क्रोध लोभ जाकुं देखत डरात हे;
आज रु अगाडी अवतार तें तपास तोल,
न्यूनता अधिक तुल्य केसी समझात हे...४५

શ્રીહરિની મૂર્તિને દેખવા માત્રથી કેટલાયનાં મન અને નાડીપ્રાણ ખેંચાઈ જાય છે અને સમાધિમાં દિવ્યધામનાં દર્શન થાય છે. શ્રીહરિના સંબંધને પામેલાં પુષ્પ-વસ્ત્રાદિક વસ્તુના સ્પર્શમાત્રથી પાપના પુંજ બળી જાય છે. શ્રીહરિના વચનમાં એવું બળ રહ્યું છે કે, તેમના આશ્રિતો તે વચનનાં બળે ધર્મમાં અદલપણે રહે છે. જેથી કામ, ક્રોધ, લોભાદિક શ્રીહરિના ભક્તોને દેખીને ડરતા રહે છે. અત્યારનો આ શ્રીહરિનો અવતાર તથા પૂર્વે થયેલા અવતારોની તપાસ તથા તુલના કરવામાં આવે તો તેમાં રહેલી અધિક-ન્યૂનતા જણાઈ આવે છે. અવતારી શ્રીસ્વામિનારાયણમાં અને અન્ય અવતારોમાં અધિકતા-ન્યૂનતા રહી છે, તેથી શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ અને અન્ય અવતારો કઈ રીતે સમાન સમજાય ? ॥૪૫॥

हजारुं हजार संत देखरी माहंत बडे,
सुहृद सनेस संप केसो चल्यो जात हे;
एक ई आसन यें वसन रु असन सेन,

कछु काज कोई कु विखाद न देखात हे;
ओर हरिजनहुं को हेत रुपि लाप देख,
जाके सुखे सुखी वाके दुःख से दुःखात हे;
समज सयाने ए प्रताप सेजानंदजी को,
आंख खोल देख ओ तो बात कराफात हे...४६

આ સહજાનંદસ્વામીના હજારો-હજાર સંતો ને મહંતોને તો જુઓ ! તેમનામાં કેવો સરસ સુહૃદભાવ, સ્નેહ અને સંપ રહ્યો છે ! બધા એક આસન રાખે છે તથા આસન, વસ્ત્ર, ભોજન, પથારી વગેરે માટે ક્યારેય કોઈ પ્રકારનો વિખવાદ દેખાતો નથી. અને તેથી હરિભક્તોને હેત થાય છે અને હેતરૂપી લાભ દેખાય છે. તેથી સંતોના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે. હે સુજ્ઞજનો ! આ પ્રતાપ શ્રીસહજાનંદસ્વામીનો છે, તે આંખ ખોલીને જુઓ તો દેખાય કે આ વાત કેવી જબરી ને ચમત્કારી છે ! ॥૪૬॥

सेजानंदस्वामी ओर संत हरिजनहुं के,
आशरे में कोई जन हेत धरी आयो हे;
योहि जब तनहि कुं त्यागवे तयार होत,
पल में पधारी नाथ याहि कर सायो हे;
मृतक भनत गाथ नाथ आये संत साथ,
मोकु धाम में ले जात एसो वे सुनायो हे;
सत्संगी कुसंगी कोई ताहि कुं द्रसन होई,
प्रसिद्ध हे नाई गोई जग जश छायो हे...४७

કોઈ જન હેતે કરીને શ્રીસહજાનંદસ્વામી કે તેમના સંતો-હરિભક્તોના આશરે આવે છે અને તેમના આશરે રહ્યો થકો જ જ્યારે દેહને ત્યાગવા તૈયાર થાય છે, ત્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણ એક પળવારમાં પધારી તેનો હાથ ઝાલી લે છે. તે સમયે ધામમાં જનારો

એવું કહે છે કે, 'મને શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે એમના સંતો સાથે તેડવા પધાર્યા છે અને મને તેમના ધામમાં લઈ જાય છે.' વળી, કોઈક સત્સંગી કે કુસંગીને તેના દર્શન પણ થાય છે. આ વાત કાંઈ છાની નથી, પ્રસિદ્ધ છે. આવો સહજાનંદસ્વામીનો યશ જગમાં છવાયેલો છે. ॥૪૭॥

नीकी छबी नाथ की निहारे तें तुरित जन,
तन मन खान पान भान कु भुलात हे;
पंडित पुरान श्रुति समृति पढेल बोत,
याहि के समूह तें हरि न जीत जात हे;
विधि से विवेकवंत बात सुने एकचित्त,
बौत ही चमतकार बात में जनात हे;
हाथ कुं बजाई नाथ 'चूप रो' भने जो गाथ,
चित्र से लिखेल जन लक्षु ही बनात हे...४८

મારા નાથની સુંદર છબીને નિહાળીને લોકો તરત તન-મન અને ખાન-પાનનું ભાન ભૂલી જાય છે. પુરાણો, શ્રુતિ, સ્મૃતિ વગેરેને ખૂબ ભણેલા પંડિતોના સમૂહથી શ્રીહરિ જીતી શકાતા નથી. બ્રહ્મા કરતાં પણ વધારે વિવેકબુદ્ધિવાળા જો એક ચિત્તે શ્રીહરિની વાત સાંભળે છે, તો તેને પણ વાતમાં અત્યંત ચમત્કાર જણાય છે. શ્રીહરિ વાત કરતા ત્યારે તેમાં ચમત્કારને પ્રત્યક્ષ દેખનારા લોકો જો તે ચમત્કાર વિષે બધુ બોલવા લાગતા, તો તે વખતે શ્રીહરિ તેમને હાથની તાળી વજાડી 'ચૂપ રહો' એમ કહેતા. શ્રીહરિ પોતાના પ્રતાપે લાખો લોકોને જાણે ચિત્રમાં આલેખેલા હોય એવા બનાવી દેતા. ॥૪૮॥

एहि हरि एक वेर आये अज आयु अध,
आगे नहि आये अध आयु में न आंई हे;
पुरान कृता न आगे देखी सुनी कांसे लिखे,

लिखे बिना श्रोता जने कहां से सुनाई हे;
आगम निगम कुं न गम सो अगम एसी,
सलुनी सुरत सेजानंद की सुहाई हे;
मातम सहित याको भयो हे विज्ञान जाकुं,
ताको महिमा तो शेष शारद सिराई हे...४९

આ સર્વોપરી શ્રીહરિ બ્રહ્માની અડધી આયુષ્ય થઈ ત્યારે એક વાર પધાર્યા છે. બ્રહ્માની અડધી આયુષ્યમાં પહેલા ક્યારેય પધાર્યા નથી અને હવે પધારવાના પણ નથી. પુરાણકર્તા વ્યાસજીએ પહેલા અવતારી પુરુષોત્તમનારાયણની વાત દેખી કે સાંભળી નથી, તો લખે ક્યાંથી ? અને તે વાતો પૂર્વે લખાયા વગર શ્રોતાજનોએ સાંભળી પણ ક્યાંથી હોય ? આગમ અને નિગમને પણ અગમ્ય એવી શ્રીસહજાનંદસ્વામીની સલૂણી મૂર્તિ મને ગમી ગઈ છે. જેને માહાત્મ્યે સહિત શ્રીહરિજી મહારાજનું વિજ્ઞાન થયું છે, તેના મહિમાને તો શેષ-શારદાદિક પણ વખાણે છે. ॥૪૯॥

एहि बात वक्तान कुं कहनी कठीन परे,
श्रोताजन सांभले ते मन नहि माती हे;
पाशेर के पात्र मांहि सो मण समात नाई,
सेन पय सोने बिन रंच न रहाती हे;
पाच वेधवे को कछु कावसे बने न काम,
साच पाच राचन से पाच सो वेधाति हे;
मूल मूरति के संग अक्षर अनेक बने,
ताहि बिन अक्षर की तुल्यता न आती हे...५०

સર્વોપરી શ્રીહરિની આવી વાત તો વક્તાને પણ કહેવી કઠણ પડે છે. અને આવી વાત જો શ્રોતાજનો સાંભળે તો તેમના મનમાં સમાતી નથી. પાશેરના પાત્રમાં સો મણ વસ્તુ સમાય નહિ. સિંહણનું

દૂધ સોનાના પાત્ર સિવાય બીજે તો થોડું પણ રહે નહિ. અતિ સૂક્ષ્મ પદાર્થ વીંધવું હોય તો કોઈથી વીંધી શકાતું નથી. પરંતુ સાચા અર્થમાં તેનાથી અતિ પાતળું જો હથિયાર હોય તો તે સૂક્ષ્મ પદાર્થ વીંધી શકાય છે. તેમ મૂળ અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણની મૂર્તિના સંગે-સંબંધે અનેક અક્ષર બને છે. તે મૂર્તિના સંગ-સંબંધ વિના કોઈમાં અક્ષરની તુલ્યતા ક્યારેય આવતી નથી. ॥૫૦॥

चंद्रमणी आयो कोई हाथ में अनाथन के,
किंमत बिना के दोन पेसे उंन दीनो हे;
कोईकु हजारुं लख कोटी अर्व खर्व मिले,
किंमती कनक कोस देके उंन लीनो हे;
जेसो माल जान्यो जाहि तेसो मोल मिल्यो ताही,
एसे वे स्वरूप समझे को वात झीनो हे;
मोहन मिले तें नरक चोरासी मिटाई तौ,
जेसे हरि जाने तेसे धाम में रहिनो हे...५१


કોઈ અનાથના હાથમાં ચંદ્રમણિ આવ્યો, તે તેની કિંમત જાણતો ન હોવાથી બે પૈસામાં કોઈકને તે વેચી દીધો. પછી તેની પાસેથી જેણે જેણે ખરીદ્યો, તેમાંથી કોઈએ હજાર રૂપિયામાં, કોઈએ લાખમાં, કોઈએ કરોડમાં, કોઈએ દસ કરોડમાં ને કોઈએ દસ અબજ રૂપિયામાં તે ચંદ્રમણિ વેચ્યો અને કોઈકે તો તે ચંદ્રમણિની ખરેખરી કિંમત જાણીને પોતાનો સોનાનો ખજાનો આપીને પણ તેને ખરીદી લીધો. એ રીતે તે મણિમાં જેણે જેવો માલ માન્યો, તેને તેવું મૂલ્ય મળ્યું. આમ આ શ્રીહરિજીમહારાજના સ્વરૂપને સમજવાની વાત ઘણી કિંમતી અને ઝીણી-સૂક્ષ્મ છે. મોહનવર મળ્યા પછી નરક અને લખચોરાશી તો મટી જ ગઈ છે. **પરંતુ જે શ્રીહરિને જેવા જાણે છે, તેને તેવા ધામની પ્રાપ્તિ થાય છે, ને તેવા ધામમાં રહે છે.** ॥૫૧॥

आगे हरि अवतार धारी के ओधारे जन,
एसो तो प्रताप आज जन पे जनायो हे;
संत की संगत मांहि आई ग्यो असुरी जन,
वाहिको मरन भव तुरत मिटायो हे;
अक्षर अगम मन बानी तें न जान्यो जात,
सो करी सुगम बहु जन कुं जनायो हे;
प्रबल प्रताप ए प्रगट पुरुषोत्तम को,
सोई सहजानंद *रामजी* ही रुचायो हे...५२

પૂર્વે શ્રીહરિએ અવતાર ધારણ કરી અનેક જનોને ઉદ્ધાર્યા છે. આવો પ્રતાપ તો આજે અવતારી શ્રીહરિએ પોતાના ભક્તજનો દ્વારા જણાવ્યો છે. પોતાના સંતોના સંગમાં જો કોઈ આસુરીજીવ આવી જાય તો, તેનો પણ જન્મ-મરણનો રોગ તરત મટાડ્યો છે. શ્રીહરિના નિવાસ સ્થાનરૂપ અક્ષરધામ મનવાણીથી જાણ્યામાં ન આવે એવું અગમ્ય છે. એવા અક્ષરધામને શ્રીહરિએ પોતાના પ્રતાપે સુગમ કરી બહુ લોકોને જણાવ્યું-દેખાડ્યું છે. જેમનો આવો પ્રબળ પ્રતાપ છે, તે પ્રગટ પુરુષોત્તમ સહજાનંદસ્વામી ભક્ત રામજી એવા મને ખૂબ ગમી ગયા છે. ॥૫૨॥

॥ इति श्रीस्नेहबावनी रामजी कृत संपूर्णम् ॥

॥ संवत् १९६८ ना ज्येष्ठ शुदी सातम ने वार गुरुवारे समाप्त ॥



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. શિક્ષાપત્રી
૧૬. હરિસ્મૃતિ
૧૭. હરિરસામૃત
૧૮. નિત્યનિયમ
૧૯. શાંતિપાઠ
૨૦. સંત આખ્યાન
૨૧. ભક્ત આખ્યાન
૨૨. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૨૩. સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો
૨૪. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૨૫. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૨૬. સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામીની વાતો
૨૭. સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ
૨૮. સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૨૯. સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામીની વાતો
૩૦. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો
૩૧. પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ
૩૨. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૩. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૪. શ્રીપુરુષોત્તમલીલા
૩૫. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૩૬. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૩૭. સાગર સાર ભાગ : ૧ થી ૪

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्ति निर्णय *(गुजराती अनुवाद के साथ)*

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम् श्रीमद्भगवद्गीताभाष्यम्



શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી
વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ચોવીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમદ્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે. તેમજ ઘેર બેઠા જ પોતાના પ્રદેશમાં આવતી ચેનલોના માધ્યમે પણ અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા "સત્સંગ સેવક" નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર, મૂળી







: પ્રકાશક :

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
તથા કારેલીબાગ-વડોદરા

www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com